કાથોલીક શ્રીસભાનો ઇતિહાસ.

લખનાર
અને પ્રકાશક

રેવેરંડ સી. ઍન્સીડલર, એસ. જે.

કાથોલીક પાદરી સાહેબ.

મુંબઇના મહા ધર્માધ્યક્ષની પરવાનગીથી છપાવી પ્રસિદ્ધ કરેલો.

ઇ. સ. ૧૯૧૧.

અમદાવાદ,

"પ્રજાબંધુ પ્રીન્ટીંગ વર્કસમાં" ઠાકોરલાલ પરમોદરાય ઠાકોરે છાપ્યો.

કિંમત ૬ આના.

મીરજાપુર ગેટ સામે કાથોલીક દેવળમાં વેચાતું આપવામાં આવે છે.

કાથોલીક શ્રીસભાનો ઇતિહાસ.

લખનાર

રેવેરંડ સી. ઍન્સીડલર, એસ. જે.

કાથોલીક પાદરી સાહેબ.

મુંબઇના મહા ધર્માધ્યક્ષની પરવાનગીથી છપાવી પ્રસિદ્ધ કરેલો.

ઇ. સ. ૧૯૧૧.

અમદાવાદ,

"પ્રજાબંધુ" પ્રીન્ટિંગ વર્કસમાં ઠાકોરલાલ પરમોદરાય ઠાકોરે છાપ્યો.

કિંમત ૬ આના.

મીરઝાપુર ગેટ સામે કાથોલીક દેવળમાં વેચાતું આપવામાં આવે છે.

PERMISSU SUPERIORUM.

NIHIL OBSTAT.

IMPRIMATUR.

C. Kroner, S. J.
Censor deputatus.

HERMANNUS,
ARCHIEPISCOPUS
BOMBAYENSIS.

ગુજરાતી ભાષામાં આજ સુધી મુંબઇના કાથોલીક એક્ઝામિનર છાપખાનામાં નીચે લખેલાં પુસ્તકો જાહેર થયેલાં અને ત્યાંથી મંગાવી લેવામાં આવે છે.

"કાથોલીક કાટેખીસ્મ" એટલે સ્વાલ જવાબ.

કાથોલીક ધર્મનો મોટો સ્વાલ જવાબ.

કાથોલીક ઇતિહાસનો સાર.

"બાઇબલ હિસ્તોરી," ભાગ પહેલો, જુના કરારની વાતો;

" " ભાગ બીજો નવા કરારની વાતો.

સ્વર્ગનો રસ્તો, પ્રાર્થનાનું પુસ્તક.

કોઇ પવિત્રોનાં જીવનચરિત્રો.

મુંબઇના મહાધર્માધ્યક્ષના પાળકપત્રો.

સાંકળીયું.

ભાગ ૧ લો: પ્રાચીનકાળ. પૃષ્ટ.

૨ જો ભાગ: મધ્યકાળ.

૩ જો ભાગ: અર્વાચીન કાળ.

પ્રસ્તાવના

ખ્રીસ્તી ઇતિહાસ પરમેશ્વરે દુનિયામાં સ્થાપેલા રાજ્યનો ઇતિહાસ છે; એટલે જે યોજના પરમેશ્વરે પતીત થએલા મનુષ્યનું તારણ મેળવવાને માટે કરી છે તેનું વર્ણન. તેણે આરંભથી જે વાતો પ્રગટ કરી, જે લોકોને પસંદ કર્યા, જે સત્ય ભવિષ્યવાદીઓ અને આખરે પોતાના પુત્ર યેસુખ્રીસ્તની મારફતે જાહેર કર્યા, જે કામો યેસુખ્રીસ્તે કર્યાં અને જેવી રીતે યેસુખ્રીસ્તે પોતાની વાતો અને કૃપા પોતાની સભાની મારફતે જે સૈકા વિતી ગયા છે તેમાં લોકોને પહોંચાડી દીધી છે અને જે આવકાર લોકોએ તેમને આપ્યો છે તે સર્વ ખ્રીસ્તી ઇતિહાસમાં લખવામાં આવે છે.

ખરૂં બોલીએ તો જૂનો અને નવો કરાર અને જે વાતો સવાલ જવાબ શીખવે છે તે ખ્રીસ્તી ઇતિહાસમાં સમાય છે. તો પણ આ ઇતિહાસમાં જે પ્રેરિતોનાં કૃત્ય નવા કરારમાં મળતાં નથી, તે અને કાથોલિક શ્રીસભાનો ફેલાવો, તેની વિરૂદ્ધની અંદરથી અને બહારથી થએલી લડાઇઓ, મંત્રીસભાઓમાં કરેલા ચૂકાદા અને તેથી મતનો વધારે ખુલાસો, ટુંકામાં યેસુખ્રીસ્તે કાથોલિક શ્રીસભાને " તું બધા દેશના લોકોને શીખવ, તેઓનાં પાપ માફ કર અને જે રસ્તાઓ મેં દેખાડયા તે તેઓને બતાવ" (માથી ૨૮, ૧૯, ૨૦) એવો હુકમ આપેલો તે તેણે કેવી રીતે પૂરો પાડયો, એ વાતો અહીં લખેલી છે.

પ્રેરિતોના વખતમાં જગત કઇ હાલતમાં હતું ? જો કે યેહુદી લોકોએ એકજ પરમેશ્વરની શ્રદ્ધા રાખી હતી, તો પણ તેઓ ઘણી વાતોમાં ગુન્હેગાર થઇ ગયા હતા, ઘણું કરીને તેઓએ મસીઆને ન માન્યો અને તેને ખ્રુસ ઉપર ચડાવ્યો, તેથી. યેહુદી સિવાયના લોકો મૂર્તિપૂજક થઇ ગયા; એટલે પરમાત્માને બદલે સૃજેલી ચીજો (સૂર્ય, ચંદ્ર, તારાઓ), કે જનાવરો (સર્પ, વાઘ, ગાયો) કે કુદરતના દેખાવો (અગ્નિ, ઇન્દ્ર, શિતલા) કે રાજાઓ (રામ, કૃષ્ણ) કે કલ્પિત દેવ દેવીઓ (બ્રહ્મા, વિષ્ણુ, શિવ, માતા) ઇત્યાદિની પૂજા કરી હતી અને કર્યા કરે છે, થોડી પરમેશ્વરે પ્રગટ કરેલી વાત તેઓએ જાણી હતી, પશ્ચિમના રોમન અને ગ્રીક લોકોને યેહુદી લોકો પાસેથી

એક તારનાર આવશે એવી વાત માલૂમ પડી હતી અને થોડા તે વાત માનનાર લોક યેહુદી થઈ ગયા. (પ્રોસીલાઈટિસ).

પ્રેરિતોનાં ઉપદેશથી યેસુખ્રીસ્તનો મત ફેલાયો અને આજ આખી દુન્યામાં, ઘણું કરીને યુરોપ અને અમેરિકા ખંડોમાં તે મનાય છે.

કાથોલિક શ્રીસભાના ઇતિહાસના ત્રણ ભાગો છે.

૧ લો ભાગઃ પ્રાચીનકાળ (કાથોલિક શ્રીસભા સ્થાપ્યાથી જર્મન લોકો પવિત્ર બોનીફાજના ઉપદેશથી ખ્રીસ્તી થઈ ગયા ત્યાં સુધી).

૨ જો ભાગઃ મધ્યકાળ (આ વખતથી સોળમા સૈકામાં ખ્રીસ્તી મત લુટરે બગાડયો ત્યાં સુધી).

૩ જો ભાગઃ અર્વાચીન કાળ (આ વખતથી આજ સુધી).

એક વખત અમે "ખ્રીસ્તી ઇતિહાસ" અને બીજા વખત "કાથોલીક ઇતિહાસ" લખીએ છીએ, તેથી પ્રીય વાંચનારે ગભરાવું ન જોઇએ, કેમકે યેસુખ્રીસ્તે માત્ર એક શ્રીસભા સ્થાપી છે કે જે કાથોલીક શ્રીસભા સિવાય બીજી નથી. "કાથોલીક" એવું નામ તેને અસલના વખતથી પડયું હતું, કેમકે તે બહુ જલદી "આખી દુન્યામાં" ફેલાવી હતી, પાખંડી પંથો એક દેશમાં કે એક દેશના પ્રાંતમાં કે એક દેશના સામ્રાજ્યમાં રહ્યા હતા. "રોમન કાથોલીક" કોઈ વખત તેને કહે છે, કેમકે શ્રીસભાનો ઉપરી એટલે બાપા કે "પોપસાહેબ" રોમ નામના ઇટાલીના શહેરનો ધર્માધ્યક્ષ છે.

જો પ્રીય વાંચનારને કોઈ વખત આ પુસ્તકની ભાષા અધુરી લાગે છે, તો નમ્રતાપુર્વક હું તેની માફી માગું છું, કારણકે હું પરદેશથી સાડત્રીસ વરસની ઉમરે આ દેશમાં આવી પોંહચીને ગુજરાતી ભાષા શીખવા લાગ્યો, તોપણ પ્રીય વાંચનાર જે મેં લખ્યું છે તે સમજી શકે, એવી આશા હું રાખું છું.

એવા પુસ્તકની જરૂર વીષે બહુ લખવાનું કાંઈ કારણ નથી, કેમકે ખરો કાથોલીક ધર્મ એટલે શું તે થોડા એ દેશના લોકોને માલુમ હશે. અંગ્રેજી પુસ્તકો કે વર્તમાનપત્રો ઘણું કરીને કાથોલીક ધર્મના શત્રુઓએ લખેલાં છે કે જે તેનું ખોટું ચિત્ર કાઢીને તેની નિંદા કરે છે.

ગુજરાતી ભાષામાં જે " ખ્રીસ્તી ઇતિહાસ " એવા નામનું પુસ્તક ઘણાં વરસથી છાપેલું અને ફેલાવેલું છે તેને ઉપરનો જ દોષ લાગુ પાડવા સિવાય ચાલે નહીં. દિલગીરીની વાત એ છે કે કોઇ પાખંડી ' ખ્રીસ્તી " મીશનરો આ દેશના લોકનાં મનો કાથોલીક ધર્મની વિરૂદ્ધ ઉશ્કેરવા અને તેમને ભૂલનું ઝેર લગાડવા પ્રયત્ન કરે છે. એક દાખલા તરીકે "બેબલ તથા પોપ ધર્મ" એવા નામની સુરતમાં ઇ. સ. ૧૮૯૭ માં છાપેલી ચોપડી છે કે જેનો લખનાર કાથોલીક લોકો ઉપર અમુક ખોટાં તહોમતો મુકે છે. તેને વાસ્તે સત્યની વાત લોકોની નજર આગળ મુકવાની બહુ જરૂર છે. આખરે સત્ય જિતશે.

કાથોલીક દેવળ, મીરજાપુર રોડ, અમદાવાદ. ઓકટોબરની ૨૬ મી તારીખે ઈ. સ. ૧૯૧૦

સી. ઐન્સીડલર એસ. જે.

કાથોલિક પાદરી સાહેબ.

૧ લો ભાગ: પ્રાચીનકાળ.

કાથોલિક શ્રી સભા સ્થાપ્યાથી જર્મન લોકો પવિત્ર બોનીફાજના ઉપદેશથી ખ્રીસ્તી થઇ ગયા ત્યાં સુધી.

૧. જે પ્રેરિતોનાં કૃત્ય નવા કરારમાં વર્ણવેલાં નથી તેઓનાં કૃત્ય.

પવિત્ર પેત્રુસ કેદખાનામાંથી દેવદૂતની મારફતે છૂટો થઇને આશરે ઈ. સ. ૪૪ મા વર્ષમાં અન્તીઓખીયા અને ત્યાંથી રોમ ગયો. રોમમાં પવિત્ર પેત્રુસે પોતાનું રાજ્યાસન સ્થાપ્યું છે. તેણે મોટા લોકો જેવા કે સભાસદ પુદન્સ, તેની વહુ પ્લૌટીલ્લા પવિત્ર દોમીટીલ્લા, નેરયુસ અને અખીલ્લુસ ખજાનચીઓને બપ્તિસ્મા આપ્યું. જ્યારે પવિત્ર પૌલુસ રોમ આવી પહોંચ્યો ત્યારે ખ્રીસ્તી લોકોની સભા ત્યાં હતી. તેમાં ગરીબો અને શ્રીમંતો તથા કેટલાક મોટા રાજા કૈસારના કુટુંબના પણ હતા; જેમ પવિત્ર પૌલુસ ફીલીપીઓના પત્રમાં લખે છે. (૪. ૨૨) "જે ભાઇઓ મારી સાથે છે તેઓ તમને સલામ બોલે છે. બધા પવિત્રો તેમાં ઘણું કરીને જેઓ કૈસારના કુટુંબના છે તેઓ તમને સલામ બોલે છે."

પવિત્ર પેત્રુસે પવિત્ર ગર્વાસિયુસ અને પ્રોતાસુસને મીલાન, અને પવિત્ર અપોલ્લીનારીસને રાવેન્ના મોકલ્યા. ઇ. સ. ૬૭ માં પવિત્ર પેત્રુસને રોમમાં ક્રુસ ઉપર ચડાવ્યો, માથું ઉંધુ અને પગ ઊંચા રાખીને. પવિત્ર પૌલુસનું ગરદન કાપ્યું છે.

પવિત્ર પેત્રુસની લાસને વાતિકાનની ટેકરી ઉપર અને પવિત્ર પૌલુસની લાસને ઓસ્ટીઆ જવાને રસ્તે દાટી છે. કાયુસ નામનો એક રોમી યાજક આશરે ઇ. સ. ૨૦૦ માં એમ લખે છે. "પ્રેરિતોની કબરો હું હરેકને બતાવી શકું છું. પહેલીને વાટિકાનની ટેકરી ઉપર, અને બીજીને ઓસ્ટીઆ જવાને રસ્તે". તેઓની કબરો ઉપર મોટા રાજા કોન્સ્ટંટીનુસે બે શોભિતાં મંદિરો બાંધ્યાં, અને આજ

તે એકજ જગાએ દુનિયાના મોટામાં મોટાં અને સારામાં સારાં મંદિરો જોવામાં આવે છે.

પવિત્ર નાનો યાકુબ યુદાસ થાદીનો ભાઇ, યેરૂસાલેમનો ધર્માધ્યક્ષ થઇ ગયો. પવિત્રતાને લીધે તેનું નામ **ન્યાયી** પડયું હતું. તેની તપશ્ચર્યાથી યેહુદી લોકો અચરત પામ્યા હતા. તેણે કદિ માંસ ખાધું નહતું અને ઘુંટણ ટેકીને પ્રાર્થના કરવાથી તેના ઘુંટણો કઠણ થઈ ગયાં હતાં. જ્યારે તેણે યેહુદીઓને એવો ઉપદેશ કર્યો કે યેસુ ખ્રીસ્ત પરમેશ્વર પિતાના જમણા હાથે બેસે છે, ત્યારે યેહુદીઓએ તેને મંદિરના બુરજ ઉપરથી પાડી નાંખ્યો. તેનાં અવયવો ભાંગી ગયા છતાં તેણે, તે એક લૂગડાંને કુંધી કરનારના સોટાથી માર્યો ગયો ત્યાં સુધી પ્રાર્થના કર્યા કરી. (આશરે ઈ. સ. ૬૩ માં).

પવિત્ર મોટો યાકુબ, યોહાન્નનો ભાઇ તેણે યેહુદીયોમાં ઉપદેશનો શ્રમ લીધો છે. તે ઉપદેશ કરવા માટે સ્પેન દેશમાં ગયો છે, એમ કહે છે. હરોદ અગ્રીપ્પાએ તેનું ગર્દન કપાવ્યું છે.

પવિત્ર યોહાન્ન સુવાર્તા લખનારે, પવિત્ર કુમારી મારિયાની સંભાળ કરી છે. તેણીને એફેસુસ પોતાની સાથે લઇ ગયો, કે જ્યાં યોહાન્ન ધર્માધ્યક્ષ થઇ ગયો. કોઇ પાખંડી લોકે એમ કહ્યું હતું કે યેસુખ્રીસ્ત ખરો પરમેશ્વર નથી; તેઓનું યોહાન્ને ખંડન કર્યું હતું. રોમી રાજા દોમીજીઆનુસે તેને ઉકળતા તેલથી ભરેલા તપેલામાં નાંખી દીધો. જ્યારે યોહાન્ન જખમી ન થયો ત્યારે રાજાએ પાત્મોસબેટમાં તેને દેશનિકાલ કર્યો. ત્યાં તેણે „પ્રકરણ પુસ્તક લખ્યું', જેમાં શ્રીસભાની ભવિષ્ય વાતો, તેની પીડા અને અંતના વિષયો લખેલાં છે. યોહાન્ને ઘડપણમાં પાખંડી લોક વિરૂદ્ધ સુવાર્તા લખી છે જેનો સાર એવો છે કે યેસુખ્રીસ્ત પરમેશ્વરનો પુત્ર છે. કહે છે કે જ્યારે યોહાન્ન ઘડપણને લીધે ઉપદેશ કરી ન શકયો, ત્યારે એકલી એ વાતો હમેશ કરી કે "મારાં બાળકો, એક બીજા ઉપર પ્રીતિ કરો." લોકોએ તેને પૂછયું કે: "શા માટે તમે હમેશ એકજ એવી વાત કહો છો?" યોહાન્ને જવાબ આપ્યો કે: "જો તમે તે વાત પૂરી કરશો તો પણ બસ છે." એલેકઝેંડ્રીઆનો કલેમન્ત યોહાન્ન વિષે લખે છે: એક વખત પવિત્ર યોહાન્ન પહાડી જંગલમાં લૂટારાઓના ટોળા પાછળ ગયો. ત્યારે લૂટારાઓમાંનો એક શખસ, જેને યોહાન્ને આગળ ખ્રીસ્તી ધર્મ શીખવ્યો હતો અને જેના ઉપર તેણે બહુ પ્રીતિ કરી હતી, તે

મળ્યો. યોહાન્ને તેને નરમાશથી ઠપકો આપ્યો અને તેને શ્રીસભામાં પાછો આણ્યો.

બીજા પ્રેરિતો વિષે થોડું નક્કી છે. પવિત્ર અંદ્રેઆસ, પેત્રુસના ભાઇએ રૂશીયાના દક્ષિણમાં અને કાળા સમુદ્રના કિનારામાં ઉપદેશ કર્યો છે અને ગ્રીક દેશના પત્રાસમાં તેને ખ્રુસ ઉપર ચડાવ્યો. પવિત્ર ફીલીપ્યુસને ફ્રીજીઆના હીએરાપોલીસમાં ખ્રુસ ઉપર ચડાવ્યો હતો.

પવિત્ર બાર્તોલમએયુસ અર્મેનિયા દેશમાં ગયો હતો. ત્યાં જીવતાં છતાં તેની ચામડી ઉતારી. પવિત્ર માથ્થએયુસ હબસીઓના દેશમાં, પવિત્ર યુદાસ થદ્દએયુસ સીરીઆ, મેસોપોતામીયા અને ઇરાન દેશમાં અને પવિત્ર સીમોન ઇજીપ્ત, આફ્રિકાના ઉત્તર અને બાબીલોનીયામાં ઉપદેશ કરતા હતા. પવિત્ર માર્કુસ પેત્રુસનો ચેલો ઇજીપ્તના અલેકઝાન્ડ્રીયામાં ગયો હતો અને ત્યાં ધર્માધ્યક્ષ થયો હતો. કહે છે કે પવિત્ર થોમાસે હિંદુસ્તાનની દક્ષિણમાં સુવાર્તાનો ઉપદેશ કર્યો છે. મેલીયાપુરમાં તેની કબર બતાવવામાં આવે છે. બધા પ્રેરિતોએ પોતાનો પ્રાણ, અમે યેસુ ખ્રીસ્તને મૂએલામાંથી ઉઠયા પછી જોયો છે અને યેસુખ્રીસ્ત ખરો પરમેશ્વર છે તેની સાક્ષી પુરવા માટે, મૂકયો છે.

પરમેશ્વરે પ્રેરિતોને ચમત્કાર કરવાની શક્તિ આપી અને તેથી પ્રેરિતોને પરમેશ્વરે મોકલેલા છે એમ સાબિત થયું હતું. ઘણાએ તેઓની વાત માની લીધી છે. તો પણ યેહુદીઓનો મોટો ભાગ હઠીલો રહ્યો અને તેઓએ ખ્રીસ્તી લોકોને સતાવ્યા, જેથી પરમેશ્વરની શિક્ષા તેઓ ઉપર આવી. જેમ યેસુ ખ્રીસ્તે આગળ કહ્યું હતું તેમ યેરૂસાલેમ શહેર શત્રુઓએ ઘેરી લીધું હતું, એટલે ઇ. સ. ૭૦ માં રોમી રાજા તીતુસે મોટા સૈન્ય સાથે તેને કબજે લીધું અને તેનો નાશ કર્યો. મંદિરનો એક પત્થર પણ બીજા ઉપર ન રહ્યો. જો કે તીતુસે મંદિરને બચાવવાનો હુકમ આપ્યો હતો તો પણ એક સિપાઇએ મંદિરને આગ લગાડી તેથી મંદિર બળી ગયું. યેહુદી લોકના દશ લાખ માણસો લડાઇમાં મરણ પામ્યા, ચાળીશ હજારને ખ્રુસ ઉપર ચડાવ્યા, અને ઘણાઓને કેદી કરી તીતુસ પોતાની સાથે રોમ લઇ ગયો, જ્યાં તેમને વિજયના વરઘોડામાં ફેરવ્યા અને બધાને બાંધવાના કામે લગાડયા. તીતુસને માન આપવાને રોમમાં અમદાવાદના ત્રણ દરવાજા જેવી કમાન બાંધેલી છે, જેમાં તે વિજયના વરઘોડાનું અને યેરૂસાલેમના મંદિરમાં જે સાત ડાલીઓની મોટી સોનાની શમેઇ હતી, તેનું ચિત્ર

કાઢેલું છે. આજ સુધી કોઇ યેહુદી માણસ આ કમાનમાં થઇને ચાલતો નથી, પણ તેની આસપાસનો રસ્તો લે છે.

યેહુદી લોક કરતાં મૂર્તિપૂજકોએ સુવાર્ત્તાને સારો આવકાર આપ્યો છે. રોમી રાજ્યનાં મુખ્ય શહેરોમાં ખ્રીસ્તી સભાઓ સ્થાપી છે, જેમની સંભાળ પ્રેરિતોએ કોઇ ચેલાઓને, તેઓના ઉપર હાથ મૂકીને તેઓને ધર્માધ્યક્ષ કે યાજકો બનાવીને સોંપી દીધી છે; જેમકે પવિત્ર પૌલુસે તીતુસને ક્રેતાબેટનો ધર્માધ્યક્ષ ઠરાવ્યો. એવા ધર્માધ્યક્ષોને બીજાના ઉપર હાથ મૂકીને તેઓને ધર્માધ્યક્ષો કે યાજકો બનાવવાનો અધિકાર મળ્યો હતો, જેઓમાંના તેઓએ કોઇને બીજાં શહેરોમાં ખ્રીસ્તી ધર્મ શીખવવાને અને ધર્માધ્યક્ષ કે યાજકનાં કામ કરવા માટે મોકલ્યા છે. પવિત્ર પેત્રુસે પોતાના ચેલા માર્કસને અલેકઝેન્દ્રીયા મોકલ્યો હતો, જ્યાંથી આખા ઇજીપ્ત ઉપર ખ્રીસ્તી ધર્મ ફેલાયો છે. ઇ. સ. ૧૫૦ માં પવિત્ર યુસ્તીનુસ માર્ટીરે લખેલું છે કે, "જંગલની, ગ્રીક દેશની કે કોઇ ભણેલી કોમની એવી કોઇ પ્રજા નથી કે જેનામાં ખ્રુસ ઉપર ચડાવેલા યેસુના નામમાં પ્રાર્થના અને ઉપકાર નિવેદન કરવાનું કાર્ય પરમેશ્વરને અર્પણ ન થાય."

એ તો નક્કી છે કે એવાં પરિણામો પરમેશ્વરની મદદથી થયાં છે, કેમકે અભિમાની અને દુરાચરણને આધિન થએલા મૂર્તિપૂજકોને તો ખ્રુસ ઉપર ચડાવેલા યેસુનો મત મૂર્ખાઇ ભરેલો અને ખ્રીસ્તી સદ્ગુણ અશક્ય લાગ્યાં હતાં.

જે પાખંડી ખ્રીસ્તી લોકોનો મત એકલા બૈબલના આધાર ઉપર રહે છે, તેઓએ જાણવું જોઇએ કે ખરો ખ્રીસ્તી મત નવા કરારના બૈબલ વગર બહુ વખત સુધી ચાલતો હતો. તે માટે ખ્રીસ્તી મત એકલા બૈબલના આધાર ઉપર રહે છે એમ માનવું તે ખોટું છે. યેસુ ખ્રીસ્તે પ્રેરિતોને ઉપદેશ કરવાનો ખરો, પણ લખવાનો હુકમ નથી આપ્યો. ખરૂં જોતાં એકલા બે પ્રેરિતોએ સુવાર્ત્તા લખી છે. કોઈ તક લઇને આગળ કરેલી ગોઠવણ વિના તેઓએ કાંઈ લખ્યું છે. તેઓનો હેતુ આખો ખ્રીસ્તી ધર્મ સુવાર્ત્તા કે પત્રોમાં લખવાનો ન હતો. શું યેસુખ્રીસ્તે પ્રેરિતોને કલમો દેતાં કહ્યું છે કે, "બેસી રહીને લખો?" તેણે કહ્યું છે કે, "બધા દેશોમાં જાઓ અને બધા દેશોના લોકોને શીખવો."

પરમેશ્વરે કોઇ પ્રેરિતો અને તેઓના ચેલાઓ મત અને આચરણ વિષે કાંઈ ભૂલ ન કરે તેટલા માટે તેમને લખવાની પ્રેરણા કરી લખવામાં મદદ આપી છે. તેને વાસ્તે પરમેશ્વરનો ઉપકાર માનવો જોઇએ. કયા પુસ્તકો એવી પરમેશ્વરની પ્રેરણાથી કરેલાં અને કયાં નહિ, તે વિષે પ્રેરિતોએ અને તેઓના પાછળ ચાલનારાઓએ એટલે કાથોલિક શ્રીસભાએ ચૂકાદો કર્યો છે.

પવિત્ર માથ્થએયુસે આશરે ઇ. સ. ૫૦ માં અને પવિત્ર યોહાન્ને આશરે ઇ. સ. ૯૬ માં સુવાર્ત્તા લખી છે. બીજાં નવાં કરારનાં પુસ્તકો વચલા વખતમાં રચેલાં છે.

જે મત કોઇ અર્વાચીન ખ્રીસ્તી લોક માને તે ખરો ખ્રીસ્તી મત હોય કે નહિ તે જાણવાને માટે પ્રાચીન ખ્રીસ્તી લોકોનો મત ઘણું કરીને પ્રેરિતોના ચેલાઓનો મત તપાસવો જોઇએ. તેથી પણ ખરો બૈબલનો ખુલાસો થાય. સારાં ભાગ્યે તેઓમાંના કોઇનાં પુસ્તકો બાકી રહે છે. તે માણસો પ્રેરિતો સંબંધી બાપો કહેવાય.

આ કાળનો લેખકો: પ્રેરિતો સંબંધી બાપો, કોઇ ખ્રીસ્તી મતનો બચાવ કરનાર લેખક. બીજા કેટલાએક બીજા અને ત્રીજા સૈકાના લેખકો.

૧. પ્રેરિતો સંબંધી બાપો.

રોમનો પવિત્ર કલેમન્સ, પેત્રુસના પાછળનો ચોથો બાપા, અને તેના ચેલો. તેણે કોરીન્થીઓને પત્ર લખ્યું છે. આ પત્ર અસલના વખતના ખ્રીસ્તી લોકો રોમી બાપાને માનનાર હતા તેની પ્રસિદ્ધ સાહેદી આપે છે. કોરીન્થની સભામાં કાંઇ તકરાર ચાલી, તો પવિત્ર કલેમન્સ, બધી ખ્રીસ્તી સભાઓના ઉપરીએ, તે તકરાર પતાવી હતી.

પવિત્ર ઇગ્નાજીયુસ અંતિઓખયાનો ધર્માધ્યક્ષ, પવિત્ર યોહાનનો ચેલો. રોમી રાજા ત્રાયાનુસના રાજમાં (ઇ. સ. ૯૮–૧૧૭) તેને મરણ દંડ ફરમાવ્યો, એટલે તેને રોમમાં તમાશામાં જંગલી જનાવરોની સન્મુખ નાંખી દેવામાં આવે. રોમ જતાં સાત પત્રો તેણે લખ્યાં છે કે જે આજ સુધી બાકી રહે છે. રોમી લોકોનાં પત્રમાં તેણે એમ લખ્યું છે કે: "પ્રાર્થના ના કરો કે જંગલી જનાવરો મને કંઇ નુકસાન ના કરે. હું યેસુનો ઘઉં છું." વળી તે લખે છે કે: "જેવો પવિત્ર પેત્રુસ અને પૌલુસ પ્રેરિતોને તમને હુકમ આપવાનો

અધિકાર હતો તેવો મને નથી." રોમી શ્રી સભાને પ્રીતિની સભાની મુખ્ય એટલે સઘળી સભાઓની ઉપરી કહે છે. કોઈ પત્રમાં ખ્રીસ્ત શરીર શાક્રામન્ત ચેસુનું માંસ કહે છે. બીજા પત્રમાં લખે છે કે, ધર્માધ્યક્ષો અને યાજકોનું માનવું જોઇએ. રોમમાં તેને જંગલી જનાવરો સન્મુખ નાંખી દીધો કે જેઓએ તેને એકદમ ખાધો. જે થોડાં હાડકાં બાકી રહ્યાં તેને અન્તીઓખયાના ખ્રીસ્તી લોકોએ બહુ માન આપ્યું છે અને મૂલ્યવાન ધન જેવાં ગણ્યાં છે.

પવિત્ર પોલીકાર્પુસ સ્મીર્નાનો ધર્માધ્યક્ષ, કે જે પણ પવિત્ર ચોહાનનો ચેલો હતો. યોહાન્ને તેને સ્મીર્નાનો ધર્માધ્યક્ષ ઠરાવ્યો હતો. જ્યારે પવિત્ર અનીજેતુસ રોમનો બાપા હતો ત્યારે પોલીકાર્પુસે તેની મુલાકાત લીધી હતી અને ઘણી વાતો વિષે તેની સાથે વાતચીત કરી હતી, ઘણું કરીને જે વખતે પાસ્ખ પાળવું જોઇએ તે વિષે. રોમમાં પોલીકાર્પુસે ઘણા ગ્નોસ્તીકો કહેલા પાખંડી લોકોને કાથોલિક શ્રીસભામાં ફેરવ્યા હતા. જ્યારે એક વખત માર્જીઓન નામે તેઓનો મુખ્ય તેને મળ્યો, અને માર્જીઓને તેને પૂછ્યું કે, "તું મને ઓળખે છે ?" ત્યારે પોલીકાર્પુસે જવાબ આપ્યો કે, "હા, સૈતાનના પહેલા જન્મેલાને હું ઓળખું છું." રોમમાંથી તે સ્મીર્ના પાછો આવ્યો ત્યાર પછી ત્યાં તેને મરણ દંડ ફરમાવ્યો હતો. જ્યારે તેને ખ્રીસ્તની નિંદા કરવાનો હુકમ આપ્યો, ત્યારે પોલીકાર્પુસે ઉત્તર આપ્યો કેઃ "૮૬ વર્ષથી હું તેની સેવા કરૂં છું અને તેણે મને કદિ કંઇ દુઃખ લગાડયું નથી. હું મારો રાજા કે જેણે મને તાર્યો છે તેની નિંદા કેમ કરીશ ?" તેને આગનો દંડ મળ્યો. પણ જ્યારે આગે તેને કંઇ જખમ ન લગાડયો ત્યારે કટારે તેને ભોંકયો. તેની લાસને પણ ખ્રીસ્તી લોકે બહુ માન આપ્યું છે. જે પત્ર પોલીકાર્પુસે ફીલીપીઓને લખ્યું હતું, તે આજ સુધી બાકી રહ્યું છે. તેમાં તેઓને સારી શિખામણો આપી છે અને પવિત્ર ઈગ્નાજીયુસનાં પત્રો તેઓને મોકલ્યાં હતાં.

૨. કોઇ ખ્રીસ્તી મતનો બચાવ કરનાર લેખક.

ચેહુદીઓએ અને મૂર્તિપૂજકોએ ખ્રીસ્તી લોકો ઉપર ખોટાં તહોમત મૂકયાં હતાં. ખ્રીસ્ત મતનો બચાવ કરવા માટે કેટલાક લેખકે પુસ્તકો રચ્યાં છે. એવો લેખકઃ

પવિત્ર યુસ્તીનુસ માર્તીર છે. તેનો જન્મ પાલેસ્તૈન દેશમાં હતો. તેનાં માબાપ મૂર્તિપૂજકો હતાં. ગ્રીક બુદ્ધિમાન વિદ્યાથી તેને સંતોષ ન થયો. જ્યારે એક વખત તે વિષે વિચાર કરતાં તે સમુદ્રના કીનારે ચાલતો હતો, ત્યારે એક બુઢ્ઢાએ તેને મળીને કહ્યું કે: "ગ્રીક વિદ્યાને બદલે તું ભવિષ્યવાદીનો અભ્યાસ કર. તેઓનાં પુસ્તકોમાંથી ખરા પરમેશ્વર અને પરમેશ્વરે મોકલેલા યેસુ ખ્રીસ્તનું જ્ઞાન મળે છે." તે વાતચીત ઉપરથી યુસ્તીનુસ ખ્રીસ્તી થઇ ગયો અને રોમમાં તેણે ખ્રીસ્તી ધર્મ ફેલાવ્યો. ખ્રીસ્તી ધર્મનો બચાવ તેણે એક પુસ્તક કે જે તેણે અન્તોનીનુસ પીયુસ રોમી બાદશાહને (ઇ. સ. ૧૪૦) અને બીજું પુસ્તક જે તેણે માર્કુસ ઔરેલીયુસ બાદશાહને મોકલેલ છે, તેમાં કર્યો છે. પહેલા પુસ્તકમાં જે રીતે મિસ થાય છે તે વર્ણવ્યું છે, અને કોમયુનીયોમાં ખ્રીસ્તી લોક ખરૂં યેસુ ખ્રીસ્તનું શરીર અને લોહી લે છે, તે વિષે તે લખે છે કે: "અમે શીખી ગયા છીએ કે જે ભોજન અમે લઇએ છીએ તે યેસુખ્રીસ્તનું લોહી અને માંસ છે". માર્કુસ ઔરેલીયુસના રાજમાં તેને ફટકા માર્યા હતા અને તેનું ગર્દન કાપ્યું હતું. (ઇ. સ. ૧૬૬).

૩. બીજા કેટલાક બીજા અને ત્રીજા સૈકાના લેખકો.

પવિત્ર ઇરેનેયુસ, ફ્રાન્સના લૈઅન્સનો ધર્માધ્યક્ષ, પવિત્ર પોલીકાર્પુસનો ચેલો. તેણે ગ્નોસ્તીકો પાખંડી લોકની વિરૂદ્ધ લખ્યું છે કે તેઓએ પૂર્વના કલ્પિત કરેલા મતો ખ્રીસ્તી મત સાથે મેળવ્યા છે. ગ્નોસ્તીકોના મત ઘણી વાતોમાં જરતોસ્ત કે જેને પારસી લોકો માને છે, તેના મત સાથે મળે છે. એમ કહે છે કે કોઇ દુષ્ટ આત્માએ મૂળ પ્રકૃતિ કરી છે. કોઈ જગામાં ઇરેનેયુસ લખે છે કે રોમી શ્રી સભાનો મત ખરા ખ્રીસ્તી મતનો કાનુન છે. "રોમી શ્રીસભાની સાથે હરેક શ્રીસભાએ આખી દુનિયામાં મળવું જોઇએ, કેમકે રોમી શ્રીસભાને પવિત્ર પ્રેરિતો પેત્રુસ અને પૌલુસે સ્થાપેલી અને રચેલી છે." સેપ્તિમીયુસ સેવેરૂસ રોમી બાદશાહે ખ્રીસ્તી લોકોને સતાવ્યા તે વખતમાં ઇરેનેયુસ માર્યો ગયો છે. (ઇ. સ. ૨૦૨).

અલેકઝેન્દ્રીયાનો કલેમન્સ એક મોટા ખ્રીસ્તી શિક્ષક કે જેણે બહુ મુસાફરી કરી હતી. મૂર્તિપૂજકો વિરૂદ્ધ તેણે બહુ સરસ પુસ્તકો લખ્યાં છે.

ઓરીગેનેસ (ઈ. સ. ૧૮૫ થી ૨૫૪). તેનો બાપ લેઓનીદાસ ખ્રીસ્તી ધર્મને વાસ્તે માર્યો ગયો હતો (ઈ. સ. ૨૦૨). અલેક્ઝાન્દ્રીયાનો કલેમન્સ તેનો શિક્ષક હતો, તેથી ઓરીગેનેસ ઘણું કરીને બૈબલનો ખુલાસો કરવામાં બહુ વિદ્વાન થઈ ગયો. તે કામને વાસ્તે તે હીબ્રી ભાષા શીખ્યો હતો. ઓરીગેનેસે જે પુસ્તક જેલસુસ નામે એક મૂર્તિપૂજક વિરૂદ્ધ લખ્યું હતું તેથી તે બહુ પ્રખ્યાત થઇ ગયો. જેમ આપણા વખતમાં કોઇ મૂર્ત્તિપૂજકો ખ્રીસ્તી ધર્મની નિંદા કરે છે તેમ તે વખતમાં જેલસુસે કર્યું હતું; અને તેના પુસ્તકમાંથી આપણા વખતના ખ્રીસ્તના શત્રુઓ નિંદાનાં હથિયારો લે છે. ઓરીગેનેસે ખ્રીસ્તી ધર્મનો બચાવ સારો કર્યો છે. તેણે હેક્ષાપલા કરીને બૈબલ રચ્યું એટલે એક પાનામાં સાત બૈબલના તરજુમાનાં વચનો સાત હારોમાં મુકાબલો કરવાને વાસ્તે મૂક્યાં છે. તેણે બહુ તપશ્ચર્યા કરી છે અને તે યાજક થઇ ગયો છે. જ્યારે દેસીયુસ રોમી બાદશાહે ખ્રીસ્તી લોકોને સતાવ્યા ત્યારે ઓરીગેનેસને કેદખાનામાં નાંખી દીધો અને જુદી રીતે રિબાવ્યો. કેટલીક શિક્ષણની વાતોમાં ઓરીગેનેસે ભૂલ કરી તેને વાસ્તે પાંચમી કોન્સ્તંતીનોપલની મંત્રી સભાએ તેને પાખંડી ગણ્યો છે.

બધા આગળના પ્રેરિતો સંબંધીપિતાઓએ અને લેખકે ગ્રીક ભાષામાં લખ્યું હતું. હવે આવતા લેખકોએ લાટીન ભાષા વાપરી છે.

મીનુસ્યુસ ફેલીક્ષનું પુસ્તક ઘણું કરીને મૂર્તિપૂજા વિરૂદ્ધ લખેલું છે. મૂર્તિપૂજકો એમ માને છે કે મૂર્તિમાં કોઈ દેવ બેસે છે, તે એ પુસ્તક ઉપરથી પ્રસિદ્ધ થાય છે.

તરતુલ્લીયાનુસ, આગળ મૂર્તિપૂજક હતો. તે વકીલનો ધંધો કરતો હતો. જે હિમ્મત ખ્રીસ્તી માર્તીરોએ બતાવી છે, તેથી તેના ઉપર બહુ અસર થઇ અને પોતે ખ્રીસ્તી ધર્મનો અંગિકાર કર્યો છે. તે યાજક થયો અને તેણે પુસ્તકમાં રોમી કાયદાનું સારૂં જ્ઞાન બતાવ્યું છે. આશરે ઈ. સ. ૨૦૨ માં તે મોન્તાનીસ્તો કહેલા પાખંડી લોકોના પંથમાં ગયો અને તે વખતથી મોટા વેરથી કાથોલિક શ્રી સભા વિરૂદ્ધ તેણે લખ્યું છે. તે પંથ વિષે પછી લખવામાં આવશે જો કે પછી તે કાથોલિક શ્રીસભાનો શત્રુ હતો તો પણ તેના પુસ્તકો ઉપરથી કાથોલિક મતની સારી સાહેદી મળે છે. તેણે મૂર્તિપૂજકો વિરૂદ્ધ ખ્રીસ્તી મતનો સારો બચાવ કર્યો અને તેઓના દેવ-

દેવીઓ કશું નથી એમ તેઓને બતાવ્યું છે. તે સિવાય જ્યાં સુધી તે કાથોલિક હતો ત્યાં સુધી તેણે, જે મત આરંભથી હતો તે ખરો છે, અને હવે હરેક પાખંડી મત પછી આવ્યો તેને વાસ્તે ખોટો છે, તથા જો પાખંડી લોક બૈબલ ઉપર આધાર રાખે છે, તો તે આધાર નિષ્ફળ ગેરફાયદાનો છે, કારણ કે તેઓને બૈબલ કાથોલિક શ્રીસભા પાસેથી અને કાથોલિક શ્રીસભાને પ્રેરિતો પાસેથી મળ્યું છે, એમ કહીને પાખંડી લોક વિરૂદ્ધ કાથોલિક મત ખરો છે એમ સારી રીતે સાબિત કર્યું હતું. જે વખતમાં તરતુલ્લીયાનુસ પોતે કાથોલિક શ્રીસભાનો શત્રુ થઇ ગયો, તે વખતમાં તેણે રોમી બાપા શ્રીસભાનો મુખ્ય છે તેની સારી સાહેદી એવું બોલીને આપી છે કે તે મોટામાં મોટો યાજક અને ધર્માધ્યક્ષોનો ધર્માધ્યક્ષ છે; તથા તેને બધાં પાપ માફ કરવાનો અધિકાર મળ્યો છે.

પવિત્ર સીપ્રીયાનુસ, ઉત્તર આફ્રિકાના કાર્થેજનો ધર્માધ્યક્ષ. તેનાં માબાપ મૂર્તિપૂજકો હતાં. સીપ્રીયાનુસે વકતૃત્વ શિક્ષકનો ધંધો પસંદ કર્યો હતો, અને પછી તેમાં તેને સારી કીર્તિ મળી. આશરે ઇ. સ. ૨૪૬ માં જેસીલીયુસ નામનો એક યાજક તેને ખ્રીસ્તીમતમાં લાવ્યો, અને સીપ્રીયાનુસ બપ્તિસ્મા લીધા પછી થોડે વખતે ધર્માધ્યક્ષ થઈ ગયો. યેસુ ખ્રીસ્તને વાસ્તે તેણે પણ દુઃખો સહન કર્યાં છે. આખરે તેનું ગરદન કાપ્યું હતું. ઈ. સ. ૨૫૮. પાખંડી લોકના બપ્તિસ્મા વિષે જે તકરાર ઉઠી તે વિષે આગળ બોલતાં વાત કરીશું. સીપ્રીયાનુસે ખ્રીસ્તી શ્રીસભા એકજ અને તે કાથોલિક શ્રીસભા છે તે વિષે સારૂં પુસ્તક રચ્યું છે. પાખંડીમત સૈતાનનું હથિયાર છે. પ્રભુએ પોતાની શ્રીસભા પેત્રુસ ઉપર બાંધી છે. જેની મા કાથોલિક શ્રીસભા નથી, તેનો બાપ પરમેશ્વર નથી. જેમ નોહાનાઆર્ખ સિવાય કોઇને તારણ નથી મળ્યું, તેમ કાથોલિક શ્રીસભા સિવાય કોઇને તારણ મળતું નથી.

લાકતન્સીયુસ નામે એક લેખકે સારી રીતે મૂર્તિપૂજકો દેવદેવીઓને માનવામાં જે મોટી ભૂલ કરે છે તે વિષે લખ્યું છે.

૩. પ્રાચીન શ્રીસભાની રીતિઓ.

જેઓએ બપ્તિસ્મા લીધું છે તેઓને પાણીમાં ઉતારવા જોઇતાં હતાં. બપ્તિસ્માની તૈયારી કરનાર કાતેખુમની કહેવાતા હતા. બપ્તિસ્મા લીધા પછી તેઓએ જે ધોળું લુગડું બપ્તિસ્મા વખતે પહેરેલું

હતું તે આઠ દિવસ સુધી એટલે પાસ્ખા પછીના રવિવાર સુધી પહેર્યું, કે જેનું ધોળો રવિવાર એવું નામ પડ્યું. બપ્તિસ્મા ઘણું કરીને પાસ્ખાની આગળના દિવસે કે કોઇ વખત પેન્તેકોસ્તની આગળના દિવસે મળ્યું છે, તેથી આજસુધી તે બે દિવસોએ બપ્તિસ્માનું પાણી આશીર્વાદિત કરવામ આવે છે. લોક માંદા હતા તો પાણી તેઓનાં માથાં ઉપર રેડ્યું. જ્યાંસુધી થોડા લોકોએ બપ્તિસ્મા લીધું છે ત્યાંસુધી ઘણું કરીને ધર્માધ્યક્ષોએ બપ્તિસ્મા અને બપ્તિસ્મા પછી એકદમ ખ્રીસ્મા સાક્રામન્ત હાથ માથા ઉપર મૂકીને અને કપાળ ઉપર આશીર્વાદિત તેલ લગાડીને આપ્યું. માથાના પાછળના ભાગ ઉપર તેલ લગાડવું તે બપ્તિસ્માની રીતનું હતું.

ખ્રીસ્ત શરીર સાક્રામન્તને કાથોલિક શ્રીસભામાં દાખલ ન થએલા એટલે જેઓને બપ્તિસ્મા મળ્યું નહતું, તેઓથી ગુપ્ત રાખેલું હતું. તેને વાસ્તે કાતેખુમની એકલી સુવાર્ત્તા વાંચી અને ધર્મ બોધ થયો ત્યાંસુધી મીસમાં રહ્યા. આરંભથી હરેક મીસમાં બધા લોકોએ કોમુનીયો લીધો છે. પશ્ચિમમાં મીસ લાટીન અને પૂર્વમાં ગ્રીક ભાષામાં થયું. "રવિવારના દિવસે શહેર અને ગામોના ખ્રીસ્તી લોક એકજ જગામાં એકઠા થાય ત્યારે પ્રેરિતોના અને ભવિષ્યવાદીઓનાં પુસ્તકોમાંથી કાંઈ વાંચવામાં આવે છે, અને પ્રમુખપદ રાખનાર ભાષણ કરે છે. પછી બધા ઉઠીએ અને પ્રાર્થના શરૂ કરીએ છીએ, ત્યારે રોટલી અને દ્રાક્ષરસ કોઇ લઇ આવે છે અને પ્રમુખપદ રાખનાર ઉપકાર નિવેદનની પ્રાર્થના બોલે છે, જેનો લોકો આમેન બોલીને જવાબ આપે છે. જે ચીજો ઉપર ઉપકાર નિવેદનની પ્રાર્થના બોલવામાં આવી હતી તે હાજર રહેલા લોકોને વહેંચી અપાય છે. ગેરહાજર થએલાને સેવક એટલે દીઆકોનુસ લઇ આવે છે" એમ પવિત્ર યુસ્તીનુસ માર્તીર આશરે ઇ. સ. ૧૪૦ માં મીસનું વર્ણન કરે છે. પવિત્ર કોમુન્યો બન્ને રૂપોમાં વહેંચવામાં આવ્યું; જે માંદા લોકોએ એક રૂપમાં લીધું છે.

પ્રાયશ્ચિતની રીત બહુ સખ્ત હતી. પાપના સ્વીકારની ગુપ્ત અને જાહેર રીત હતી. જાહેર પાપો જાહેરમાં સ્વીકારાતાં, અને છૂપા પાપનો સ્વીકાર જાહેરમાં કરવાની કાંઇ ફરજ ન હતી. જ્યારે કોઇ લોકોએ છૂપાં પાપો સ્વીકાર્યા અને તેથી બીજાએ ઠક્કર ખાધું, ત્યારે છૂપાં પાપ જાહેરમાં સ્વીકારવાનું નિકળ્યું છે.

પ્રાયશ્ચિત કરનારાઓના ચાર વર્ગ હતા. ૧ લો રડનારાઓનો, ૨ જો સાંભળનારાઓનો, ૩ જો ઘુંટણ ટેકનારાઓનો, અને ૪ થો ઉભા રહેનારાઓનો. રડનારાઓએ દેવળ બહાર રહેવું તથા સાંભળનારાઓએ એકલું કાતેખુમનીનું મીસ સાંભળવું જોઇતું હતું. બીજા બે વર્ગોને આખું મિસ સાંભળવાની રજા હતી પણ કોમયુન્યોને લેવાની ન હતી.

પ્રેરિતોના વખતથી યેહુદી લોકોના સબથને બદલે ખ્રીસ્તી રવિવાર પાળવામાં આવ્યો, કેમકે યેસુખ્રીસ્ત એક રવિવારે મૂએલામાંથી ઉઠયો હતો. બુધવાર અને શુક્રવાર ઉપરાંત રોમમાં રવિવાર પણ યેહુદી સબથને નાબુદ કરવાને વાસ્તે અપવાસનો દિવસ ઠરાવવામાં આવ્યો હતો. કેટલીક જગ્યાઓએ પાસ્ખાની આગળના અપવાસના દિવસો પાસ્ખાની પહેલા સિત્તેર દિવસથી શરૂ થયા, તેને વાસ્તે આજ સુધી જે રવિવાર સેપ્તુઆગેસીમા એટલે સિત્તેરમો દિવસ કહેવાય છે તે રોજ યાજક મિસમાં જાંબુડી આસમાની રંગ એટલે પ્રાયશ્ચિતના રંગનું લુગડું પહેરે છે. જેવી રીતે આપણા જમાનામાં મુસલમાન લોક ઉપવાસ કરે છે તેવી રીતે અસલના વખતમાં ખ્રીસ્તી લોક ઉપવાસ કરતા હતા, એટલે સૂર્ય આથમ્યા પછી કાંઇ ખાતા.

મૂએલાઓના સ્મરણને વાસ્તે (જેમ હિંદુ લોકો શ્રાદ્ધ કરે છે એમ) ખ્રીસ્તી લોકો વરસનું સ્મરણ મિસ કરતાં રાખતા હતા.

પાસ્ખા તહેવાર પૂર્વમાં યેહુદી લોકોની સાથે એટલે નીજાન મહિનાના ચૌદમા દિવસે, અને પશ્ચિમમાં વસંતની પૂનેમની પાછળના પહેલે રવિવારે પાળવામાં આવ્યો હતો. પવિત્ર પોલીકાર્પુસ એ સવાલ વિષે બાપા અનીજેતુસની સાથે વાત કરવા માટે એશીયાખંડથી રોમ ગયો હતો. પાસ્ખાના વખતના ફેરફાર વિષે પૂર્વમાં તકરાર થઇ હતી. જે ખ્રીસ્તી લોક ઇગ્લાંડમાં હતા. તે પણ પર્વના લોકના રિવાજ પ્રમાણે તેઓના વખતમાં પાળતા હતા. નીજેઆની પહેલી મંત્રીસભામાં પશ્ચિમ એટલે રોમનો વખત આખી શ્રીસભાને વાસ્તે મુકરર થએલો છે.

યેસુખ્રીસ્તે સ્થાપેલા યાજકપણાના વર્ગો ધર્માધ્યક્ષ, યાજક અને દીયાકોનુસના વર્ગો છે. કેટલાક વર્ગો શ્રીસભાએ સ્થાપેલા વર્ગો છે, કે જેની યાદ બાપા કોર્નેલીયુસ આશરે ઇ. સ. ૨૫૨ માં કરે છે, એ-

ટલે સુબદીયાકોનુસ કે દીયાકોનુસને નીચે હોદ્દો, અને ચાર ઉતરતા હોદ્દા છે. એટલે ઓસ્તીયારીયુસ કે દ્વારપાલ, લેકતોર કે વાંચનાર, એકસેરજીસ્તા કે ભૂત કાઢનાર અને આકોલીયુસ કે પાછળ ચાલનારના રંગો. ઘણું કરીને મિસમાં તેઓએ મદદ કરી છે. બાયડીઓએ બાયડીઓની સંભાળ કરી અને તે કામને વાસ્તે ખાસ આશીર્વાદ તેઓને મળ્યો. તેઓ વિધવાઓ કહેવાતી હતી, કેમકે તેઓ પરમેશ્વરને અર્પણ કરેલી છે તે બતાવવાને વાસ્તે તેઓએ વિધવાનું લૂગડું પહેર્યું હતું. પવિત્ર પ્રાક્ષેદેસ અને પુદન્જીયાના આ વર્ગની હતી. ધર્માધ્યક્ષોની ચુંટણી ખ્રીસ્તી લોકોએ કરી. એક ધર્માધ્યક્ષે પસંદ કરેલાના માથા ઉપર હાથ મૂકયો અને ધર્માધ્યક્ષપણું આપ્યું. બે બીજા ધર્માધ્યક્ષોને સાક્ષીને વાસ્તે તેડેલા હતા. ધર્માધ્યક્ષે યાજકોને અને દીયાકોનોને તેઓના ઉપર હાથ મૂકીને ઠરાવ્યા. દીયાકોનોએ બપ્તિસ્મા અને કોમયુનીયો આપ્યાં અને ગરીબોની સંભાળ કરી. લોકો મિસને વાસ્તે રોટલી અને દ્રાક્ષરસ લઈ આવ્યા હતા, જે બાકી રહ્યું તેના ધર્માધ્યક્ષ અને યાજક, દેવળનાં કામો, નિશાળો અને ગરીબોને વાસ્તે ચાર ભાગ કર્યા.

ધર્માધ્યક્ષો અને યાજકોએ પવિત્ર પૌલુસ અને બીજા પ્રેરિતોની પેઠે બાયડીને ન રાખવી શરૂ કરી. પછી તે ફરજ થઈ. જે કોઇ ધર્માધ્યક્ષને આગળ બાયડી હતી, તેને તેણે ધર્માધ્યક્ષ થયા પછી મૂકી દીધી. પૂર્વમાં એકલા ધર્માધ્યક્ષોને બાયડીને મૂકી દેવાની ફરજ થઈ પરણેલા યાજકોને પોતાની બાયડીઓને રાખવાની રજા મળી. તો પણ આજ સુધી પૂર્વમાં કોઇ પરણેલો પુરૂષ યાજક કે ધર્માધ્યક્ષ ન થાય.

રોમી બાપાને બધા ખ્રીસ્તી લોકોએ અને રોમી મૂર્તિપૂજક રાજાઓએ પણ આખી શ્રીસભાનો મુખ્ય સ્વીકાર્યો છે. બાપાએ આખી શ્રીસભાનું પ્રમુખપદ ચલાવ્યું હતું. અમે સાંભળ્યું છે કે પવિત્ર કલેમન્સે કોરીંથીઓને ઠપકો આપ્યો હતો. તેણે લખ્યું છે કેઃ "જો જે યાજકો બરોબર કામ કરે છે તેઓને હું નિકાલત તો તે ગેરવાજબી હોત." પવિત્ર પોલીકાર્પુસને અનીજેતુસ બાપાએ પાસ્ખાના ફેરફારનો જવાબ આપવા વાસ્તે રોમ બોલાવ્યો હતો. પાસ્ખા વખત વિષેની તકરારમાં વિક્તોર બાપાએ એશીયા મૈનરની સભાઓને કાથોલિક શ્રીસભામાંથી કાઢી મૂકવાનું સ્વીકાર્યું છે. થોડા સિવાય પહેલા ત્રણ સૈકાના બધા બાપાઓ માર્તીરો હતા.

૪. દસ રોમી બાદશાહોએ ખ્રીસ્તી લોક ઉપર કરેલી સતાવણી.

"ચાકર ધણી કરતા મોટો નથી, અને જો તેઓએ મને સતાવ્યો તો તેઓ તમને પણ સતાવશે" (યોહાન્ન ૧૫, ૨૦) એવી જે વાતો યેસુ ખ્રીસ્તે કરી હતી તે ખરી નિવડી. મૂર્તિપૂજકોએ ખ્રીસ્તી ધર્મનો દ્વેષ કર્યો છે. મૂર્તિપૂજા સરકારનો ધર્મ હતો, તેને વાસ્તે જે ખ્રીસ્તી લોકોએ સરકારનાં દેવદેવીઓને હોમ કે હવન ન કર્યા તેઓ સરકારના શત્રુઓ ગણાયા. જેમ જેમ મૂતપૂજકોની સંખ્યા ઓછી થઇ તેમ તેમ મૂર્તિપૂજક યાજકો અને ગુરૂની કમાઇ ઓછી થઇ. ગુપ્ત સભાઓ રોમી કાયદા વિરૂદ્ધ હતી, અને ખ્રીસ્તી લોકે છાનામાના મિસ કર્યું, તેને વાસ્તે તેઓ સરકારના કાયદાના ઉલંઘન કરનારા ગણાયા. તે સિવાય યેહુદી લોક ખ્રીસ્તી લોકોના મોટામાં મોટા વેરી હતા, તેઓએ મૂર્તિપૂજકો પાસે ખ્રીસ્તી લોકો ઉપર સઘળા ગુન્હાઓનું તહોમત મૂકયું. ખ્રીસ્તનું શરીર અને લોહી સાક્રામંતમાં ખરાં હાજર છે અને મિસ બલિદાન છે એવી આપણા વખતના ખ્રીસ્તી લોક પેઠે તે વખતનાની શ્રદ્ધા હતી. તે વિષે કાંઈ સાંભળીને ખ્રીસ્તી લોક ઉપર, તે લોકો એકઠા થઇ એક છોકરાને મારી નાંખીને તેનું માંસ ખાય છે એવું તહોમત મૂકયું છે. ખ્રીસ્તી લોકો પાસેથી ધર્માધ્યક્ષો અને યાજકોને બહુ માન મળ્યું તેથા ખ્રીસ્તી લોક તેઓની પૂજા કરે છે માટે તેઓ મોટા ગુન્હેગાર છે એમ રોમી રાજાઓ અને બીજા મૂર્તિપૂજકોએ માન્યું છે.

ખ્રીસ્તી લોકોની માલમતા લૂંટી લઈ, તેઓને ઘણી રીતે રીબાવ્યા. રોમમાં અંફીથએઆત્રુમ નામની જાહેર નાટકશાળામાં તેઓને જંગલી જનાવરો સન્મુખ નાંખી દીધા. જે વખતમાં રાજાઓએ એક સરકારના હવનનો હુકમ આપ્યો હતો તે વખતમાં ચીઠીઓ વહેંચવામાં આવી છે, તે જેઓએ ખરીદી લીધી, તેઓ ખ્રીસ્તી ધર્મ મુકી દઇને મૂર્તિપૂજકો થયા એમ ગણ્યું અને તે લોકોને મોટામાં મોટા સરકારના હોદ્દાનું માન મળ્યું.

પહેલા ત્રણ સૈકામાં ખ્રીસ્તી માર્તીરો એટલે ખ્રીસ્તી ધર્મને વાસ્તે પોતાનો પ્રાણ મૂકીને ખ્રીસ્તી મતની સાક્ષી આપનારાઓની સંખ્યા એક કરોડ એક લાખની હતી એમ ધારે છે.

ખ્રીસ્તી કેદીઓને ખ્રીસ્ત શરીર સાક્રામન્ત કેદખાનામાં રાખવાની રજા હતી અને આવતા મરણને વાસ્તે પોતાનું મન દ્રઢ કરવા

માટે તેઓએ તે લીધું છે. **તાર્સીજીયુસ** નામે એક પવિત્ર છોકરો જ્યારે પોતાની છાતી ઉપર પવિત્ર ખ્રીસ્ત શરીર સાક્રામેન્ત સંતાડીને ખ્રીસ્તી કેદીઓને માટે લઇ જતો હતો ત્યારે કેટલાક મૂર્તિપૂજક છોકરાઓ તેની ઉપર હુમલો કરીને તે ખજાન તેની પાસેથી છીનવી લઇ જવાના હતા. તાર્સીજીયુસે પોતાના શરીરવડે સાક્રામેન્તનું રક્ષણ કર્યું અને તે ખજાન આપ્યા પહેલાં મરણ પામ્યો છે.

પવિત્ર માર્તીરોની લાસોને ખ્રીસ્તી લોક પાસેથી બહુ માન મળ્યું છે અને તેઓનાં હાડકાં ઉપર મિસનું બલિદાન કરવામાં આવ્યું. તે રીત ઉપરથી એમ થયું છે કે જે વેદી ઉપર કાથોલિક યાજકો મિસ કરે છે, તેના પત્થરમાં કોઇ પવિત્ર માર્તીરનું હાડકું હોવું જોઇએ; અને યાજકો વેદીને ચુંબન દેતાં એવા શબ્દો બોલે છે: "જે પવિત્રોનાં હાડકાં અહીં છે તેઓના પુણ્યવડે અમે તારી પ્રાર્થના કરીએ છીએ."

તે ખ્રીસ્તી લોકોની સતાવણીનું પરિણામ એ આવ્યું કે કેટલાક ખ્રીસ્તી લોકને દેશનિકાલ કર્યાથી ખ્રીસ્તી મત બીજા દેશોમાં ફેલાયો. મૂર્તિપૂજકો ખ્રીસ્તી લોકની સહનશિલતા દેખીને એમ માનવા લાગ્યા કે ખ્રીસ્તી ધર્મ ખરો હોવો જોઇએ. છેવટે તે સતાવણીઓને મારફતે, જેમ પવનને મારફતે ઘઉંથી કચરો જુદો થાય છે, તેમ ખ્રીસ્તી સભાથી ઢોંગીઓ જુદા થઇ ગયા. તર્તુલીયાનુસે લખ્યું છે કે: "માર્તીરોનું લોહી ખ્રીસ્તીઓનું બીજ છે," તે વાત ખરી નિપજી છે.

પહેલી ખ્રીસ્તીઓની સતાવણી નેરો બાદશાહના રાજમાં આશરે ઇ. સ. ૬૪ માં થઈ હતી. તેણે રોમ શહેરના એક ભાગને ભસ્મ કર્યો. નાશ પામેલા ઘરોને બદલે મહેલો બાંધવાનો તેનો હેતુ હતો એવી લુચ્ચાઇ પોતાના માથેથી ખસેડવા માટે તેણે તેનું તહોમત ખ્રીસ્તીઓ ઉપર મૂક્યું અને તેઓ પર કામ ચલાવ્યું. હજારો ખ્રીસ્તીઓને પકડીને રિબાવ્યા. તેઓની રાતની રમતોને વાસ્તે મશાલો બાળવાને માટે કેટલાકને કોથળીઓમાં મૂકવાનો, તે કોથળીઓને ડામર લગાડવાનો અને પછી બાળવાનો હુકમ તેણે આપ્યો. બીજાને અંફીથેઆત્રામાં જંગલી જનાવરો સન્મુખ નાખી દીધા અને તેમના કડકા કર્યા, તથા કેટલાકને તૈબર નદીમાં ડુબાડ્યા. પવિત્ર પેત્રુસ અને પૌલુસ પ્રેરિતો આ સતાવણીમાં માર્યા ગયા. (ઇ. સ. ૬૭).

બીજી સતાવણી દોમીજીયાનુસના રાજમાં આશરે ઇ. સ. ૮૫. આ વખતમાં પવિત્ર યોહાન્ને જે સહન કરવું જોઇતું હતું તે અમે લખી ગયા છીએ.

ત્રીજી સતાવણી ત્રાયાનુસના રાજમાં હતી (ઇ. સ. ૯૮–૧૧૭). તે બાદશાહે ગુપ્ત સભાઓ વિરૂદ્ધ એક કાયદો રચાવ્યો. એ કાયદો અને બીજા કાયદાઓને હમેશ ખ્રીસ્તી વિરૂદ્ધ વાપરવાની તક હતી. "ખ્રીસ્તીઓને ન શોધો, પણ જો તેઓનાં નામ નોંધવામાં આવે, તો તેઓને ખ્રીસ્તીનો મત મૂકી દે ત્યાંસુધી છોડી ન દેવા, અને જેઓ તે મત મૂકી ન દે તેઓને સજા આપવી." સીમેઓન, ઘરડો યેરૂસાલેમનો ધર્માધ્યક્ષ અને પવિત્ર નાના યાકુબનો ભાઇ જે એકસોવીશ વર્ષનો હતો, તેનું નામ યેહુદીઓએ નોંધી દીધું, અને તેને આશરે ઇ. સ. ૧૦૮ માં ખ્રુસ ઉપર ચડાવ્યો. જે કાગળ મૂર્તિપૂજક પ્લીનીયુસ, એશીયા મૈનરના બીથીનીયાના હાકેમે ત્રાયાનુસ બાદશાહને ખ્રીસ્તીઓ વિષે લખ્યો છે તે મનોરંજક છે. "ઘણાઓની મળતી સાહેદી પ્રમાણે સાબિત થયું છે કે ખ્રીસ્તીઓ એવો રિવાજ પાળે છે કે એક મુકરર કરેલા દિવસે તેઓ સૂર્યોદય પહેલાં તેઓના પરમેશ્વર ખ્રીસ્તના માનમાં ગીતો ગાવાના હેતુથી એકઠા થાય છે, ને એવા સોગન ખાય છે કે અમે મુકરર કરેલા ગુન્હા કરીશું નહિ. તેઓ સાધારણ કલંક વગરનું ભોજન કરે છે." આ બાદશાહે કલેમન્સ બાપાને ક્રૈમીયા બેટમાં ધાતુઓની ખાણોમાં કામ કરવા માટે દેશનિકાલ કર્યો હતો. તેણે તે બેટના રહેવાસીઓને ખ્રીસ્તી બનાવ્યા. પાણીની તંગી હોવાથી ખડકમાંથી પાણી કાઢયું હતું. તે એ બેટમાં મરી ગયો. પવિત્ર ઇગ્નાજીયુસ અંતીઓખના ધર્માધ્યક્ષને આ સતાવણીમાં અંફીથેઆત્રામાં જંગલી જનાવરો સન્મુખ નાંખી દીધો અને તેના કડકા કર્યા છે, તે વાત આગળ કહી છે.

ચોથી ખ્રીસ્તીઓની સતાવણી આશરે ઇ. સ. ૧૩૦ માં હાદ્રીયાનુસ બાદશાહના રાજમાં થઇ હતી. તેમાં પવિત્ર સીંફ્રોસા માર્તીર પોતાના સાત પુત્રો સાથે મરણ પામી છે. હાદ્રીયાનુસે યેરૂસાલેમનાં પવિત્ર સ્થાનો અભડાવ્યાં; એટલે કાલવારીયા ટેકરી ઉપર વેનુસ કે માતા, બેથલેહેમના ગભાણ પાસે અદોનીસ કે શિવ અને પુનરૂત્થાનની જગામાં યુપિતર કે બ્રહ્માનું પુતળું સ્થાપ્યું છે.

પાંચમી ખ્રીસ્તીઓની સતાવણી માર્કસ ઑરેલીયુસ બાદશાહના રાજમાં થઇ હતી (ઇ. સ. ૧૬૧-૧૮૦). તેના રાજમાં ખ્રીસ્તીઓની હાલત વધારે દુઃખી થઇ. મૂર્તિપૂજા સરકારના ધર્મ તરીકે રાખવાનો તેનો સખ્ત હેતુ હતો. જે હુમલો એશીયા મૈનરમાં અને ફ્રાંસનાં લીઓનસ અને વિઅન્ન શહેરોમાં ખ્રીસ્તી ઉપર થયો તે બાદશાહે રોક્યો નથી. ખ્રીસ્તીઓને શોધી કાઢી, રિબાવીને તેઓને ખ્રીસ્તી ધર્મથી ફેરવવાનો પ્રયત્ન કર્યો. પવિત્ર પોલીકાર્પુસ, સ્મીરનાનો ધર્માધ્યક્ષ તે વખતમાં માર્યો ગયો છે. ફ્રાંસમાં નેવું વર્ષનો એક ધર્માધ્યક્ષ પવિત્ર પોથીનુસ, એક દાસી પવિત્ર બ્લંદીના અને તેનો પંદર વર્ષનો પુત્ર પોન્તીકુસ વગેરે માર્તીરો ઇ. સ. ૧૭૭ માં મરણ પામ્યાં છે. બ્લંદીનાએ ન્યાયાધીશ આગળ એવી વાત કરી કેઃ "હું ખ્રીસ્તી છું, અને હમે ખ્રીસ્તી લોક કશું ભુંડું કરતા નથી." અંફીથેઆત્રામાં એક ગોધાએ શીંગડા વડે તેને ભોંકી છે. રોમમાં પવિત્ર જેજીલીયાને માર્તીરોનો મુગટ મળ્યો છે. તેના નહાવાના ઓરડામાં તેને વરાળથી ગુંગળાવીને મારવાની હતી. પણ તેથી તે મરી ન ગઇ ત્યારે તેનું ગરદન કાપ્યું. મરી જતાં પવિત્ર જેજીલીયાએ જમણા હાથની પહેલી ત્રણ આંગળીઓ લાંબી કરીને પવિત્ર ત્રૈક્યની સાહેદી આપી છે.

ખ્રીસ્તી સીપાઇઓની પ્રખ્યાત ટુકડી, જેનું નામ ફુલ્મીનાત્રિક્સ એટલે વિજળી જેવી હતી, તેણે ચમત્કારિક રીતે એટલે પ્રાર્થના કરીને બાદશાહના સૈન્યને નાશથી બચાવ્યું હતું. તો પણ બાદશાહે ખ્રીસ્તીઓની સતાવણી મૂકી દીધી નથી.

છઠ્ઠી ખ્રીસ્તીઓની સતાવણી સેપ્તિમીયુસ સેવેરુસના રાજમાં હતી (આશરે ઇ. સ. ૨૦૨). જો કે તે બાદશાહ એક ખ્રીસ્તીને મારફતે એક રોગથી સાજો થઇ ગયો હતો, તો પણ તેણે ખ્રીસ્તીઓને સતાવ્યા. અલેક્ઝાન્દ્રીઆ ક્લેમેન્સ આ સતાવણી વિષે લખે છે કેઃ "રોજ અમારી સમક્ષ કોઇ માર્તીરોને બોલાવવામાં અને ખુસ ઉપર ચડાવવામાં આવે છે." આ બાદશાહના રાજમાં ફ્રાંસના લૈઅન્સમાં પવિત્ર ઇરેનેયુસ, કાર્તેજમાં પવિત્ર ફેલીજીતાસ અને પેરપેતુઆ બાયડીઓ અને અલેકઝાન્દ્રીયામાં ઓરીગેનેસનો પિતા પવિત્ર લેઓનીદાસ માર્યા ગયાં છે.

સાતમી ખ્રીસ્તીઓની સતાવણી મૃક્ષીમીનુસ થ્રાક્ષના રાજમાં આશરે ઈ. સ. ૨૩૬ માં હતી. કેટલાક ધર્તીકંપો થયા હતા

કે જે મૂર્તિપૂજકોએ દેવ દેવીઓને છોડી દીધાં છે તે કામને લાગુ પાડ્યા છે. બે બાપાઓ ગ્રેન્ગ્યુસ અને અંથેરસ તથા ઘણા બીજા માર્તીરિ મરણ પામ્યા છે.

આઠમી અને સપ્તમાં સપ્ત ખ્રીસ્તીઓની સતાવણી દેજીયુસ બાદશાહના રાજમાં હતી. (ઇ. સ. ૨૫૦). આખા રોમી રાજમાં બધા હાકેમોને અને અમલદારોને હુકમ આપ્યો છે કે: “ તમે ખ્રીસ્તીઓને હવને લગાડો, અને જો તેઓ એમ કરવા ના કહે તો, તેઓ બાદશાહનો હુકમ માને તે વાસ્તે તેઓને સઘળી રીતે રીબાવો. ” બાદશાહને એમ લાગ્યું કે ખ્રીસ્તી ધર્મ અને રોમીરાજ કદી મળે નહિ. શ્રીસભાને એવું દુઃખ થયું કે ખ્રીસ્તીઓ નબળા થઈ ગયા અને બહારથી એવી નીશાનીઓ તેમણે બતાવી કે અમે ખ્રીસ્તી ધર્મ છોડી દઈએ છીએ, જો કે, દિલમાં તેઓએ ખ્રીસ્તી ધર્મને માન્યો છે. બીજાએ ખ્રીસ્તી ધર્મને તદ્દન મૂકી દીધો, તેઓનું લાપ્સી એટલે પતીત થએલા એવું નામ પડયું. જેઓએ ખોટી રીતે ચીઠી મેળવી છે કે અમે હવન કર્યો છે, તેઓ લિબેલાતીજી કહેવાતા, અને જેઓએ પોતાનું નામ નોંધ્યું કે અમે કાયદાને માનીએ છીએ, તેઓ આક્તાફ્રાજીએન્તેસ એટલે ભુંડાં કામ કરનારા કહેવાતા. એ બે છેલ્લા વર્ગોએ ખ્રીસ્તીમત મૂકી દીધો છે, એવા ગુન્હાને પાત્ર તેઓ ગણાયા. ખ્રીસ્તીઓની મોટામાં મોટી સંખ્યા દ્રઢ રહી. માર્તીરિમાં પવિત્ર ફ્રાબીયાનુસ બાપા અને પવિત્ર કુંવારી આગાથા કે જેને સીજીલીયાના કાટાનીયા શહેરમાં બાળી નાંખી છે, તેને વાસ્તે આગના જોખમમાં કોઇ ખ્રીસ્તી લોક તેનું રક્ષણ માગે છે. પવિત્ર અપોલ્લોનીયા, જેના બળાત્કારે દાંતો કાઢ્યા છે, તેને વાસ્તે કોઈ ખ્રીસ્તી લોક દાંતના દુઃખમાં તેને વિનતિ કરે છે.

નવમી ખ્રીસ્તીઓની સતાવણી વાલેરીયાનુસ બાદશાહના રાજ્યમાં હતી (ઇ. સ. ૨૫૩ થી ૨૬૦). તેની પહેલી ફરમાશ પ્રમાણે (ઇ. સ. ૧૫૭) ધર્માધ્યક્ષો અને યાજકોને દેશનિકાલ કર્યા, ખ્રીસ્તીઓની સભાઓ મના કરી અને હઠેલાને કેદખાનામાં રખાવવા અને રિબાવવાનું ધિક્કાર્યું છે. બીજી ફરમાશમાં (ઇ. સ. ૧૫૮) બધા ધર્માધ્યક્ષો, યાજકો અને દીયાકોનોની ગરદન કાપવાનો હુકમ બાદશાહે આપ્યો. રોમમાં પવિત્ર સીક્ષતુસ બાપા માર્યો ગયો અને થોડા દહાડા પછી તેના દીયાકોન લૌરન્જીયુસને શ્રીસંભાનો ખજાનો સ્વાધિન કર-

વાનો હુકમ આપ્યો, ત્યારે તેણે આંગળી વડે ઉભા રહેતા ગરીબોને બતાવ્યા. તેને લોઢાનું ચોકડું કે જે તપેલું હતું તેના ઉપર મૂકયો છે. મસ્તી કરતાં થોડા વખત પછી તેણે કહ્યું કેઃ " આ બાજુ હવે શેકાયલી છે, માટે મારી બીજી બાજુ પણ શેકવાને મને ફેરવો." આફ્રિકામાં પવિત્ર જીપ્રીયાનુસ માર્યો ગયો.

દશમી ખ્રીસ્તીઓની સતાવણી દીયોકલેજીયાનુસ બાદશાહના રાજમાં હતી (ઇ. સ. ૨૮૪–૩૦૫). તે બાદશાહે શરૂઆતમાં ખ્રીસ્તીઓને રોકયા નથી, કારણ કે તે કેટલાક પ્રાંતોમાં ઉઠેલા બળવા દબાવી દેવાના કામમાં ગુંથાયો હતો. પછી તેણે ખ્રીસ્તીઓને સતાવવાનો ઇરાદો કર્યો, કેમકે તેનો હેતુ પોતાનો અધિકાર દ્રઢ કરવાનો હતો અને ખ્રીસ્તી ધર્મ રોમી રાજના કાયદાની વિરૂદ્ધ છે એમ તેણે ધાર્યું હતું. ઇ. સ. ૩૦૩ માં તેણે બધાં ખ્રીસ્તી દેવળોનો નાશ કરવાનો, પવિત્ર લેખો બાળી નાખવાનો, જે ખ્રીસ્તી લોક ઉંચા હોદ્દા ઉપર હતા તેમને કાઢી મૂકવાનો, અને જે સ્વતંત્ર હતા તેમની સ્વતંત્રતા છીનવી લેવાનો, જો તેઓ મૂર્તિઓને હવન ન કરે, તો હુકમ આપ્યો. બીજી ફરમાશમાં તેણે બધા ધર્માધ્યક્ષો અને યાજકોને કેદખાનામાં નાંખવાનો હુકમ આપ્યો. તેણે તેઓને બળાત્કારે મૂર્તિઓના હવને લગાડવાનો પ્રયત્ન કર્યો. ત્રીજી ફરમાશમાં જે કોઇ ખ્રીસ્તી મૂર્તિઓને હવન કરે તેને છૂટ આપવાનો અને એમ ન કરે તેને રિબાવવાનો હુકમ આપ્યો છે. જેણે નજરે જોયું છે તે લખે છે કેઃ " કેદખાનાં એટલા સુધી ભરેલાં હતાં કે ભુંડું કરનારાઓને વાસ્તે ત્યાં જગ્યા નહોતી. દેહાંત સજા પૂરી કરનારાની કુહાડી જડ થઇ ગઇ." માર્તીરિમાં પવિત્ર સેબાસીયાનુસ એક કમાન હતો કે જેને રોમમાં તીર વડે ભોકયો છે. તેર વરસની પવિત્ર કુમારી આગ્નેસ રોમમાં અને પવિત્ર કુમારી લુજીયા સીરાકુસમાં મરી ગઇ. ત્રણ સૈકામાં એક કરોડ એક લાખ ખ્રીસ્તીઓ માર્યા ગયા, છતાં ખ્રીસ્તી ધર્મનો નાશ નથી થયો. તેથી તે ધર્મ પરમેશ્વર પાસેથી આવ્યો છે એમ સાબિત થયું છે. હજારો લોકોએ દ્રઢ રીતે દુઃખ અને મરણ સહન કર્યું છે. જે બાકી રહ્યા, તેઓ ગુપ્ત જગાઓમાં એકઠા થવા લાગ્યા. તે જગાઓ ભોંય તળીએ હતી અને આરંભથી દાટવાના કામમાં આવતી હતી, તેઓનું નામ કાટાકોંબ છે. તે બહુ કાળ સુધી જમીનથી ઢંકાએલી હતી. આખરે જમીન નિકાળીને તેઓને જાહેર કરી. દિવાલો ઉપર

જે લેખ થયા હતા અને જે ચિત્રો પડેલાં હતાં, તે ઉપરથી અસલના ખ્રીસ્તી લોકોનો મત બરોબર માલૂમ થાય છે, કેમકે આજ સુધી તે જોવામાં આવે છે. જે આપણા જમાનાના કાથોલિક લોક માને છે તે અસલના ખ્રીસ્તી લોક માનતા હતા. અસલના ખ્રીસ્તીઓ કાથોલિક હતા. તેઓએ ચિત્ર રાખવા વિરૂદ્ધ વાંધો લીધો નથી. ઘણું કરીને યેસુખ્રીસ્તનું ચિત્ર, ખ્રીસ્તનું નામ કે રોટલીની ટોપલીની સાથે માછલીની ખ્રીસ્તની નિશાની મળે છે. યેસુખ્રીસ્તે પાંચ રોટલી અને બે માછલીઓ વડે પાંચ હજાર માણસોને જમાડયા, અને પછી કહ્યું કે હું મારૂં માંસ અને મારૂં લોહી મારા શિષ્યોને ખાવાને આપીશ (યોહાન્ન ૬) તે વાદ યાદ થઈ. તે સિવાય માછલીનો અર્થ ગ્રીક ભાષામાં ઇખથીસ છે અને તે શબ્દનો હરેક અક્ષર ગ્રીક ભાષામાં બીજા શબ્દોનો પહેલો અક્ષર બતાવે છે; એટલે: "યેસુખ્રીસ્તોસ થેઉ હીયોસ સોતેર" જેનો અર્થ યેસુખ્રીસ્ત, પરમેશ્વરનો પુત્ર, તારનાર એવો થાય છે. પવિત્ર મારિયા અને પવિત્ર યોસેફનાં ચિત્રો પણ મળે છે. અસલના ખ્રીસ્તી લોક બહુ પ્રસંગોએ ક્રુસની નિશાની કરતા હતા, એવું તર્તુલ્લીયાનુસ એક પુસ્તકમાં સાફ બતાવે છે અને જે માન ખ્રીસ્તીઓ યેસુખ્રીસ્ત ક્રુસ ઉપર ચડેલા તેના ચિત્રને દેતા હતા, તે એક ચિત્ર કે જે આજ સુધી બાકી રહ્યું છે તેનાથી સાફ જણાઇ આવે છે. એક મૂર્તિપૂજક દાસાએ એક ખ્રીસ્તી દાસાની મશ્કરી કરીને દિવાલ ઉપર એક ક્રુસ, તેના ઉપર ગધેડો ચિત્રીને કોતર્યો અને તેની નીચે ગ્રીક ભાષામાં લખ્યું કે: "અલેક્ષામેનોસ (તે ખ્રીસ્તી દાસાનું નામ હતું) પોતાના પરમેશ્વરની પૂજા કરે છે."

મૂર્તિપૂજક બાદશાહોએ ખ્રીસ્તીઓને સતાવીને રોમી રાજ દ્રઢ કરવાનો હેતુ રાખ્યો હતો તે પૂરો પડયો નથી. જંગલી લોકે રોમી રાજની સરહદ અને દૂરના પ્રાંતોની ધૂળધાણી કરી. ધર્તીકંપો, રેલો અને દુકાળોની આફ્ત રાજ ઉપર આવી. શ્રીસભાને સતાવનારા દુષ્ટોની મોટી સંખ્યા મરણ પામી. નેરોએ બળવાથી નાસી જતાં આપઘાત કર્યો. હાદ્રીયાનુસ નિરાશ થઇને ગાંડો થઇ ગયો. માર્કસ ઔરેલીયુસે પોતાના એકના એક પુત્ર કોમ્મોદુસની નિમકહરામીથી ક્રોધાયમાન થઇને કશું પણ ખાધા વગર આપઘાત કર્યો. સેપ્તિમીયુસ સેવેરુસ, જેના ઉપર તેના પુત્રે હુમલો કર્યો હતો, તે નિરાશાથી મરી ગયો. દેજીયુસ ગોથી લોકોની વિરૂદ્ધની લડાઇમાં હારીને ખાબોચીયામાં મરણ

પામ્યો. વાલેરીયાનુસને ઇરાનના રાજા શાપુરે કેદ કરીને તેની જીવતાં ચામડી ઉતારી છે. દાયોક્લેજીયાનુસે કશું ખાધા વગર આપઘાત કર્યો છે.

૫. આ કાળના પાખંડી મતો.

રોમી બાદશાહોની સતાવણી કરતાં પાખંડી મત કાઢનારાઓએ શ્રીસભાને વધારે દુઃખ દીધું છે. જેમ યેસુ ખ્રીસ્તે આગળ કહ્યું હતું કે ફાડી ખાનારા વરૂઓ ઘેટાંનાં લૂગડાં પહેરીને આવશે એમ થયું. ખ્રીસ્તીઓમાંથી પાખંડી મત કાઢનારાઓ નિકળ્યા.

એવા પાખંડી લોક **દોકેતેસ** નામના હતા. યેસુખ્રીસ્ત પરમેશ્વર છતાં તે ખરો માણુસ છે એ વાતની તેઓએ ના કહી, અને એવો મત ફેલાવ્યો કે યેસુનું શરીર ખરૂં ન હતું, પણ એકલું નજરે દેખાતું. ખ્રીસ્તે દુઃખ સહન કર્યું નથી, અને તેને ક્રુસ ઉપર ચડાવ્યો નથી પણ તેને બદલે બીજાને ચડાવ્યો છેઃ તથા તે વખતમાં પરમેશ્વર પુત્ર યેસુખ્રીસ્તથી નીકળી ગયો છે. સુવાર્ત્તા કરનાર પવિત્ર યોહાન્ને તેઓની અને કેરીંથુસ નામનો એક પાખંડી માણસ, જેણે એમ કહ્યું હતું કે યેસુખ્રીસ્ત ખરો માણુસ પણ ખરો પરમેશ્વર નથી, તેની વિરૂદ્ધ સુવાર્ત્તા અને પત્રોમાં લખ્યું છે.

એબિયોનીતેસ નામના પાખંડી લોકોએ યેસુને મશીયાહ તરીકે સ્વીકાર્યો છે; તો પણ તેઓ યેહુદીઓ રહ્યા.

નાજરએઇ યેહુદી રહ્યા કે ખ્રીસ્તી થઇ ગયા તે વિષે શક છે. આ બધા યેહુદીઓએ નવા કરાર કે નવા કરારના ભાગનો નકાર કર્યો અને ખોટી સુવાર્ત્તા રચી તથા ફેલાવી. તેમણે ઘણું કરીને જે ત્રીશ વરસો યેસુએ નાજરેતમાં ગુજાર્યા તે વિષે પેત્રુસની સુવાર્ત્તા, કથાઓ અને કલ્પિત કરેલી વાતો ફેલાવી છે.

જાણુવાજોગ વાત એ છે કે આ પાખંડી પંથો અરબસ્તાન કે જ્યાં મહમદનું વતન હતું ત્યાં ફેલાયા છે. તેને એવા પાખંડી પંથોની મુલાકાતથી ખ્રીસ્તી ધર્મ વિષે જ્ઞાન મળ્યું હતું અને તે તેણે કુરાનમાં લખ્યું છે. તે યેસુ પરમેશ્વર છે એમ માનતો નહતો અને કહેતો હતો કે યેસુને ક્રુસ ઉપર ચડાવ્યો નથી. તે સિવાય યેસુના જીવનચરિત્રની ઘણી કથાઓ અને કલ્પિત કરેલી વાતો કુરાનમાં લખી છે.

અનેક ગ્નોસ્તીકોના પંથો જેમના સ્થાપનારા બાસીલીદેસ, કાર્પોક્રાતેસ, વાલેન્તીનુસ અને માર્જીઓન ઇત્યાદિ હતા. દુનિયાની ઉત્પત્તિ, પરમેશ્વરને જગતનું ઐક્ય છે કે કેમ, અને જગત્‌ના ઉત્પન્ન કરનારા બે જૂદા કે એક જ તે પ્રશ્નો વિષે ગ્નોસ્તીકોનો મત ઘણી વાતોમાં અનેક હીંદુ મતો અને જરતુસ્તના મતની સાથે મળતો હતો અને એવા ખોટા મતો ખ્રીસ્તી મતની સાથે ભેળાયા.

માનીએઓનો પંથ ઘણી વાતોમાં ગ્નોસ્તીકોના પંથોની સાથે મળે છે. તેમણે બે ઉત્પત્તિ કરનારાઓ, અજવાળું તથા અંધકાર વગેરેની ઘણી વાતો જરતુસ્તના મતમાંથી લીધેલી છે. સૂર્યને તેઓએ ખ્રીસ્ત તરીકે ગણ્યો છે. પ્રકૃતિથી અશુદ્ધ ન થએલો ખ્રીસ્તનો અજવાળા રૂપી આત્મા મૂર્તિપૂજા અને યેહુદી ધર્મથી ભ્રષ્ટ થએલા માણસો પાસે આ મત પ્રમાણે આવ્યો છે. યેસુનું એકલું એક નજરે દેખાતું શરીર હતું અને તેણે એકલી નજરે પડેલી રીતે દુઃખ સહન કર્યું; એમ તેઓ માનતા હતા. આ પંથનો એક વખત સુધી પવિત્ર ઔગુસ્તીનુસ હતો.

બીજા સૈકામાં મોન્તાનિસ્તોનો પંથ ઉઠયો, કેટલાંક મહાન પાપો માફ થઈ શકતાં નહિ, એક બાયડી મરી જાય તો બીજી બાયડી સાથે લગ્ન ન કરવું, બહુ ઉપવાસ કરવો, બાયડીએ પોતાને શણગારવી ન જોઇએ, જગતની વિદ્યા પાળવી ન જોઇએ, પ્રાયશ્ચિત કરનારાને જીવતાં સુધી શ્રીસભામાંથી કાઢી મૂકવા જોઇએ એવાં મતો તેમણે શિખવ્યાં. એ પંથનો મુખ્ય આશરે ઈ. સ. ૨૦૦ માં તેર્તુલ્લીયાનુસ થઇ ગયો છે, જેના વિષે આગળ વ ત થઇ ગઇ છે.

પવિત્ર ત્રૈયક્યની વિરૂદ્ધ શીખવનારાઓમાં થેઓદોરૂસ નામનો એક ચામડીઓ હતો કે જેણે યેસુ ખ્રીસ્ત એકલો માણુસ છે કે જેમાં કાંઇ પરમેશ્વરની શક્તિ છે એમ શિખવ્યું. પૌલુસ સામોસાતાવાલા, અંતિયોખીયાના ધર્માધ્યક્ષનું યેસુ ખ્રીસ્ત વિષેનું એવું જ મત હતું (ઈ. સ. ૨૬૧).

પાત્રી પાસ્સીયાની (પરમેશ્વર પિતાએ દુઃખ ભોગવ્યું એમ માનનારા) એ કહ્યું કે પરમેશ્વરમાં એકલો એક શખસ છે કે જેણે બાપ, પુત્ર અને પવિત્ર આત્મા તરીકે પોતાને પ્રગટ કર્યો. એવો સાબેલ્લીયુસનો મત હતો.

૬. કેટલાક આ કાળના પ્રખ્યાત બાપાઓ.

૧. પવિત્ર જેફિરીનુસ (ઈ. સ. ૨૦૨–૨૧૮). તેણે આપ્પીયાના કહેવાતા રસ્તામાં એક કાટાકોંબ બાંધી કે જ્યાં હવેથી બાપાઓને દાટયા. આગળના બાપાઓની કબરો વાટીકાનમાં પવિત્ર પેત્રુસની કબર પાસે હતી. જેફિરીનુસે મોન્તાનિસ્તોને શ્રીસભામાંથી કાઢી મૂકયા.

૨. કલિક્ષતુસે (ઇ. સ. ૨૧૮–૨૨૩) સાબેલ્લીયુસને પાખંડી મતને વાસ્તે શ્રીસભામાંથી કાઢી મૂકયો. હિપ્પોલિતુસ નામના એક યાજક અને લેખકને તેની વિરૂદ્ધ પ્રતિબાપા તરીકે ઠરાવ્યો. હિપ્પોલિતુસનો પછી ફરીથી શ્રીસભામાં અંગિકાર કર્યો અને તે માર્તીર તરીકે મરી ગયો.

૩. પવિત્ર કોર્નેલીયુસ (ઇ. સ. ૨૫૩). તેની પતીત થએલા તરફની નરમાશને વાસ્તે નોવાજીયાનુસ યાજકે પોતાને પ્રતિ બાપા તરીકે ઠરાવ્યો અને જૂદી મંડળી સ્થાપી કે જેમાં એકલા પવિત્રોને વાસ્તે જગા થવાની હતી. નોવાજીયાની નામના પાખંડી લોકોએ જે ખ્રીસ્તીઓ તેઓના પંથમાં આવ્યા છે તેઓને ફરીથી બપ્તિસ્મા આપ્યું છે. કોર્નેલીયુસે ૬૦ ધર્માધ્યક્ષોની મંત્રીસભામાં નોવાજીયાનુસનો મત પાખંડી ઠરાવ્યો હતો.

૪. પવિત્ર સ્તેફાનુસ (ઇ. સ. ૨૫૩–૨૫૭). જે ભાગ તેણે પાખંડી લોકના બપ્તિસ્મા વિષેની તકરારમાં લીધો છે, તેથી તે પ્રખ્યાત છે. પવિત્ર જીપ્રીયાનુસની આગેવાનીથી એવો રિવાજ થઇ ગયો કે જે લોક કોઇ પાખંડી પંથમાંથી કાથોલિક શ્રીસભામાં પાછા આવે તેઓને બપ્તિસ્મા ફરીથી આપવું. એવા રિવાજ વિરૂદ્ધ પવિત્ર સ્તેફાનુસે વાંધો લઇને જે બપ્તિસ્મા પાખંડી લોકે આપ્યું હોય તો તે જો બરોબર અપાય તો ખરૂં બપ્તિસ્મા છે એવો ખુલાસો કર્યો. એણે કહ્યું કે તે આખી શ્રીસભાનો રિવાજ છે. તે બાપાનો બપ્તિસ્મા વિષેનો ચૂકાદો પહેલી નિજએઆની સામાન્ય મંત્રીસભાએ ખુશીથી મંજુર કર્યો.

૭. મોટો કોંસ્તન્તીનુસ અને તેના વંશના બાદશાહો.

આખરે **મોટા કોંસ્તન્તીનુસ** રોમી બાદશાહે ખ્રીસ્તી ધર્મ સ્વીકાર્યાથી શ્રીસભાને શાંતિ થઇ. તેણે આકાશમાં એક ચળકતું ખ્રુસ જે ઉપર "આ નિશાનીમાં તું જીતીશ" એમ લખેલું હતું, તે જોયું. ખ્રુસનો એક વાવટો તેણે બનાવ્યો. મૂર્તિપૂજક પ્રતિ રાજા મક્ષેનયુસ

વિરૂદ્ધની લડાઇમાં તેને લીધે તેને વૈભવવાળો વિજય મળ્યો, જેથી તે પહેલો ખ્રીસ્તી બાદશાહ થઇ ગયો. તેણે ખ્રીસ્તી મતની વિરૂદ્ધનો સરકારનો વાંધો કાઢી નાંખ્યો, આતુરતાથી કેથોલિક શ્રીસભાનું રક્ષણ કર્યું; બાપાઓને અને ધર્માધ્યક્ષોને માન અપાવ્યું, મોટાં સારાં મંદિરો બાંધ્યાં અને ખ્રીસ્તી મત રોમી સરકાર અને રાજનો મત છે એમ ઠરાવ્યું છે. હેલેના નામની બાદશાહની માએ પલેસ્તેન દેશમાં જઇને જે મૂર્તિઓ હાદ્રીયાનુસ બાદશાહે પવિત્ર સ્થળોમાં સ્થાપી હતી તેઓનો નાશ કરવાનો હુકમ આપ્યો, યેરૂસાલેમની પવિત્ર કબરની જગામાં અને બેથલેહેમમાં પવિત્ર કુમારી મારિયાને માન આપવા માટે, જૈતુન પહાડ ઉપર સ્વર્ગ આગમનની જગામાં દેવળો બાંધ્યાં. તેણે પવિત્ર ખ્રુસ અને બીજી પવિત્ર ચીજો રોમ લઇ જવા સાથે લીધી છે.

કોંસ્તન્તીનુસે નવા કાયદા કરીને ખ્રીસ્તી મતને આશ્રય આપ્યો છે. તેણે ખ્રુસની સજા કાઢી, અંફીથિઆત્રમાં લોહીઆળ ખેલો અને એવી દુષ્ટ રીતિઓની મના કરી છે. શ્રીસભાને વારસો લેવાનો હક આપ્યો અને ઉંચા હોદ્દા ઉપર બેસાડયા. ખ્રીસ્તી ધર્મ ખરો છે એમ માની, એકલાં રાજદ્વારી કારણોથી નહિ એવાં કામો કર્યાં. તેણે ઇ. સ. ૩૩૭ ની મેની ૨૨ મી તારીખે મરણ પામતી વેળાએ નીકમેદીયાના એવસેબીયુસ નામના ધર્માધ્યક્ષના હાથથી બપ્તિસ્મા લીધું છે.

રોમના પવિત્ર પેત્રુસ, પૌલુસ અને પવિત્ર ખ્રુસનાં દેવળો બાંધ્યાં. પવિત્ર ખ્રુસના મંદિરમાં પવિત્ર હેલેનાએ યેરૂસાલેમથી આણેલું ખ્રુસ આજ સુધી જોવામાં આવે છે.

મોટા કોંસ્તન્તીનુસના પુત્રો, બીજો કોંસ્તન્તીનુસ (ઇ. સ. ૩૪૦), કોંસ્તાંસ (ઈ. સ. ૩૫૦) અને કોંસ્તંજીયુસ હતા, જેઓમાંના છેલ્લાએ ઇ. સ. ૩૫૦ થી ૩૬૧ સુધી રાજ ચલાવ્યું હતું. તેઓએ મૂર્તિપૂજા કાઢવામાં પોતાના બાપ કરતાં વધારે આતુરતા બતાવી, ઘણી ફરમાશો જાહેર કરી કે જેથી મૂર્તિઓને હવન કરવાનું દંડવડે ધિક્કાર્યું. ઘણાં મૂર્તિઓનાં મંદિરો બંધ કર્યાં અને તેઓનો નાશ થયો એટલે તેઓની માલમતા સરકારે જપ્ત કરી લીધી છે. તેથી મૂર્તિપૂજકો ખ્રીસ્તી થવાને બદલે વધારે હઠીલા થઇ ગયા અને મૂર્તિપૂજકોનો મત સજીવન કરવા તેઓએ પ્રયત્ન કર્યો. કોંસ્તંજીયુસે મૂર્તિપૂજક વિદ્વાનોને પાઠશાળાઓમાં રહેવા દીધા, આરયાની નામના

પાખંડી લોકોને આશ્રય આપ્યો અને કાથોલિક ખ્રીસ્તીઓને સતાવી શ્રીસભાના કામકાજમાં હાથ ઘાલ્યો તે મોટા ગભરાટનું કારણ હતું. તેણે પોતાની ઈચ્છાને શ્રીસભાના કાયદા તરીકે ઠરાવવાનો પ્રયત્ન કર્યો.

યુલીયાનુસ અપોસ્તાતા એટલે પતીત થએલો કહેવાતો, મોટા કોંસ્તન્તીનુસનો ભાણેજ હતો. તેણે ઈ. સ. ૩૬૧ થી ૩૬૩ સુધી રાજ ચલાવ્યું. તે ખ્રીસ્તી થયા પછી મૂર્તિપૂજામાં પાછો આવ્યો છે. આર્યોના ધર્મમાં ઉછરેલો મૂર્તિપૂજકોના લેખો વાંચવા લાગ્યો. તેણે મૂર્તિપૂજક યાજકોની મુલાકાત લીધી. તો પણ મોટા કોંસ્તન્તીનુસ આગળ તેણે પોતાની મૂર્તીપૂજા તરફની વલણ ગુપ્ત રાખી હતી, એથી તેને ઉંચા હોદ્દા ઉપર બેસાડયો. બાદશાહ થઈ ગયા પછી તેણે બુરખો કાઢયો, જાહેરમાં મૂર્તિપૂજા સ્વીકારી. મૂર્તિપૂજકોનાં મંદિરો ફરીથી બાંધીને મૂર્તિઓને હવન કરાંવ્યા, ખ્રીસ્તીઓ કે જેઓને તેણે ગલીલીઅનો એવું નામ આપ્યું હતું, તેઓને ઉંચા હોદ્દા ઉપરથી કાઢી મૂકયા, પાઠશાળાઓમાં કેળવણી મેળવવાની ના કહી, અને મશ્કરી કરતાં તે બોલ્યો કેઃ "સુથારના દિકરાએ ગરીબાઈના વખાણ કર્યાં છે." ખ્રીસ્તીઓમાં કુસંપ વધારવાને તેણે દેશનિકાલ કરેલા ધર્માધ્યક્ષોને પાછા બોલાવ્યા. ખ્રીસ્તી ધર્મનું નિરાકરણ કરવાને તેણે એક પુસ્તક રચ્યું છે જેમાં તેણે ખ્રીસ્તી ધર્મની મશ્કરી કરી છે. "યેરૂસાલેમના મંદિરનો એક પત્થર બીજા ઉપર રહેશે નહિ" એવું યેસુ ખ્રીસ્તે આગળ કહ્યું હતું, તે વાતની મશ્કરી કરવાને યેરૂસાલેમનું મંદિર ફરીથી બાંધવાનો હુકમ કર્યો. પણ જમીનમાંથી આગે આવીને દહાડે જેટલું બાંધ્યું હતું તેનો રાત્રે નાશ કર્યો હતો. તે વાતની યાદ અમ્મીયાનુસ મર્જેલીનુસ નામનો એક મૂર્તિપૂજક તવારીખ લખનાર આપે છે.

મૂર્તિપૂજાને સજીવન કરવા માટે યુલીયાનુસે ખ્રીસ્તી રીતિઓ પ્રમાણે મૂર્તિપૂજક યાજકોને બાપા, ધર્માધ્યક્ષો અને સાધારણ યાજકો તરીકે બનાવ્યા, ધર્મમાંથી કોઈને કાઢી મૂકયા, ખ્રીસ્તીલોક માફક ગરીબોને સખાવત કરી, મૂર્તિઓને ફરીથી જાહેર જગાઓમાં બેસાડી અને ખ્રીસ્તીઓને હરેક રીતે મૂર્તિપૂજામાં પાછા ખેંચવા તેણે પ્રયત્ન કર્યો. થોડાએ તેની ઇચ્છા પૂરી કરી, તો પણ મૂર્તિપૂજા બરોબર ચાલી નહિ. તેથી તે બહુ ગુસ્સે થયો, અને જો તેનું મોત ન આવત તો દીયોકલેજીયાનુસની દુષ્ટતા પ્રમાણે તેણે ખ્રીસ્તીઓને સતાવ્યા હોત.

પણ ઇ. સ. ૩૬૩ માં વીશ મહીના સુધી રાજ ચલાવીને ઇરાનીઓ સાથેની લડાઇમાં તે પડયો. એમ લખે છે કે મરી જતાં આકાશ તરફ લોહી ફેંકીને તેણે પોકાર્યું કેઃ "હે ગેલીલીઅન ! તેં ફતેહ કરી." "તે એક નાનું વાદળું છે કે જે જલ્દીથી ચાલ્યું ગયું છે." એમ અથાનાસીયુસ લખે છે.

યુલીયાનુસ પાછળ આવનાર બાદશાહો યોવીનીયાનુસ, વાલેન્તીનીયાનુસ તથા વાલેન્સ ખ્રીસ્તી હતા. તેમણે મૂર્તિપૂજાનાં યંત્ર, મંત્ર અને બળિદાનો વિરૂદ્ધ કાંઇ કર્યું હતું ખરૂં. શહેરોમાંથી મૂર્તિપૂજા નીકળી જવા લાગી અને જંગલી જગાઓમાં બેસી રહી. તેથી લાટીન ભાષામાં પાગાનીસ્મુસ એટલે જંગલનું કામ એવું તેનું નામ પડયું. ગ્રાજીયાનુસ બાદશાહે (૩૮૩) મુખ્ય યાજકનાં લૂગડાં અને નામ કે જે રોમી બાદશાહોએ લીધાં હતાં તે ઉતાર્યા અને વેસ્તાલેસ નામની કુમારીઓને સરકારના ખર્ચે પોષણ અને ખોરાકના જે હકો હતા, તે તેઓની પાસેથી લીધા છે. મોટા થેઓદોસીયુસે (૩૯૫) મૂર્તિપૂજા વિરૂદ્ધ વધારે સખ્ત કાયદા સ્થાપ્યા, મૂર્તિપૂજકોનાં મંદિરો જે બાકી રહ્યાં તેઓનો નાશ કર્યો અને તેથી મૂર્તિપૂજા મરી જવા લાગી, જો કે તેના કેટલાક યત્નો રહ્યા. જંગલી લોકોએ રોમી રાજમાં પેસીને તેનો અને મૂર્તિપૂજાનો નાશ કર્યો છે.

૮. ચોથા અને પાંચમા સૈકાના મોટા પાખંડી મતો.

કાથોલિક શ્રીસભાને શાંતિ મળી અને તેનો મત સરકારનો મત થઇ ગયો. પણ બહારના શત્રુઓને બદલે અંદરના શત્રુઓએ માથું ઉંચું કીધું, એટલે પાખંડી મત સ્થાપનારાઓ ઉઠયા. તેમની વિરૂદ્ધ શ્રીસભાએ મંત્રી સભાઓ બોલાવી અને કાથોલિક મતનો ખુલાસો કર્યો. એવા પાખંડી મતો જે પાછળ લખેલા છે તે હતા.

૧. દોનાતીસ્તોનો મત. દોનાતુસ નામના એક કાર્તેજવાળાએ સ્થાપેલો. તે મતવાળાએ સાક્રામન્તોની અસર તેઓના આપનારાઓ ઉપર આધાર રાખે છે, એમ કહ્યું. તેઓ ઘણું કરીને આફ્રિકામાં ફેલાયા. ફ્રાંસના અર્લસમાં ધર્માધ્યક્ષની એક સભામાં (ઈ. સ. ૩૧૪) તે મત ખોટો છે એવો ચૂકાદો થયો.

૨. આરીયાનોનો મત એલેક્ઝાન્દ્રીયાના પતીત થએલા આરીયુસ નામના એક યાજકે સ્થાપેલો (ઇ. સ. ૩૨૦). તેણે પરમેશ્વર

પુત્ર, પવિત્ર ત્ર્યૈક્યનો બીજો જણ, પરમેશ્વર છે તેની ના કહી. પરમેશ્વર પુત્ર બાપથી ઉતરતો છે એમ કહ્યું. તે મતનું રક્ષણ કેટલાક રોમી બાદશાહોએ કર્યું, તેથી તે બહુ ફેલાયો તથા સાતમા સૈકા સુધી ટક્યો. કાથોલિક મતનો મુખ્ય બચાવનાર, અલેકઝાન્દ્રીયાનો ધર્માધ્યક્ષ પવિત્ર આથાનાસીયુસ હતો.

૩. માજેડોનીયોનો મત. કોંસ્તંતીનોપલના ધર્માધ્યક્ષ માજેડોનીયસે પવિત્ર આત્મા, પવિત્ર ત્ર્યૈક્યનો ત્રીજો જણ પિતા અને પુત્ર જેવો પરમેશ્વર છે, તે વાતની ના કહી.

૪. પેલાગીયાનોનો મત. બ્રીતેનના એક મઠવાસી પેલાગીયુસે મૂળ પાપ, અને પરમેશ્વરની કૃપાની જરૂર છે, તેની ના કહી (આશરે ઈ. સ. ૪૦૦). તેણે એમ કહ્યું કેઃ "માણસ પોતાની શક્તિથી સ્વર્ગ મેળવે." તે મત વિરૂદ્ધ પવિત્ર ઔગુસ્તીનુસે લખ્યું છે, અને તે મત ખોટો છે એવો ચૂકાદો બાપા પહેલા ઇન્નોજેન્ત્યુસે આપ્યો છે. તે બાપાનો ચૂકાદો જાહેર થયા પછી પવિત્ર ઔગુસ્તીનુસે જો ટુંકામાં બોલીએ તો એમ લખ્યું છે કેઃ "રોમ બોલ્યું છે તેને વાસ્તે તકરાર ખલાસ."

૫. નેસ્તોરીયાનોનો મત. કોંસ્તંતીનોપલના પાત્રીયાર્ખાએ આશરે ઇ. સ. ૪૨૭ માં એવો મત જાહેર કર્યો કે યેસુખ્રીસ્તમાં બે જણો, પરમેશ્વરનો અને માણસનો જણ છે. માટે પવિત્ર મારિયા પરમેશ્વરની મા ના કહેવાય, કેમકે તેણીએ એકલો માણસ કે જેમાં પરમેશ્વર જાણે એક મંદિરમાં રહે છે, તેને જન્મ આપ્યો. તે મત મેસોપોતામીયા કે ખાલ્દેઆમાં બહુ ફેલાયો, અને આજ સુધી ત્યાં એવા મતના લોકો રહે છે.

૬. મોનોફિસીતો (એક કુદરતના મતવાળા). કોંસ્તંતીનોપલ પાસેના મઠવાસના મુખ્ય એવતીખેસ નામનાએ નેસ્તોરીયુસની વિરૂદ્ધની તકરારમાં કાથોલિક શ્રીસભાના મતનો બચાવ કરતાં સત્ય હદ બહાર જઇને એમ કહ્યું છે કેઃ "જેમ યેસુખ્રીસ્તમાં એકલો જણ એટલે પરમેશ્વરનો જણ છે, તેમ તેમાં એકલી એક કુદરત એટલે પરમેશ્વરની કુદરત છે. જેવી રીતે સમુદ્રમાં એક પાણીનું ટીપું નાબુદ થાય છે, તેવી રીતે યેસુખ્રીસ્તમાં માણસની કુદરત તેના પરમેશ્વરપણામાં નાબુદ થઇ ગઈ છે."

એ પાખંડી મતો વિરૂદ્ધ શ્રીસભાએ જે ખરો મત છે તે સામાન્ય મંત્રીસભાઓમાં પ્રગટ કર્યો. તે સિવાય મોટા શ્રીસભાના શાસ્ત્રીઓ કે પિતાઓએ કાથોલિક મતનો બરાબર બચાવ અને ખુલાસો કર્યો છે. તેને વાસ્તે હવે પહેલાં શ્રીસભાની મંત્રીસભાઓ અને પછી આ વખતના મોટા શ્રીસભાના શાસ્ત્રીઓ કે પિતાઓ વિષેની વાત લખવામાં આવશે.

૯. આ વખતની ચાર સામાન્ય શ્રીસભાની મંત્રીસભાઓ.

પહેલી સામાન્ય શ્રીસભાની મંત્રીસભા એશીયા મૈનરના નીજેઆમાં કોંસ્તંતીનોપલ સામે મળી છે (ઇ. સ. ૩૨૫). મોટા કોંસ્તંતીનુસ બાદશાહે તે બોલાવી. બાપાના એલચીઓ એટલે ધર્માધ્યક્ષ હોસીયુસ અને વીતુસ તથા વીન્જેજીયુસ નામના બે રોમી યાજકોએ પ્રમુખસ્થાન લીધું છે. કોંસ્તંતીનુસ બાદશાહ પણ નીજેઆમાં હાજર હતો. ૩૧૮ ધર્માધ્યક્ષો, જેઓમાંના કેટલાકે આગળ મર્ટિરોનાં દુઃખ સહન કર્યાં હતાં અને જેઓના હાથ કાપ્યા હતા, તેઓએ હાજરી આપી. આરીયાનોનો મત તપાસી લીધો અને તે ખોટો છે એવો ચૂકાદો આપ્યો, અને યેસુખ્રીસ્ત વિષે એવો ખુલાસો જાહેર કર્યો કે બધા સૈકા અગાઉ પરમેશ્વર પુત્ર બાપથી જન્મેલો, તે ખરા પરમેશ્વરનો પરમેશ્વર, અજવાળાનું અજવાળું, બાપની સાથે એકજ સ્વભાવનો છે, જે વાતો રવિવારના ક્રેદોમાં મિસ કરતાં યાજક બોલે છે.

બીજી સામાન્ય શ્રીસભાની મંત્રીસભા જે કોંસ્તંતીનોપલમાં ઇ. સ. ૩૮૧ માં મળી હતી, તેમાં બાપાના કોઇ એલચીએ પ્રમુખસ્થાન ન લીધું, પણ તે સભાના કાથોલિક મત વિષેના ચૂકાદા ડમસુસ બાપાએ કબૂલ કર્યા. નીજેઆવાળા શ્રદ્ધાના જાહેર મતમાં તે વાક્યનો વધારો થયો કે "પવિત્ર આત્મા, પ્રભુ તથા જીવન આપનાર કે જે બાપથી નીકળે છે અને જેને બાપ તથા પુત્રની પૂજા તથા વૈભવ સાથે થાય છે (તે ઉપર હું શ્રદ્ધા રાખું છું)." "ફિલીયોક્વે" એટલે "અને પુત્રથી" એ શબ્દોનો સ્પેનના તોલેડોવાળી મંત્રીસભાએ વધારો કર્યો, જેને વાસ્તે કોંસ્તંતીનોપલના ફોતીયુસ નામના પાત્રિયાર્ખે લાટીનવાળાઓની નિંદા કરી છે.

ત્રીજી સામાન્ય શ્રીસભાની મંત્રીસભા ઇ. સ. ૪૩૧ માં એફેસુસ શહેરમાં મળી છે. જો કે તે સભા બીજા થેઓડોસીયુસ

બાદશાહે એકઠી કરેલી હતી, તોપણ બાપાએ કબૂલત આપીને એલચીઓને મોકલ્યા, જેઓએ અલેકઝન્દ્રીયાના ધર્માધ્યક્ષ પવિત્ર ઝીરીલ્લુસની સાથે પ્રમુખપદ લીધું છે. ઘણું કરીને ઝીરીલ્લુસે કાથોલિક મતનો બચાવ કર્યો. નેસ્તોરીયુસે ખોટો મત પાછો નથી ખેંચ્યો, તેને વાસ્તે તેને શ્રીસભામાંથી કાઢી નાખ્યો, અને ખરો મત જાહેર કર્યો, એટલે કે યેસુ ખ્રીસ્તમાં એક જણ એટલે પરમેશ્વરનો જણ છે અને તેને વાસ્તે પવિત્ર કુમારી મારિયા પરમેશ્વરની મા કહેવાય. મંત્રીસભા પવિત્ર મારિયાને અર્પણ કરેલા મંદિરમાં એકઠી થઇ હતી અને લોકો મંદિરની બહાર મંત્રીસભાના ચૂકાદાની રાહ જોતા હતા. જ્યારે તેઓએ સાંભળ્યું કે પવિત્ર મારિયા પરમેશ્વરની મા કહેવાય તેમાં કાંઇ વાંધો નથી ત્યારે તેઓ બહુ હરખાયા અને એક મોટો બત્તીઓનો વરઘોડો કર્યો.

ચોથી સામાન્ય શ્રીસભાની મંત્રીસભા ખાલ્સેડોનમાં ઇ. સ. ૪૫૧ માં મળી છે. માર્સીયાનુસ બાદશાહ, જે પવિત્ર પુલ્ખેરીયાનો વર હતો, તેણે તે સભા એકઠી કરી, કે જે વાતની કબૂલત પવિત્ર પહેલા લેઓ બાપાએ કરી હતી. બાપાના ત્રણ એલચીઓએ પ્રમુખસ્થાન લીધું છે. જે ૬૦૦ ધર્માધ્યક્ષોએ એક અનુમતે બાપાનો કાગળ કબૂલ રાખ્યો, કે જેમાં ખરા મતનો ખુલાસો હતો, તેઓએ પોકાર્યું કે: "એ પિતાઓની અને પ્રેરિતોની શ્રદ્ધા છે, તે આપણી શ્રદ્ધા, આપણામાંના હરેકની શ્રદ્ધા છે. પેત્રુસ લેઓના મોંની મારફતે બોલ્યો છે." એવતીખેસ અને તેના અનુયાયીઓને શ્રીસભામાંથી કાઢી મૂક્યા. શ્રદ્ધાનો જાહેર મત સ્થાપ્યો, જેમાં એવા શબ્દો મળે છે કે: "યેસુખ્રીસ્તમાં બે સ્વભાવો છે, પરમેશ્વરનો અને માણસનો સ્વભાવ ભળાયા વિના, વટલાયા વિના, કાઢી નાંખ્યા વિના અને વિભાગ થયા વિના સ્વભાવોનો ફેરફાર સંયોગથી નીકળી ગયો નથી. પણ સ્વભાવ કુદરતનો રહે છે, અને બન્ને કુદરતો એક જણમાં અને એક હીપોસ્તાસીસમાં મળે છે."

૧૦. ચોથા અને પાંચમા સૈકાના શ્રીસભાના પિતાઓ.

એવા મોટા પવિત્રો અને વિદ્વાના માણસો શ્રીસભાના પિતાઓ કહેવાય કે જેમને પરમેશ્વરે પહેલા સૈકામાં શ્રીસભાની શ્રદ્ધાને પોષણ આપવા માટે મોકલ્યા છે. તેઓનાં લખતો બધા સૈકામાં કાથોલિક

મતનાં મૂળ ગણાય છે. તેઓ બે જાતના છે, એટલે લાટીન અને ગ્રીક પિતાઓ.

લાટીન પિતાઓ એ છે

૧. **પવિત્ર અંબ્રોસીયુસ ઈ. સ. ૩૪૪–૩૯૭.** તે ત્રીવસ કે જ્યાં તેનો બાપ ગાલીઓના દેશનો હાકેમ હતો ત્યાં જન્મેલો. રોમમાં કેળવણી લીધા પછી અંબ્રોસીયુસ લીગુરીયાનો હાકેમ થઇ ગયો. કાતેખુમેનુસ છતાં તેને મીલાનનો ધર્માધ્યક્ષ બનાવ્યો; "અંબ્રોસીયુસ ધર્માધ્યક્ષ થઇ ગયો" એમ બાળાઓએ પોતાની માઓના હાથમાં ધર્માધ્યક્ષોની ચુંટણી વેળા પોકાર્યું. આર્યાનોના ધર્મની વિરૂદ્ધ ભાષણો કરવામાં તે ફતેહમંદ થયો. માક્ષિમુસ બાદશાહને ગ્રાજીયાનુસ બાદશાહના ખૂનને વાસ્તે પ્રાયશ્ચિત કરવું પડયું હતું, તે જ રીતે મીલાનમાં અંબ્રોસીયુસે થેઓડોસીયુસ બાદશાહને થેસ્સાલોનીકામાં કરેલા ખૂનને વાસ્તે પ્રાયશ્ચિત કરાવ્યું. ઈ. સ. ૩૯૦. જ્યારે પાદશાહ, દાઉદને પણ પાપની માફી મળી, એમ બોલી મંદિરમાં જવાનો હતો, ત્યારે અંબ્રોસીયુસે જવાબ આપ્યો કેઃ "જો તેં દાઉદના જેવું પાપ કર્યું છે, તો દાઉદના જેવું પ્રાયશ્ચિત કર." અંબ્રોસીયુસે જે ગીતો અને કવિતા રચ્યાં છે, તેથી તે પ્રખ્યાત થઇ ગયો છે. "તેદેઉમ લૌદામુસ" કહેવાતું લાટીન ગીત તેને લાગુ પડે છે. પવિત્ર ઔગુસ્તીનુસને ફેરવવામાં તેણે મોટો ભાગ લીધો છે.

૨. **પવિત્ર હયેરોનીમુસ ઇ. સ. ૩૩૧–૪૨૪** તે ડાલમાજીયાના સ્ત્રિડોનિયામાં જન્મ્યો હતો. પહેલા તેણે રોમના મૂર્તિપૂજકોની વિદ્વત્તાનો અભ્યાસ કર્યો. બપ્તિસ્મા લીધા પછી તે ડામાસુસ બાપાનો દફતરી થઇ ગયો. પછી તેણે બેથલેહેમ પાસેની એક ગુફામાં વાસ કર્યો, જ્યાંથી રોમી બાયડીઓના એક મઠવાસીને કાનુનો આપ્યા અને બૈબલનું લાટીન ભાષામાં ભાષાંતર કર્યુંઃ તેનો અધિકાર સર્વ ઠેકાણે ચાલ્યો, વાસ્તે તેનું નામ "વુલ્ગાતા" એટલે ફેલાવેલું પડયું. પવિત્ર હયેરોનીમુસનો સ્વભાવ જબરો હતો અને તેણે નિર્ભય રીતે શત્રુઓની વિરૂદ્ધ લખ્યું છે.

૩. **પવિત્ર ઔગુસ્તીનુસ** મોટામાં મોટો શ્રીસભાનો પિતા ઇ. સ. ૩૫૪–૪૩૦. તે જુવાન થયો ત્યારે તેની માએ તેને બરાબર ચેતવણી આપી હતી, પણ તે સદ્ગુણના માર્ગને ભૂલી ગયો અને

માનીખેઓના પંથમાં ભળ્યો. માની પ્રાર્થના અને પવિત્ર અંબ્રો-સીયુસના ઉપદેશથી તે ફર્યો અને તેણે વક્તાનો ધંધો મૂકી દીધો. તે શ્રીસભાના એક મોટા અજવાળારૂપ થઇ ગયો છે. પોતાનું ચરિત્ર તેણે "સ્વીકારો" નામના એક પુસ્તકમાં જાહેર કર્યું. તેની મા મોનિકા રોમ પાસેના ઓસ્તીયા બંદરમાં મરી ગઈ ત્યારે તેને વાસ્તે ઔગુસ્તુનીસે મિસનું બળિદાન અર્પણ કર્યું: પછી તેણે ઉત્તર આફ્રિકાના હિપ્પો શહેરમાં ધર્માધ્યક્ષ થઇને ઘણાં સારાં પુસ્તકો લખ્યાં છે, કે જ્યાં તેણે ડોનાતીસ્તો, માનીખેઓ, આર્યાનો અને પેલાગીયાનો વિરૂદ્ધ લડાઇ કરીને કાથોલિક મતનો બરાબર ખુલાસો કર્યો. બધા સૈકાનો મોટામાં મોટો ધાર્મિક વિદ્વાન તે છે. તેનાં પુસ્તકો આખા બૈબલથી પંદરગણા છે.

ગ્રીક બાપો એવા છે

૧. પવિત્ર આથાનાસીયુસ અલેકઝન્દ્રીયાનો ધર્માધ્યક્ષ, ઇ. સ. ૨૯૬–૩૭૩. તેણે આખું જીવન આર્યાનોના પંથ વિરૂદ્ધની લડાઇમાં ગાળ્યું હતું. એક કરતાં વધારે વખત આર્યાનોએ મોટા ગુન્હાનું તહોમત તેના ઉપર મૂક્યું હતું. જો કે તેની નિર્દોષતા ચળકતી રીતે જાહેર થઇ, તોપણ આર્યાનો બાદશાહોએ પાંચ વખત તેને દેશનિકાલ કર્યો. એક વખત એક વહાણમાં ન્હાસી જતાં જ્યારે પાછળ આવનાર શત્રુઓના વહાણના અધિપતિએ પૂછ્યું કે: "આથાનાસીયુસ ક્યાં છે?" ત્યારે તેણે એવો જવાબ આપ્યો કે "આથાંનાસીયુસ અહીંથી દૂર નથી." જે વખતે આથાનાસીયુસ મરી ગયો તે વખતે આર્યાનો પંથ પણ મરી જવા જેવોજ હતો.

૨. પવિત્ર મોટો બાસીલીયુસ, જેસારેઆનો ધર્માધ્યક્ષ ઇ. સ. ૩૩૦–૩૭૪. જેસારેઆના, કોંસ્તાંતીનોપલ અને આથેનેની પાઠશાળાઓમાં તેણે અભ્યાસ કર્યો. બપ્તિસ્મા લીધા પછી તે સીરીયા, પલેસ્તૈન અને ઇજીપ્તના મઠવાસો જોવા ગયો. પછી જગતથી દૂર થઇને પોતાના મિત્ર નાજીઆન્સના ગ્રેગોરીયુસની સાથે શાસ્ત્ર અને તપશ્ચર્યાનો અભ્યાસ તેણે કર્યો. તેણે જેસારેઆનો ધર્માધ્યક્ષ થઇને તપસ્વીઓની રીતિને ઉત્તેજન આપ્યું. આર્યાનોના મતથી શ્રીસભાનો બચાવ કર્યો અને ખપમાં આવે એવાં પુસ્તકો રચ્યાં. મઠવાસીઓ વાસ્તે એક કાનુન લખ્યો કે જે પ્રમાણે આજસુધી પૂર્વના મઠવાસીઓ વર્તે છે.

૩. નાજીઆન્સસનો પવિત્ર ગ્રેગોરીયુસ, પવિત્ર બાસીલીયુસનો જીવજાન મિત્ર ઇ. સ. ૩૩૦–૩૯૦. તેની મા નાન્નાએ તેને ખ્રીસ્તી ધર્મ શીખવ્યો, પછી તેણે પવિત્ર બાસીલીયુસની સાથે જૂદી પાઠશાળાઓમાં વિદ્વત્તાનો અભ્યાસ કર્યો. બપ્તિસ્મા લીધા પછી પવિત્ર બાસીલીયુસના મઠવાસમાં તે રહ્યો, જ્યાંથી પોતાના બાપને મદદ કરવા માટે તેને બોલાવ્યો. બપ્તિસ્મા લીધા પછી તે નાજીઆંસનો ધર્માધ્યક્ષ થઇ ગયો હતો, પવિત્ર બાસીલીયુસે ગ્રેગોરીયુસને સઇસ્સમાના ધર્માધ્યક્ષ તરીકે પસંદ કર્યો, તોપણ ગ્રેગોરીયુસે તે જગા મૂકી દીધી અને તે બાપનો મદદનિશ ધર્માધ્યક્ષ થયો. કોંસ્તાંતીનોપલનો પાત્રીઆર્ખ થવાથી તેની સામે એટલા શત્રુઓ થયા કે તેણે તે જગા મૂકી દીધી અને બાકી રહેલું જીવન પોતાના વતનમાં ગાળ્યું. તેણે પરમેશ્વર વિષેનાં બહુ સારાં ગદ્યપદ્યાત્મક પુસ્તકો રચ્યાં છે. તેની ધર્મના જ્ઞાન વિષેની એટલી બધી કીર્તિ હતી કે રૂફીનુસ નામનો એક લેખક તે વાતમાં લખે છે કે; “જેનો મત પવિત્ર ગ્રેગોરીયુસની સાથે મળ્યો નથી, તેનો મત બરાબર નથી.”

૪ પવિત્ર યોહાન્ન ખ્રીસોસ્તોમુસ ઈ. સ. ૩૪૪–૪૦૭. તે અન્તીયોખીયામાં જન્મેલો છે. તે મૂર્તિપૂજક લીબાનીયુસ પાસે વક્તૃત્વનો અભ્યાસ કરીને યાજક તરીકે વક્તૃત્વથી પ્રખ્યાત થયો. કોંસ્તાંતીનોપલના પાત્રિઆર્ખ થઇને, લોકોને, તેમજ જેઓ બાદશાહના કુટુંબના હતા, તેઓને પણ ખરાબ ચાલને વાસ્તે ઠપકો આપ્યો, તેથી એવડોક્ષીયા મહારાણીનો તેના ઉપર દ્વેષ થયો. તેણીએ તેનો નાશ કરવાની વાટ જોઇ. ઓરીગેનેસની તકરારમાં એ લાગ ફાવ્યો. પાખંડી ધર્માધ્યક્ષોએ તેને એક સભામાં હોદ્દા ઉપરથી કાઢયો, જે પછી બાદશાહે તેને દેશનિકાલ કર્યો. આકાશના ભયંકર દેખાવો અને પ્રજાના હુલ્લડોથી ડરીને બાદશાહે તેને પાછો બોલાવ્યો, પણ બીજા વરસમાં ફરીથી એક સભાએ તેને હોદ્દા ઉપરથી કાઢયો, અને મહારાણીના કાલાવાલાથી પોન્તુસ પ્રાંતમાં તેને દેશનિકાલ કર્યો, જ્યાં તે ઈ. સ. ૪૦૭ માં ગુજરી ગયો. તે પ્રાચીન કાળનો મોટામાં મોટા ખ્રીસ્તી વક્તા હતો, તેથી તેનું ખ્રીસોસ્તોમુસ એટલે “સોનાનું મોહ” એવું નામ પડયું.

૧૧. ખ્રીસ્તી તપશ્ચર્યા.

આરંભથી શ્રીસભામાં સુવાર્ત્તાના બુદ્ધિવાદો પાળ્યા છે. તો

પણ ત્રીજા સૈકાથી ખ્રીસ્તી સભા ખીલતી ગઇ, એટલે જગતનો ત્યાગ કરીને બહુ લોકો એકાંતવાસ કે મઠવાસમાં ખ્રીસ્તી સંપૂર્ણતા મેળવવા પ્રયત્ન કરવા લાગ્યા. ઘણું કરીને દેજીયુસની સતાવણીમાં લોકોએ એકાંતવાસમાં જઇને ત્યાં જીવન કાઢયું. ઇજીપ્તના થેએવાળો પવિત્ર પૌલુસ તેનો એક દાખલો છે. ૧૧૫ વરસની ઉમરે તે મરી ગયો.

જાુદા જાુદા એકાંતવાસીઓની એક મંડળી થવા લાગી. એટલે એકાંત ઝુંપડામાં જીવન ગાળીને એક ધર્માધિકારીની આજ્ઞામાં રહ્યા, જેનું અબ્બાસ એટલે ધર્માધિકારી એવું નામ પડયું. એવો એક અબ્બાસ ઇજીપ્તનો પવિત્ર અન્તોનીયુસ હતો જેનો તહેવાર જાન્યુઆરીની ૧૭ મી તારીખે છે. એક વખત તેણે યેસુખ્રીસ્તના ધર્મબોધના "તું પૂરો થવા ચાહે છે, તો જઇને જે કાંઇ તારૂં છે તે વેચી નાંખ અને ગરીબોને આપી દઇને આવીને મારી પાછળ ચાલ એટલે આકાશમાં તને દ્રવ્ય મળશે" (માત્થ. ૧૯, ૨૧.) એવા શબ્દો સાંભળ્યા અને એ પ્રમાણે કર્યું. તેની પાછળ આવનાર પાખોમીયુસના અમલમાં જાુદાં ઝુંપડાં મઠવાસ થયાં. પવિત્ર હીલારીઓને એવા મઠવાસો પાલેસ્તૈનમાં અને પવિત્ર બાસીલીયુસે એશીયા મૈનરમાં સ્થાપ્યા. પવિત્ર અંબ્રોસીયુસ, ઔગુસ્તીનુસ, ફ્રાંસના તુરના માર્તીનુસ અને બીજા પવિત્ર ધર્માધ્યક્ષોએ તપશ્ચર્યાને ઉત્તેજન આપ્યું. પ્રાચીન મઠવાસીઓએ પ્રાર્થના, મનન, શ્રમ અને ચૂપકીદી પૂર્વક જીવન ગાળ્યું.

પવિત્ર બેનેદિક્તુસ (૫૪૩) મોટી બેનેદિક્તોની મંડળીનો સ્થાપનાર થયો. તેણે એક પ્રખ્યાત કાનુન લખ્યો કે જેમાં પ્રાર્થના, મનન, અભ્યાસ, શ્રમ ચૂપકીદી અને તપશ્ચર્યા સારી રીતે અનુક્રમ પ્રમાણે આવ્યાં છે.

થોડા વખતમાં પશ્ચિમ અને પૂર્વમાં મઠવાસોની મોટી સંખ્યા સ્થાપી, કે જે પવિત્રતા અને વિદ્વત્તાનાં ધરો થઇ ગયાં.

કાથોલિક શ્રીસભા પવિત્ર છે એ તેના સ્થાપનાર યેસુ ખ્રીસ્તે આપેલી નિશાની બહુ મઠવાસો અને જગતમાં રહેલાઓનાં પવિત્ર જીવન ઉપરથી માલૂમ થઇ. તેઓ પવિત્ર યેસુખ્રિસ્તના નમુના પ્રમાણે વર્તતા હતા અને પરમેશ્વરે તેઓની પવિત્રતા રજુ કરવા તેઓને ચમત્કારો કરવાનો અધિકાર આપ્યો.

૧૨. જંગલી પ્રજાનો પ્રવેશ.

પશ્ચિમના યુરોપમાં ચોથા સૈકા સુધી ઉત્તર અને પૂર્વમાંથી જંગલી પ્રજાએ પ્રવેશ કર્યો કે જેઓ ખ્રીસ્તીપણાનો અને પ્રાચીન કેળવણીનો નાશ કરશે એમ લાગ્યું.

તાતાર, ચૈનીઝ અને જાપાનીઝ લોકોના જેવા મોંગલ કે મુગલ વંશના હુનીઓએ એશીયા ખંડમાંથી આવીને ચોથા સૈકામાં પશ્ચિમના યુરોપમાં પ્રવેશ કર્યો. તેઓના રાજા આટીલાએ પોતાનું "પરમેશ્વરના ફટકા" એવું નામ પાડીને જર્મની અને ફ્રાંસ દેશનો નાશ આગ અને તલવારથી કર્યો. અટાલોનાં ખેતરોમાં કતલ રૂપી લડાઇમાં (આશરે ઇ. સ. ૪૫૧ ફ્રાંસના શાલોણુ સીર મારન પાસે) હારીને આટીલાએ ઇટાલી તરફ જઇને રોમને ધીકાર્યું. પણ પવિત્ર બાપા પહેલા લેઓએ વરઘોડા સાથે તેને મળવા પો નદી તરફ જઇને તેને એટલી બીક લગાડી કે તે ઇટાલી છોડી દઇને હંગરી તરફ ગયો. કોલોનમાં હુનીઓએ કુમારીઓની એક સંખ્યાને ખ્રીસ્તી સત્ય અને સદ્ગુણના માર્ગથી ખસેડવાનો પ્રયત્ન કર્યો. કુમારીઓ જેમની આગેવાન પવિત્ર ઉર્સુલા હતી, તે સ્થિર રહીને માર્તીરોનો અને કુમારીઓનો મુગટ પામી છે. તેઓના માનને વાસ્તે કોલોનમાં એક દેવળ બાંધ્યું, જેના ભોંયરામાં તેઓનાં હાડકાં આજસુધી જોવામાં આવે છે.

ઉત્તર (સ્કંદીનાવીઆ) તરફથી ગોથીઓ, જેઓના પૂર્વ અને પશ્ચિમના ગોથીઓ એવા બે ભાગ હતા, તેઓ ડેન્યુબ નદી તરફ ચાલ્યા ગયા હતા. નીજેઆની મંત્રીસભા, જેમાં એક ગોથી ધર્માધ્યક્ષ હાજર હતો, તે વખતમાં તેઓમાં કોઇ ખ્રીસ્તીઓ હતા. ગોથીઓને આર્યાનોના પાખંડી મતનો રોગ વેલો લાગ્યો. વુલ્ફિલાસ નામના એક ગોથી ધર્માધ્યક્ષ, જેણે બૈબલનું ગોથી ભાષામાં ભાષાન્તર કર્યું હતું, તેણે તેઓને પાખંડી મતમાં જવા ફોસલાવ્યા. જેઓ કાથોલિક ધર્મમાં સ્થિર રહ્યા કે ત્યાં ફર્યા તેઓની સંખ્યા નાની હતી. અર્કાડીયુસ બાદશાહના રાજમાં પશ્ચિમના ગોથીઓ, જેઓનો આગેવાન અલારીખ હતો, તેમણે રોમ આવીને તે જીતી લીધું છે (ઇ. સ. ૪૩૦). થોડા વખત પછી ફ્રાંસ અને સ્પેન દેશો તરફ ગયા. ત્યાં તેઓએ કાથોલિકોને બહુ સતાવ્યા. લેઓવીગીલ્ડ, ગોથીઓના રાજાએ પોતાના દિકરા હરમેનેગીલ્ડને મારી નંખાવ્યો, જ્યારે સેવીલ્યાના ધર્માધ્યક્ષ પવિત્ર લેઅંદ્રની મહેનતથી કાથોલિક થઇને આર્યાનોના

હાથથી કોમયુન્યો લેવા ના કહી છે, આશરે ઈ. સ. ૫૮૬. પવિત્ર હરમેનેગીલ્ડનો તહેવાર એપ્રિલની ૧૩ મી તારીખે છે. લેઓવીગીલ્ડનો બીજો દિકરો રેખારેડ પોતાના ભાઈ હરમેનેગીલ્ડનું અનુસરણ કરીને કાથોલિક થઈ ગયો. એવી રીતે સ્પેન ફરીથી કાથોલિક થઇ ગયું.

બાલ્ટિક સમુદ્ર પાસેથી નીકળીને આર્યોના વંડાલો ફ્રાંસ થઇને સ્પેન તરફ ચાલ્યા. તો પણ પશ્ચિમના ગોથીઓને લીધે નાસી જઇને તેમણે ઉત્તર આફ્રિકામાં પ્રવેશ કર્યો, ઇ. સ. ૪૨૯. તેઓનો રાજા ગેન્સેરીખ હતો. વંડાલોએ એકસો વરસ સુધી એટલે ઇ. સ. ૫૩૪ માં પૂર્વરોમી બાદશાહ યુસ્તીનીયાનુસના સેનાપતિ બેલીસારીયુસે તેઓના રાજનો નાશ કર્યો ત્યાં સુધી બહુ સખ્ત રીતે કાથોલિકોને સતાવ્યા હતા.

ઓદોઆકરના અમલમાંની હેરૂલો નામની જંગલી પ્રજાએ પશ્ચિમરોમી બાદશાહતનો અંત આણ્યો. ઇ. સ. ૪૭૬. પણ હેરૂલોના રાજનો અંત થેઓડરીખના તાબાના પૂર્વ ગોથીઓએ આણ્યો, ઇ. સ. ૪૯૩. થેઓડરીખ જો કે આર્યાન હતો, તો પણ ઘણું કરીને તેણે કાથોલિકોને સતાવ્યા નહિ. ખરૂં છે કે તેણે કોઇ મોટા માણસો ઉપર તહોમત મૂકયું. જેમકે મોટા વિદ્વાન બોએથીયુસ ઉપર તહોમત મૂકી, તેને પકડીને તેનું ગરદન કપાવ્યું. થેઓડરીખનો મહેલ રાવેન્ના શહેરમાં હતો, જ્યાં આજ સુધી ઘણી પ્રાચીન ઇમારતો બાકી રહી છે. થીઓડરીખ ઈ. સ. ૫૨૬ માં મરી ગયો છે.

યુસ્તીનીયનુસ બાદશાહના હુકમથી તેના સેનાપતિ નાર્સેસે પૂર્વ ગોથીઓના રાજ્યનો નાશ કર્યા પછી ઇટાલી કેટલાક વખત સુધી પૂર્વરોમી બાદશાહતનો એક પ્રાંત થઇ ગયો હતો, જે એક એક્ષાર્ખ એટલે હાકેમના તાબા નીચે હતો. તો પણ ઇ. સ. ૫૬૮ માં આલ્બોઇનના નીચે લોમ્બાર્ડો, જેઓ હંગરીથી આવ્યા હતા, તેમણે તે દેશનો એક મોટો ભાગ જીતી લીધો હતો. લોમ્બાર્ડોનો એક ભાગ મૂર્તિપુજક અને બીજો આર્યાન હતો. તેઓએ કાથોલિક શ્રીસભાને સખ્ત રીતે સતાવી છે. વિશેષે કરીને ઔતારીસ રાજાએ સતાવી છે, જો કે તેની રાણી થેઓદેલીંડા, બાવેરીઆના રાજાની દિકરી, કાથોલિક હતી. ગ્રીમોઆલ્ડ રાજાના રાજમાં (૬૭૧) કાથોલિક ધર્મ સરકારનો થઇ ગયો.

ફ્રાંકોનો એક ભાગ રહેન નદીને કીનારે જઇને વસ્યો, અને બીજો ભાગ ગાલ્લીયઓના દેશ ઉપર ફેલાઇ ગયો, જેથી તે દેશનું ફ્રાંસ એવું નામ પડયું. તેઓના રાજા ખ્લોદવીગે ત્યાં એક રાજ સ્થાપ્યું. ચિલ્પીખની લડાઇમાં (ઇ. સ. ૪૯૬) અલેમાન્નો હાર્યા અને ફ્રાંકોની સાથે ભળી ગયા, ખ્લોથીલ્ડે રાણીના કાલાવાલાથી ખ્લોદવીગે બપ્તિસ્મા લીધું, જેને અનુસરીને દેશના અમીરોની મોટી સંખ્યાએ એમ કર્યું. જ્યારે ખ્લોદવીગે બપ્તિસ્મા લીધું ત્યારે રેમસ શહેરના ધર્માધ્યક્ષ પવિત્ર રેમીગીયુસે તેને બપ્તિસ્મા આપ્યા પહેલાં કહ્યું: "ઓ અભિમાની સીગંબર, તારૂં માથું નમાવ, અને જે ચીજોની પૂજા તેં આજ કરી તે બાળી નાંખ, તથા જે ચીજો તેં બાળી નાંખી છે તેની પૂજા કર." ચિલ્પીખની લડાઇ પછી અલેમાન્નોએ મૂર્તિપૂજા મૂકી દીધી.

ગ્રેટબ્રિટન અને ઐરલંડમાં ખ્રીસ્તી ધર્મ વેલો ફેલાયો હતો. તો પણ પાંચમા સૈકા પહેલાં સ્કોટલંડ અને ઐરલંડમાં ખ્રીસ્તીઓની સંખ્યા થોડી હતી. પણ બાપા પહેલા જેલેસ્તીનુસે આશરે ઇ. સ. ૪૩૧ માં પવિત્ર પાટ્રીખને ખ્રીસ્તી ધર્મ ફેલાવવાને માટે ઐરલંડમાં મોકલ્યો. તે દેશના ગુરૂઓ અને યાજકો જેમનું નામ બાર્ડો અને દ્રઉદો હતું, તેમણે ઘણી અડચણો કરી છતાં, પવિત્ર પાટ્રીખે ઉપદેશ કર્યાથી તે લોક ઉપર બહુ અસર થઇ અને ઘણાએ બપ્તિસ્મા લીધું. આખા દેશમાં પવિત્ર પાટ્રીખે પાદ્રી અને માદ્રીઓને વાસ્તે મઠવાસો ફેલાવ્યા. તેણે પોતે અર્માહગમાં વાસ કર્યો, જેથી તે શહેરનો ધર્માધ્યક્ષ આજ સુધી આખા ઐરલંડના ધર્માધ્યક્ષોનો મુખ્ય ગણાય છે. તે બેટનું મોંહ ખ્રીસ્તી ધર્મથી બદલાયું, મૂર્તિપૂજાની રાતે સત્યના દિવસને જગા દીધી. ઐરલંડ પવિત્ર બેટ—વિદ્વત્તાનું ઘર કહેવાતું, જ્યાંથી કાથોલિક મઠવાસીઓએ નિકળી જઇને યુરોપના બીજા દેશોમાં સુવાર્ત્તાનું અજવાળું ફેલાવ્યું. કાથોલિક ઐરલંડીઓએ, જેવી ખ્રીસ્તી શ્રદ્ધા તેઓને પવિત્ર પાટ્રીખના મોંથી મળી, તેવી પૂરી અને કલંક વગરની રાખી. તેઓમાં પાખંડી મત અને ફાટફૂટ ન હતાં. તેઓએ આચરણની પવિત્રતા, પવિત્ર મારિયાની પ્રીતિ અને જે આત્માઓ શુદ્ધ કરનાર અગ્નિમાં છે તેઓને મદદ આપી, અને તેઓ રોમી બાપાઓ પવિત્ર પેત્રુસની પાછળ આવનારાઓને વળગી રહ્યા, તે સર્વને લીધે કાથોલિક ઐરીશ લોક પ્રખ્યાત થયા. જે પાખંડી લોક આજ ઐરલંડમાં છે તેઓએ ઘણું કરીને ઇંગ્લંડથી ત્યાં પ્રવેશ કીધો છે, જે વિષે આગળ આં ઇતિહાસમાં લખવામાં આવશે.

તે વખતમાં સ્કોટલંડના ઉત્તરમાં કાલેડોનીયો અને દક્ષિણમાં પિક્તો વસ્યા. તેઓમાંના કોઇ બ્રિટન અને ઐરલંડના મઠવાસીઓના ઉપદેશથી ખ્રીસ્તી થઇ ગયા. બ્રિટન જે હાલમાં ઇગ્લંડ કહેવાય છે ત્યાં ખ્રીસ્તી ધર્મ મોટા જોખમમાં આવી પડયો. ઘણું કરીને જે વખતથી રોમીઓ નિકળી ગયા તે વખતથી બ્રિટનો પિક્તોના અને કાલેડોનીયાના હુમલાઓથી પોતાનો બચાવ કરી ન શક્યા, પણ જર્મનીથી એંગ્લો અને સાક્ષનોતે તેમણે મદદે બોલાવ્યા. તેઓએ બ્રિટનમાં આવીને ત્યાં વાસ લીધો અને બ્રિટનો ઉપર જૂલ્મ કર્યો, જેથી બ્રિટનો દેશના પશ્ચિમ તરફ નાસી જઇને ત્યાં વસ્યા, જે પ્રાંતો આજ વેલ્સ અને કોર્નવાલ્લ કહેવાય છે. બ્રિટનોનો એક ભાગ ગાલ્લીઓના દેશમાં નાસી જઇને જે પ્રાંતનું નામ બ્રેટાઇન છે ત્યાં વસ્યા. વેલ્સ અને કોર્નવાલ્લમાં છઠ્ઠા સૈકાના આરંભમાં સારી હાલતના મઠવાસો હતા. તોપણ ખ્રીસ્તી ધર્મના યાજકોએ એંગ્લો સાક્ષનોને ખ્રીસ્તી ધર્મમાં લાવવાને માટે કશું કર્યું નહિ. બાપા મોટા ગ્રેગોરીયુસ એંગ્લો સાક્ષનોની મદદે આવ્યો. એમ કહે છે કે પવિત્ર મોટા ગ્રેગોરીયુસ એક વખત રોમના બજારમાં ચાલ્યો જતો હતો, ત્યારે ગુલામના બજારમાં તેણે ધોળા અને રાતા વાળના એંગ્લો સાક્ષનોને ગુલામ તરીકે વેચવા માટે ઊભા કરેલા જોયા, ત્યારે “આ કોણ છે?” એમ તેણે પૂછ્યું એટલે “એંગ્લો છે” એવો જવાબ સાંભળ્યા પછી તેણે કહ્યું “અમે તેઓને ‘ઓંગેલી’ બનાવીશું,” જેનો અર્થ લાટીન ભાષામાં દેવદૂતો છે. પવિત્ર ગ્રેગોરીયુસે પવિત્ર મઠાધ્યક્ષ ઔગુસ્તીનુસને ઓગણચાળીશ મઠવાસીઓની સાથે ઈંગ્લાંડમાં મોકલ્યો. એઠલબેરત રાજા કે જેની રાણી બેરતા એક ખ્રીસ્તી શાહજાદી હતી, તેણે પોતાની રૈયતના મોટા ભાગ સાથે બપ્તિસ્મા લીધું છે. ઈ. સ. ૫૯૭ ના નાતાલમાં એંગ્લીઓનો શ્રીસભામાં અંગિકાર થયો. પવિત્ર ગ્રેગોરીયુસ મોટા ડહાપણ અને નરમાશથી ચાલ્યો. તેણે પવિત્ર ઔગુસ્તીનુસને મૂર્તિપૂજકોનાં મંદિરો નહિ પણ એકલી તેમની મૂર્તિઓનો નાશ કરવાનો અને મંદિરોમાં આશીર્વાદિત કરેલું પાણી છાંટવાનો હુકમ આપ્યો હતો.

૧૩. આ કાળના મોટા બાપાઓ.

જે વખતમાં પાખંડી મતો અને જંગલી પ્રજાઓનાં તોફાનો શ્રીસભા ઉપર આવ્યાં, તે વખતમાં પરમેશ્વરના દૂરંદેશાએ મોટા આદમીઓને બાપાઓ તરીકે શ્રીસભાના માથે મૂક્યા છે.

૧. પવિત્ર સિલવેસ્તર (ઇ. સ. ૩૧૪–૩૨૫) રોમનો વતની. તેને દોનાતીસ્તો આર્યોનો વિરૂદ્ધ લડાઇ કરવાની જરૂર પડી હતી. તેણે બે એલચીઓને નીજેઆ મંત્રીસભામાં મોકલ્યા હતા, અને આર્મેનીયાના મૂર્તિપૂજકોનો શ્રીસભામાં અંગિકાર કર્યો. તેના રાજ્યમાં ઇરાન દેશમાં બહુ ક્રૂર ખ્રીસ્તીઓની સતાવણી હતી. તેને તેના મિત્ર કોંસ્તંતીનુસ બાદશાહ પાસેથી જમીનનો મોટો વિસ્તાર મળ્યો હતો, જે પાછળથી શ્રીસભાનું સંસ્થાન થઇ ગયું. બાદશાહે તેને લાટેરાન મહેલ આપ્યો કે જ્યાં બાપાઓએ ૧૨૦૦ વરસ સુધી મુકામ કીધું છે. કોંસ્તંતીનુસ બાદશાહે, બીજન્‌ત્યમ કે જેને કોંસ્તંતીનોપલ નામ આપ્યું છે, ત્યાં મુકામ કીધું છે.

૨. પવિત્ર પહેલો જેલેસ્તીનુસ (ઇ. સ. ૪૨૨–૪૩૨). તેણે એફેસુસની મંત્રીસભાના ચુકાદાઓ કબુલ કર્યા અને પવિત્ર પાલ્લાડીયુસને ઐરલંડમાં ખ્રીસ્તી ધર્મ બોધ કરવા માટે મોકલ્યો. તે પછી પવિત્ર પાટ્રીખને પણ તેજ કામને વાસ્તે મોકલ્યો હતો.

૩. પવિત્ર મોટો પહેલો લેઓ (ઈ. સ. ૪૪૦–૪૬૧). તેણે આટીલા, હુન્નીઓના રાજાને રોમ ઉપર હુમલો કરતાં રોકયો તે વાત આગળ કહી છે. જ્યારે વંડાલોના રાજા ગેન્સેરીખે રોમ શહેર ખુંચવી લીધું ત્યારે આ બાપાએ દેવળોનો બચાવ કરવાની માંગણી તેની પાસે કરી, જે રાજાએ કબૂલ કરી. લેઓએ ખાલ્જેડોનની મંત્રીસભાના ચૂકાદા રજુ કર્યા. તેનો અખત્યાર એટલો મોટો હતો કે પૂર્વરોમી બાદશાહોના હાકેમોએ ઇટાલીમાં તેનું રક્ષણ માગ્યું હતું.

૪. પવિત્ર મોટો પહેલો ગ્રેગોરીયુસ (ઇ. સ. ૫૯૦–૬૦૪). પોતાના મોંસ જેલીયુસ નામની ટેકરી ઉપરના ઘરનો બેનેદિક્તોનો મઠવાસ બનાવ્યો અને પોતે મઠવાસી થઇ ગયો. એંગ્લો સેક્સનોને વાસ્તે તેણે જે કર્યું તે ઉપર કહ્યું છે. લોંગોબાર્ડોને શ્રીસભામાં લાવવા વાસ્તે તેણે બહુ શ્રમ કર્યો. તેઓની રાણી થેઓડેલીંડ સાથે તેણે કાગળોનો વ્યવહાર કર્યો. જે પત્રો તેણે બધા ખ્રીસ્તી લોકને વાસ્તે લખ્યા અને જે ધર્મબોધો તેણે કર્યા તે આજ દિન સુધી બાકી રહ્યા છે. દેવળની એક જાતનું ગીત તેણે રચ્યું, જેનું નામ ગ્રેગોરીયુસના ગીતની જાત કહેવાય છે. બાપાઓની જમિનનો વિસ્તાર તેના રાજમાં વધાર્યો. તે બાપાઓનું સંસ્થાન પૂર્વરોમી બાદશાહે સ્વીકાર્યું છે. તેણે બાપા

તરીકે પોતાને "સર્વુસ સર્વોરૂમ" એટલે ચાકરોનો ચાકર એવું નામ આપ્યું છે, કે જે તેની પાછળ આવનારાઓને આજ સુધી લાગુ પડે છે.

૧૪ પૂર્વમાંની મુસીબતો.

૧. ઓરીગેનેસને માટેની તકરારો.

ઓરીગેનેસનાં પુસ્તકોમાં કાંઇ ભૂલ માલૂમ પડી, તેથી પૂર્વની શ્રીસભામાં તકરારો ચાલી. જે ત્રણ કલમો કહેવાતી હતી અને જે કાઢી નાખવાની પહેલા યુસ્તીનીયાનુસ બાદશાહે ઇચ્છા કરી તેથી બહુ ઘભરાટ ઉત્પન્ન થયો. બાદશાહે ધાર્યું હતું કે એવી રીતે મોનોફિસીતો શાંત થશે. તકરાર પતાવવાને વાસ્તે બાદશાહે વિગીલીયુસ બાપાને કોંસ્તંતીનોપલ આવવા આમંત્રણ કર્યું; જે બાપાએ કબુલ કર્યું: બાદશાહ અને બાપાએ આખરે એક સામાન્ય મંત્રીસભા બોલાવી કે જે ઇ. સ. ૫૫૩ માં એકઠી થઇ અને જે

પાંચમી સામાન્ય શ્રીસભાની મંત્રીસભા છે.

૨. મોનોથેલેતોનો પાખંડી મત.

એક નવો પાખંડી મત, એટલે ખરૂં બોલતાં મોનોફિસીતોના મતની બીજી જાત જેવો કોંસ્તંતીનોપલમાં ઉઠયો, કે જેનો સ્થાપનાર કોંસ્તંતીનોપલનો પાટ્રીઆર્ખ સર્ગિયુસ હતો. મોનોફિસીતોનો મત શ્રીસભામાં ફેરવવાને માટે તેણે એવું કહ્યું કે જો તેઓ યેસુખ્રીસ્તમાં એક ઇચ્છા અને એક કાર્ય છે એમ માને તો ચાલે. ખરા એલેકઝેન્ડ્રીયાના મોનોફિસીતો યેસુખ્રીસ્તમાં એક માણસ પરમેશ્વરનાં કાર્ય છે એવા શબ્દોથી સંતુષ્ટ થઇને શ્રીસભામાં ફર્યા. પણ તે શબ્દોનો અર્થ પાખંડી છે એમ સોફ્રોનીયુસ મઠવાસી, જે ઘણું કરીને તે વખતથી યેરૂસાલેમનો પાટ્રીઆર્ખ થઈ ગયો હતો તેણે બતાવ્યું. સર્ગિયુસે બાપા હોનોરીયુસને ઠગીને તેને સમજાવ્યું કે શબ્દોથી એક સંપ કરવાનું કામ રોકવું જોઇએ નહિ અથવા એક કે બે કાર્ય વિષે વાત કરવી જોઇએ નહિ. બાપાએ ઠગાઇ જઇને એમ લખ્યું કે એક જ ખ્રીસ્ત માણસનાં અને પરમેશ્વરનાં કામો કરે છે એમ માનવું બસ છે. પણ બાપાનો હુકમ પૂરો કરાઇ શક્યો નહિ. સોફ્રોનીયુસ પાટ્રીઆર્ખે બે ઇચ્છાઓનો બચાવ કર્યો અને બાપાને સમજાવ્યું કે: "બીજા સર્ગિયુસને લખાવવાના કાગળમાં તે કામ વિષે વધારે સ્પષ્ટ

શબ્દો વાપરજો." એટલામાં હેરાક્લીયુસ બાદશાહે બધાએ ચેસુખ્રીસ્તમાં એક ઇચ્છા છે એમ માનવું જોઇએ એવી ફરમાશ જાહેર કરી. એના જેવી ફરમાશ બીજા કોંસ્તંસ બાદશાહે જાહેર કરી અને જે કોઈ તે માની ન લે તેને સખ્ત દંડ દઇ ધિક્કાર્યા. બાપા પહેલા માર્તીનુસે લાટેરાનમાંની એક સભામાં તે બે બાદશાહોની ફરમાશ કાઢીને મોનોથેલેતોનો મત ખોટો છે એવો ચૂકાદો આપ્યો. બાદશાહ બાપાનો દ્વેષ કરી તેની સાથે કોંસ્તંતીનોપલમાં બહુ ક્રૂર રીતે વર્ત્યો અને તેને ખેરસોનેસુસમાં દેશનિકાલ કર્યો કે જ્યાં બાપા મરી ગયો. મહાધ્યક્ષ માક્ષિમુસ અને બીજાઓને પણ એક જ દંડ મળ્યો. તે પછી કોંસ્તંતીનુસ પોગાનાનુસ બાદશાહે બાપા આગાથોની સાથે મળીને

છઠ્ઠી સામાન્ય શ્રીસભાની મંત્રીસભાને બોલાવી કે જે કોંસ્તંતીનોપલમાં ઇ. સ. ૬૮૦ માં એકઠી થઇ.

૧૭૪ ધર્માધ્યક્ષોએ તેમાં ભાગ લઇને બાપા આગાથોના ચેસુખ્રીસ્તમાં બે ઇચ્છાઓ વિષેના પત્રનો અંગિકાર કર્યો. તે પત્રમાં પ્રેરિતો સંબંધી રાજ્યાસનના મતની અચૂકતા વખાણે છે અને કહે છે કે તે શ્રીસભા સર્વ શક્તિમાન પરમેશ્વરની કૃપાથી કદિ પણ પ્રેરિતો સંબંધીના સંપ્રદાયના માર્ગને ભૂલી નથી ગઇ એ વાત બધાએ સ્વીકારવી જોઇએ, અને તે શ્રીસભાને કદિ પાખંડી નવાઇનો કલંક લાગ્યો નથી, અને તેથી તેનો નાશ થયો નથી.

આ મંત્રીસભાએ કોંસ્તંતીનોપલના પ્રાટ્રીઆર્ખો સેર્ગીયુસ, પેત્રુસ અને પૌલુસની સાથે બાપા હોનોરીયુસને ઠપકો આપ્યો અને બાપા બીજા લેઓએ આ મંત્રીસભાના ચૂકાદાને કબૂલ કર્યા.

બીજા યુસ્તીનીયાનુસ બાદશાહે અને બાપાએ કોંસ્તંતીનોપલમાં ઇ. સ. ૬૯૨ માં એકઠી કરેલી મંત્રીસભા કે જેણે રીતિઓ સંબંધી ચૂકાદા જાહેર કર્યા અને જેનું નામ ત્રુલ્લાનુમ પાડ્યું તેને કોઇ બાપાએ કદિ કબુલ કરી નથી.

જે કારણથી છઠ્ઠી સામાન્ય મંત્રીસભાએ બાપા હોનોરીયુસને ઠપકો આપ્યો તે બાપા બીજા લેઓએ સ્પેનના ધર્માધ્યક્ષોને લખેલા પત્રમાં જાહેર કર્યું, એટલે કે બાપા હોનોરીયુસે પાખંડી મતના ભડકા એકદમ હોલવી નાખ્યા નથી, પણ બેદરકારીથી આ ભડકા વધાર્યા છે. ખરી રીતે તેને મોનોથેલેતોની ભૂલ લાગી નથી, પણ તેણે

જે શબ્દો વાપર્યા તે શુદ્ધ સાફ નથી, પણ જે પાખંડી લોક પોતાનું મન તેના તરફ ખેંચી શકે એવા હતા. તેણે યેસુ ખ્રીસ્તમાં એક બીજીની વિરૂદ્ધની ઇચ્છાઓ કબુલ કરી નથી; અને જો એક ઇચ્છાની વાત કરે છે, તો તે કુદરતનું ઐક્ય નહિ, પણ વિરૂદ્ધતા વગરનું ઐક્ય એવો અર્થ છે.

છઠ્ઠી મંત્રીસભાએ હોનોરીયુસને પાખંડી તરીકે ગણ્યો; તેણે પાખંડી મત રાખ્યો તેને વાસ્તે નહિ, પણ તેની મારફતે સૈતાને પાખંડી મત ફેલાવ્યો છે તે કારણથી.

આ ગભરાટના વખતમાં ઇરાનીઓએ પલસ્તૈન જીતી લઇ, પવિત્ર કબરના મંદિરનો નાશ કરી, પવિત્ર ખ્રુસ પોતાની સાથે લઇ લીધું છે. હેરાક્લીયુસ બાદશાહે શત્રુને હરાવ્યો અને એવી શરતે સલાહ કરી કે પવિત્ર ખ્રુસ પાછું લઇ આવવું જોઇએ. બાદશાહ ઉઘાડે પગે પવિત્ર ખ્રુસ કાલવારી ટેકરી ઉપર લઇ ચાલ્યો. ઇ. સ. ૬૨૮. (પવિત્ર ખ્રુસની માનવૃદ્ધિનો તહેવાર, સેપ્તેંબરની ૧૪ મી તારીખે).

૩. મુસલમાની ધર્મ.

આ વખતમાં ખ્રીસ્તી ધર્મનો એક મોટો શત્રુ મુસલમાની ધર્મ ઉઠયો. આ ધર્મનો સ્થાપનાર મહમદ નામનો એક શખસ હતો. તે અરબસ્તાનના મક્કામાં આશરે ઇ. સ. ૫૭૦ માં જન્મ્યો હતો. તેનાં માબાપ વેહલાં મરી ગયાં હતાં, વાસ્તે તેના મોટા બાપ અને કાકાએ તેને ઉછેર્યો છે. તેને ફેફરાનો રોગ લાગ્યો હતો. તે વેપારીનો ધંધો શીખ્યો. વેપાર કરવામાં તેનો વહીવટ યેહુદીઓ અને નેસ્તોરીઆનો પાખંડી ખ્રીસ્તી લોકોની સાથે હતો. પચીશ વરસની ઉમરે તેણે કદીજા નામની એક તવંગર વિધવા સાથે લગ્ન કર્યું અને તેને ઘણી માલમત્તા મેળવવાની તક મળી. તે ૪૦ વરસની ઉમરે આશરે ઇ. સ. ૬૦૯ માં પેગંબર તરીકે ઉઠયો. તેણે એમ કહ્યું છે કે પરમેશ્વરે ગાબ્રીયેલ દેવદૂત મારફતે મારી પાસે કંઇ વાતો પ્રગટ કરી છે અને મને ઇસ્લામ એટલે પરમેશ્વરના અર્પણ કરેલા ખરા અબ્રાહામનો ધર્મ ફરીથી સ્થાપવા મોકલ્યો છે. અરબસ્તાનના તેના વતનીઓમાં ઘણું કરીને મૂર્તિપૂજા ચાલી. તેઓએ એક કાળો ચાર ખૂણીઓ પત્થર કે જે અસલથી પરમેશ્વરને અર્પણ થએલો હતો પણ જેની આસપાસ તેઓએ પછીથી ૩૬૦ મૂર્તિઓ મૂકી હતી, તેની પૂજા કરી. તે પત્થર

વિષે તેઓએ કહ્યું કે આદમ એદનવાડીમાંથી તેને સાથે લઇ ગયો, જળ પ્રલયને વખતે તેને સ્વર્ગમાં લઈ લીધો, પછી ગાબ્રીયેલને મારફતે તે અબ્રાહામને આપ્યો છે. અબ્રાહામે જેના ઇસ્મએલ નામના દિકરાના વંશના અરબીઓ છે, તે પવિત્ર સ્થાન સ્થાપ્યું અને આમાલેકીતોએ તે ફરીથી સ્થાપ્યું એમ તે લોક કહેતા હતા. તેઓના રિવાજો મૂર્તિપૂજકો, યેહુદી અને ખ્રીસ્તીઓના હતા.

મહમદ પાસે એવાં અરબી ગીતો અને કવિતાઓ હતાં કે જેમાં એક જ પરમેશ્વરના વખાણ કર્યા છે. મહમદનો હેતુ એક જ પરમેશ્વરની પૂજા પોતાના વતનીઓમાં ફેલાવવાનો અને તેઓનાં જૂદાં જૂદાં કૂળોમાં એક સંપ કરવાનો હતો. તેણે એવું કહ્યું કે હું પેગંબર, યેહુદીઓને હું મશીયા અને ખ્રીસ્તીઓને વાસ્તે પારાકલેટોસ કે દીલાસો દેનાર અથવા સંબોધક છું જેનું વચન યેસુખ્રીસ્તે આપ્યું છે (યોહાન ૧૫,૨૬;૧૪,૧૬) તે જ હું છું. ખ્રીસ્તીઓ બૈબલમાંથી ઘણી મને લાગુ પડતી જગાઓ કાઢે છે. તેનો મુખ્ય મત એ હતો કે "પરમેશ્વર સિવાય બીજો પરમેશ્વર નથી, અને મહમદ તેનો પેગંબર છે."

પહેલાં તેની વહુએ, પછી તેના સગાવાલા અલ્લી અને સસરા અબુબકરે અને પછી ઘણા બીજા સગાવાલા તથા મક્કાના રહેવાસીઓએ તેનું માન્યું. તો પણ તેના કૂળના કોરેશી લોકોએ તેનો બહુ દ્વેષ કર્યો અને તેને મક્કાથી ન્હસાડયો, જ્યાંથી તે મદીના ગયો (પેગંબરપણાના ૧૪ મા વરસમાં, જુલાઇની ૧૫ મી તારીખે ઇ. સ. ૬૨૨—જે દિવસથી મુસલમાની સન જેનું નામ હીજરી છે તે શરૂ થાય છે).

મદીનામાં મહમદનો સારો સત્કાર થયો. તેણે ત્યાંથી કોરેશી કૂળની વિરૂદ્ધ લડાઇ કરીને મક્કા જીતી લીધું અને બધી મૂર્તિઓથી સાફ કરેલા ખઅઆબા પત્થરને નવા ધર્મનું મધ્યબિંદુ બનાવ્યું. પછી તેણે આખું અરબાસ્તાન કબજે કર્યું અને રાજા તથા બાપા તે પોતે થયો, અને તે હોદ્દો તેની પાછળ આવનારા ઉપર આવ્યો, કે જેમણે સ્વતંત્ર તથા નિરંકુશ રીતે રાજ ચલાવી લશ્કરની સહાયતાથી બીજાઓને જીતી લેવાનો હેતુ રાખ્યો. મહમદ ઇ. સ. ૬૩૨ ના જુન મહીનામાં મરી ગયો.

તે જીવતો હતો તે દરમ્યાન તેને અનુસરનારાઓ તેના ધર્મ બોધની વાતો ગોખી શીખી ગયા કે લખી ગયા છે. તેના મરણ પછી

તેના સસરા અને પાછળ આવનાર ખલીફ અબુબકરે (ઇ. સ. ૬૩૨–૬૩૪) મહમદની વાતો એકઠી કરાવી, જેનું નામ કુરાન એટલે જે વાંચવું જોઇએ તે છે જેમાં ૧૧૪ સુરો અને સુરોના આયાત ઇમામ એટલે શ્રદ્ધા અને દીન એટલે ધર્મ સંબંધી છે. ભાષા પ્રમાણે અરબી ગ્રંથોની શરૂઆત છે. ભાષા કવિઓની ભાષા જેવી છે. મોટું અજ્ઞાન, ઘણું કરીને ખ્રીસ્તી મતનું અજ્ઞાન તેમનામાં માલૂમ પડે છે. પવિત્ર ત્રૈય-ક્યનો અર્થ માણસ પ્રમાણે બાપ અને મા (પવિત્ર આત્મા) અને પુત્ર એમ માની લે છે.

શ્રદ્ધાની વાતમાં પરમેશ્વરનું એકપણું માને છે, કે જેની શક્તિ તેની પ્રીતિ અને દયા કરતાં વધારે મોટી છે. જો કે મુસલમાનો પ-રમેશ્વરની દયાને બહુ વખાણે છે; સખ્ત કીસ્મત ચાલે છે, અને બધા માણસોનાં કૃત્ય અને નસીબો અવિકારી રીતે આગળ ફરમાવેલાં છે. પરમેશ્વરે પેગંબરોની મારફતે, ઘણું કરીને આદમ, અબ્રાહામ, મોસેસ અને ખ્રીસ્તની મારફતે પોતાની વાત પ્રગટ કરી છે. બધા પેગંબરો કરતાં વધારે મોટા મહમદ છે. યેસુ ખ્રીસ્તના તારણની વાત મહ-મદને નથી ગમતી. જગતના ન્યાય અને પુનરૂત્થાનની વાતો મહમદે રાખી છે. તે સ્વર્ગ અને નરક ઇંદ્રિયોને લાગુ પડે છે એવી રીતે તે વર્ણવે છે. સ્વર્ગને તેણે ખુબસુરત બાયડયો વડે શણગાર્યું છે. માઠા-ઓને એક પુલ થઇ જવું જોઇએ કે જે ચપ્પુના પાના જેવો સાંકડો છે. પછી સર્વકાળની પીડાને વાસ્તે નરકમાં પડી જાય છે. માણ-સોના આત્માઓ પરમેશ્વરના તત્ત્વનો એક ભાગ છે. તે બીજા ધર્મોને નીચ ગણે છે અને તેઓને ધિક્કારે છે અને યેસુનું પરમેશ્વરપણું ન માનતાં તેની વિરૂદ્ધ લડાઇ કરે છે. તે કહે છે કે યેસુનું ચરિત્ર કલ્પિત કરેલી વાતોથી ભરેલું છે.

દીનના આચરણની વાત ખ્રીસ્તી દીનથી બહુ ઉતરતી છે. શત્રુઓપર પ્રીતિ ન રાખવી, જેઓ મહમદને પેગંબર તરીકે ન માને, તેઓનો દ્વેષ કરવો અને તેમને પૃથ્વીના મોહ ઉપરથી કાઢવા જોઇએ. જે કોઇ નાસ્તિકો એટલે મહમદને ન માને એવા લોકની વિરૂદ્ધની લડાઇમાં પડે છે તેમને સ્વર્ગમાં પેસવું નક્કી છે. સ્ત્રીની વાતમાં મ-હમદે બહુ ખરાબ આચરણ બતાવ્યું છે. તેને આશરે ૧૭ સ્ત્રીઓ અને લુંડીઓ હતી. પોતાના દત્તક પુત્ર જોઇદની બાયડીને છીનવી લેવામાં તેણે મોટો ગુન્હો કર્યો, જેનો બચાવ કરવા માટે મહમદે,

મને એમ કરવાની પરમેશ્વરે ગાબ્રીયેલ દેવદૂતની મારફતે પરવાનગી આપી છે એવું બહાનું લીધું છે. આ પ્રમાણે મહમદે એક કરતાં વધારે બાયડીઓ રાખવાનો હક પોતાના અનુસરીઓને આપ્યો. તો પણ ચાર કરતાં વધારે બાયડીઓને ન રાખવાનું ફરમાન હતું. પેગંબર અને તેના પાછળ આવનારાઓને સ્ત્રીઓની સંખ્યામાં કાંઇ હદ નથી. મુસલમાન ધર્મ સ્ત્રી જાતને બહુ નીચ ગણે છે.

મુસલમાન ધર્મ અંદરના મનની વલણને કશા હીસાબમાં ન લેતાં બહારનાં કામો ઉપર આધાર રાખે છે; જેમકે દિવસમાં પાંચ વખતની નિમાજ મક્કા તરફ નજર રાખીને પઢવી, ઉપવાસ, ભિક્ષા આપવી. મક્કાએ હજ કરવી, ઘણી વાર નહાવું, નાસ્તિકોની વિરૂદ્ધની લડાઇમાં ભાગ લેવો, દ્રાક્ષરસનો ત્યાગ કરવો, યેહુદી સબથ અને ખ્રીસ્તી રવિવારને બદલે શુક્રવાર કે જેમાં મજુરીનાં કામો કરવાં ઉચિત છે તે પાળવો, એ મુસલમાની ધર્મ છે.

યાજકપણું નથી. મહમદ પોતે અને તેની પાછળ આવનારાઓ ઉંચા સ્થળેથી નિમાજ અને ધર્મબોધ કરતા હતા. પછી તેઓને બદલે ઇમામો રોજની નિમાજ કરતા અને મુએજજીનો નિમાજનો વખત જાહેર કરતા. કાઇમો મશીદના ચોકીદારો, ઉલમાઓ શાસ્ત્રીઓ, કાજીઓ ન્યાયાધિશો, દરવેશો ફકીર અને સાધુઓ થયા. ચિત્રો અને પુતળાંની મના કરેલી હતી.

મહમદ મરી ગયા પછી થોડા વખતમાં કેટલાંક પ્રશ્નો એટલે ખલીફ કોણ હશે, સંપ્રદાય કયો પાળવો, સબ કામો પરમેશ્વરે કેમ આગળ ફરમાવેલાં છે, એવી વાતો વિષે તકરારો મુસલમાનો વચ્ચે ઉત્પન્ન થઇ. શીઆ લોક મહમદના સગા વહાલા, પણ ખલીફ તરીકે તેના ચોથા પાછળ આવનાર અલીને (ઈ. સ. ૬૫૬–૬૬૧) મહમદ પછીના પહેલા પવિત્ર આદમી તરીકે ગણે છે, અને તેનું ઇ. સ. ૬૬૧ માં થએલું ખૂન અમે માફ કરી ન શકીએ એમ માને છે. સુની મુસલમાનો જેમાં ઘણું કરીને તુર્ખ છે તેઓ બધા સંપ્રદાયને માને છે કે જે મહમદના મોત પછી બે સૈકાએ આજનું રૂપ દેખાડે છે.

ખલીફ ઉમરના રાજ્યમાં અરબસ્તાનની બહારના દેશોમાં લડાઇઓ અને ફત્તેહ શરૂ થઇ. તલવાર અને આગવડે ઇસ્લામ ફેલાવ્યો. ઇ. સ. ૬૩૭ માં મુસલમાનોએ પલેસ્તૈન અને ઇ. સ.

૬૪૦ માં ઇજીપ્ત કબજે લીધા. જ્યારે ખલીફ ઉમર પવિત્ર કબરના મંદિરમાં પેઠો ત્યારે સોફ્રોનીયુસ પાટ્રીઆર્ખે પોકાર્યું કેઃ "પવિત્ર સ્થાનમાં ધૂળધાણીનો કંટાળો જૂઓ." ઉમરે મોરીયા ટેકરી ઉપર મશીદ બાંધી.

એક પછી એક સીરીયા, ઇરાન દેશ, એશીયા મૈનર, ઉત્તર આફ્રિકા અને સ્પેન મુસલમાનોના હાથમાં આવ્યા. આરંભથી મુસલમાનોએ વિદ્યાની વાતમાં કશું કર્યું નથી, પણ તેઓ માત્ર કુરાનથી સંતુષ્ટ થયા હતા. પછી તેઓએ તત્ત્વજ્ઞાન, અંકગણિત, બીજગણિત, ભૂમિતિ, ખગોળ વિદ્યા, વૈદક શાસ્ત્ર ઇત્યાદિનો અભ્યાસ કર્યો અને એવી વિદ્યાને લગતાં પુસ્તકોનું ફારસી, સીરીયન અને ગ્રીક ભાષાઓમાંથી અરબી ભાષામાં ભાષાંતર કર્યું.

ગ્રીક બાદશાહત ઓછી ઓછી થઇ ગઇ. ઇ. સ. ૬૭૦ માં મુસલમાનોએ કોસ્તંતીનોપલ લેવાનું કર્યું, જેનો બચાવ એકલી ગ્રીક આગથી થયો. બધું બળ એક શત્રુ સાથેની લડાઇમાં એકઠું કરવાને બદલે ગ્રીકોએ પોતાનું બળ અંદરની તકરારો, કે જે ઘણું કરીને ચિત્રો વિષેની તકરાર કહેવાઇ, તેમાં બગાડ્યું.

૪. ચિત્રો વિષેની તકરાર. પૂર્વે શ્રીસભામાં ચિત્રો વિષેની તકરાર એક સૈકા સુધી ચાલી. ઇ. સ. ૭૨૬ માં ત્રીજા લેઓઇસૌરી નામના બાદશાહે પહેલી ચિત્રો વિરૂદ્ધની ફરમાશ જાહેર કરી. કયા કારણથી તે જણાતું નથી. કોઇ બોલે છે કે તેણે બીજા યજદ અલીફના દાખલાનું અનુસરણ કર્યું. બીજા કહે છે કે નાતોલીયાના ધર્માધ્યક્ષ કોંસ્તંતીનુસ કે એક મુસલમાન થએલા બેસેરે નામના ખ્રીસ્તીએ તેને ઉશ્કેર્યો. ત્રીજા કોઇ એમ બોલે છે કે યેહુદીઓ અને મુસલમાનોએ ખ્રીસ્તી ઉપર મૂર્તિપૂજાનું તહોમત મૂક્યું છે તેને વાસ્તે તેણે આમ કર્યું. બાદશાહની આ ફરમાશથી કેટલાક બાદશાહતના ભાગોમાં હુલ્લડો ઉત્પન્ન થયાં. ઘણું કરીને રાવેન્નામાં થયાં, જ્યાં લોકે બાદશાહનાં ચિત્રો પાડી નાંખ્યાં, અને તેઓ એક પ્રતિ બાદશાહને ઠરાવવાના હતા, જે કામથી તેમને બીજા ગ્રેગોરીયુસ બાપાએ રોક્યા.

બાપાએ બાદશાહને જણાવ્યું કે આપણું મન સ્વર્ગ તરફ ખેંચાય, તેટલા માટે આપણે ચિત્રોને માન આપીએ છીએ, એટલે આપણે તે ચિત્રો ઉપર નહિ પણ જેમનાં તે ચિત્રો છે તેમના ઉપર આધાર

રાખીએ છીએ. તે વખતના મોટામાં મોટા શાસ્ત્રી યોહાન્ન દમસ્જેનુસે ચિત્રોના માનનો બચાવ કર્યો હતો. તે બધી વાતો છતાં બાદશાહે ચિત્રો અને તેમને માન આપનારાઓને બહુ સખ્ત રીતે સતાવ્યા.

બાદશાહના મોત પછી થોડા વખત સુધી તે સતાવણી બંધ થઇ, પણ જ્યારે લેઓનો દિકરો પાંચમો કોંસ્તંતીનુસ કોપ્રોમીનુસ નામનો બાદશાહ (ઈ. સ. ૭૪૩-૭૭૫) રાજ્યાસન ઉપર બેઠો, ત્યારે તે સતાવણી ફરીથી શરૂ થઇ. તેણે ચિત્રોનું અપમાન કરાવી, તેમનો નાશ કરાવ્યો, જે ધર્માધ્યક્ષોએ ચિત્રોના માનનો બચાવ કર્યો તેમને કાઢી મૂક્યા, મઠવાસીઓને રિબાવ્યા, પાઠશાળાઓમાં બહુ મૂલ્યવાન ચીજોનો નાશ કર્યો, જે મંદિરોની દિવાલો ઉપર યેસુ કે પવિત્રોનાં જીવનનાં ચિત્રો ચિતરેલાં હતાં, તેમને ધોળી નાખ્યાં, કે તેમને બદલે જનાવરો અને ખેતરોનાં ચિત્રો કરાવ્યાં અને મઠવાસોનો નાશ કર્યો કે તેમને બરાકો એટલે લશ્કરી સિપાઇઓને રહેવાનું ઠેકાણું બનાવ્યું.

ત્રીજા સ્તેફાનુસ બાપા અલેકઝેન્દ્રીયા, અંતિયોખીયા અને યેરૂસાલેમના પાટ્રીયાર્ખોએ ઇકોનોકલાસ્તો એટલે ચિત્રો તોડનારાઓને ગુન્હેગાર તરીકે ઠરાવ્યા. કોંસ્તંતીનુસના દિકરા ચોથા લેઓ (ખાજારૂસ), ઇરેનેના વરે પોતાના બાપના ચિત્રો વિરૂદ્ધના કાયદાને કાયમ રાખ્યા ખરા, તો પણ તે ચિત્રોને માન આપનારાઓ વિરૂદ્ધ ઓછો ક્રુર હતો. તેના મોત પછી ઇરેને રાણીએ ચિત્રોને ફરીથી માન અપાવવા ચાહ્યું. તેને વાસ્તે કોંસ્તંતીનોપલના પાટ્રીયાર્ખ અને પહેલા હાદ્રીયાનુસ બાપા સાથે મળી તેણે

સાતમી સામાન્ય શ્રીસભાની મંત્રીસભા કોંસ્તંતીનોપલમાં એકઠી કરી. લશ્કરના બળવાને લીધે તે સભા નિજેઆ ગઇ. તેથી **બીજી નિજેઆની સામાન્ય શ્રીસભાની મંત્રીસભા કહેવાઇ** (ઈ. સ. ૭૮૭). ચિત્રોના માન વિષેના કાનુનો ઠરાવ્યા. ક્રુસની નિશાની, ક્રીસ્ત અને આપણી નિષ્કલંક ધણીઆણી મારિયા, દેવદૂતો અને પવિત્રોનાં લાકડાનાં કે પત્થરનાં કે બીજા કાંઈ પદાર્થનાં, દેવળોમાં કે બીજે કોઇ ઠેકાણે પુતળાં ઠરાવવાં ઉચિત છે. જૂના રિવાજ પ્રમાણે ધુપ અને મીણબત્તીઓ તેઓને માન આપવા માટે અર્પણ કરાય. જે માન ચિત્રોને થાય છે, તે ચિત્રોને નહિ પણ જેનાં તે ચિત્રો છે તેને લાગુ પડે છે.

થોડા વખત સુધી શાંતિ હતી. પણ પછી પાંચમા લેઓઆર્મેની નામના બાદશાહે (ઇ. સ. ૮૧૩-૮૨૦) ચિત્રાને માનનારાઓને સતાવવા માંડ્યા છે. બીજા મીખાયેલ તોતડીયા નામના, તથા તેના દિકરા થેઓફિલુસે (ઇ. સ. ૮૨૦-૮૨૯) પણ તેમ જ કર્યું. થેઓફિલુસની વિધવા થેઓદોરાએ ચિત્રાને માન આપવા કહ્યું અને બીજી નિઝેઆની મંત્રીસભાના ચૂકાદા કબૂલ કર્યા.

પશ્ચિમમાં બીજી નિઝેઆની મંત્રી સભાનાં કૃત્યોનું ખોટું ભાષાંતર ગભરાટનું કારણ હતું. "મોટા કાર્લનાં પુસ્તકો"માં અલ્ક્યુઇને "ચિત્રાને પૂજનારી" નિઝેઆની મંત્રી સભાની નિંદા કરી, કેમકે તે સભા "લાટ્રૂઇઆ" એટલે ભજન અને "પ્રોસકીનેસીસ" એટલે પગે લાગવું તે, એ શબ્દો વચ્ચે જે ફેરફાર બતાવે છે, એ તે ભૂલી ગયો અને તેણે પ્રોસકીનેસીસનું ભાષાંતર ભજન કર્યું. તેને વાસ્તે ફ્રાંકફુર્ત માઇન નદીના કિનારે ફ્રાંક ધર્માધ્યક્ષોની એકઠી થએલી સભાએ નિઝેઆની મંત્રીસભા વિરૂદ્ધ વાંધો લીધો હતો; તે જ વખતે તે ધર્માધ્યક્ષોએ ચિત્રાનો નાશ ન કરવો એવો ચૂકાદો જાહેર કર્યો હતો. જર્મન લોકોને નિઝેઆની મંત્રીસભાની કેટલીક વાતો પોતાના રિવાજથી નવીન લાગી છે. જર્મનીમાં મૂર્તિપૂજા થોડા વખતથી બંધ હતી. ત્યાંના ખ્રીસ્તીઓ ચિત્રાને આપવામાં આવેલું માન બરોબર ન સમજતાં તેને મૂર્તિપૂજા ગણે એવું જોખમ હતું. તે સિવાય જર્મનીમાં હુનર કળા બરાબર ખીલતી ગઇ નહિ. પૂર્વના લોકે એકલા રાજાઓને નહિ પણ તેમનાં ચિત્રા અને પુતળાંને પણ ધૂપ બાળીને તથા પગે લાગીને બહારનું માન આપ્યું હતું તેથી યેસુ અને પવિત્રાને પણ તેવી રીતે માન આપવું જોઇએ એમ પૂર્વના લોકે માન્યું. જર્મન લોકો રાજાઓના પગે ન લાગ્યા અને તેમણે એવી બહારનું માન આપનારી નિશાનીઓને લેખવી નહિ. તેમને પગે લાગવું અને ઘુંટણ ટેકીને એકલા પરમેશ્વરનું ભજન કરવું જોઇએ તે બરાબર લાગ્યું, અને તેથી તેમણે ઠોકર ખાધી.

બાપા પહેલા હાદ્રીયાનુસે ઉપર કહેલું ખોટું ભાષાંતર મોટા કાર્લને લખેલા પત્રમાં સમજાવ્યું.

પશ્ચિમમાં ચિત્રના માનના શત્રુઓ ક્રુસને દેવળોમાંથી કાઢવાનો હેતુ રાખનાર તુરીનનો ધર્માધ્યક્ષ ક્લાૈડીયુસ, અને લૈયન્સનો ધર્મા-

ધ્યક્ષ આગોબાર્ડ હતો. તેમને કેટલાક યાજકોએ અને ધર્માધ્યક્ષો, ઘણું કરીને વાલાફ્રીદસ્ત્રાબો અને રેમ્સના ધર્માધ્યક્ષ હિંકમારે તે ખોટું છે એમ બતાવ્યું.

ચિત્રોના માનની વાતમાં જાણવા જોગ એ છે કે કાથેલિક શ્રીસભાએ નિજેઆની અને પછી ત્રેંતની મંત્રીસભાઓમાં ચિત્રોને માન આપવાનો હુકમ આપ્યો નથી, પણ એકલો એવો ચૂકાદો જાહેર કર્યો છે કે ચિત્રોને માન આપવામાં, જો તે માન ચિત્રોને નહિ પણ જેનાં તે ચિત્રો છે તેમને થાય છે, તો કાંઇ હરકત નથી, અને મૂર્તિપૂજકોની મૂર્તિઓ નહિ રાખવાનો જે સખ્ત હુકમ જૂના કરારમાં પરમેશ્વરે આપેલો હતો, તે યેહુદીઓ હમેશાં મૂર્તિપૂજાના જોખમમાં હતા, તેમને લાગુ પડે છે. તે સિવાય બૈબલમાં ચિત્રો, કે પુતળાં વિષે મના કે હુકમ આપ્યાં નથી. સોળમા સૈકા એટલે બગાડના વખતમાં પાખંડી અને ઇકોનોકલાસ્તો એટલે ચિત્રોને તોડનારા ખ્રીસ્તી લોક બૈબલનું ખોટું ભાષાંતર કરીને જ્યાં બૈબલમાં ગ્રીક ભાષામાં ઐડોલોન એટલે પરમેશ્વર ગણાતી મૂર્તિ એવો શબ્દ લખેલો છે, ત્યાં ચિત્ર એવો શબ્દો વાપર્યો. હવે પરમેશ્વર ગણાતી મૂર્તિ અને ચિત્ર કે પુતળું તે બિલકૂલ જુદી જુદી ચીજો છે. ચિત્રો અને પુતળાં રાખવાનો રિવાજ માણસના સ્વભાવ પ્રમાણે છે, પણ જ્યાં મૂર્તિપૂજાનું જોખમ છે ત્યાં શ્રીસભા ચિત્રો અને પુતળાં રાખવાની મના કરી શકે.

૨ જો ભાગ: મધ્ય કાળ.

જર્મન લોકો પવિત્ર બોનીફાઝીયુસના ઉપદેશથી ખ્રીસ્તી થઇ ગયા ત્યારથી સોળમા સૈકામાં ખ્રીસ્તી મત લુટરે બગડયો ત્યાં સુધી.

૧. જર્મન, સ્લાવો અને હંગારી લોક ખ્રીસ્તી થયા.

રૈહન અને દન્યુબ નદીઓના કિનારાના દેશો પ્રેરિતોના શિષ્યોની મારફતે ખ્રીસ્તી થઈ ગયા. રોમી થાણુંઓમાં (કોલોનીયા અગ્રીપ્પીના, ઔગુસ્તા વિંદેલીકોરૂમ—આજ દીનમાં કોલોન અને ઔગ્સબુર્ગ) ઘણા ખ્રીસ્તીઓ ઘણું કરીને સિપાઇઓ હતા. (પવિત્ર મોરીઝીયુસ એક ખ્રીસ્તી પલટણનો કમાન હતો, જે પલટણનું નામ "થેબાના લેગીયો" હતું. જ્યારે આલ્પસ પર્વત થઇને ચાલ્યા પહેલાં, મક્ષીમીયાનુસ બાદશાહે તેને મૂર્તિઓને હવન કરવાનો હુકમ આપ્યો હતો, ત્યારે તેણે ના કહી, જે ઉપરથી મોરીઝીયુસ કમાન અને આખી ખ્રીસ્તી પલટણની કતલ બાદશાહના હુકમથી થઈ.)

ત્રીવસમાં ચોથા સૈકામાં પવિત્ર હેલેના, મોટા કોંસ્તંતીનુસની મા, પવિત્ર આથાનાસીયુસ, અલેકઝેન્દ્રીઆનો દેશ નિકાલ કરેલો પાટ્રીઆર્ખ, વગેરે ઘણા ખ્રીસ્તી લોક રહેતા હતા. જંગલી પ્રજાના પ્રવેશ પછી અંગ્રેજી અને ઐરીશ સુવાર્તિકોએ જર્મન લોકોમાં સુવાર્ત્તા પ્રગટ કરી, જે હેતુને વાસ્તે બાપાઓએ તેમને મોકલ્યા હતા. આજ દીનમાં પણ કાથેલિક પાદરી સાહેબને તે કામને વાસ્તે બાપાએ મોકલેલો છે. પવિત્ર ફ્રિડોલીને બુર્ગુંડ અને આલ્સાસમાં, રૈહન નદીના કીનારે અને સ્વિત્ઝરલંડમાં ઉપદેશ કર્યો. એમ કહે છે કે ઇ. સ. ૫૩૮ માં તે મરી ગયો. પવિત્ર કોલંબાનુસે બાર સાથીઓની સાથે પહેલાં ફ્રાંકોના રાજ્યમાં અને પછી સ્વિત્ઝરલંડના જ્યુરીખ પાસે સુવાર્ત્તા પ્રગટ કરી; ત્યાંથી તેને કાઢી મૂક્યો એટલે બોધાન સરોવરના કિનારે અબાન જઇને ત્યાં ગાલ્લુસ નામના એક સાક્ષીને મૂકી દીધો, કે જેણે સેંટ ગાલ્લ મઠવાસ સ્થાપ્યો. પવિત્ર રૂપેર્તુસે સાલ્સબુર્ગ પવિત્ર એમ્મેરાને રાતીસબોન્ન અને પવિત્ર કિલીયાને વિર્ત્સબુર્ગના ધર્માધ્યક્ષની ગાદીનું ઠેકાણું સ્થાપ્યું.

ઘણું કરીને પવિત્ર બોનીફાઝીયુસના ઉપદેશથી જર્મન લોક ખ્રીસ્તી થઇ ગયા. તેનું અસલનું નામ વિનફ્રીદ હતું. તે અંગ્રેજી

અમીર વંશનો હતો અને બેનેદિક્તોના મઠવાસમાં ઉછર્યો હતો. વિ-દ્દીબાર્ડ મઠાધ્યક્ષે તેને મિશયનરી તરીકે ફ્રીસલંડમાં મોકલ્યો, અને બાપા બીજા ગ્રેગોરીયુસે ઈ. સ. ૭૨૮ માં વિનફ્રીદને જર્મનીનો પ્રે-રિતો સંબંધી મીશયનરી તરીકે તેને બનાવ્યો. પહેલાં થયુરીંગીયામાં શ્રમ લીધા પછી બાપાએ તેને રોમ પાછો બોલાવી, ધર્માધ્યક્ષ બ-નાવ્યો અને બોનીફાજીયુસ એવું નામ તેને આપ્યું. જર્મનીમાં પાછા આવીને કુહાડીવડે એક ઓક નામનું દોનારદેવને અર્પણ કરેલું ઝાડ પાડીને તેના લાકડાનું પવિત્ર પેત્રુસના માનને વાસ્તે એક દેવળ બાંધ્યું. ઈંગ્લંડથી તેણે મઠવાસણ પવિત્ર કુમારીઓ થેકલા, લીયોબા અને વા-લબુર્ગીસને બોલાવી કે જેણીઓએ જર્મન દેશની કન્યાઓને કેળવણી આપવા માટે મઠવાસો સ્થાપ્યાં. પવિત્ર બુર્ખહાર્ડ, વીલ્લીબાલ્ડ અને વુનીબાલ્ડે બોનીફાજીયુસની સાથે પવિત્ર કામમાં ભાગ લીધો છે. બાપા ત્રીજા ગ્રેગોરીયુસે બોનીફાજીયુસને માયેન્જના મહા ધર્માધ્યક્ષ તરીકે નિમાવ્યો. તે હોદ્દા ઉપર બેસીને બોનીફાજીયુસે બીજા ધર્મા-ધ્યક્ષની ગાદીનાં ઠેકાણાં સ્થાપ્યાં. ૫૨ સાથીઓની સાથે ફ્રીસલંડમાં મૂર્તિપૂજકો, કે જેમની પાસે તેણે સુવાર્ત્તા પ્રગટ કરી છે, તેઓએ તેને મારી નાંખ્યો, જુનની ૫ મી તારીખે ઇ. સ. ૭૫૫.

યુરોપખંડના ઉત્તરમાં પવિત્ર અંસ્ગાર એક મોટા પ્રેરિત જેવો હતો. આશરે ઇ. સ. ૮૫૦ માં તેણે ખ્રીસ્તી મતનું બીજ રોપ્યું. કાનુત રાજાએ ડેનટમાર્કમાં અને રાજા ઓલોફે સ્વીદન અને પવિત્ર ઓલોફ રાજાએ નોરવેમાં ખ્રીસ્તી ધર્મ ફેલાવવાને માટે મોટો શ્રમ લીધો છે, આશરે ઇ. સ. ૯૦૦.

બાપા પહેલા મોટા નિકોલાઉસે (ઇ. સ. ૮૫૮–૮૬૭) માં પવિત્ર જીરીલ્લુસ અને મેથોડીયુસને સ્લાવોનીક પ્રજાઓ એટલે બોહીમીયો, પોલ્સ અને રશીયનોમાં સુવાર્ત્તા પ્રગટ કરવાને મોકલ્યા. બોર્જીવોઇ રાજા અને તેની પવિત્ર રાણી લુડમીલ્લાએ બોહીમીયામાં જર્મન સુવાર્ત્તિકોની મારફતે ખ્રીસ્તી મત સ્થાપ્યો. પ્રાગનો ધર્માધ્યક્ષ પવિત્ર આદલબેર્ત પ્રશીયાનો પ્રેરિત થઇ ગયો. આશરે ઇ. સ. ૧૦૦૦. આ વખતમાં પોલંડ ખ્રીસ્તી થઈ ગયું. હંગારીમાં પવિત્ર સ્તેફાનુસ રાજાએ તે દેશને ખ્રીસ્તી કરવા સારૂ શ્રમ લીધો છે, આશરે ઈ. સ. ૧૦૦૦. આ વખતે વલાડીમીર રાજાના રાજ્યમાં રશીયનોનો ગ્રીસભામાં અં-ગીકાર થયો.

૨. શ્રી સભાની માલમત્તા–બાપાનું સંસ્થાન.

અસલના બીશપનરો કે ઘણું કરીને મઠવાસીઓએ જંગલી પ્રજાના દેશોમાં જે પડત જમીન તેમણે ખરીદી હતી કે જે તેમને ભેટ તરીકે મળી હતી, તે ખેડી. રાજાઓએ તેઓને, તેઓ દયા, કેળવણી અને ધર્મનાં કામો કરી શકે તે વાસ્તે ભેટ તરીકે જમીન આપી હતી.

મંદિરો અને મઠવાસોની આસપાસ ઘણા લોકે વાસ લઇને પોતાને ધર્માધ્યક્ષો અને મઠાધ્યક્ષોના નરમ તાબા નીચે મૂક્યા. રાજાઓ તે વાતથી પ્રસન્ન થયા કેમકે તેથી રૈયત શાંત થાય છે અને કેળવણી લે છે, તે તેમને માલૂમ થયું. તેથી ધર્માધ્યક્ષો અને મઠાધ્યક્ષો રાજાઓના જમીનદારો જેવા થઇ ગયા.

પહેલા સૈકાથી બાપાઓને રોમમાં અને પાસેનાં ગામોમાં તવંગર ખ્રીસ્તીઓ પાસેથી બહુ જમીન ભેટને બદલે મળી હતી. સાતમા સૈકા સુધીમાં તે જમીનનો વિસ્તાર એટલો થઈ ગયો કે તેમાં મધ્ય ઇટાલીનો ભાગ માય. તે જમીનનું પવિત્ર પેત્રુસની માલમત્તા એવું નામ પડયું.

સાતમા સૈકા પછી બાદશાહોએ, જેઓ ઇટલી અને રોમના ઉપરના હકો મૂકી દઇને કોસ્તંતીનોપલમાં જઇને વસ્યા, તેમને જંગલી પ્રજાની લૂંટને સ્વાધિન કર્યા. તે સંકટમાં રૈયતે બાપાઓનું રક્ષણ માગ્યું. તે આપીને બાપાઓએ એક કરતાં વધારે વખત રોમ શહેર બચાવ્યું. એવી રીતે, જાણે પ્રજાએ પોતાની મેળે તેઓની ચૂંટણી કરી હોય તેમ તેઓ રાજાઓ જેવા થઇ ગયા. જ્યારે લોંગોબાર્ડીએ રોમને જીતી લેવાનો પ્રયત્ન કર્યો, અને પૂર્વરોમી બાદશાહોએ કશી મદદ ન આપી, ત્યારે બીજા સ્તેફાનુસ બાપાએ ફ્રાંકોના રાજા પીપીનની મદદ માગી કે જેણે આવીને લોંગોબાર્ડોને હરાવી રોમનો છૂટકો કર્યો. પીપીને પવિત્ર પેત્રુસની માલમત્તા બાપાને પાછી આપીને લોંગોબાર્ડોના હાથમાંથી છૂટા કરેલા રોમ શહેરની કુંચી પવિત્ર પેત્રુસની કબર ઉપર મૂકી. તેના પુત્ર મોટા કાર્લે એ વાત કબૂલ કરી. તે બાપાના સંસ્થાનનો આરંભ છે. તેથી બાપાઓને ચુંટણીની સ્વતંત્રતા તથા બધા ખ્રીસ્તીઓ ઉપરના અધિકારને માટે બહુ લાભ થયો.

પ્રજાઓને પણ મધ્ય કાળમાં શ્રીસભાની માલમત્તાથી બહુ

લાભ થયો; કેમકે તે માલમત્તાનો મોટો ભાગ એકલો કાથોલિક ધર્મ ચલાવવા નહિ, પણ સાર્વજનિક ભલું કરવા, દરિદ્રિઓને મદદ આપવા તથા પ્રાથમિક અને ઉંચી કેળવણી, અને હુનર કળાઓ ફેલાવવાને માટે શ્રીસભાએ વાપર્યો છે. ઉંચી કેળવણી ઘણું કરીને ફી વગરની હતી. ગરીબોને મદદ આપવા માટે સરકારે કર લીધો નથી.

એમ ધારવામાં આવે છે કે જે દસ્તાવેજ બાપાઓનું સંસ્થાન સાબિત કરવા માટે બનાવ્યો હતો, તે નવમા સૈકામાં એક ફ્રાંસના આદમીએ ઠગીને રચાવ્યો હતો. પણ તે દસ્તાવેજ જાણવામાં આવ્યા આગળ ઘણો વખત સુધી રોમ શહેર અને બીજી જગાઓ બાપાઓના તાબામાં હતી. તે દસ્તાવેજ " કોંસ્તંતીનુસનું નજરાણું " કહેવાય અને તે લખત પ્રમાણે કોંસ્તંતીનુસે જ્યારે રોમ મૂકી દઇને કોંસ્તંતીનોપલમાં પ્રવોસ કર્યો, ત્યારે રોમ અને કાંઈ ઇટાલીના પ્રાંતો ઉપરની સત્તા બાપાઓને આપી. પણ એવા દસ્તાવેજો વગર બાપાઓનું સંસ્થાન બાપાઓના હાથમાં હતું, અને એકલા બારમા સૈકાથી બાપાએ તે દસ્તાવેજની ભાગ્યેજ યાદ કરી છે. ઈ. સ. ૧૦૫૩ માં તે દસ્તાવેજ એકલા રોમમાં જણાયો છે.

પીપીનના દિકરા મોટા કાર્લે જર્મન દેશમાં ખ્રીસ્તીપણાનું અને એકસંપનું કામ પૂરૂં કર્યું. ત્રીસ વરસ સુધી તેણે સાક્ષનોની સાથે લડાઈ કરી અને તેઓને હરાવીને, તેઓ ખ્રીસ્તી થાય, એવી શરતે તેમની સાથે સલાહ કરી. જે કાયદા કાર્લે જાહેર કર્યા તેથી જર્મન પ્રજા સુધરેલી થઇ, માટે બહુ લાભ થયો. કાર્લે ધર્માધ્યક્ષો અને મઠાધ્યક્ષોને મંદિરો અને મઠવાસો પાસે નિશાળો સ્થાપવાનો હુકમ આપ્યો. સાધારણ કેળવણી સિવાય ત્યાં બૈબલનો ખુલાસો થાય એવો બંદોબસ્ત કાર્લે કરાવ્યો. તેણે પોતાના મહેલમાં વિદ્વાન અલ્કુઇન અને ઇતિહાસલેખક પૌલુસ વાર્નેક્રિદને બોલાવ્યા. કાર્લે લાટિન ભાષા સિવાય દેશી ભાષા ભણાવી, દેશી ગીતોનો સંગ્રહ કરાવ્યો, પવિત્ર ગીતો ગાવાનો સુધારો કરવા માટે રોમમાંથી ગાનારાઓને બોલાવ્યા. જે યાજકો થવાના હતા તેમને ગ્રેગોરીયુસની ગાવાની રીત શીખવવાનો હુકમ આપ્યો. લોકો દેવળમાં ગાવા મંડયા.

લગ્નની વાતમાં રોમી કાયદો ચાલવા લાગ્યો, ફારગતી આપવા વિષેનો નિયમ બેસાર્યો, યાજકે વરવહુને આશીર્વાદ આપવો જોઇતો હતો. યાજકોને બરાબર કેળવણી અપાય એવો હુકમ કાર્લે આપ્યો.

આત્મિક વાતોમાં, મોટા કાર્લે પોતાને બિલકુલ બાપાઓના તાબા તળે રાખ્યો અને તેઓના શત્રુઓ વિરૂદ્ધ કાર્લ બાપાઓનો રક્ષક થઇ ગયો. ત્રીજો લેઓ (ઈ. સ. ૭૯૫–૮૧૬) કાર્લનું રક્ષણ માગવા માટે પાદરબોર્ણ જર્મનીમાં ગયો. રોમમાં શાંતિ કરવા માટે કાર્લ ત્યાં જતો હતો, અને નાતાલના તહેવારે ઇ. સ. ૮૦૦ માં બાપા ત્રીજા લેઓએ કાર્લના માથા ઉપર બાદશાહતનો મુગટ મેલ્યો. જેનો લાભ રાજકીય અને ધર્મનો હતો. ખ્રીસ્તી રાજાઓએ રોમી બાદશાહને પોતાના ઉપરી તરીકે તથા શ્રીસભાએ તેને પોતાના રક્ષક તરીકે સ્વીકાર્યો, કે જેનું કામ ખ્રીસ્તી ધર્મ ફેલાવવાનું અને શ્રીસભાના ધર્માધ્યક્ષો ઇત્યાદિને રક્ષણ આપવાનું હતું. એવી રીતે પરમેશ્વરનું પૃથ્વી ઉપરનું રાજ્ય કે જેમાં બધા દેશોની પ્રજા એકઠી થાય છે તે પૂરૂં થયું. એક જ વખતે સંસારનાં કામોમાં જુદી પ્રજાની સ્વતંત્રતા રહી. બાદશાહ અને બાપાની વચ્ચે સખ્ત સંબંધ હતો, એટલે કાનુનો પ્રમાણે પસંદ કરેલા બાપાએ પેત્રુસના રાજ્યાસન ઉપર બેસવા આગળ બાદશાહ તે ચુંટણી સ્વીકારે, એવી બાદશાહને વિનતિ કરી, અને બીજી બાજુપર એકલા જે રાજાના માથાપર બાપાએ મુગટ મેલ્યો છે, તેને જ બાદશાહ તરીકે સ્વીકાર્યો છે.

મોટા કાર્લ કાંઈ બધી વાતોમાં નિષ્કલંક નહોતો. તેણે વર્દનમાં અલ્લર નદિને કીનારે ચાર હજાર સાક્ષનોની કતલ કરાવી. તે ક્રૂર સ્વભાવનો હતો, એમ કોઈએ લખ્યું છે. સ્ત્રીની વાતમાં કાર્લ પવિત્રતાથી બહુ દૂર હતો. જે બાયડી ખરી રાણી હતી તેને મૂકી દઇને તેણે અનેક લુંડીઓને રાખી હતી. સાક્રામન્તો લીધા પછી તે જાન્યુઆરીની ૨૮ મી તારીખે ઇ. સ. ૮૧૪ માં એક્ષલાશાપેલ શહેરમાં ૭૨ વરસની ઉમરે મરી ગયો.

જર્મન બાદશાહ ફ્રેદ્રીખ બાર્બારોસા એટલે લાલ દાઢીવાળાના હુકમથી એક પ્રતિબાપા ત્રીજા પસ્ખાલીસે મોટા કાર્લને પવિત્ર ગણ્યો, પણ શ્રીસભાએ તે સ્વીકાર્યું નથી.

૩. આઠમા સૈકાના મોટા બાપાઓ.

૧. પવિત્ર બીજો ગ્રેગોરીયસ (ઇ. સ. ૭૧૫–૭૩૧). લોંગોબાર્ડોનો રાજા લ્યુઇત્પ્રાંડ, કે જે ફોજ લઇને રોમના દરવાજા આગળ ઉભો રહ્યો હતો, તેણે તેના વિનતિને અનુસરીને સલાહ કરી. રાજાએ મુગટ અને તલવાર પવિત્ર પેત્રુસની કબરે ઉપર મૂકયાં. જે પત્ર તે

બાપાએ ચિત્રોના માનની બાબતમાં પૂર્વરોમી બાદશાહ લેઓ ઇસૌરીને લખ્યું હતું તે વિષે આગળ વાત થઇ છે. ઈંગ્લંડમાંના મર્ક્યાના રાજા ઇનાએ પવિત્ર પેત્રુસની કબર પાસે પ્રાર્થના કરવા માટે રોમ આવીને રોમમાં એક અંગ્રેજી નિશાળ સ્થાપી.

૨. પવિત્ર ત્રીજા ગ્રેગોરીયુસે (ઇ. સ. ૭૩૭–૭૪૧) પણ એક સખ્ત પત્ર ચિત્રોના માનની બાબતમાં પૂર્વરોમી બાદશાહને લખ્યું અને બહુ સારાં ચિત્રો પવિત્ર પેત્રુસના મંદિરમાં ચિતરવાનો હુકમ આપ્યો. જ્યારે લુઇત્પ્રાંડ રોમ આગળ દાખલ થયો, ત્યારે ગ્રેગોરીયુસે ફ્રાંકો લોકોના પ્રતિનિધિ કાર્લ માર્તેલને બોલાવ્યો. તે બાપાએ સર્વ પવિત્રોનો તહેવાર સ્થાપ્યો છે.

૩. બીજા સ્તેફાનુસે (ઇ. સ. ૭૫૨–૭૫૭) આલ્પ્સ પર્વતપર થઇને કાર્લ માર્તેલના દિકરા પીપીની મદદ લોંગોબાર્ડોના રાજા ઐસ્તુલ્ફ વિરૂદ્ધ માગી. પીપીને આવીને લોંગોબાર્ડોને હરાવ્યા, અને જે પ્રાંતો તેઓએ લીધા હતા તે પવિત્ર પેત્રુસને પાછા આપ્યા. જ્યારે બીજંતીનો એટલે પૂર્વરોમી બાદશાહે આ પ્રાંતનો દાવો કર્યો ત્યારે પીપીને એવો જવાબ આપ્યો કે: “ ફ્રાંકોએ પોતાનું લોહી તમારે વાસ્તે નહિ, પણ પવિત્ર પેત્રુસને વાસ્તે વહેવડાવ્યું છે.”

૪. પહેલો હાદ્રીયાનુસ (ઈ. સ. ૭૭૨–૭૯૫). એના રાજ્યમાં બાપાઓના સંસ્થાનનો વિસ્તાર વધ્યો અને તેના હકો મોટા કાર્લે કબૂલ કર્યા. કાર્લે લોંગોબાર્ડોના રાજ્યનો અંત આણ્યો. હાદ્રીયાનુસે બીજી નિર્જેઆની મંત્રીસભામાં (ઈ. સ. ૭૮૭) એલચીઓ મોકલ્યા હતા.

૫. પવિત્ર ત્રીજા લેઓની વાત (ઇ. સ. ૭૯૫–૮૧૬) આગળ જ્યારે મોટા કાર્લની વાત કહી છે ત્યારે થઈ છે. ત્રીજો લેઓ બે વાર જર્મનીમાં ગયો હતો. તેણે એક્ષલાશાપેલનું મંદિર જે મોટા કાર્લે બાંધ્યું હતું, તેને આશીર્વાદિત કર્યું.

૪. જર્મનીમાંની ઘ્રીસભાનો અંદરનો વિકાસ.

૧. ધર્માધ્યક્ષોના હાથમાં વિસ્તીર્ણ પ્રાંતો હતા, જેથી તેઓ રાજા થઈ ગયા. તેઓમાંથી અને વિદ્વાન યાજકોમાંથી બાદશાહોએ પોતાના પ્રધાનો ચુંટી કાઢ્યા હતા. તે વખતે એકલા શૂરવીરોને માન હતું, તેને વાસ્તે ધર્માધ્યક્ષોએ લડાઇઓમાં ભાગ લીધો છે. પરવશ

જાલોના લોકો જ્યારે મઠવાસીઓ અને યાજકો થઈ ગયા, ત્યારે તેઓને છૂટાપણું મળ્યું.

૨. ધર્માધ્યક્ષોના મંદિરવાળા, જેમનું નામ કાનોનીકો હતું, તેમણે ધર્માધ્યક્ષને પસંદ કર્યો અને તેને સલાહ આપી. કાનોનીકોને ધર્માદાય મળી, પણ તેઓની મુકરર કરેલા વખતે મંદિરમાં પ્રાર્થના કરવાની ફરજ હતી, તેથી તેઓનું નામ કાનોનીકો હતું. (કાનુન એટલે નિયમ). બાદશાહોએ ધર્માધ્યક્ષોની ચુંટણીમાં બહુ દબાણ કર્યું.

૩. ધર્માધ્યક્ષોનું સ્થળ ઉંચી નિશાળનું સ્થળ હતું અને કાનોનીકોમાંનો એક નિશાળોનો પ્રિન્સિપાલ થઈ ગયો. મઠવાસો પાસે પણ ઉંચી નિશાળો હતી, તેમાં બેનેદિક્તોની નિશાળો પ્રખ્યાત થઇ ગઇ. મોટા કાર્લે તેઓને બહુ મદદ આપી. ઔગુસ્તીનીઓને પણ ઘણી નિશાળો હતી. તે વખતમાં એકાંતવાસીઓ પણ હતા. જેમકે પવિત્ર મૈનરાડ (૮૬૧); એકાંતવાસી બાયડીઓ, જેમકે પવિત્ર કુમારી વાલરાડા, કે જેણે પવિત્ર જુવાન ઉદાલરીખને બહુ સારી સલાહ આપી. તે જુવાન પછી ઔગસબુર્ગનો ધર્માધ્યક્ષ થઈ ગયો છે.

૪. મઠવાસોના પાદરીઓ અને માદરીઓ ઘણો વખત ઉંચી પદવીના કુટુંબનાં હતાં, અને જે માલમત્તા તેઓએ મઠવાસોને આપી તેથી તે બહુ તવંગર થઇ ગયા. મધ્યકાળના અંતના વખતમાં યાજકો અને મઠવાસીઓની એક મોટી સંખ્યા એવાં કુટુંબની હતી, કે જેઓ પરમેશ્વરે બોલાવ્યા વગર ઉંચા હોદ્દા ઉપર બેસીને નાલાયક રીતે વર્ત્યાં. તે સોળમા સૈકાના બગાડનું એક કારણ હતું. અમીરોએ પોતાના તાબાનાં ગામોમાં જે દેવળો હતાં, તેઓને બહુ માલમત્તા આપી. તેથી તેઓને યાજકોને નિમવાનો હક મળ્યો હતો, જેથી તેઓએ નાલાયક યાજકોને આ જગ્યા ઉપર બેસાર્યા.

૫. જેઓ યાજકો ન હતા, તેઓએ નિદાન “હે અમારા બાપ” અને પ્રેરિતોનો મત જાણવો જોઇતો હતો. યાજકોએ ઘણું કરીને પવિત્ર ગ્રેગોરીયુસનાં પુસ્તકોમાંથી ઉપદેશ કર્યો. મૂર્તિપૂજકોના રિવાજને બદલે ખ્રીસ્તી રીતિઓ સ્થાપી, અથવા જો તેને કાયમ રાખ્યો તો ખ્રીસ્તી અર્થ આપ્યો, જેમકે આજસુધી ખ્રીસ્તી દેશોમાં જે હોળી આગળ બાપદાદાઓના વખતમાં ચાલી, તે આજ પાસ્ખા વખતે કે કોઈ પવિત્રને માન આપવા માટે ચાલે છે. આશીર્વાદ આપવા માટે

મૂર્તિપૂજકોના ગુરૂને બદલે ખ્રીસ્તી યાજકને બોલાવ્યો. ખરી વાત એવી છે કે શ્રીસભાએ ઘણા વખત સુધી જે મૂર્તિપૂજકો ખ્રીસ્તી લોકમાં આવ્યા, તેમના રિવાજ વિરૂદ્ધ લડાઈ કરી હતી, જેમકે એક માણસ નિર્દોષ છે તે તેણે આગ કે પાણીની પરીક્ષામાં સાબિત કરવું જોઇએ એવો રિવાજ ઘણા વખત સુધી ચાલ્યો હતો.

૬. અગીયારમા સૈકાથી સાત રોમના આસપાસનાં ગામોના ધર્માધ્યક્ષોને, અઠાવીશ રોમનાં દેવળોના મુખ્ય યાજકોને અને રોમના અઢાર દીયાકોનોને " કાર્ડીનાલો " એવું નામ અનેક હક્કોની સાથે મળ્યું. તેમને બાપાની ચુંટણી કરવાનો હક્ક હતો.

૫. મોટાં તોફાનો: બાપા પહેલા નીકોલાઉસના વખતથી નવમા લેઓના વખત સુધી.

બાપા પહેલા નીકોલાઉસે (ઇ. સ. ૮૫૭–૮૬૭) પવિત્ર અંસ્ગારના ઉત્તરમાંના ઉપદેશનાં પરિણામો અને પવિત્ર જીરીલ્લુસ તથા મેથોડીયુસનાં સ્લાવોનીક પ્રજામાંનાં પરિણામો જોયાં. પણ તેના રાજ્યમાં કોંસ્તંતીનોપલના પાટ્રીયાર્ખે ફોતીયુસે પૂર્વની શ્રીસભાને રોમથી જૂદી કરવાનો પ્રયત્ન કર્યો.

આ ફાટફૂટ પ્રજાના સ્વભાવ અને રિવાજોના ફેરફારથી, ઘણા કોંસ્તંતીનોપલના પાટ્રીઆર્ખો, જેમના તાબામાં ધર્માધ્યક્ષો હમેશ તૈયાર હથિયારો હતા, તેમની મહત્ત્વ કાંક્ષાથી ઘણા વખતથી તૈયાર કરવામાં આવી હતી. બીજી ત્રુલ્લાની કહેવાતી સભામાં ઇ. સ. ૬૯૨ માં ઇટાલીમાંના રોમ વિરૂદ્ધનું વલણ જાહેર થયું કે જે રાજકીય ફેરફારોથી, ઘણું કરીને બાપાના સંસ્થાન સ્થાપ્યાથી વધ્યું. ચિત્રોના માન વિષેની તકરારથી પૂર્વ શ્રીસભાનું મન બાપાથી અલગ થયું. સારા પાટ્રીયાર્ખે ઇગ્નાજીયુસને, બાદશાહ ત્રીજા મીખાયેલ કે જેણે હમેશાં છાકટો થતાં પોતાના કાકા બાર્દેસને રાજ્ય સોંપ્યું હતું, તેના રાજ્યમાં દેશનિકાલ કર્યો અને તેને બદલે માનાભિલાષી ફોતીયુસને પાટ્રીયાર્ખના હોદ્દા ઉપર બેસાર્યો. રાજ્યકર્ત્તા લોક તેના પક્ષમાં અને પ્રજાના લોક ઇગ્નાજીયુસના પક્ષમાં હતા. ફોતીયુસે બાપા પહેલા નીકોલાઉસની મદદ માગી કે જેણે એલચીઓને કોંસ્તંતીનોપલ મોકલ્યા. પણ તેમણે ફોતીયુસનો પક્ષ લઇને ઇગ્નાજીયુસને કાઢી મૂકયો. ઇગ્નાજીયુસ બાપાના રક્ષણ તળે ગયો. બાપાએ એલચીઓ અને ફોતીયુ-

સને બરતરફ કર્યા. ફોતીયુસે ઘણું કરીને કેદોમાંના વધારા "ફીલીયોક્વે" ને વાસ્તે રોમ ઉપર પાખંડી મતનું તહોમત મૂક્યું. બીજા બાદશાહે રાજ્યાસન ઉપર બેસીને ફોતીયુસને કાઢી મૂકયો. ઘણી ઉથલપાથલો પછી બાપા બીજા હાદ્રીયાનુસે ત્રણ એલચીઓને મોકલ્યા કે જેઓએ

આઠમી સામાન્ય શ્રીસભાની મંત્રીસભા જે કોંસ્તંતીનોપલમાં એકઠી થઈ, તેમાં (ઇ. સ. ૮૬૯) પ્રમુખસ્થાન લીધું છે. તેમાં ફોતીયુસને કાઢી મૂકીને ઇગ્નાજીયુસને પાછો પાટ્રીયાર્ખાસને બેસાર્યો છે. તેના મરણ પછી ફોતીયુસે ફરીથી પાટ્રીયાર્ખાસન ઉપર બેસી જઇ બાપા આઠમા યોહાન્નને ઠગીને તેની પાસેથી સ્વીકાર મેળવ્યો છે. ફોતીયુસે બાદશાહના મોત પછી મઠવાસમાં પ્રવેશ કર્યો હતો, જ્યાં તે મરી ગયો.

બાપા નવમા લેઓના રાજ્યમાં જેરૂલારીયુસ પાટ્રીયાર્ખે શ્રીસભાને રોમથી નકામાં બ્હાનાં કાઢીને ઇ. સ. ૧૦૫૪ માં જૂદી કરી. તે બ્હાનાં એવાં હતાં કે લાટિનો શનિવારે ઉપવાસ કરે છે, જનાવરોનું લોહી પીએ છે, ગુંગળાવેલાં જનાવરોનું માંસ ખાય છે, કવારેસમા વખતે "અલ્લેલુયા" ગાતા નથી, અને મિસને વખતે ખમીર વગરની રોટલી વાપરે છે.

બાપાના એલચીઓ સોફીયાના મંદિરની વેદી ઉપર શ્રીસભામાંથી કાઢી મૂકનાર પત્ર મૂકીને જતા રહ્યા.

રશિયાને કોંસ્તંતીનોપલમાંથી ધર્માધ્યક્ષો મળ્યાથી તે દેશ થોડા વખતમાં ગ્રીક ફાટફૂટમાં સામેલ થયો.

૬. શ્રીસભામાંની ખરાબીઓ; માઠી હાલત.

શ્રીસભા પવિત્ર છે, તેનો મત અચૂક છે, તેનાં સાક્રામેન્ત પવિત્ર અને પવિત્ર કરનારા ઉપાયો છે અને જે લોક તેના મત અને આજ્ઞાઓ પ્રમાણે ચાલે છે અને તેના સાક્રામેન્તો બરાબર વાપરે છે તે પવિત્ર થાય છે, અને એવા હજારો શ્રીસભામાં પવિત્ર થયા. પણ શ્રીસભામાં ખરાબી થવા પામી તે શ્રીસભાને નહિ, પરંતુ જે પાપી માણસો તેમાં હતા તેઓને આરોપવી જોઇએ. તે ખરાબીઓ એવી હતી કેઃ—

૧. સીમોની એટલે યાજકો કે ધર્માધ્યક્ષો કે બીજા કોઈ શ્રીસ-

બામાંના હોદ્દા કે ધર્મ સંબંધી ચીજોનું વેચાણ. તે પાપનું નામ સીમોન માગુસ એટલે જાદુગરથી થયું કે જે પવિત્ર પેત્રુસને, ચમત્કારો કરવાની શક્તિ મેળવવાને પૈસા આપવાને તૈયાર હતો (પ્રે. કૃ. ૮).

૨. ઘણા યાજકોએ સ્ત્રીને રાખી. બાપા નવમા લેઓએ બે પ્રતિનિધિઓને એટલે કલીનીના મઠાધ્યક્ષ પવિત્ર પેત્રુસ દામીયાની અને દીયાકોનુસ હીલ્દેબ્રંડને ફ્રાંસ, ઇટાલી અને જર્મનીનાં જૂદાં જૂદાં સ્થળોએ ધર્માધ્યક્ષોને સભાઓમાં એકઠા કરવા અને તેઓને ઉપર કહેલી ખરાબીઓને કાઢવાનો હુકમ આપવા માટે મોકલ્યા છે. તે સભાઓમાં તે બે ખરાબીઓ વિરૂદ્ધના સખ્ત કાયદાઓ રચ્યા છે. જર્મનીમાં પણ તે કાયદાઓ જાહેર થયા, પણ જે દુષ્ટ હાલત ત્યાં ચોથા હેનરીના રાજ્યમાં હતી, તેને લીધે તેઓને બહુ હરકત નડી છે. બીજાં સ્થળોએ પવિત્ર રોમુઆલ્ડે સ્થાપેલા કમાલ્ડોલીના અને વાલઉંબ્રોસના જેવા મઠવાસો કે જે વિદ્વત્તા અને પવિત્રતાનાં ઘરો હતાં તેઓએ યાજકો અને પ્રજાના સુધારાને વાસ્તે બહુ સારી અસર કરી. પણ જર્મનીમાં સુધારાનું કામ ધીમે ધીમે ચાલ્યું, કેમકે ત્યાં સાધારણ માણસો કે જે યાજકો ન હતા, તેઓ મઠાધ્યક્ષો તરીકે ઠર્યા, એટલે બાદશાહ અને રાજાઓએ જે માણસો ઉપર પોતાની મહેરબાની હતી, તેમને મઠાધ્યક્ષો તરીકે ઠરાવ્યા, જેમની નાલાયક વર્તણુકથી મઠવાસોનો સાંસારિક અને આત્મિક રીતે નાશ થયો.

૩. ધર્માધ્યક્ષોના અને યાજકોના હોદ્દા ઉપર બાદશાહ, રાજાઓ અને અમીરોએ પોતાને પસંદ હતા તેવા આદમીઓને બેસાર્યા.

આ ત્રણ ખરાબીઓ વિરૂદ્ધ મુખ્ય લડાઈકરનાર હીલ્દેબ્રંડ હતો જેણે (ઇ. સ. ૧૦૭૩) બાપાના રાજ્યાસન ઉપર બેસીને " સાતમો ગ્રેગોરીયુસ " એવું નામ ધારણ કર્યું છે.

૭. સાતમો ગ્રેગોરીયુસ (ઇ. સ. ૧૦૭૩—૧૦૮૫).

પહેલું પગલું તેણે એવું ભર્યું કે, યાજકોને સ્ત્રી ન રાખવાનો, સીમોની ન કરવાનો અને શ્રીસભાનો હોદ્દો પ્રાપંચિક હાથોમાંથી ન લેવાનો સખ્ત હુકમ કર્યો. જેમણે પોતાનો હોદ્દો સીમોની મારફતે લીધો હતો અને સ્ત્રીને રાખી હતી, તેમને બરતરફ ઠરાવીને, તેમને સાક્રામેન્તો આપવાની તથા પ્રજાને તેમની પાસેથી તે લેવાની મના કરી. ખરાબ યાજકો અથવા

જે પ્રજાએ સીમોની કરીને પૈસો મેળવ્યો હતો, તેમના વાંધાની બાપાને બિક લાગી નહિ. તેણે સખ્ત મન રાખીને પરમેશ્વર અને શ્રીસભાની પ્રીતિથી ભરેલો સુધારો પૂરો કર્યો, જે કામમાં તેને પ્રજા તથા યાજકોમાં જેઓ સારા હતા તેમણે મદદ કરી. બાપાનો મોટામાં મોટો શત્રુ જર્મનીનો રાજા ચોથો હેનરી હતો, કે જેણે ખરાબ સલાહ આપનારાઓ અને રાંડોના તાબામાં રહી શ્રીસભાના ધર્માદાયના વેચાણથી વ્યસની વર્તણુક ચલાવવાનો લાભ લીધો છે. પહેલાં બાપાએ તેને મિત્ર તરીકે ચેતવણી આપી, પણ જ્યારે તે નિષ્ફળ નિવડી ત્યારે ઇ. સ. ૧૦૭૫ માં બાપાએ સાંસારિક લોકને યાજક, મહાધ્યક્ષ અને ધર્માધ્યક્ષના હોદ્દાની નિશાની આપવાની મના કરી, કેમકે તે સીમોનીની મુખ્ય તક હતી. રાજાઓ કે અમીરો ધર્માધ્યક્ષો અને યાજકોની ચુંટણીમાં બિલકુલ ભાગ ન લે, એવો બાપાનો હેતુ ન હતો.

રાજાએ પોતાના ધર્માધ્યક્ષોને વેર્મસમાં એકઠા કરી બાપાને કાઢી મૂકવાનો હુકમ આપ્યો. એક યાજક રોલંડને રોમ મોકલ્યો. તેણે એક સભામાં રાજાનું પત્ર વાંચ્યું, જેમાં શરૂઆતમાં એવું વાંચવામાં આવ્યું કેઃ "તારા ગેરહકના રાજ્યાસનથી ઉતરી આવ." તે પછી ઇ. સ. ૧૦૭૬ માં બાપાએ રાજાને શ્રીસભામાંથી કાઢી મુકયો, તેથી આ વખતના રિવાજ પ્રમાણે સબ રાજ્યનો અધિકાર રાજા પાસેથી જતો રહ્યો, કેમકે કોઇ ખ્રીસ્તીએ શ્રીસભામાંથી કાઢી મૂકેલા સાથે વહિવટ ન કરવો એવો નિયમ તે વખતમાં ચાલ્યો.

સાંસારિક બાદશાહતના અમીરો બાપાના પક્ષમાં હતા. ત્રીબુરમાં એકઠા થએલા તેઓએ રાજાને ઔગ્સબુર્ગમાં બાપાની સંમુખ દાખલ થવાનો હુકમ આપ્યો, અને જો એક વરસમાં શ્રીસભામાંથી કાઢી મૂકવાનો ઇરાદો રદ નહિ થશે તો અમે નવાને ચુંટી લઇશું, એવો કાદો તેઓએ કર્યો.

આ સંકટમાં રાજાએ બાપાની મદદ માગી. શિયાળામાં બાપાએ ઔગ્સબુર્ગ જતાં કાનોસ્સામાં કૌન્ટેસ માથીલ્ડેની પરોણાચાકરી ભોગવી હતી, ત્યાં જઇને હેનરીએ કાનોસ્સાના કીલ્લા આગળ ત્રણ દિવસનું પ્રાયશ્ચિત કર્યું. તે પછી બાપાએ તેને એવી શરતે મોક્ષ આપ્યું કે જે ફરમાશ ઔગ્સબુર્ગમાં એકઠા થએલા અમીરો હેનરીને આપે તે અમલમાં લાવે.

હેનરીએ તેમ કરવાનું વચન આપ્યું. માથીલ્ડે એક પરાક્રમી કુમારી કે જે મઠવાસણુ માદરીની માફક વર્તતી હતી, તેણે પોતાના સગા હેનરીને વાસ્તે બાપાની પાસે વિનતિ કરી. એક કલીનીનો મહાધ્યક્ષ હુગો, જે તે વખતમાં કાનોસ્સામાં હતો, તેણે હેનરીના ધર્મપિતા થતાં એમજ કર્યું. વોર્મસની સભાના ધર્માધ્યક્ષો શ્રીસભાનું પ્રાયશ્ચિત કરવા અને મોક્ષ મેળવવા માટે કાનોસ્સે જઇને, તે મેળવ્યા પછી પસ્તાવો કરતા પાછા જર્મનીમાં ગયા.

હેનરીએ પોતાનું વચન પાળ્યું નથી. ઇટાલીના ઉમરાવોની એક સંખ્યા તેના પક્ષમાં હતી. બાપા ગ્રેગોરીયુસને પોતાના કીલ્લા સાંત-આંજેલોમાં નાસી જવું પડયું. હેનરીએ રોમ શહેર ઘેરી લઇને એક પ્રતિબાપાને પસંદ કર્યો, જેના હાથથી તેને બાદશાહનો મુગટ મળ્યો. હવે નેપલ્સથી નોરમાનો બાપાની મદદે આવ્યા. પણ પોતાના રિવાજ પ્રમાણે અર્ધા રોમનો નાશ કર્યો. બાપા ભાંગેલા હૃદયે નોરમાનોના રક્ષણ તળે સલેર્ન જઇને દાઉદના એવા શબ્દો બોલતાં મરી ગયો કેઃ " મેં ન્યાયનો પ્રેમ અને ભુંડાઇનો દ્વેષ કર્યો છે. " તારીખ ૨૫ મી મે ઈ. સ. ૧૦૮૫.

એટલામાં બાદશાહતની ધૂળધાણી લૌકિક લડાઇથી થઈ જેમાં હેનરી હાર્યો. તેના પુત્રોએ તેની વિરૂદ્ધ બળવો કર્યો. તેની રાણીએ તેને છોડી દીધો. બધાથી તજાએલો તે ઇ. સ. ૧૧૦૬માં મરી ગયો. તેના મરણ પછી બાપાએ તેને મોક્ષ આપ્યું અને તે પછી તેણે સ્પૈરનું મંદિર બાંધ્યું હતું ત્યાં તેને દાટયો છે.

બાપા ગ્રેગોરીયુસનો ન્યાય બરાબર કરવા માટે એમ માનવું ન જોઇએ કે બાપાએ બધા રાજાઓને પોતાના જાગીરદાર તરીકે ગણ્યા હોય. કેટલાકને ખાસ કારણોથી એમ ગણ્યા હતા. બીજી બાજુએ બાપાએ બધા રાજા અને પ્રજા શ્રીસભાના આત્મિક અમલમાં આવે એવી માગણી કરી હતી. સઘળાએ યેસુ ખ્રીસ્તનું રાજ્ય સ્વીકારીને શ્રીસભાને દાસી જેવી ગણવી નહિ.

રાજાના પ્રાયશ્ચિત્ત તમાસાની અતિશયોક્તિ ઘણો વખત કરી છે. તેણે પ્રાયશ્ચિત્તનું ખમીસ બીજાં લૂગડાં ઉપર પહેર્યું હતું. રાજા ત્રણ દિવસ અને ત્રણ રાત ઉભો રહ્યો નથી, પણ સાંજરે પોતાના મુકામમાં જતો. પ્રાશ્ચિત કરવું પણ રાજાઓને વાસ્તે શરમ ભરેલું

નથી. રાજાએ પ્રાયશ્ચિત્ત કર્યાથી નહિ, પણ આગળની શરમ ભરેલી વર્તણુકથી પોતાના માથા ઉપર બધું લીધું છે.

શ્રીસભાના હોદ્દાની નિશાનીઓની તકરાર બીજા પાસ્ખાલીસ બાપા અને પાંચમા હેનરી વચ્ચે ચાલી હતી, પણ બીજા કાલીક્ષતુસ બાપાના રાજ્યમાં વોર્મસના કોલકરારથી ઈ. સ. ૧૧૨૩ માં બંધ થઈ. હેનરીએ વિંટી અને કાઠી હોદ્દાની નિશાની તરીકે આપવાનો ખોટો દાવો મૂકી દીધો, અને બાપાએ બાદશાહને જર્મન ધર્માધ્યક્ષોની ચુંટણીને વાસ્તે પ્રધાનોને મોકલવાનો અને ધર્માધ્યક્ષોને સાંસારિક રાજ્યની નિશાની તરીકે રાજદંડ આપવાનો હક આપ્યો. આ કોલકરાર બાપા અને બાદશાહની વચ્ચે પહેલો હતો અને

૮. **નવમી સામાન્ય શ્રીસભાની મંત્રી સભાએ (લાટેરાનમાંની પહેલી)** ઇ. સ. ૧૧૨૩ માં કબુલ કરેલો હતો. તેથી ઉપર કહેલી તકરાર બંધ થઇ ખરી, પણ સાંસારિક આધકાર શ્રીસભાના હકોમાં ઘુસવું એ કામ બંધ નથી થયું.

ઈ. સ. ૧૧૧૫ માં ટોસ્કાનાની કૌન્ટેસ માથીલ્ડે મરી ગઇ છે. તેણીએ પોતાનો દેશ બાપાને આપ્યો, જેથી બાદશાહે ગુસ્સે થઇને પોતાનું લશ્કર રોમમાં દાખલ કર્યું, જ્યાંથી બાપાને નાસી જવું પડયું.

૯. ક્રુસેદસ.

ક્રુસેદસ શૂરવીરોની લડાઇઓ હતી. તેમનો હેતુ પવિત્ર દેશ કે પાલેસ્તૈન અને યેરૂસાલેમની પવિત્ર કબર મુસલમાનોના હાથમાંથી છૂટી કરવાનો હતો. ક્રુસેદનું નામ, જે ક્રુસ તે શૂરવીરોએ પોતાના હેતુની નિશાની તરીકે છાતી ઉપર રાખ્યું છે, તેથી પડયું છે.

આરંભથી પવિત્ર દેશ અને ઘણું કરીને પવિત્ર કબર ખ્રીસ્તી જાત્રાળુઓનાં તીર્થ થઇ ગયાં હતાં. જ્યાં સુધી તે આરબીઓના તાબામાં હતાં ત્યાં સુધી જાત્રાળુઓ પાસેથી ફોકટનો કર લીધો છે, પણ જ્યારે યેરૂસાલેમ તુર્કોના તાબામાં આવ્યું ત્યારે તેઓ દુષ્ટ રીતે જાત્રાળુઓની સાથે વર્ત્યા. અમીએનવાળો પેત્રુસ નામનો એક એકાંતવાસી તે કામનો સાક્ષ હતો. તેણે ઘેર આવીને બધે ફરીને પશ્ચિમના ખ્રીસ્તીઓને એ વાત કહી સંભળાવી. તે ઉપરથી બાપા બીજા ઉર્બાનુસે ખ્રીસ્તીઓની એક સભા ફ્રાંસના કલેરમોંતમાં ઇ. સ. ૧૦૯૫ માં એકઠી કરીને યુરોપના શૂરવીરોને પવિત્ર કબર જીતી લે-

વાની ભલામણ કરી. "તે પરમેશ્વરની ઇચ્છા છે, પરમેશ્વરની ઇચ્છા છે," એવા બાપાના શબ્દો ખ્રીસ્તી રાજા અને પ્રજાના પડઘા જેવા થયા.

હવેથી ક્રુસેદસ શરૂ થયાં. છાતી ઉપર એક લાલ ક્રુસ રાખીને યુરોપના બધા દેશના શૂરવીરો એકઠા થઇને કોઇ જમીન રસ્તે તથા બીજા સમુદ્રપર થઇને પાલેસ્તૈન તરફ ચાલ્યા. ઈ. સ. ૧૦૯૭ માં બુલ્લીયોનોના ગોદફ્રેદ નામના એક ફ્રાંસના શૂરવીરે સખ્ત લડાઇ પછી યેરૂસાલેમ જીતી લીધું. જે યેરૂસાલેમનું રાજ્ય તેણે સ્થાપ્યું તે શત્રુઓનું વેર છતાં આશરે એક સો વરસ સુધી ટક્યું. પલેસ્તૈનમાં મઠવાસો સ્થાપ્યાં અને સઘળી પવિત્ર જગાઓમાં, એટલે નાઝારેત અને બેથલેહેમમાં અને યેરૂસાલેમમાં પવિત્ર કબર ઉપર દેવળો અને મંદિરો બાંધ્યાં.

પવિત્ર દેશ જીતી લેવા અને રાખવા માટે જે લડાઇઓ થઈ હતી, તેને વાસ્તે લશ્કર મંડળો ઉત્પન્ન થયાં, જેનાં અવયવો એક જ વખતે સિપાઇઓ અને મઠવાસીઓ હતા. તે મંડળોના શૂરવીરોએ ત્રણ સાધારણ માનતા ઉપરાંત એક ચોથી લીધી છે, એટલે "અમે ખ્રીસ્તી નામના શત્રુઓ વિરૂદ્ધ લડાઇ કરવા હમેશાં તૈયાર છીએ."

આ મંડળોની ત્રણ જાતો હતી, એટલે

૧. યોહાન્નના શૂરવીરો. તે મંડળ ઇ. સ. ૧૦૯૯ માં સ્થાપ્યું હતું. તેના શૂરવીરોના કાળા ઝભ્ભા ઉપર એક ધોળું ક્રુસ હતું. યેરૂસાલેમ ફરીથી મુસલમાનોના હાથોમાં પડયા પછી, તેઓ રહોદુસ બેટમાં અને આખરે માલ્ટા બેટમાં રહ્યા, જેથી તેઓનું માલ્ટેસ શૂરવીરો એવું નામ પડયું.

૨. તેંપ્લર એટલે મંદિરના શૂરવીરો. તેઓએ ઈ. સ. ૧૧૧૮ માં પોતાનો મઠવાસ સુલેમાન કે સાલોમાનના મંદિરની ભોંય ઉપર સ્થાપ્યો, તેથી તેમનું મંદિરના શૂરવીરો એવું નામ પડયું. તેઓના ધોળા ઝભ્ભા ઉપર એક લાલ ક્રુસ હતું. ઇ. સ. ૧૩૧૧ માં વિએન્નની સામાન્ય મંત્રીસભામાં ફ્રાંસના રાજા ફીલ્લીપ્પુસ સુંદ્રે ઉશ્કેર્યાથી બાપા પાંચમા કલેમેન્સે તે મંડળ કાઢયું.

૩. જર્મન શૂરવીરો. તેઓના ધોળા ઝભ્ભા ઉપર કાળું ક્રુસ હતું. ઇ. સ. ૧૨૨૬ માં પાલેસ્તૈનથી તેઓ પ્રુસ્સીયા દેશમાં ગયા

કે જે તે વખતમાં એક મૂર્તિપૂજકોનો દેશ હતો અને જેને તેમણે જીતી લઇને ખ્રીસ્તી બનાવ્યો.

આ ત્રણ મંડળોનાં અવયવોમાં ઘણું કરીને યાજકો ન હતા; અને દરદીઓની આસનાવાસના માટે તેઓની પાસે "ભાઇઓ" હતા. થોડા વખત પછી તે મંડળોને પશ્ચિમમાં વિસ્તીર્ણ જમીનો મળી છે.

ક્રુસેદસ એવાં સાત હતાં કે

૧ લું ગોદેફ્રેદ દે બુલ્લીયોનની સરદારી નીચે જે થયું તે. તેની વાત ઉપર કહી છે.

૨ જું જર્મન બાદશાહ ત્રીજા કોન્રાડ અને ફ્રાંસના રાજા સાતમા લુઇયસની સરદારી નીચે, ઇ. સ. ૧૧૪૭. પવિત્ર બેર્નહાર્ડે ઉપદેશ કર્યાથી તે થયું હતું.

૩ જું જર્મન બાદશાહ ફ્રેદ્રિક બાર્બારોસ્સા એટલે લાલ દાઢીવાળાની સરદારી નીચે ઇ. સ. ૧૧૮૯. તેણે એક ભયંકર તુર્ખોની ફોજને હરાવી હતી. પણ જ્યારે જીલીજીયામાં ઘોડા ઉપર બેસીને કાલીકાડનુસ નદીમાં થઇને તેને પેલે પાર જતો હતો, ત્યારે તે એકદમ મરી ગયો. ફ્રાંસના રાજા ફીલીપ્પુસ ઔગુસ્તુસે અને ઇંગ્લંડના રાજા રિચર્ડ "સિંહ હૃદયે" સાલઅદીન સુલતાન વિરૂદ્ધની ક્રુસેદ કર્યા કર્યું, કેમકે સાલઅદીને ઇ. સ. ૧૧૮૭ માં યેરૂસાલેમ ફરીથી જીતી લીધું હતું. જે તકરારો સરદારોની વચમાં ઉઠી, તેથી લડાઇનું પરિણામ કશું આવ્યું નહિ; તે એટલું કે આકર (પ્રોલમાઇસ) શહેર તેમણે ઇ. સ. ૧૧૯૧ માં જીતી લીધું, આખ્ખોન કબજે લીધું અને જર્મન શૂરવીરોનું મંડળ સ્થાપ્યું.

૪ થું ક્રુસેદ બાપા ત્રીજા ઇન્નોજેન્જીયુસે ઉઠાવ્યું અને ફ્લોંડર્સના બાલ્દુઇને દોરાવ્યું. પણ તેનો હેતુ ચૂકી ગયો, કેમકે વેનીજીઓને વાસ્તે જમીનો કબજે લીધી, કોંસ્તંતીનોપલ જીતી લીધું અને ત્યાં ઈ. સ. ૧૨૦૩ માં લાટીન બાદશાહત સ્થાપી, જે ઈ. સ. ૧૨૬૧ સુધી ટકી. એક લાટીન પાત્રીયાર્ખે ત્યાં પ્રવેશ કર્યો, જેથી ગ્રીક લોકોનો લાટીનો વિરૂદ્ધનો દ્વેષ વધ્યો.

૫ મું ક્રુસેદ બાપા ત્રીજા હોનોરીયુસે ઉઠાવ્યું, ઈ. સ. ૧૨૧૭. તેનો સરદાર હંગારીનો રાજા બીજો અંદ્રેઆસ હતો, કે જેણે ઉત્પન્ન થએલી તકરારોને વાસ્તે થોડા વખત પછી પવિત્ર દેશ છોડી દીધો.

તે પછી ઑસ્ત્રીયાના રાજા સાતમા લેપોઓલ્ડે ઇજીપ્ત ઉપર હુમલો કર્યો કે જેમાં તે શરૂઆતમાં ફતેહમંદ થયો, પણ થોડીવાર પછી તે હુમલો નિષ્ફળ ગયો. તે નિષ્ફળતાનું કારણ બીજો ફ્રેડ્રિક બાદશાહ હતો, કે જેણે પોતાનો ફાયદો શ્રીસભાના ફાયદા કરતાં વધારે અગત્યનો ગણ્યો. ઘણાં વચનો અને સોગનો છતાં તેણે ક્રુસેડ કર્યું નથી. ફ્રેડ્રિક મુસલમાન માફક વર્તતો હતો. આખરે ઈ. સ. ૧૨૨૯ માં ક્રુસેડ કર્યું પણ તેનું થોડું પરિણામ આવ્યું.

૬ હું ક્રુસેડ ફ્રાંસના રાજા પવિત્ર લુઇસે ઈ. સ. ૧૨૫૦ માં ઉઠાવ્યું. પણ સુલતાને રાજાને કેદી કર્યો અને બહુ પૈસાનો દંડ કરીને તેને છોડી દીધો.

૭ મું ક્રુસેડ એકજ રાજાએ તુનીસ વિરૂદ્ધ ઉઠાવ્યું. પણ રાજા તાવથી મરી ગયો. પલેસ્તૈનમાં એક પછી એક શહેર તુર્કોએ કબજે લીધું. છેવટે આકર ઇ. સ. ૧૨૯૧ માં પડયું.

ક્રુસેડસનો પહેલો હેતુ પાલેસ્તૈન દેશ છુટો કરવાનો પૂરો થયો નથી, તોપણ તેનાં ઘણાં પરિણામો આવ્યાં, જેમાંનાં એ હતાં કેઃ-

૧. ખ્રીસ્તી ધર્મની આતુરતા વધારીને ખ્રીસ્તી લોકમાં સંપ કરાવ્યો.

૨. ખ્રીસ્તી શૂરવીરોને, તેઓને લાયકનું કામ કરવાની તક આપી.

૩. વિદ્યા, કળા અને હુનર પૂર્વની સાથેના વહિવટથી ખીલવા લાગ્યાં.

૪. વેપાર અને નૌકાશાસ્ત્રમાં વધારો થયો.

૫. હલકા અને મધ્યમ વર્ગની હાલત સુધરી. છુટાપણા અને જાહેર પરોપકારના ઉત્સાહને ઉત્તેજન મળ્યું.

યેસુ ઉપરની જીવતી શ્રદ્ધા અને પ્રિતિએ આ ક્રુસેડસો ઉઠાવ્યાં. થોડાક લસ્કરીઓ કદાચ જોખમ અને લૂટની લાલચથી દોરાયા હતા, પણ તે કરતાં વધારે મોટી સંખ્યા પવિત્ર દેશના જુસ્સાથી ભરેલી હતી.

આ જુસ્સો એટલા સુધી સામાન્ય હતો કે ઇ. સ. ૧૨૧૨ માં હજારો છોકરાં ગીતો ગાતાં અને પ્રાર્થના કરતાં યુરોપના દેશોમાં થઇ પવિત્ર દેશો તરફ ચાલ્યાં. તેઓની સંખ્યા ૪૦ હજારની લેખવામાં આવે છે. ફ્રાંસમાં એક સ્તેફ્રાનુસ નામના ભરવાડના છોકરાએ, અને જર્મનીમાં નીકોલાઉસ નામના એક દશ વરસના છોકરાએ

પ્રુસેદ પ્રગટ કર્યું હતું. મોટા લોકો તેમની સાથે ગયા. તેમનામાંના હજારો અતિ દુ:ખપૂર્વક મરણ પામ્યા.

૧૦. મધ્ય કાળનાં પ્રખ્યાત મંડળો.

લશ્કરનાં મંડળોની જગ્યા શાંત મંડળોએ લીધી કે જે આજ દિન સુધી કામ કરે છે. પ્રાયશ્ચિત્તના હેતુથી તેઓ ઉત્પન્ન થયાં. તેઓનાં અવયવોએ પ્રાયશ્ચિત્તથી જગતનાં પાપનો બદલો પરમેશ્વરને ભરી આપવા, ગરીબાઇની માનતાથી દ્રવ્ય મેળવવાના લોભની વિરૂદ્ધ વર્ત્તવા અને જે આત્માઓ પાખંડી મતથી નરકના જોખમમાં પડેલા હતા તેઓને મુક્તિ મેળવવાની મદદ આપવાના હેતુઓ દિલમાં રાખ્યા. તે વખતમાં સ્થાપેલાં મંડળો એવાં છે કે:—

૧. કાર્તુસીયાનોનું મંડળ. તે સખ્ત પ્રાયશ્ચિત્તનું મંડળ પવિત્ર બ્રુનોએ ઇ. સ. ૧૦૮૬ માં સ્થાપેલું છે. તેનાં અવયવો પ્રાર્થના કરતાં અને ચૂપકી પાળતાં જીવ કાઢે છે. તેઓ માંસનો આહાર કરતા નથી.

૨. સીસ્તેરજીયોનું મંડળ. ફ્રાંસના દીસોંન પાસે સીતઓ નામનો એક મઠવાસ છે, તેથી સીસ્તેરજીયો એવું નામ આપ્યું છે. પવિત્ર રોબર્ટે તે મંડળ સ્થાપ્યું અને પવિત્ર બેર્નહાર્ડે વધાર્યું છે. છેલો એક વક્તા, ધર્મબોધ કરનાર, બહુ નરમ સ્વભાવનો અને પરમેશ્વરની પ્રીતિથી ભરેલો હતો. જ્યારે સ્પૈરના મંદિરમાં “સલામ ઓ રાણી!” એ પ્રાર્થના ગાવામાં આવી હતી, ત્યારે પવિત્ર બેર્નહાર્ડે “ઓ દયાળુ, ઓ માયાળુ, ઓ મીઠી કુમારી મારિયા” એવા શબ્દો ઉમેર્યા.

૩. પ્રેમોંસ્ત્રાતેન્સોનું મંડળ પવિત્ર નોર્બેરત, એક જર્મન શાહજાદાએ સ્થાપેલું. મ્હોતની બ્હિકથી તેણે જગતનો ત્યાગ કરીને ફ્રાંસના પ્રેમોંત્રેમાં પ્રવેશ કર્યો. ઇ. સ. ૧૧૨૬ માં નોર્બેરત જર્મનીમાં માગ્દેબુર્ગનો ધર્માધ્યક્ષ થઇ ગયો.

૪. દોમીનીકાનોનું મંડળ. તે સ્પેનના એક ઉમરાવ પવિત્ર દોમીનીકુસે સ્થાપેલું. તે મંડળ ધર્મબોધ કરનાર મંડળ છે, કે જેણે પાખંડી લોક અલ્બીગેન્સસ અને વાલ્દેસસને શ્રીસભામાં પાછા લેવાનો પ્રયત્ન કર્યો. આ મંડળને બાપાઓએ ઇન્કવીઝીશન એટલે પાખંડી મતની તપાસ સોંપી દીધી. ઇ. સ. ૧૨૨૧ માં પવિત્ર દોમીનીકુસ મરી ગયો હતો. અલ્બીગેન્સસ, વાલ્દેસસ અને ઇન્કવીઝીશન વિષે પછી વાત કરવામાં આવશે.

૫. ફ્રાંસીસ્કાનોનું મંડળ પવિત્ર ફ્રાંસીસ દેઆસ્સીસે સ્થાપેલું. તે એક વેપારીનો દિકરો હતો અને વેપાર ચલાવતાં શીખી ગયો હતો. એક રોગથી સાજો થઇ ગયા પછી તેણે જગતનો ત્યાગ કરીને પોતાને પરમેશ્વરની સેવામાં અર્પણ કર્યો. શબ્દો અને દાખલાથી ફ્રાંસીસ્કાનોએ નમ્રતા અને ગરીબાઇ પ્રકટ કરવી તે પવિત્ર ફ્રાંસીસનો હેતુ હતો. ફ્રાંસીસ્કુસ નમ્રતાને લીધે યાજક નહિ થતાં એકલો દીયાકોનુસ રહ્યો. તેણે નાટાલના વખતમાં ગભાણો બનાવવાનો અને દેવળોમાં મૂકવાનો રિવાજ પહેલો દાખલ કર્યો. તેના જીવતા શરીરમાં યેસુના વેહની નિશાનીઓએ દેખાવ દીધો. પવિત્ર ફ્રાંસીસ ઈ. સ. ૧૨૨૬ માં મરી ગયો છે. તેના મંડળનાં કોઇ અવયવો પવિત્ર યેરૂસાલેમની કબરના ચોકીદારો છે. પ્રખ્યાત અવયવો પવિત્ર બોનાવેન્તુરા અને પવિત્ર અંતોનીયુસ દેપાદૂઆ હતો, કે જેણે ચમત્કારો કર્યા હતા, તેથી તથા વક્તા ધર્મબોધ કરનાર તરીકે તે નામાંકિત થઇ ગયો છે. પવિત્ર કલારાએ માદરીઓનું એક મંડળ સ્થાપ્યું.

ફ્રાંસીસ્કાનો અને દોમીનીકાનોએ એક ત્રીજું એટલે સાંસારિક લોકોનું મંડળ સ્થાપ્યું. પેલી માદરીઓનું મંડળ બીજું કહેવાય છે.

૧૨. મધ્યકાળની કેટલીક પવિત્ર બાયડીઓ.

પવિત્ર આદલહૈડ બાદશાહ પહેલા ઓટ્ટોની બાનુ હતી. પવિત્ર કુનીગુંડ પવિત્ર હેનરી બીજા બાદશાહની બાનુ હતી. બન્ને હેનરી અને કુનીગુંડ કુંવારાના લગ્નમાં જીવતાં હતાં, એટલે પવિત્ર યોસેફ અને મારિયાના નમુના પ્રમાણે ભાઇ બેન જેવાં હતાં. પવિત્ર હીલ્ડેગાર્ડ, સ્પોનહૈમની બાદશાહજાદી નાનપણથી તન્મયાવસ્થામાં આવી હતી. માદરીઓના એક મઠવાસની ઉપરિ થતાં, બાપાઓ, બાદશાહો અને રાજાઓએ તેની સલાહ માગી. તેણીએ બાદશાહ ફ્રેદ્રિક બાર્બારોસ્સાને ચેતવણી આપી. તેણી ઈ. સ. ૧૧૭૯ માં મરી ગઈ છે.

પવિત્ર એલીસાબેથ (ઈ. સ. ૧૨૩૦) જેનો તહેવાર ૧૯ મી નવેંબરની તારીખે છે, તે હુંગારીના રાજા અંદ્રેઆસની દિકરી અને થુરીંગીઆની રાણી થઈ ગઇ, એટલે નાનપણથી તેણીએ થુરીંગીઆના યુવરાજ હેરમાનની સાથે વિવાહ કર્યો હતો. તેણી તેની સાથે વાર્તબુર્ગ કીલ્લો કે જ્યાં આશરે બે સૈકા પછી ભ્રષ્ટ થએલા મઠવાસી માર્તીન લુટરે બૈબલનો તરજુમો કર્યો, ત્યાં ઉછરી છે. લગ્ન કર્યા પછી તેણીએ પરોપકારનાં પરાક્રમી નમુના પ્રમાણે દરીદ્રીઓ અને

કોઢિઆને મદદ આપી. તેણીના પતિના મરણ પછી તેણીનાં છોક-રાંની સાથે તેણીને વાર્તબુગમાંથી કાઢી મૂકી છે. તો પણ તેણીએ ગરીબાઇ અને વિપત્તિ નમુનારૂપી સહનશીલતા વડે વેઠી. જ્યારે તેણીના હકો પાછા મળ્યા ત્યારે તેણી ફ્રાંસીસ્કાનોના ત્રીજા મંડળમાં દાખલ થઇ, માર્બુર્ગમાં વસીને તેણીએ ગરીબો તથા દરીદ્રી-ઓની સેવામાં પોતાને સોંપી દીધી. ૨૪ વરસની જુવાન વયે તેણી મરી ગઇ.

પવિત્ર હેદવીગ, સીલેસીયા અને પોલંડના રાજાની કુંવરી પણ નામાંકિત છે. બાર વરસની ઉમરે તેણીએ લગ્ન કરીને ધણીને શિક્ષણ આપ્યું, જે "હે અમારા બાપ" એ પ્રાર્થના સિવાય કાંઇ પણ જાણતો નહોતો. તેના મરણ પછી જે મઠવાસ તેણીએ સ્થાપ્યો હતો તેમાં પ્રવેશ કર્યો. જ્યારે તેણીનો પુત્ર હેનરી મુગલો વિરૂદ્ધની લડા-ઇમાં મરણ પામ્યો, ત્યારે "એવી પરમેશ્વરની ઇચ્છા હતી" એમ બોલતાં તેણી પરમેશ્વરને તાબે થઇ.

પવિત્ર ગેરત્રુડ (ઇ. સ. ૧૨૯૨), પવિત્ર મેખ્તીલીડસની એક ચેલી, એક પ્રખ્યાત માદરી હતી. તેણીએ એસલેબનની પાસેના એક મઠવાસમાં પ્રવેશ કર્યો હતો. તેણી પ્રાર્થના ઉપરાંત સાંસારિક કેળ-વણીમાં પણ પ્રવિણ હતી. ઘણું કરીને તેણીએ ભાષાઓનો અભ્યાસ કર્યો અને તેણી પોતાના મંડળના નિયમો અસલી ભાષામાં વાંચી શકી. એમ કહે છે કે યેસુએ દર્શન આપીને તેણીને શીખવી અને પરમેશ્વરની જે કૃપાઓ તેણીને મળી તે લખી પ્રગટ કરવાનો હુ-કમ આપ્યો.

૧૨. ક્રુસેદસના વખતની કેળવણી અને હુન્નરકળા.

૧. પવિત્ર સાતમા ગ્રેગોરીયુસના વખતમાં મઠવાસોની નિશા-ળોમાંથી ઘણા વિદ્વાનો નિકળી આવ્યા, જેમનાં પુસ્તકો આજદિન સુધી બહુ લેખાયાં છે. દાખલા રૂપે પવિત્ર અંસેલ્મ, કાંતરબેરીના મહા ધર્માધ્યક્ષ છે કે જેણે "પરમેશ્વર શા માટે માણસ થયો ?" એ નામનું પુસ્તક નોરમંડીના મઠવાસ એકમાં લખ્યું હતું. પવિત્ર બેર્ન-હાર્ડે પણ બહુ સારાં પુસ્તકો અને ધર્મબોધો રચ્યાં.

૨. મોટાં શહેરોમાં યુનિવરસિતીયસ એટલે પાઠશાળાઓ સ્થાપી કે જે થોડા વખત પછી મઠવાસોની નિશાળો કરતાં બહુ કામની નિવડી. તેઓના મહેતાજીઓ ઘણું કરીને મઠવાસીઓ

એટલે ફ્રાંસીસ્કાનો કે દોમીનીકાનો હતા. એવી પાઠશાળાઓમાં પારીસની પાઠશાળા બહુ પ્રખ્યાત હતી. એ વખતની પાઠશાળાઓની શીખવવાની એક ખાસ રીત હતી કે જે શોળાસ્તકોની રીત કહેવાઈ. સંસારની વિદ્યા ગ્રીક વિદ્વાન આરીસ્તોતેલેસનાં પુસ્તકોના પાયા ઉપર બાંધી હતી કે જે આરબી તરજુમાથી જાણુવામાં આવ્યાં હતાં. હરેક પ્રશ્ન બરાબર સાફ પૂછ્યો હતો અને તેનો જવાબ કુદરતી બુદ્ધિ વાપરીને થયો હતો. શ્રદ્ધાની વાતો શ્રીસભાના સંપ્રદાય પ્રમાણે શીખવવામાં આવી અને તેઓનો કુદરતની વાતોની સાથેનો સંબંધ તપાસ્યો. તેની વિરૂદ્ધના વાંધાનું ખંડન કરવામાં આવ્યું. પ્રખ્યાત શોળાસ્તીકો એવા હતા કે:—

૧. મુબારક મોટો અલ્બેર્ત, એક દોમીનીકાન મઠવાસી. તેણે પારીસ અને કોલોનમાં શીખવાડ્યું. પછી તે રાતીસ્બોન્નનો ધર્માધ્યક્ષ થયો. પણ મોતની થોડો વખત અગાઉ એ હોદ્દો મૂકી દઇને તેણે ફરીથી મઠવાસમાં પ્રવેશ કરીને શીખવવા માંડ્યું. તે કોલોનમાં ઈ. સ. ૧૨૮૦ માં મરી ગયો.

૨. પવિત્ર થોમાસ દે અકવીના, અલ્બેર્તનો શિષ્ય અને દોમીનીકાન મઠવાસી. તે મોટી પવિત્રતા, વિદ્વત્તા અને ઉંચા વિચારોને લીધે પ્રખ્યાત છે. તેને દેવદૂતરૂપી શાસ્ત્રી કહે છે. પવિત્ર ઔગુસ્તીનુસ સિવાય તે શ્રીસભાનો મોટામાં મોટો ધર્મશાસ્ત્રી છે. ઈ. સ. ૧૨૭૪ માં લૈઅન્સમાં એકઠી થએલી સામાન્ય શ્રીસભાની મંત્રીસભામાં ભાગ લેવાને તે જતો હતો ત્યારે રસ્તામાં મરી ગયો. તેને ફ્રાંસના તુલુસમાં દાટ્યો છે.

૩. પવિત્ર બોનાવેંતુરા, એક ફ્રાંસીસ્કાન મઠવાસી. તેનું યોહાન્ન એવું નામ પાડ્યું. તે નાનપણમાં એક સખ્ત દરદથી ચામત્કારિક રીતે પવિત્ર ફ્રાંસીસને મારફતે સાજો થઇ ગયો. તે વખતમાં પવિત્ર ફ્રાંસીસે પોકાર્યું કે: " ઓ બુઓના વેંતુરા " એટલે " ઓ ભાગ્યશાળી બનાવ ! " ફ્રાંસીસ્કાનોના મંડળમાં દાખલ થઇને યોહાન્નનું " બોનાવેંતુરા " એવું નામ પડ્યું. તે પહેલાં પારીસની પાઠશાળામાં પ્રોફેસ્સોર, પછી પોતાના મંડળનો ઉપરિ, અને છેવટે કાર્ડીનાલ થઇ ગયો છે. લૈઅન્સની સામાન્ય સભામાં તે ઈ. સ. ૧૨૭૪ માં મરી ગયેલ છે.

શોલાસ્તીકો શાસ્ત્રીઓ સિવાય મિસ્તીક શાસ્ત્રીઓ હતા, કે જેમણે કુદરતની બુદ્ધિ કરતાં પ્રીતિની લાગણીઓ તરફ ધ્યાન ખેંચ્યું.

આ વખતમાં વિદ્યા એકલીજ નહિ, પણ હુનરકળાએ બહુ ખીલી હતી. દુનિયાનું શોભિતામાં શોભિતું કોલોનનું મંદિર આ વખતમાં બાંધ્યું છે. આગળ મઠવાસીએ રંગેલા કાચનાં ચિત્રો બનાવવાની કળા શોધી કાઢી હતી. એવાં ચિત્રો વડે તે શોભિતાં મંદિરોને શણગાર્યાં હતાં.

ઘણા મઠવાસીઓએ શાંત કોટડીઓમાં બૈબલ, શ્રીસભાનાં શાસ્ત્રીઓ અને સંસારના વિદ્વાનોનાં પુસ્તકો લખ્યાં. શરૂઆતના અક્ષરો બહુ સારી રીતે ચિતરેલા હતા.

૧૩. બાપાઓની હોહેનસ્તૌફનના વંશના બાદશાહો સાથેની લડાઇ.

જેવી રીતે દશમા સૈકામાં તુસ્કુલુમ અને ક્રેસ્જેંતીના ઉમરાવોએ બાપાઓની ચુંટણીના પ્રસંગે બળવો કર્યો હતો, તેવી રીતે રોમમાં કેટલાંક ઉમરાવોનાં કુટુંબો બાપાઓની ચુંટણીના છૂટાપણાને બહુ જોખમમાં લાવ્યાં, એવી રીતે બારમા સૈકામાં થોડા વખત સુધી નિયમીત બાપાઓ વિરૂદ્ધ પ્રતિબાપાઓ હતા, જેમને સીસીલીયાના રાજા રોગરે મદદ આપી છે. છેવટે જ્યારે એક પ્રતિબાપાએ હોદ્દો છોડી દીધો, ત્યારે શ્રીસભાની શાંતિ કરવા માટે

દશમી સામાન્ય શ્રીસભાની મંત્રીસભા (લાટરાનમાંની બીજી) એકઠી થઇ. તેમાં સીસીલીયાના રોગેરને શ્રીસભામાંથી કાઢી મૂકયો, સમોની અને યાજકોના સ્ત્રીની સાથે રહેવાના રિવાજ વિરૂદ્ધની અસલની ફરમાશો ફરીથી જાહેર કરી, અને એક જોખમવાળા ફીતુર કરનાર બ્રેશીયાના આર્નોલ્ડને પ્રજાને ઉશ્કેરવાની મના કરી.

ઇટાલીમાં શાંતિ કરવા માટે શ્રીસભાએ ઘણું કરીને પવિત્ર બેરનહાર્ડનો ઉપકાર માનવો પડયો, કેમકે તેણે બાપા ત્રીજા એવગેનીયુસ (ઇ. સ. ૧૧૪૫–૧૧૫૬), પોતાના અસલના શિષ્યને ૫ કલમનું એક પત્ર લખ્યું જેમાં તેણે બાપાની મુસ્કેલ ફરજોને લગતી શિખામણ અને શ્રીસભાની ખરાબીઓને કાઢવાની ચેતવણી બાપાને આપી.

હવેથી હોહેનસ્તૌન વંશના બાદશાહો અને બાપાઓની વચ્ચે એક ભયંકર લડાઇ ઉઠી. શક્તિમાન બાદશાહ પહેલેકા ફ્રેદ્રિ જે ઈ. સ.

૧૧૫૩ માં રાજ્યાસન ઉપર બેઠો હતો, તેણે બાદશાહતના અધિકાર માટે મોટી ભાવના રાખી અને પોતાના રાજ્યમાં જ નહિ, પરંતુ શ્રીસભામાં પણ રાજ્ય ચલાવવા ચાહ્યું. બાપા ચોથો હાદ્રીયાનુસ (ઈ. સ. ૧૧૫૪–૧૧૫૯) કે જે એકજ અંગ્રેજ બાપા હતો, તેની મુલાકાત લેતાં બાદશાહે અસલના રિવાજ મુજબ ઘોડાના જીનના પાવડા રાખવાની ના કહી. આ વાત ઉપરથી બાપાએ બાદશાહ બાપાનો દ્વેષ કરે છે એવો વિચાર કર્યો. છેવટે બાદશાહે હા કહી. પછી બાદશાહે ફરીથી તકરારની વલણ બતાવીને ત્રીજા અલેક્ષંદ્ર બાપા (ઇ. સ. ૧૧૫૯–૧૧૮૧), જેની તરફેણમાં ફ્રાંસ અને ઈંગ્લંડના રાજાઓ હતા, તેની વિરૂદ્ધ એક પ્રતિબાપાને ઠરાવ્યો. બાદશાહ રોમને જીતી લેવાને તે શહેર તરફ લશ્કરની સાથે ચાલ્યો. પણ લશ્કરનો એક મોટો ભાગ મરકીથી મરણ પામ્યો. તે પછી ઇ. સ. ૧૧૭૭ માં તેણે વેનીસ શહેરમાં સલાહ કરી.

અગીયારમી સામાન્ય શ્રીસભાની મંત્રીસભામાં (લાટરાનમાંની ત્રીજી) ઇ. સ. ૧૧૭૯ માં બાપાની ચુંટણીની બાબતમાં એવો ચૂકાદો જાહેર થયો કે જેને કાર્ડીનાલોના બે તૃતિયાંશ પસંદ કરે તે બાપા થાય. અલ્બીગેંસો અને વાલ્દેંસોની ભુલો કાઢી નાખી અને રીતો વિષેના ચૂકાદા જાહેર કર્યા.

૧૪. પવિત્ર અંસેલમ અને થોમાસ આબક્ત અંગ્રેજી ધર્માધ્યક્ષોની રાજાઓના ગેરવાજબી દાવાઓ વિરૂદ્ધની લડાઇ.

ઈંગ્લંડના રાજા વિલિયમ વિજેતાએ કાંટરબેરીના ધર્માધ્યક્ષના હોદ્દા ઉપર લંફ્રાંક નામના એક મઠવાસના પ્રખ્યાત મહાધ્યક્ષને બેસાર્યો, અને સાતમા ગ્રેગોરીયુસે જે ચૂકાદા સીમોની અને યાજકોના સ્ત્રીઓ સાથે રહેવાના રિવાજ વિરૂદ્ધ પ્રગટ કર્યા હતા, તે જારી રાખ્યા. પણ શ્રીસભા ઉપર તેનો એટલો અધિકાર હતો કે જો રાજા ઓછો ભક્ત હોત તો તે શ્રીસભાને વાસ્તે બહુ જોખમ ભરેલો થાત, જે જોખમમાં શ્રીસભા તેના પુત્ર બીજા વિલિયમ "લાલ" ના રાજ્યમાં (ઈ. સ. ૧૦૮૭) આવી છે. જ્યારે ધર્માધ્યક્ષનો એક હોદ્દો ખાલી થયો, ત્યારે તેણે પોતે તે હોદ્દાનું વસુલ લેવું એવા ઇરાદાથી બીજા કોઇ આદમીને બેસાર્યો નથી. તે રોગથી બ્હીને થોડો સુધર્યો,

પણ સાજો થઇને પાછો જૂના માર્ગપર ચાલ્યો. તેણે પવિત્ર અંસેલમ, જે એ વખતે કાંટરબેરીના ધર્માધ્યક્ષના હોદ્દા ઉપર બેઠો હતો, તેને બીજા ઉર્બાનુસ બાપા મારફતે હોદ્દા ઉપરથી કાઢવા ચાહ્યું. પણ બાપાએ પવિત્ર અંસેલમને બહુ મોટું માન આપ્યું. ધર્માધ્યક્ષનું કામ પૂરૂં કરવું મુશ્કેલ થયું તેથી અંસેલમ બાપાની પાંસે ફરિયાદ કરવા રોમ જવા નિકળી ગયો. એટલામાં વિલિયમ રાજા ગુજરી ગયો અને તેનો પુત્ર પહેલો હેનરી રાજ્યાસન ઉપર બેઠો. અંસેલમે ઇંગ્લંડ પાછા આવીને ધર્માધ્યક્ષની નિશાની અને રાજાને કેવી રીતે માન આપવું તે સવાલ વિષે રાજાની સામે થઇને બીજી વાર દેશ મૂકી દીધો. તો પણ શાંતિ થઇ અને રાજાએ ધર્માધ્યક્ષના હોદ્દાની નિશાની ન આપવી અને ધર્માધ્યક્ષોની ચુંટણીમાં છૂટ મૂકવી એવું કબૂલ કર્યું.

થોડા વખત પછી રાજાઓ જૂના રિવાજોના માર્ગ ઉપર ફર્યા. બીજા હેનરી રાજાએ ખોટો રિવાજ કાયદા તરીકે ઠરાવવા ચાહીને થોમસ કે જે આગળ રાજાનો સદર દીવાન હતો અને પછી કાંટરબેરીનો મહા ધર્માધ્યક્ષ થઈ ગયો, તેને પોતાનો તૈયાર હથિયાર ગણ્યો. તો પણ થોમસ એક સારો ધર્માધ્યક્ષ નિવડ્યો. જ્યારે રાજાએ ઈ. સ. ૧૧૬૪ માં કલારેન્દનમાં ૧૬ કાયદાઓ રચાવ્યા, કે જેથી શ્રીસભા બિલકુલ રાજાને સ્વાધીન થઈ, ત્યારે થોમસે દેશ છોડી દઇને બાપા અલેક્ષંદ્રની મુલાકાત લીધી છે. બાપાએ થોમસને સારો સત્કાર આપીને સોળ કાયદા કાઢી નાંખ્યા. પછી રાજાએ થોમસનાં સગાવાલાં સાથે વેર કરવા માંડ્યું, તો પણ થોમસને સારા રસ્તા પરથી તે ખસેડી શક્યો નહિ; પણ જ્યારે રાજાએ તેને ન્યાય આપ્યો ત્યારે ઇંગ્લંડ પાછો આવ્યો.

થોડા વખત પછી "આ ફીતુરી યાજકથી મને બચાવનાર કોઇ નથી" એવી હેનરીની બેદરકારી વાત ઉપરથી થોમસનું કાંટરબેરીના મંદિરમાં ખૂન થયું. જ્યારે બાપાએ રાજાને શ્રીસભામાંથી કાઢી મૂક્યો, ત્યારે તેણે તે બેદરકારી વાતોનો પસ્તાવો કરીને પોતાનો બચાવ કરવા માટે બાપાની પાસે એલચીઓ મોકલ્યા, જાહેર પ્રાયશ્ચિત્ત કર્યું, જાત્રાળુ તરીકે પવિત્ર થોમસની કબરની તીર્થયાત્રા કરી અને શ્રીસભાને હક્કો પાછા આપવાનું વચન આપ્યું, જે તેણે કેટલીક વાતોમાં પૂરૂં કર્યું.

૧૫. બાપાઓની હોહેનસ્તૌફનના વંશના રાજાઓ સાથેની વધારે લઢાઇઓ.

જર્મન બાદશાહ ફ્રેદ્રિક બાર્બારોસ્સાનો પુત્ર છઠ્ઠો હેનરી બાપ જેવા અધિકાર મેળવવાના સ્વભાવનો હતો. પણ બાપ કરતાં ઓછો પ્રૌઢ હતો. તેથી શ્રીસભાનો નાશ પાસે છે એમ લાગ્યું, પણ ઇ. સ. ૧૧૯૭ માં હેનરી ઓચિંતો મરી ગયો. શ્રીસભાને મોટા બાપાઓમાંનો એક ત્રીજો ઇન્નોજેન્ઝીયુસ (ઇ. સ. ૧૧૯૮–૧૨૧૬) મળ્યો. તેની ઉમરે ૩૭ વર્ષની હતી. બાપાના જે દેશો છઠ્ઠા હેનરીએ છીનવી લીધા હતા, તે ઇન્નોજેન્ઝીયુસે પાછા મેળવ્યા. હેનરીની વિધવા રાણી કોસ્તંઝીયાને બાપાની દેખરેખ તળે ઉછેરી અને તેના પુત્ર બીજા ફ્રેદ્રિકને બાપાની સલાહ ઉપરથી જર્મન બાદશાહ તરીકે પસંદ કર્યો.

ત્રીજા ઇન્નોજેન્ઝીયુસે બાપાનો અધિકાર રિચર્ડ " સિંહહૃદયના " ના ભાઈ અને ઇંગ્લંડના રાજા યોહાન " દેશ વગરના "ની વિરૂદ્ધ વાપર્યો. કાંટરબેરીના મહા ધર્માધ્યક્ષની ચુંટણીની બાબતમાં તકરાર ઉઠી, ત્યારે બાપાએ સ્તીવન લાંગ્તનને તે હોદ્દા ઉપર બેસારીને તકરાર પતાવી છે. જ્યારે રાજાએ કબુલ નહિ કરીને મઠવાસીઓનું વેર કર્યું, ત્યારે બાપાએ દેશને ઇંતેરદિક્ત નામનો દંડ કર્યો, એટલે જાહેર મિસ થવું, સાક્રામન્તો આપવાં, ઘંટા વગાડવા, મૂએલાઓને યાજકની પ્રાર્થના સાથે દાટવાં, તે બધું બંધ થયું. યોહાનને શ્રીસભામાંથી કાઢી મૂક્યો. રાજા ક્રૂર રીતે રૈયતની વિરૂદ્ધ વર્ત્યો જેથી બાપાએ રૈયતને પ્રજાધર્મના સોગનથી છૂટાપણું આપ્યું. હવે યોહાન્ને બાપાને વશ થઇને બાપાની પાસેથી ઇંગ્લંડ દેશ જાગીર તરીકે મેળવ્યો, ઇ. સ. ૧૨૧૩. પણ ઉમરાવોએ રાજા વિરૂદ્ધ ફિતુર કરીને તેની પાસેથી છૂટાપણાનું એક ખતપત્ર, જે કાર્ડીનાલ સ્તીવન લાંગ્તને લખ્યું હતું, તે મળવ્યું, ઈ. સ. ૧૨૧૫. તે ખતનું નામ માગ્નાખાર્તા એટલે મોટું ખત છે અને તે ઇંગ્લંડની મોટાઇનું મૂળ છે.

એ બાપાએ રશિયન ધર્માધ્યક્ષોને શ્રીસભામાં પાછા ખેંચવા માટે તેમને એક પત્ર લખ્યું, પણ તે નિષ્ફળ નિવડયું ખરૂં, તોપણ બુલ્લ્ગારીઓ કાથોલિક ધર્મમાં ફર્યા.

બારમી સામાન્ય શ્રીસભાની મંત્રીસભા (લાટરાનમાંની ચોથી) ત્રીજા ઇન્નોજેન્ન્ટીયુસે ઈ. સ. ૧૨૧૫ માં એકઠી કરી. ને સભાની મતલબ એક ક્રુસેદ હતું. રીતિઓ બાબતમાં ચૂકાદા જાહેર કર્યા અને ખ્રીસ્ત શરીર સાક્રામેન્તનો બરાબર ખુલાસો થયો (ત્રંસસુબસ્તંજીયાજીયો એટલે તત્ત્વની બદલી); જે વખતે પાપનો સ્વીકાર અને કોમ્યુન્યો લેવું જોઇએ, એવું ફરમાવ્યું છે.

બાદશાહ બીજો ફ્રેદ્રિક શ્રીસભાનો વફાદાર પુત્ર હતો નહિ. તેનું રાજ્ય (ઇ. સ. ૧૨૧૨–૧૨૫૦) બાપાઓ અને તેના કુટુંબને બહુ વિપત્તિનું કારણ હતું. ઘણું કરીને તેણે ઇટાલી દેશમાં મુકામ લીધો. મુસલમાનો ઉપર મહેરબાની કરીને તેઓના ખ્રીસ્તી ધર્મ વિરૂદ્ધના રિવાજો પ્રમાણે તે વર્ત્યો. એ વાર તેને શ્રીસભામાંથી કાઢી મૂકયો. છેવટે

તેરમી સામાન્ય શ્રીસભાની મંત્રીસભા (લૈઅન્સમાંની પહેલી) એ ઇ. સ. ૧૨૪૫ માં તેને રાજ્યાસન ઉપરથી કાઢયો, કેમકે

૧. અનેક વાર જે કોલકરારો તેણે શ્રીસભાની સાથે કર્યા હતા તે તોડીને સોગનની વિરૂદ્ધ તે વર્ત્યો હતો.

૨. તેણે, માણુસ જે કુદરતની બુદ્ધિવડે સાબીત કરી શકે છે તે સિવાય કશા ઉપર શ્રદ્ધા ન રાખવી, અને ત્રણ દગલબાજી કરનારાઓ એટલે મુસા, ખ્રીસ્ત, અને મહમદે જગતને છેતર્યું છે, એમ કહીને પોતાના ઉપર પાખંડી મતનું તહોમત લગાડયું છે. જર્મન રાજાઓએ બીજા બાદશાહને પસંદ કર્યો. બીજો ફ્રેદ્રિક બહુ હુશિયાર હતો. પણ કુચાલ, ક્રૂરતા અને વિશ્વાસઘાતથી તે નીચ ગણાયો. હોહેનસ્તૌફન વંશના છેલ્લા રાજાએ સીસીલીયા દેશ કે જે બાપાએ ફ્રેંચ કુંવર આંજુવંશના કાર્લને આપ્યો હતો, તે દેશ પાછો મેળવવાને માટે લડાઈ કરી અને તે કેદી થયો. ઇ. સ. ૧૨૬૮ માં કાર્લે નેપલ્સમાં તેનું ગરદન કપાવ્યું. હાબ્સબુર્ગવાળો ઉમરાવ રૂદોલ્ફ જેના વંશનો બાદશાહ આજદિન સુધી ઑસ્ટ્રીયાના રાજ્યાસન ઉપર બેસે છે, તે જર્મન બાદશાહ અને બાપાનો ભક્ત થઈ ગયો. (ઈ. સ. ૧૨૭૩–૧૨૯૧). તેણે જે સોગન લીધા હતા, તે પાળીને બાપા દશમા ગ્રેગોરીયુસ (ઇ. સ. ૧૨૭૧–૧૨૭૬) સાથે મિત્રાચારીનો સંબંધ રાખ્યો છે.

ચૌદમી સામાન્ય શ્રીસભાની મંત્રીસભા (લૈઅન્સમાં બીજી) ઈ. સ. ૧૨૭૩ માં એકઠી થઇ. તેમાં નવા ક્રુસેદની મતલબ હતી. પૂર્વશ્રીસભાનો રોમની સાથેનો સંબંધ પૂરો થયો અને આ-

ચરણના સુધારા વિષેના ચૂકાદા જાહેર થયા. પૂર્વ શ્રીસભાનો રોમની સાથેનો ખરો એક્સંપ થોડા વખત સુધી ચાલ્યો.

તે વખતમાં એક પવિત્ર એકાંતવાસી, જેણે પાંચમો જેલેસ્તીનુસ એવું નામ ધારણ કર્યું, તેને બાપા તરીકે પસંદ કર્યો. તે હોદ્દાનો બોજો મારાથી સહન થઈ નહિ શકે એમ ધારીને ઇ. સ. ૧૨૯૪ માં તે હોદ્દો છોડી દઈને, તે “ પવિત્રતાની સુગંધ ”માં મરી ગયો છે. તેનો તહેવાર મે મહિનાની ૧૯ મી તારીખે છે.

૧૬. આઠમા બોનીફાજીયુસના કાળથી ચૌદમા સૈકાના અંત સુધી.

બાપા આઠમા બોનીફાજીયુસે ઈંગ્લંડ અને ફ્રાંસની વચ્ચે મધ્યસ્થ કરવાનો પ્રયત્ન કર્યો. જે કર, ફ્રાંસના રાજા ફિલીપ્પ સુંદરે શ્રીસભાની માલમત્તામાંથી લેવાનો હુકમ કર્યો હતો, તે લેવાની મના કરી, તેથી આ રાજાનું વેર પોતાના ઉપર ખેંચ્યું. તે રાજાએ પોતાના રાજ્યમાં ખોટા સીક્કા મરાવ્યા, અને બાપાનાં બુલ્લાઓ (ફરમાશો) ખોટાં કર્યા; પ્રજાને બાપાની વિરૂદ્ધ ઉશ્કેરવા માટે, રાજા સંસારના કામમાં પણ બાપાને વશ છે, એમ બાપાને બોલતાં એક ખોટા બુલ્લામાં પ્રગટ કર્યો છે.

આ બાપાએ મૂર્તિપૂજકો અને મુસલમાનોને શ્રીસભામાં લાવવા માટે બહુ પ્રયત્ન કર્યો, તો પણ તે ખ્રીસ્તી રાજાઓના સ્વાર્થથી નિષ્ફળ થયો કે જેઓએ એકઠા થયેલા પૈસા બીજાં કામોને વાસ્તે વાપર્યા છે. બાપાએ ઇ. સ. ૧૩૦૦ માં રોમમાં એક મોટી જુબીલી પળાવી, જેને વાસ્તે રોમમાં હજારો જાત્રાળુઓ આવ્યા હતા.

આઠમા બોનીફાજીયુસે જે બુલ્લાઓ જાહેર કર્યા છે, તેથી અને તેમાં ઘણું કરીને “ઉનામ સાંક્તામ” નામના બુલ્લાથી પ્રખ્યાત છે. તેમાં તે કહે છે કે, બધાએ કાથોલિક શ્રીસભાના અનુસરનારા થવું જોઇએ, કે જે સિવાય તારણ નથી. તેને એક જ માથું છે, યેસુખ્રીસ્ત, અને તેની જગા રાખનાર બાપા, પવિત્ર પેત્રુસનો પાછળ આવનાર. બે અધિકારો, શ્રીસભાનો અને સાંસારિક; પહેલો બીજાથી વધારે ઉંચો છે ને તેને વાસ્તે લોકોએ તેને વશ થવું જોઇએ; જે વધારે ઉંચો છે તે તેથી ઉતરતા અધિકારની, તે સારો છે કે સીધા માર્ગથી ખસી જાય તેવો છે, તેની તપાસ કરે છે. જો ઉંચામાં ઉંચો

અધિકાર ખરા માર્ગથી ખસી જાય છે તો એકલો પરમેશ્વર તેનો ન્યાય કરી શકે છે. જો કે માણસ તે અધિકાર ફોકટ રાખે છે, તો પણ તે અધિકાર માણસનો નહિ, પણ પરમેશ્વરનો છે; કેમકે ખ્રીસ્તે પવિત્ર પેત્રુસને તે સોંપી દીધો છે. ખુલ્લાના અંતમાં બાપા કહે છે; બાપાને સ્વાધિન થવું તે હરેક માણસની સૃષ્ટિને જરૂરનું છે, તે અમે મુકરર અને જાહેર કરીએ છીએ.

આ ખુલ્લામાં બાપા કાંઇ રાજ્યો કે દેશો પોતાને વશ કરવાનો દાવો કરતો નથી, પણ ફોકટ જે સંબંધ ધ્રીસભાના અને સંસારના અધિકારની વચમાં છે, તેનો ખુલાસો કરે છે. આ નિયમો બધા ખ્રીસ્તી અધિકારોને લાગુ પડે એવું મધ્યકાળના કાયદાએ સ્વીકાર્યું છે. વળી ધ્યાનમાં રાખવું જોઇએ કે બાપાએ ખુલ્લાની અંતમાં તે લખેલું છે, તે જ એક અચૂક બાપાનો જાહેર ચૂકાદો છે.

ખુલ્લાનો સાર પવિત્ર બેર્નહાર્ડન; તથા ફુગોદેસાનવિકનોરનાં પુસ્તકોમાંથી કાઢેલો છે.

ફ્રાંસના રાજા ફીલીપ્પ સુંદ્રે બાપાને આગ્નાની ગામમાં બહુ દુ:ખ દીધાં, જે પછી બાપા રોમ પાછો આવીને મરી ગયો છે, ઇ. સ. ૧૩૦૩.

૧૭. બાપાઓને અવિંગ્નોમાં દેશનિકાલ કરેલા છે.

ફ્રેંચ રાજાને પ્રસન્ન કરવા માટે આઠમા બોનીફાજીયુસે ફ્રેંચ કાર્ડીનાલોની મોટી સંખ્યા પસંદ કરી હતી, તેથી બોનીફાજીયુસના મોત પછી એક ફ્રેંચ, બોર્ડોનો મહા ધર્માધ્યક્ષ બાપા તરીકે ચુંટી કઢાયેલો છે. તેણે પાંચમો કલેમેન્સ એવું નામ ધારણ કર્યું અને ફીલીપ્પની સૂચનાથી દક્ષિણ ફ્રાંસમાંના બાપાના સંસ્થાનના એક શહેર અવિંગ્નોમાં બાપાઓનું રાજ્યાસન સ્થાપ્યું. ૭૦ વરસ સુધી બાપાઓ કે જે સબ ફ્રેંચ હતા, તેમણે અવિંગ્નોમાં મુકામ કર્યો છે, (ઇ. સ. ૧૩૦૯–૧૩૭૭). જે પ્રમાણે યેહુદીઓ ૭૦ વરસ સુધી બાબીલોનીયાના દેશનિકાલમાં હતા, તે પ્રમાણે તે વખત બાપાઓનો અવિંગ્નોમાં દેશનિકાલ કહેવાય.

ફીલીપ્પે બાપા પાસેથી તેંપ્લર કે મંદિરોના શૂરવીરોના મંડળને કાઢી નાંખવા માગ્યું કે જે ગુન્હેગારોનું મંડળ છે એમ ફીલીપ્પે કહ્યું હતું. એ કામ વિષે નક્કી કરવા માટે બાપાએ

પંદરમી સામાન્ય ધ્રીસભાની મંત્રીસભા ફ્રાંસના વિએનમાં ઇ. સ. ૧૩૧૧–૧૨માં એકઠી કરી છે. આ મંડળને જે ગુન્હા

લાગુ પાડયા છે, તે કલ્પિત કરેલા હોય, કે કાંઈ વાતોમાં ખરા હોય, તે હાલમાં માલૂમ પડી શકે નહિ. તેઓમાંના કોઇ કોઇ ગુપ્ત ધર્મ પાળતા, યેહુદીઓના કબ્બાલીસ્તીક મત માનતા, એક પત્થરની પૂજા કરતા અને હાલમાં જે ફ્રીમેસનરી કહેવાય છે એવા મતના સ્થાપનારા તેઓ હતા, એવું તહોમત તેમના ઉપર મૂકે છે. પણ એવા મોટા ગુન્હાઓ ઘણા વખત સુધી ગુપ્ત કેમ કરી શકયા ? ફ્રાંસ સિવાયના બીજા દેશોમાં તપાસ કરાવી, જેથી તેંપ્લરો નિર્દોષ છે, તેમ જાણવામાં આવ્યું. વળી ફીલીપ્પની તેંપ્લરોને કાઢયા પછીની વર્તણુક પણ શક ભરેલી છે. તેણે તેંપ્લરોની માલમતા યોહાન્ન શૂરવીરોને આપવાનું વચન દીધું હતું કે જે તેણે કદી પૂરૂં કર્યું નહિ. તેંપ્લર મંડળ બહુ શક્તિમાન હતું, તેમાં પંદર હજાર શૂરવીરો હતા. તેથી રાજાને અદેખાઇ ઉત્પન્ન થઇ, અને તેંપ્લરો રાજાની આઠમા બોનીફાજીયુસની સાથેની તકરારમાં બાપાની તરફેણમાં હતા, તેથી શ્રીસભાની શાંતિ રાખવા માટે ખરૂં, પણ બાપાએ તેમને ગુન્હેગારો ગણ્યા, તેથી તે મંડળ કાઢયું નહિ. બુલ્લામાં બાપા સાહેદી આપે છે કે તહોમતદારો બાપા અને મંત્રીસભાસદોની ઘણી મોટી સંખ્યાની ઇચ્છા પ્રમાણે, પોતાનો બચાવ કરી શકયા નહિ, તેને વાસ્તે તે મંડળ કાઢયું છે. રાજાએ મંત્રી સભામાં લસ્કરની સાથે દર્શન કરીને જે મંડળી બાપાએ તે કામ તપાસવા માટે નિમી હતી, તેના જવાબની ફીકર ન રાખીને તેંપ્લર મંડળના ઉપરિને બાળી નાંખવાનો હુકમ આપ્યો. “ હું નિર્દોષ છું ” એમ તે ઉપરિએ જો કે કહ્યું, તો પણ તે હુકમ પૂરો પડયો.

જે બાપાઓએ અવિંગ્નોમાં મુકામ રાખ્યું હતું, તેઓ સારા માણસો હતા, તો પણ તેઓનો મહેલ સાંસારિક રીતથી ભરેલો હતો. તેનો ખર્ચ ભરવા માટે શ્રીસભાના હોદ્દા ઉપર કર મૂકયો હતો. રોમ શહેરને બાપાઓની ગેરહાજરીથી બહુ નુકસાન થયું. સીયેનાની પવિત્ર કાથારીના, એક દોમીનીકાન મઠવાસણ માદરીની વિનંતિ ઉપરથી અગીયારમો ગ્રેગોરીયુસ બાપા ઈ. સ. ૧૩૭૭ માં રોમ પાછો ગયો.

છ કાર્ડીનાલોએ અવિંગ્નોમાં રહી અગીયારમા ગ્રેગોરીયુસના મરણ પછી એક બાપાની ચુંટણી કરી. જે કાર્ડીનાલો રોમમાં હતા, તેમણે બીજા બાપાને પસંદ કર્યો, જે બાપાના મરણ પછી ફરી બે બાપાને પસંદ કર્યા છે.

એ વખત બહુ શોચનીય હતો. પાખંડી મતો ખીલવા લાગ્યા, જેવા કે ઈંગ્લંડમાં વિક્લિફનો અને બોહીમીયામાં હુસનો. શ્રીસભા અદ્રષ્ય છે એવો મત તેમણે ફેલાવ્યો.

પીસાની એક મંત્રીસભાએ ઇ. સ. ૧૪૦૯ માં દર્દનો ઇલાજ કરવાને બદલે ત્રીજા બાપાને પસંદ કરીને તેને વધુ કર્યું. જે સુધારો શીર અને અવયવોમાં સારા ખ્રીસ્તી લોકોએ ઇચ્છયો, તેને વાસ્તે કશું થયું નહિ.

૧૮. મધ્યકાળના પાખંડી મતો: અલ્બીગેંસો અને વાલ્દેંસો.

પ્રેરિતોના વખતથી હમેશ પાખંડી મતો હતા. તો પણ શ્રીસભાએ એક જીવતા ઝાડ રૂપ બની આ કોહી ગએલી ડાળીઓને કાઢી છે. મધ્યકાળની શ્રીસભાનો એકસંપ બહુ ચળકતો ઉભો રહે છે, કેમકે તે કાળના પાખંડી લોક થોડા હતા.

આપણા કાળના પાખંડી લોક એમ કહે છે કે કાથોલિક શ્રીસભા ચોથા કે પાંચમા સૈકા સુધી યેસુખ્રીસ્તની શ્રીસભા હતી ખરી, પણ તે વખતથી બગડી ગઇ. જો આપણે તેમને "વળી તે વખત પછી ખરી યેસુખ્રીસ્તની શ્રીસભા ક્યાં હતી? 'જગતના અંત સુધી બધા દિવસો હું તમારી સાથે છું' એવા યેસુખ્રીસ્તના વચન પ્રમાણે કાંઇ ઠેકાણે હમેશ ખરી હતી?" એવું પૂછીએ છીએ તો તેઓ આંગળી વડે અલ્બીગેંસો અને વાલ્દેંસોને દેખાડીને કહે છે કે: "તે પંથોમાં મધ્યકાળની ખરી યેસુખ્રીસ્તની શ્રીસભા હતી." તેને વાસ્તે આપણે બરોબર તપાસીને તે પથો જોવા જોઇએ, કે તેમનું રૂપ યેસુખ્રીસ્તની શ્રીસભાના રૂપ જેવું દેખાય છે કે નહિ. આપણે તેમનું ખરૂં રૂપ જોઇને કહી શકીએ છીએ કે તે યેસુખ્રીસ્તની શ્રીસભા ન હતી. અને જો પ્રોટેસ્તંતો કહે છે કે તે પંથો આપણા આગળ જનારા છે તો પ્રોટેસ્તંતોનો મત બરાબર પાખંડી મત તરીકે ગણાય.

અલ્બીગેંસોમાં પૂર્વનો એક ગ્નોસ્તીક પંથ, જેનું નામ પૌલીજીયાનો કે બોગોમીલો છે, તે જારી રહ્યો. અલ્બીગેંસો શ્રીસભાના દ્રવ્યથી ઠોકર ખાઇને ખ્રીસ્તીપણાની ચોખ્ખાઇ જે અસલના વખતમાં હતી તે ફરીથી સ્થાપનાર હતા. તેથી તેમનું "કાતારો" એટલે ચોખ્ખા લોક એવું નામ પડયું. તેઓ માનીખેઓની માફક બે પરમ

આત્માઓ શીખવે, પવિત્ર ત્રૈક્ય, પરમેશ્વરે કરેલી સૃષ્ટિ, મૂળ પાપ, પરમેશ્વરનો યેસુ ખ્રીસ્તમાં થએલો અવતાર અને તેણે કરેલું તારણ વગેરેનો નકાર કરે છે. તેઓએ યેસુનાં સાક્રમેન્તોને કાઢી પ્રભુના ભોજનનું એકલું નામ રાખ્યું. પાણીના બપ્તિસ્માને બદલે પવિત્ર આત્માનું બપ્તિસ્મા આપ્યું, કે જેથી તેઓના ધારા પ્રમાણે પસ્તાવા વગર બધાં પાપ માફ થાય. તેઓએ માંસાહારને પાપ ગણ્યું, શ્રીસભાના બાપા, ધર્માધ્યક્ષો અને યાજકોના હોદ્દાઓ કાઢ્યા, પવિત્રોના તથા ચિત્રોના માનનો અને તીર્થે જવાનો નકાર કર્યો, કોઇ અધિકારીઓને રાખ્યા અને લગ્ન, જનાવરોનું ખૂન તથા લડાઇ નકાર્યાં. તો પણ તે નિયમો એકલા સંપૂર્ણોને વાસ્તે હતા. અપૂર્ણોને બધું કરવાની રજા હતી. ઘણાઓએ મોટામાં મોટા ગુન્હાઓ પાપ ગણ્યા વગર કર્યા.

કાતારોનું અલ્બી શહેર ઉપરથી “અલ્બીગેંસો” નામ પડ્યું. રૈમુંડ, તુલુસનો ઉમરાવ તેઓનો શીરછત્ર અને રક્ષક હતો. તેઓ એટલી ખરાબ રીતે ચાલ્યા કે બાપા ત્રીજા ઇન્નોજેંજીયુસે કહ્યું છે કે તેઓ મુસલમાનો કરતાં વધારે ખરાબ છે. તેમની વિરૂદ્ધ કામ ચલાવવા માટે મંત્રીસભાઓ એકઠી થઈ. બાપાએ તેમની પાસે એલચીઓને મોકલ્યા. ઘણું કરીને પવિત્ર દોમીનીકુસે તેમની વિરૂદ્ધ ઉપદેશ કર્યો. બાપા ત્રીજા ઇન્નોજેંજીયુસે ફ્રાંસના રાજાને અલ્બીગેંસો ઉપર કામ ચલાવવાનો હુકમ આપ્યો. તેમની વિરૂદ્ધ એક ખ્રુસેદ પ્રગટ કર્યું, જેનો સરદાર મોંતફોર્તનો ઉમરાવ સીમોન હતો. છેવટે ઘણી લડાઇઓ પછી અલ્બીગેંસોને હરાવ્યા.

વાલ્દેંસોના પંથનું મૂળ પહેલા સૈકામાં નહિ પણ બારમા સૈકામાં છે. તેનો સ્થાપનાર પેત્રુસ વાલ્દુસ, લેઅન્સનો એક વેપારી હતો. એક મિત્રના અચાનક મરણથી બ્હીને જગતનો ત્યાગ કરીને તે બેબલ વાંચવા લાગ્યો, જેનો તરજુમો બે યાજકો મારફતે કરાવ્યો. તે પછી તેણે લેઅન્સના ધર્માધ્યક્ષ, ત્રીજા અલેક્ષંદ્ર અને ત્રીજા ઈન્નોજેંજીયુસ બાપાઓની રજા વગર પ્રાયશ્ચિત્તનો ઉપદેશ કરવા માંડ્યો જેથી તેને શ્રીસભામાંથી કાઢી મૂક્યો. હવે વાલ્દુસે એક પંથ સ્થાપીને અલ્બીગેંસોની ઘણી ભૂલોનો અંગિકાર કર્યો. તે પંથે શ્રીસભાની વિરૂદ્ધ લડાઈ કરી, કેમકે પહેલા સિલ્વેસ્તર બાપાના વખતથી શ્રીસભાએ પ્રેરિતો સંબંધી મત મૂકી દીધો છે એમ તેઓએ કહ્યું. તેઓએ એકલા બૈબલને

શ્રદ્ધાનું મૂળ ગણ્યું. તેઓમાંના કેટલાકે બપ્તિસ્મા અને સાક્રામેન્ત અને બધાએ મિસ્સ કાઢ્યાં. સાક્રામેન્તની અસર સાક્રામેન્તના આપનારની યોગ્યતાના આધાર ઉપર છે, કાંઇ અંત્યાભ્યંગ અને લગ્ન સાક્રામેન્ત નથી, શુદ્ધ કરનાર અગ્નિ નથી અને મૂએલાઓને વાસ્તે પ્રાર્થના કરવી નહિ, એમ તેઓએ માન્યું. શ્રીસભાના દ્વેષથી ફ્રાંસની દક્ષિણમાં, લોંબાર્ડીયા અને આલ્પસ પર્વતનાં ગામોમાં ઘણા લોકો તેમના અનુ-સંગી થયા. તેઓએ સતાવણીથી બચવા માટે બહારની રીતિઓ પાળીને ખ્રીસ્ત શરીર સાક્રામેન્ત પણ લીધું છે. પછી તેઓ હુસીતોના અને સોળમા સૈકામાં પ્રોટેસ્તંતોના પંથોમાં ગયા. હાલમાં કોઇ પ્રોટેસ્તંતો તરીકે પિયેદમોંતનાં ગામોમાં જારી રહેલા છે.

૧૯. ઇન્કવીસીશન.

મધ્યકાળમાં સરકાર ખ્રીસ્તી હતી. તેથી પાખંડી લોકે ખ્રીસ્તી એકસંપ ઉપર હુમલો કર્યો, તેને વાસ્તે સરકારે તેમને જવા ન દેતાં ગુન્હેગારો તરીકે ગણ્યા. ઇ. સ. ૪૦૭ માં બીજા થેઓદોસીયુસ બાદશાહે માનીખેઓ અને મોંતાનીસ્તોના પાખંડી મતોને જાહેર ગુન્હાઓ ગણ્યા હતા, કેમકે "જે કોઇ પરમેશ્વરના ધર્મની વિરૂદ્ધ થાય, તે બધાના કાયદાની વિરૂદ્ધ થાય." તે વખતે જે પાખંડી લોકોને શ્રીસભાએ ગુન્હેગારો તરીકે ઠરાવ્યા, તેઓને સરકારે દેશનિકાલ કર્યા, તેઓનો માલ જપ્ત કર્યો અને કોઈ વખત મરણનો દંડ પણ આપ્યો હતો. તેવી રીતે મધ્યકાળમાં પણ સરકારે કર્યું; બીજા ફ્રેદ્રિક બાદશાહના વખતમાં પાખંડી મતની સાધારણ સજા અગ્નિથી મરણ દંડ આપવાની હતી.

હઠેલો પાખંડી માણસ કોણ છે, તે તપાસવાનું કામ ધર્માધ્યક્ષોનું હતું કે જેઓની પોતાના પ્રાંતોમાં શ્રદ્ધાની ચોખ્ખાઇ રાખવાની ફરજ હતી. ત્રીજા ઇન્નોજેંછ્યુસ બાપાએ ધર્માધ્યક્ષોને પોતાના પ્રાંતોનાં ગામોને પોતે કે જગા રાખનાર મારફતે તપાસવાની ચેતવણી આપી. ઇ. સ. ૧૨૨૯, તુલુસની મંત્રીસભામાં એવી ફરમાશ થઇ કે બધા ધર્માધ્યક્ષોએ દરેક ખ્રીસ્તી ગામમાં એક યાજક અને સાધારણ આદમીઓને ગામના ખ્રીસ્તીઓની ચોકી રાખવાનો અને જેઓ હઠેલા પાખંડી છે તેઓનાં નામ નોંધવાનો અધિકાર આપવો. ચોથા ઇન્નોજેંછ્યુસ બાપાએ (ઇ. સ. ૧૨૪૩–૧૨૫૪) દોમીનીકાનોના મઠવા-

સીઓને ઇન્કવીસીશનનું કામ સોંપી દીધું. પણ તેમાં જે હક ધર્માધ્યક્ષોને હતા તેમાંથી કશા કાઢ્યા નહિ.

ઇન્કવીસીતોરે (તપાસ કરનાર) એક તહોમતદાર શખસ પાખંડી છે કે નહિ, તે તપાસવું, જેઓના ગુન્હા સાબિત હતા, તેઓની શ્રીસભાની સાથે શાંતિ કરાવવી અને હઠેલાઓને સરકારને સ્વાધિન કરવા જોઇતા હતા. સરકારે દંડ જાહેર અને જારી કર્યો. પાખંડી મતને રાજદ્રોહ કરતાં વધારે મોટો ગુન્હો ગણ્યો અને તે પ્રમાણે દંડ ઠરાવ્યો. કદાચ થોડા ઇન્કવીસીતોરો ઉપર ક્રૂરતાનું તહોમત છે, પણ તે તેઓના મંડળને લાગુ પડે નહિ, કેમકે તે મંડળે ગુન્હેગારોની સંખ્યા ઓછી કરી. તહોમતદારને બાપાની પાસે અપીલ કરવાની રજા હતી. બાપાએ નિર્દોષોનું રક્ષણ કરીને ઇન્કવીસીતોરો નિયમ પ્રમાણે કામ ચલાવે તેની બરાબર સંભાળ કરી.

શ્રીસભાના ઇન્કવીસીશનથી સ્પેન દેશનું ઇન્કવીસીશન બિલકુલ જુદું છે. "કાથોલિક" ફરદીનંદ રાજા અને ઇસાબેલ્લા રાણીએ કાસ્તીલીયા પ્રાંતને માટે તે ઇન્કવીસીશન સ્થાપ્યું. ઉમરાવોનું બળ તોડી નાંખવાનો અને જે યેહુદીઓ કે મુસલમાનો સંસારના ફાયદાને વાસ્તે ખ્રીસ્તી થઇ ગયા હતા, તેઓને પકડવાનો તેમનો હેતુ હતો, તે બાપાએ નાખુશીથી કબૂલ કર્યું. તો પણ ઇન્કવીસીશનથી સ્પેને શ્રદ્ધાની ચોખ્ખાઇ રાખી છે.

ઇન્કવીસીશનની હીલચાલ વિષે આપણા જમાનાની નહિ પણ મધ્યકાળની હીલચાલ પ્રમાણે ખ્યાલ કરવો જોઇએ. રાજદ્રોહની માફક પાખંડી મતને નોંધવાની હરેકની ફરજ હતી. સાક્ષીઓ છૂપા હતા. તો પણ તહોમતદારોને પોતાના શત્રુઓનાં નામ નોંધવાનો હક હતો, કે જેઓએ કાંઇ શાહેદી આપવી જોઇતી હતી નહિ. એકલા રાજદ્રોહના નહિ, પણ બીજા ગુન્હાઓને પાત્રોને રિબાવવાનો રિવાજ હતો.

જુદા મતના લોકોને એકલી કાથોલિક નહિ, પણ પ્રોટેસ્તન્ત સરકારે દંડ આપ્યો, જેમકે કાલ્વીને ઇ. સ. ૧૫૫૩ માં સરવેતુસ નામના એક સ્પાનીશ વૈદને બાળી નાંખવાનો હુકમ આપ્યો, અને પોતાના બચાવને વાસ્તે પાખંડી લોકોને તલવાર વડે સજા કરવી જોઇએ એવી મતલબનું એક પુસ્તક લખ્યું. સરવેતુસને મરણ દંડ દેવા માટે મલંખતોને કાલ્વીનનાં વખાણ કર્યાં છે. પ્રોટેસ્તન્ત રાજાઓ કાથોલિક રૈયત વિરૂદ્ધ કેવી રીતે વર્ત્યા, તે આગળ જતાં

જોઇશું. જર્મન બાદશાહતના રાજાઓએ એમ ધાર્યું કે "જેનો દેશ તેનો મત" અને તેઓ તે પ્રમાણે વર્ત્યા.

૨૦. યોહાન વિક્લિફ્ફ અને યોહાન હુસ.

૧. યોહાન વિક્લિફ્ફ. ઇંગ્લંડ ચોદમા સૈકા સુધી પાખંડી મતથી મુક્ત હતું. પણ પાખંડી યોહાન વિક્લિપ્ફ કે જેણે બાપા વિરૂદ્ધ દુશ્મની બતાવી, તેનાથી ઇંગ્લંડ જોખમમાં આવ્યું. રાજાની મહેરબાની તેને મળી, કેમ કે તેણે રોમને કર આપવો ન જોઇએ એમ કહ્યું. તેને બાપાઓનું અવિંગ્નોમાંનું મુકામ રોમ વિરૂદ્ધના દૂષનું નવું કારણ હતું, તેથી વધારે ઇ. સ. ૧૩૭૮ માં જે ફાટફુટ થઈ હતી તે હતું. થોડા વખત પછી તેણે આખી શ્રીસભા ઉપર હુમલો કર્યો. ગ્રીક અને હીબ્રુ ભાષા જાણ્યા વગર તે અંગ્રેજીમાં બૈબલનું ભાષાંતર કરવા લાગ્યો, જેમાંથી દવતરોકાનોનીકો નામનાં પુસ્તકો કાઢી નાંખ્યાં. તેણે એકલા બૈબલને શ્રદ્ધાનું મૂળ ગણ્યું અને ત્રાંસસુબસ્તં-જીયાજીયોનો નકાર કર્યો. માણસને પરમેશ્વરે સ્વર્ગ કે નરકમાં જવા આગળથી પસંદ કર્યું, બાપા શ્રીસભાનું શીર છે તેની ના કહી, બધા યાજકોનો અધિકાર યાજકો પરમેશ્વરની કૃપામાં છે તે ઉપર આધાર રાખે છે, એમ કહીને શ્રીસભાને આગળ પસંદ કરેલાની સભા ગણી. ફિતુરી વિક્લિફ્ફ અને તેના અનુસંગીઓના ઉપદેશથી ઇ. સ. ૧૩૮૧ માં ખેડુતોનો બળવો ઉત્પન્ન થયો, જે બળવાન બીજા રિચર્ડે દાબી નાંખ્યો છે. જ્યારે વિક્લિપ્ફ મિસમાં હાજર હતો, ત્યારે પાલટના વખતે મગજે લોહી ચડી જવાનો રોગ તેને લાગ્યો. ત્રણ દિવસ પછી પાખંડી મત રદ કર્યાં વગર તે મરી ગયો છે.

તેના અનુસંગીઓ, જેઓનું નામ "લોલ્લાર્ડસ" હતું, તેમણે દેશમાં ફરીને બૈબલો અને શ્રીસભાની વિરૂદ્ધનાં પુસ્તકો વહેંચી આપ્યાં. તેમની ભૂલોને રોમની એક મંત્રી સભા અને કોંસ્તંજની સામાન્ય શ્રીસભાની મંત્રીસભાએ દોષિત ઠરાવી. જોહાન ઓલ્ડકાસલ નામના એક શખસે લોલ્લાર્ડોનો બચાવ કરવાનો પ્રયત્ન કરીને કેટલાક વખત સુધી રાજા ચોથા હેનરીની મહેરબાની ભોગવી. પણ એક બળવો ઉઠાવવાના ગુન્હાને વાસ્તે છઠ્ઠા હેનરીએ તેને મરણ દંડ આપ્યો, ઇ. સ. ૧૪૧૭. તે વખતથી લોલ્લાર્ડોનો પંથ અલોપ થઇ જવા લાગ્યો.

૨. યોહાન્ન હુસ એટલે હંસ. બોહીમીયામાં પ્રેગની યુની-વર્સીતીના પ્રોફેસર યોહાન્ન હુસે વિક્લિફ્ફની ભૂલો ફેલાવી. તેણે

જર્મન દેશનો મોટો દ્વેષ કર્યો. તેથી તેની જાતના લોક જેઓ છેખો કહેવાતા હતા, તેઓ તેના પક્ષમાં આવ્યા. બીજા દેશના લોકો કરતાં છેખોને યુનીવેર્સિતીમાં વધારે મહેરબાની મળી, તે કારણથી બીજા દેશોના ત્રીશ હજાર વિદ્યાર્થીઓએ પ્રેગ છોડી દીધું. હુસનાં પુસ્તકોને દોષિત ઠરાવ્યાં છતાં હુસે પાખંડી મતનો ઉપદેશ કર્યો. તેના મિત્ર પ્રેગના હીયેરોનીમુસની સાથે મોક્ષની મશ્કરી કરી. હુસને શ્રીસભા-માંથી કાઢી મૂક્યો, અને જ્યાં સુધી હુસ પ્રેગમાં રહે ત્યાં સુધી પ્રેગ શહેરને ઇંતરદિક્ત નામનો દંડ આપ્યો. હુસ પ્રેગ શહેર છોડી જઇને કોઇ અનુસંગીઓની સાથે રહ્યો.

હુસની ભૂલો ઘણી વાતોમાં, તેમાં ઘણું કરીને શ્રીસભા અને સરકારના અધિકારની વિરૂદ્ધની બાબતમાં વિક્લિફ્ફની ભૂલો જેવી છે. સરકારની પેઠે શ્રીસભાનો અધિકાર જ્યાં સુધી તે અધિકારીઓ પરમેશ્વરની કૃપામાં છે ત્યાં સુધી ચાલે છે, એમ તેણે કહ્યું છે. એમ લાગે છે કે તેણે ખ્રીસ્ત શરીર સાક્રામેન્તની વાતમાં વિક્લિફ્ફની ભૂલ રાખી નથી, પણ યાજકોને પાપ માફ કરવાનો અધિકાર છે, તેની ના કહી.

બાદશાહ સીગીસમુંડે હુસને કોંસ્તંજની સામાન્ય શ્રીસભાની મંત્રીસભામાં દાખલ થવા માટે અભયદાનનું પત્ર આપ્યું છે. હુસ દાખલ થયો, ત્યારબાદ તેની ભૂલોને દોષિત ગણવામાં આવી. તેણે પોતાની ભૂલો સ્વીકારી નહિ, તેમ કાઢી નાંખી પણ નહિ, તેથી બાદશાહે તેને ઇ. સ. ૧૪૧૫ માં જુલાઇની તા. ૧૬ મીએ અગ્નિ મરણ દંડ આપ્યો. તેના મિત્ર પ્રેગના હયેરોનીમુસની પણ એવી જ દશા થઇ, મેની તા. ૩૦ મી ઇસ. ૧૪૧૬.

તે પછી બોહીમીયામાં હુસીતોની લડાઇ ઉઠી. હુસીતોએ આખા દેશની ધૂળધાણી કરી. બાપા અને બાદશાહે હુસીતોને શાંત કરવાની કોશિશ કરી, પણ તે વ્યર્થ ગઇ, કેમકે જે શરતો હુસીતોના આગેવાન જીસ્કાએ ઠરાવી, તે શ્રીસભા કબૂલ કરી શકી નહિ. તે શરતો એવી હતી કેઃ—(૧) શુદ્ધ સુવાર્તાના ઉપદેશનું છૂટાપણું, (૨) બે રૂપમાંનું કોમુનીયો, (૩) યાજકોએ સાંસારિક માલમત્તા રાખવી નહિ, અને (૪) યાજકો કે સાધારણ લોકોને મહાન પાપને વાસ્તે સરકારે મરણ દંડ આપવો.

પછી હુસીતોના પંથમાંથી ઘણા જુદા જુદા પંથો ફાટયા. નરમ સ્વભાવનાએ શ્રીસભાની સાથે એકઠા થવા પ્રયત્ન કરીને એલચીઓને બાસલની મંત્રીસભા પાસે મોકલ્યા, પણ ફક્ત ઈ. સ. ૧૪૩૩ માં એક સંપ થયો. આગળની શરતો બદલી કે ઉપદેશ ધર્માધ્યક્ષોની દેખરેખ તળે થાય. કોમુનીયો બે રૂપમાં લેવાની તેમને રજા મળી, કેમકે તેઓએ એવું વચન આપ્યું કે અમે માનીશું અને શીખવીશું કે બે રૂપમાં કોમુનીયો લેવાની જરૂર નથી. શ્રીસભાની ફરમાશ પ્રમાણે શ્રીસભાની માલમત્તા વાપરવાનું ઠરાવ્યું. ચોથી કલમ એવી રીતે બદલી કે જેઓની પાસે નિયમિત અધિકાર હોય તેઓએ મહાન સજા કરવી.

અતીશય સખ્ત સ્વભાવના હુસ્સીતો, જેઓ તાબોર શહેર ઉપરથી તાબોરીતો કહેવાતા, તેઓએ બરાબર હારીને સીગીસમુંડને રાજા તરીકે સ્વીકાર્યો.

ઉત્રાક્વીસ્તોના (ઉત્રાક્વીસ્તો એટલે જેઓ એકલા બે રૂપમાં ખ્રીસ્ત શરીર સાક્રામેન્ત માને છે તેઓ) પંથથી બોહીમીયમ અને મોરેવીયન ભાઈઓનો પંથ નીકળી ગયો. તેઓએ શ્રીસભામાં અસલની સાદાઈ રાખવી અને ખ્રીસ્ત શરીર સાક્રામેન્ત નથી, ઈત્યાદિ શીખવ્યું. આ પંથ જર્મનીમાં ઘણું કરીને સાક્ષોનીમાં ફેલાયો અને પછી પ્રોટેસ્તંત પંથની સાથે ભળી ગયો.

જે અભયદાનનું પત્ર બાદશાહ સીગીસમુંડે હુસને આપ્યું હતું, તે વિષે જાણવું જોઈએ કે હુસેને સજા ન થાય એવું વચન બાદશાહે આપ્યું નથી, પણ એકલી મુસાફરીને વાસ્તે અભયદાન આપ્યું હતું. તેથી સીગીસમુંડે હુસને મરણ દંડ આપ્યો, માટે સીગીસમુંડ ઉપર વિશ્વાસઘાતનું તહોમત ન મૂકાય.

૨૧. ચૌદ અને પંદરમા સૈકામાં શ્રીસભાનું જીવન ચરિત્ર.

શ્રીસભામાં માણસો છે. માણસ પાપી છે, જેથી શ્રીસભાના માણસોમાં કોઈ વખત ખરાબી દેખાય તેમાં કાંઈ નવાઈ નથી. તે સિવાય યેસુએ આગળ સાફ કહ્યું છે કે સ્વર્ગના રાજ્યમાં એટલે શ્રીસભામાં સારાં અને ખરાબ માણસો, તેના ખેતરમાં ઘઉં અને કડવાં છોડવાં અને તેની જાળોમાં સારાં અને ખરાબ માછલાં દાખલ થશે. તોપણ તે ખરાબી શ્રીસભાની શ્રદ્ધા અને આચરણને લાગે નહિ, કેમ કે તે હમેશ શુદ્ધ છે. જેવી રીતે શરીરનો મેલ આત્માને નહિ, તેવી રીતે

શ્રીસભાનાં માણસોનાં પાપ શ્રીસભાની પવિત્રતાને મેલી કરતાં નહિ. એક બાજુએ ચૌદ અને પંદરમા સૈકામાં ખ્રીસ્તીઓની ખરાબી હતી ખરી; પણ બીજી બાજુ પર તે વખતમાં પણ બહુ શ્રદ્ધાનાં કામો દેખાય છે, જેમકે પરમેશ્વરના માનને વાસ્તે સારામાં સારાં મંદિરો બાંધ્યાં, અને ગરીબો તથા દર્દીઓને મદદ આપવાને માટે સારાં કામો સ્થાપ્યાં, જેના દાખલાઓ આજ સુધી બાકી રહ્યા છે.

જ્યાં સુધી છાપવાની કળા નિકળી નહોતી, ત્યાં સુધી અભણ લોકોને દેવળોમાંનાં ચિત્રો અને પવિત્ર ખેલોથી બૈબલના ઘણી વાતો શીખવી. એનો દાખલો જે વરઘોડો ખજુરી રવિવારે થાય છે તે છે. લોકોની ભાષામાં રચેલાં બહુ સારાં ગીતો લોકોએ ગાયાં. આજની માફક તે વખતમાં મિસ લાટીન ભાષામાં ગાવામાં આવતું હતું.

યુનીવેરસીતીઓ વધી અને ઘણું કરીને શ્રીસભાને ખર્ચે સ્થપાઇ. બાપાઓએ વિદ્યાર્થીઓને પદવી આપવાનો અધિકાર તેમને આપ્યો. ધર્મની વાતોમાં પ્રજા ભણેલી હતી. પ્રજાને શીખવવા અને સારાં કામો તરફ ખેંચવા માટે ઘણાં પુસ્તકો રચ્યાં, એવું એક સારૂં "યેસુ-ખ્રીસ્તનું અનુકરણ" એ નામનું પુસ્તક થોમાસ આ કેંપીસે (ઇ. સ. ૧૪૭૧) રચ્યું.

ચિત્રો અને પુતળાં પાડવાની કળા ખીલવા લાગી. યુનીવેરસીતો અને મઠવાસોમાં બહુ સારી પુસ્તકશાળાઓ સ્થાપી છે.

આ વખતમાં બહુ સારી અને મોટામાં મોટી શોધો પ્રગટ થઇ જેમકે:—

૧. છાપવાની કળા ઇ. સ. ૧૪૫૦ માં યોહાન ગુતેંબેર્ગે શોધી કાઢી. પહેલું પુસ્તક એક લાટીન બૈબલ હતું.

૨. એક ઇટાલીયન આદમીએ ખલાસીઓનું "કંપાસ" શોધી કાઢયું, જેથી દરિયા ઉપરની મુસાફરીને બહુ ફાયદો થયો.

૩. બેર્તોલ્ડ સ્વાર્જ નામના એક મઠવાસીએ ઇ. સ. ૧૩૭૦ માં બેદીનીયાના ફ્રૈબુર્ગમાં બંદુકનો દારૂ શોધી કાઢયો.

૪. અમેરિકા ખંડ ઇ. સ. ૧૪૯૨ માં ક્રીસ્તોફર કોલંબુસને અને કેપ ઓફ ગૂડહોપ થઇને હિંદુસ્તાન જવાનો દરિયા ઉપરનો રસ્તો ઇ. સ. ૧૪૯૮ માં ફીરંગી વાસ્કો ડીગામાને જડયો.

૫. ગ્રીક અને રોમી લોકોની અક્ષર વિદ્યા અને હુન્નરકળાનો અભ્યાસ વધ્યો. ઘણું કરીને ઇ. સ. ૧૪૫૩ માં કોન્સ્તંતીનોપલ

તુર્કોના હાથમાં પડયું, તે વખતથી ગ્રીક ભાષા અને હુનરકળાનું જ્ઞાન યુરોપખંડમાં ફેલાયું.

કાથોલિક શ્રીસભાએ આગળ જે જંગલી પ્રજા હતી, તેને સારી રીતે સુધારી. જે શોધોએ પૃથ્વીનું મોંહ બદલાવીને અર્વાચીન કાળ દાખલ કર્યો, તે કાથોલિક શ્રીસભાનું પરાક્રમ બતાવે છે.

યુરોપના પ્રજા ખ્રીસ્તી થઇ ગઇ, જમીન ખેદવામાં આવી, વેપાર અને હુનરકળા ખીલવા લાગ્યાં, વહાણો દરિયાપર થઇ બીજા ખંડોમાં જવા લાગ્યાં, વિદ્યા વધી, ઘણી પાઠશાળાઓ અને પ્રાથમિક નિશાળો ઉંચી અને સાધારણ કેળવણીને માટે સ્થપાઇ. દેશો ખ્રીસ્તી પ્રીતિનાં કામોથી ભરેલા હતા. જે લોકોને મરકી કે કહોડ કે બીજા કાંઇ રોગો લાગ્યા, તેઓને વાસ્તે હરેક શહેરમાં ઇસ્પીતાલો થઇ. કારીગરો ગીલ્ડ નામની એક સભામાં એકઠા થયા, જેણે તેઓનું રક્ષણ કર્યું, બધી પ્રજા શ્રદ્ધા અને એક સંપના બંધનથી એક મનની હતી.

પણ હુનરકળા અને વિદ્યાની ખીલવટમાં અને ગ્રીક તથા રોમી અક્ષર વિદ્યામાં જોખમો હતાં કે જેથી શ્રીસભાને બહુ નુકસાન થયું.

ખરો બાપા કોણ, તે સવાલની તકરાર પતાવવાને બાદશાહ સેગીસમુંડ અને બાપા ત્રેવિસમો યોહાન્ન કે જેને જર્મનીએ સ્વીકાર્યો છે તેમણે

સોળમી સામાન્ય શ્રીસભાની મંત્રીસભા કોસ્તંજમાં

એકઠી કરી, કે જે ઇ. સ. ૧૪૧૪ થી ૧૪૧૮ સુધી ટકી. મતની ચીઠ્ઠીઓ દેશો પ્રમાણે થવાની હતી. જે ત્રણ આદમીઓ એટલે બારમો ગ્રેગોરીયુસ, ત્રેવીસમો યોહાન્ન (બલ્તાસાર કોસ્સા) અને તેરમો બેનેદિક્ત (પેત્રુસ દેલુના), એ લોકોએ બાપાના હોદ્દાનો દાવો કર્યો, પણ પછી રાજીનામું આપ્યું, કે ખરૂં બોલતાં કોસ્સાને તથા પેત્રુસ દેલુનાને કાઢી મૂક્યા અને નવા બાપા તરીકે પાંચમા માર્તીનને પસંદ કર્યો, જેને શ્રીસભાનાં શીર અને અવયવોને સુધારવાનો હુકમ થયો. બેતાલીશ બેઠકથી પીસ્તાલીશ બેઠક સુધી કોંસ્તજની શ્રીસભાની મંત્રીસભા સામાન્ય શ્રીસભા તરીકે સ્વીકારવામાં આવે છે. જે આગલી બેઠકો, જેમાં વિક્લિફ્ફ અને હુસની ભૂલો દોષિત ઠરાવી અને આચરણો સુધારવાના ચૂકાદા જાહેર થયા છે, બાપાએ કબૂલ કરી છે, તેમાં સામાન્ય સભાનો ભાવ છે. કોસ્તંજની સામાન્ય શ્રીસભાની મંત્રીસભા પછી

સત્તરમી સામાન્ય શ્રીસભાની મંત્રીસભા બાસલ અને ફ્લોરેન્સમાં એકઠી થઇ. (ઇ. સ. ૧૪૩૧-૧૪૩૯). શરૂઆતમાં તે સભા બાપા ચોથા એવગેનીયુસની વિરૂદ્ધ હતી. પણ બાપાના એલચીઓ એવો સંદેશો લઇને આવ્યા કે બાપા સભા એકઠી થાય તે બાબતમાં ખુશ છે ખરો પણ જે આગળના ચુકાદા બાપાના અધિકાર વિરૂદ્ધ જાહેર થયા છે, તે બાપા કાઢી નાંખે છે. ઘણી તકરારો થયા બાદ સભા ફેરારા અને પછી ફ્લોરેન્સમાં એકઠી થઇ.

એકલા જે ચૂકાદા પાખંડીના મતનો કાઢવાને, ખ્રીસ્તી શાંતિ રાખવાને અને શ્રીસભાનાં શીર તથા અવયવોમાં સુધારો કરવાને લગતા છે, તે સામાન્ય મંત્રીસભાના ચૂકાદા છે. આ સભામાં ગ્રીકોનો રોમની સાથે સંપ થયો, પણ તે બહુ વખતનો હતો નહિ, કેમકે કોંસ્તંતીનોપલના ગ્રીકોએ પોકાર્યું કેઃ "અમે બાપા કરતાં તુર્ખો ઉપર વધારે પ્રીતિ કરીએ છીએ." તે પ્રીતિની ઇચ્છા પૂરી થઇ સંપનો વિભાગ થયો અને પેં તે કોસ્તના તહેવારે ઇ. સ. ૧૪૫૩ માં તુર્ખોએ કોંસ્તંતીનોપલ લીધું છે.

૨૨. જે બાપાઓ ફ્લોરેન્સની મંત્રીસભાથી બીગાડ સુધી હતા તે.

બાપા પાંચમા નિકોલાઉસે (ઇ. સ. ૧૪૪૭-૧૪૫૫) કોંસ્તંતીનોપલ પાછું લેવાનો પ્રયત્ન કર્યો. તેના પાછળ આવનાર ત્રીજા કાલીક્ષતુસે (ઈ. સ. ૧૪૫૫ -૧૪૫૮) પણ તેવો પ્રયત્ન કર્યો હતો. તે ભાણેજ ભત્રિજા ઉપરના પ્યારથી છૂટો નહતો, એવું તેણે પોતાના બે ભત્રિજાને એક જ દિવસે કાર્ડીનાલો બનાવ્યા, તે ઉપરથી જણાય છે.

બીજા પિયુસે (ઇ. સ. ૧૪૫૮-૧૪૬૪) જુવાનીમાં છૂટું જીવન ગાળ્યું હતું ખરૂં. બાસલની મંત્રીસભામાં તે બાપા વિરૂદ્ધ હતો, તો પણ પછી બાપાની સાથે સમાધાન કરીને તેણે યાજકપણું મેળવ્યું. બાપા રીકે તેણે તુર્ખો વિરૂદ્ધની લડાઇને માટે બહુ પ્રયત્ન કર્યો, તો પણ ખ્રીસ્તી રાજાઓ ઉપર અસર થઇ નહિ. પોતે એક ક્રુસેહની સરદારી લેવાનો હતો. પણ તે ઇરાદો પૂરો કર્યા પહેલાં તે મરી ગયો.

તેની પાછળ આવનાર બીજા પૌલુસના રાજ્યમાં (ઇ. સ. ૧૪૬૪-૧૪૭૦) આચરણ સુધારવા વાસ્તે કશું થયું નહિ. તેમ જ ચોથા સીક્ષતુસના રાજ્યમાં (ઇ. સ. ૧૪૭૧-૧૪૮૦), ફ્લોરેન્સ અને વેનિસ શહેરો વિરૂદ્ધ તેણે લડાઇ કરી. જે સુંદર ઇમારતો તેણે રોમમાં બંધાવી, તેથી તે બાપા પ્રખ્યાત છે.

જો કાર્ડીનાલોએ સીક્ષતુસના મરણ પછી જે શ્રીસભાના હોદ્દા વેચાતા લેવા અને આપવાનો ખરાબ રિવાજ કાઢે અને બાપાના મહેલમાંના અવયવોમાંથી જગતનું મન કાઢે, એવા બાપાને પસંદ કર્યો હોત તો જે વહેમ રોમ ઉપર ઉઠવા લાગ્યો તે અલોપ થાત. કમનસિબે એવા બાપાને પસંદ કર્યો કે જેણે ખરાબી વધારી.

આઠમો ઇન્નોજેંટ્યુસ લાંચથી બાપાના હોદ્દા ઉપર આવ્યો. તેણે જુવાનીમાં કુચાલ કરીને એક પુત્ર અને અનેક પુત્રીઓના બાપ થયા પછી લગ્ન કર્યું હતું. વિધુર થયા પછી તેણે યાજકપણું લીધું. શ્રીસભાનાં કામોમાં તેણે હુશીયારી બતાવી અને તે નરમ તથા શાંત સ્વભાવથી લોકપ્રિય થઇ ગયો. બાપા તરીકે તેણે હુનરકળા અને વિદ્યાનું રક્ષણ કર્યું. જે ફીતુર રોમમાં હતું તે દાબી દીધું. તેણે "જેમ" નામના એક તુર્ક શાહજાદાને કેદી તરીકે રાખ્યો હતો, જેને વાસ્તે તેને સુલતાન તરફથી દર વરસે ૪૦ હજાર દુકતા મળ્યા. તે રીતે ખ્રીસ્તીપણાએ સુલતાનની સાથે સમાધાની રાખી.

રોમમાં લાલચ અને બદીની ફરિયાદો વધી, તો પણ ઇન્નોજેંટ્યુસે તેમાં ભાગ લીધો હશે નહિ એમ લાગે છે. બે આદમીઓએ ખોટાં બુલ્લાં બનાવ્યાં, જેનાથી જે પૈસા આપે તેને મોટા ગુન્હાઓ કરવાની રજા મળી. બાપાએ તેમનું ગરદન કપાવ્યું. શ્રીસભામાં શાંતિ રાખવા માટે તેણે સારી ફરમાશો જાહેર કરી. રોમની હાલત કેટલીક વાતોમાં ખરાબ હતી અને ગુન્હાઓ વધ્યા, તોપણ તેમાં ઇન્નોજેંટ્યુસનો વાંક નહતો. જે વાતો તે કાળના કેટલાક લેખકોએ રોમ અને બાપાઓની કુચાલ વિષે લખી છે, તે બહુ સંભાળથી વાંચવી જોઇએ, કેમકે તેઓએ બાપાઓ ઉપર ખોટાં તહોમત મૂકવાના હેતુથી અતીશયોક્તિ કરી છે.

ઇન્નોજેંટ્યુસના મરણ પછી બાપાઓનો હોદ્દો નીચ હાથોમાં પડયો. કાર્ડીનાલ રોદ્રીગઓ બોર્ગીયા, ત્રીજા કાલીક્ષતુસના ભત્રિજાને પસંદ કર્યો કે જે અક્કલવાળો તથા કામકાજની હુશીયારી અને રાજકીય વિશેષ બુદ્ધિથી નામાંકિત હતો, પણ અનાચારી અને પાપાચરણી શખસ હતો. તેણે છઠ્ઠો અલેક્ષંદ્ર એવું નામ ધારણ કર્યું; (ઇ. સ. ૧૪૯૨–૧૫૦૩). તે એક સારો રાજકર્ત્તા, બહુ ભણેલો, હુનરકળા તથા વિદ્વત્તાનો રક્ષક, પ્રજા તરફ નરમ અને વિલંબ કરે

તેવા સ્વભાવવાળો, ઉંચી પદવીના તરફ સખ્ત અને કઠણ, જોખમોમાં હિમ્મતી અને સ્થિર તથા કોલકરારો કરવામાં ચતુર અને અક્કલમંદ હતો. તેને હરેક ઉપાય ગમતો અને જે રાજરિવાજ બીજા દેશોમાં ચાલતો હતો, તે પ્રમાણે તે વર્ત્તતો હતો. બાપા થયા આગળનું જીવન તેણે પાપમાં ગાળ્યું હતું. વ્યભિચારી સંભોગથી તેને અનેક છોકરાં થયાં હતાં. તેનો હેતુ પોતાનો વિષય પૂરો કરવાનો અને પોતાનું કુટુંબ ઉછેરવાનો હતો.

બાપા થયા પછી તેણે આગળનું જીવન કેટલોક વખત સુધી એવી રીતે ગાળ્યું. તેના શત્રુઓએ તેના કેટલાક ગુન્હાઓ કલ્પિત કરેલા છે ખરા, તોપણ ઘણા બાકી રહે છે કે જેથી તેનું સ્મરણ શરમ ભરેલું છે. તેની રાજનીતિ પોતાનાં છોકરાંઓને રાજ્ય મળવું જોઇએ એવા હેતુથી ભરેલી અને ઘણી વખત અપ્રમાણિક હતી.

વખતે વખતે તેણે પસ્તાવો કરીને કાર્ડીનાલો આગળ પોતાનાં પાપોનો સ્વીકાર કર્યો અને બાપાનો હોદ્દો મૂકી દેવાનો વિચાર કર્યો, તોપણ એવો પસ્તાવો લાંબો વખત સુધી ચાલ્યો નહિ.

બાપા છઠ્ઠા અલેક્ષંદ્રનો મુખ્ય શત્રુ ફ્લોરેન્સનો એક દોમીની-કાન મઠવાસી, હીયેરોનીમુસ સાવોનારોલા હતો. તેણે શ્રીસભાની ખરાબી વખોડીને પરમેશ્વરની સજાનો ધિક્કાર કર્યો અને પોતાને પરમેશ્વરે મોકલેલા પેગંબર તરીકે ગણાવીને ફ્લોરેન્સમાં પ્રજાસત્તાક રાજ્ય સ્થાપ્યું. અલેક્ષંદ્રે સાવોનારોલાને જવાબ આપવા માટે રોમ બોલાવ્યો અને ધર્મબોધ કરવાની મના કરી, તો પણ સાવોનારો-લાએ એ હુકમ એકદમ માન્યો નહિ. પછી બાપાના ચૂકાદાને હું વશ છું એમ કહીને પણ ધર્મબોધ કર્યા કર્યો. હવે પ્રજાનો એક ભાગ તેની સામે થવા લાગ્યો.

જ્યારે બાપાએ તેને શ્રીસભામાંથી કાઢયો ત્યારે સાવોનારો-લાએ અલેક્ષંદ્ર ખરો બાપા નથી, એવો જવાબ આપીને, યુરોપના રાજાઓ તેને બાપાના હોદ્દા ઉપરથી કાઢી મૂકે એવી તેઓને વિનતિ કરવાનો યત્ન કર્યો. એટલામાં પ્રજાએ દોમીનીકાન મઠવાસ ઉપર હુમલો કરીને સાવોનારોલાને બીજા બે દોમીનીકાન મઠવાસીઓ સાથે કેદી બનાવ્યો. ફ્લોરેન્સની સરકારે તે ત્રણ દોમીનીકાનોને મરણ દંડ આપી, તેઓને ફાંસીએ ચડાવીને તેઓની લાસને બાળી નાંખી.

કોઈ પ્રોટેસ્તંતો એમ કહે છે કે સાવેનારોલા લુટરની આગળ જનાર હતો. પણ લુટર અને સાવેનારોલાનો મુકાબલો કરીએ તો સાવેનારોલાનું આચરણ શુદ્ધ અને પ્રાયશ્ચિત્તથી ભરેલું માલૂમ પડે. પુસ્તકોમાં અને ઉપદેશમાં કાથેલિક મતથી કદી દૂર નહિ થઇને તેણે હમેશાં જે કોઇ કાથેલિક મતથી દૂર થાય તે ખ્રીસ્તથી દૂર થાય છે, એમ શીખવ્યું છે. તેનો મોટામાં મોટો વાંક કહ્યું ન માનવું તે હતો. એવી વાતમાં તે લુટરના જેવો હતો કે તેનો સ્વભાવ સ્વમવત્, તુરંગબાજ અને હદબહાર જાય તેવો હતો. તેથી સાફ વિચાર કરવાની શકિત બગડી ગઇ અને મન બહારથી આવેલી અસરોને અતીશય વશ થયું.

અલેક્ષંદ્રના રાજ્યમાં અમેરિકા ખંડ જડયો, તેથી તેને નવા ખંડમાં કાથેલિક મત ફેલાવવાની તક મળી. અમેરિકાના જે દેશો સ્પેન અને પોર્ટુગાલના હતા તેની વચ્ચમાં એક લીટી ખેંચી, જેની એક બાજુએ સ્પેનનો અને બીજી બાજુ પર પોર્ટુગાલનો દેશ આવ્યો. એમ કરીને તેણે સ્પેન અને પોર્ટુગાલ વચ્ચે લડાઇ થતી અટકાવી. તે સિવાય તેના રાજ્યમાં મુસલમાનોને સ્પેનમાં તોદન હરાવ્યા, (ઇ. સ. ૧૪૯૨). તેથી સ્પેનમાં કાથેલિક મતનો એકસંપ ફરીથી સ્થાપ્યો.

ખરૂં બોલતાં અલેક્ષંદ્ર સાંસારિક રાજા જેવો હતો. જો બાપા ન હોત, પણ એકલો સાંસારિક રાજા હોત, તો તે બહુ ઉંચી પદવીનો હોત. તે જો લુટર અને કાલ્વીન જેવો ધર્મને બગાડનારો હોત તો પ્રોટેસ્તંતો તેને બહુ મોટો ગણુત. હવે અલેક્ષંદ્રે બાપા તરીકે કદિ પણ ખોટો મત શીખવ્યો નથી. જો અલેક્ષંદ્રે લુટર તથા કાલ્વીનની માફક નવો ધર્મ સ્થાપ્યો હોત તો લુટર અને કાલ્વીનની પેઠે તેની કુચાલથી એવો ધર્મ પરમેશ્વરનો નથી એવો વહેમ પડત, કેમ કે નવો ધર્મ સ્થાપવાને પરમેશ્વર ખરાબ માણસને પસંદ કરે નહિ. અમે આગળ કહ્યું તેમ અલેક્ષંદ્ર સાંસારિક રાજાઓના નમુના પ્રમાણે વર્ત્યો, કે જેના ગુન્હાઓ અલેક્ષંદ્રના કરતાં હજારગણા મોટા હતા.

અલેક્ષંદ્રે પોતાની દિકરી સાથે વ્યભિચાર કર્યો હોય, કે અલેક્ષંદ્ર ઝેર ખાઇને મરી ગયો હોય, તે વાત જૂઠી છે.

બીજો જુલીયુસ બાપા (ઇ. સ. ૧૫૦૩–૧૫૧૩) નિષ્કપટ માણસ હતો. પણ તે જાણે કે બાપા નહિ પણ સેનાનો પતિ હોય

તેવી રીતે વર્ત્યો. તેણે શ્રીસભાની અંદરના સુધારા કરતાં જાહેર કામકાજો તરફ વધારે મન લગાડયું. તેણે

અઢારમી સામાન્ય શ્રીસભાની મંત્રીસભા (લાટરાન-માંની પાંચમી) ઇ. સ. ૧૫૧૨ માં એકઠી કરી. તેના મુખ્ય હેતુઓ (૧) ખ્રીસ્તી રાજાઓની વચ્ચે શાંતિ સ્થાપવી, (૨) તુર્કો વિરૂદ્ધ લડાઈ ચલાવવી, અને (૩) શ્રીસભાનાં શીર અને અવયવોમાં સુધારો કરવાના હતા. બાપાઓની ચુંટણીમાં સીમોનીયા ન કરવી એવો ચૂકાદો સભાએ જાહેર કર્યો અને બાપાએ કબુલ કર્યો.

થોડા વખત પછી બાપા મરી ગયો, અને તેની પાછળ

દશમો લેઓ આવ્યો (ઇ. સ. ૧૫૧૩–૧૫૨૧). તે ફ્લોરેન્સના ઉંચા મેડીજી કુટુંબનો, બહુ સુધરેલો તથા તમાશા, હુન્નરકળા અને વિદ્યાની ફીકરવાળો હતો. તેણે હુન્નરકળા અને વિદ્યાપ્રવિણ આદમીઓને પોતાની તરફ ખેંચ્યા. પણ તે ખ્રીસ્તીઓમાં યેસુખ્રીસ્તનો આત્મા સજીવન કરવાની કળામાં પ્રવિણ ન હતો. તેણે કેટલોક વખત સુધી ૧૮ મી સામાન્ય શ્રીસભાની મંત્રીસભા જારી રાખી, અને આચરણ સંબંધી ચૂકાદા જાહેર કર્યા, તો પણ ઝાડના મૂળમાં કુહાડી મારી નહિ. મંત્રીસભા ઇ. સ. ૧૫૧૭ માં બંધ થઈ. જો કે દોમીનીકાનોનો મુખ્ય થોમાસ દેવીઓ કે જેનું બીજું નામ કાયેતાનુસ છે તેણે વિનતિ કરી કે મંત્રીસભા જારી રાખો, પણ તે વ્યર્થ ગઈ અને મંત્રીસભા બંધ થઇ. શ્રીસભામાં “ સુધારો ” થયો ખરો, પણ જે ખોટી રીતે સુધારો કહેવાય અને જેનું ખરૂં નામ બગાડ છે, તેવો નહિ. પણ જે પવિત્ર બાપાઓ અને શ્રીસભામાંના પવિત્ર પુરૂષો અને સ્રીઓએ કર્યો તે. આગળ શ્રીસભામાંથી પરૂ કાઢવાનું હતું. ઘણાઓ શ્રીસભામાંથી નિકળી ગયા, તેથી શ્રીસભા સ્વચ્છ થઈ.

શ્રીસભાનો મત બગડી ગયો હોય, એમ માનવું જોઇએ નહિ. જે સત્ય પરમેશ્વરે જૂના કરારમાં ભવિષ્યવાદીઓ અને નવા કરારમાં યેસુખ્રીસ્ત માર્ફતે જાહેર કર્યું છે, તે શ્રીસભાનો મત હમેશ સાચો અને અચૂક છે. જે માણુસો “ શીખવનાર અને સાંભળનાર શ્રીસભા ” ઠરાવે છે, તેઓનેજ ખરાબીઓ લાગુ પડે છે. કેટલાક ખરાબ વલણના ઇતિહાસલેખકો મધ્યકાળની શ્રીસભામાં ભુંડાઇ દેખાને તે કાળને અંધારાનો કાળ કહે છે. પણ (આપણા જમાનામાં) વધારે ચોક્કસ ઇતિહાસ મધ્યકાળમાં જે સારૂં હતું તે બતાવીને એટલું અજવાળું

પાડે છે કે શ્રદ્ધા રાખનાર આંખને તે વખત આજના કરતાં વધારે પરાક્રમ ભરેલો માલૂમ થાય છે, એટલે તે જીવતી શ્રદ્ધા, અને શ્રદ્ધામાં સારાં કામ કરનારી પ્રીતિનો કાળ હતો.

કોઇ વિચારે છે કે તે વખતમાં પ્રજાને ઉપદેશ ન થયો અને પ્રજા ધર્મની બાબતમાં અજાણુ હતી. પણુ એમ ન હતું. દરેક રવિવારે મિસમાં ધર્મબોધ થતો, એ જે ધર્મબોધનાં પુસ્તકો તે વખતથી આજ સુધી બાકી રહ્યાં છે તે ઉપરથી માલૂમ પડે છે. ઘણાં ગામો અને શહેરોમાં ધર્મબોધ કરવા માટે એક યાજક નિમેલો હતો, કે જેને તે કામને વાસ્તે પૈસા મળતા હતા ધર્મબોધ કરનારાઓને બૈબલની વાત બરોબર માલૂમ હતી, કેમકે બૈબલમાંથી ધર્મબોધ કાઢ્યો હતો. શહેરોમાં કવરેસીમાના વખતે એક નહિ પણુ અનેક દેવળોમાં રોજ ધર્મબોધ થતો હતો. જંગલમાં એક અઠવાડીયામાં ઘણું કરીને ત્રણુ વખત કવરેસીમા વખતે ધર્મબોધ થતો હતો. પાસ્ખા આગળના શુક્રવારે યેસુના દુઃખની વાત સંભળાવામાં આવતી, જેથી તે ધર્મબોધો સાધારણુ કરતાં વધારે લાંબા થતા ગયા.

પ્રાયશ્ચિત્ત અને ખ્રીસ્ત શરીર સાક્રામેન્તનું શિક્ષણુ અપાયું. તે વખતમાં છોકરાંઓને બીજી ધર્મની વાતોનો ખુલાસો થયો. ઘણા લોકો વાંચી નહોતાં શકતાં ખરાં, કારણુ કે છાપવાની કળા શોધી કાઢેલી નહિ હોવાથી પુસ્તકો બહુ મોંઘાં હતાં, તો પણુ જે ચિત્રો દેવળોમાં અને જાહેર રસ્તા ઉપર પ્રજાની નજરમાં પડયાં, તેથી કાથેલિક ધર્મના મર્મો બરાબર માલૂમ હતા.

કાથેલિક શ્રીસભાના શત્રુઓ એમ કહે છે કે કાથેલિક શ્રીસભાએ પ્રજાથી બૈબલ સંતાડી રાખ્યું અને પ્રજાને બૈબલ વાંચવાની મના કરી, કે જે બૈબલ લુટરે અંધારામાંથી કાઢ્યું. તે વાત કેટલી ખોટી છે, એ કેટલાં બૈબલો અને બૈબલના ભાગો એકલી લાટીન ભાષામાં નહિ પણુ પ્રજાની બીજી ભાષાઓમાં લુટરનું બૈબલ જાહેર થયા આગળ છાપવામાં આવ્યાં છે, તે હવે બતાવીએ છીએ, તેથી માલૂમ પડશે.

જૂની ભાષાઓમાં ૮૪ જુદાં બૈબલો છાપ્યાં છે; ૬૨ હીબ્રીમાં, જેઓમાંનાં ૧૨ આખા જૂના કરારનાં બૈબલો અને ૫૦ પસંદ કરેલા ભાગોનાં પુસ્તકો હતાં; ૨૨ ગ્રીક ભાષામાં, જેઓમાંનાં ૩ જૂના કરારના, ૧૨ નવા કરારના અને ૭ જુદા બૈબલના ભાગોનાં ભાષાં-

તરો હતાં. લાટીન ભાષા તે વખતના ભણેલા અને સુધરેલા લોકોની ભાષા હતી. તેમાં ૩૪૩ જુદાં બૈબલો જાહેર થયાં, એટલે ૧૪૮ આખાં જુદાં બૈબલો, ૬૨ નવા કરારનાં અને ૧૩૩ બૈબલના પસંદ કરેલા ભાગોનાં બૈબલો હતાં. અર્વાચીન ભાષાઓમાં ૧૯૮ જુદાં બૈબલો, જેમાંનાં ૧૪૪ આખાં બૈબલો હતાં; એટલે ઇટાલીયન ભાષામાં ૨૦, ફ્રેંચમાં ૨૬, ફ્લેમીશ (ડચ)માં ૧૯, સ્પેનીશમાં ૨, બોહીમીયનમાં ૬, સ્લાવોનીયનમાં ૧, જર્મનમાં ૩૦ અને ૯૪ જુદા બૈબલના ભાગનાં જુદાં ભાષાંતરો, જેમાં ઘણું કરીને નવા કરાર અને દાઉદનાં ગીતોનાં પુસ્તકો હતાં.

જે ઘણી ભાષાઓવાળું બૈબલ સ્પેનીશ કાર્ડીનાલ ખીમેનેઝે છપાવ્યું, તે સાથે ગણુતાં ૬૨૬ જુદાં બૈબલો, જેમાંનાં ૧૯૮ પ્રજાની ભાષાઓમાં શ્રીસભાની પરવાનગી અને વિનતિ વડે છાપખાનાંઓમાંથી લુટરે બૈબલનો જર્મન તરજુમો ઇ. સ. ૧૫૩૪ માં જાહેર કર્યો તે પહેલાં નિકળી આવ્યાં (જૂઓ કાથેલિક ટૈમ્સ, એપ્રિલની ૨૯ મી તારીખે ઇ. સ. ૧૯૦૪).

ઉપરની વાત બતાવે છે કે એકલા યાજકો અને ભણેલા માણુસોએ નહિ પણુ પ્રજાએ પણુ બૈબલ વાંચ્યું છે.

ખ્રીસ્તી આત્મા તે વખતે આજના કરતાં વધારે પ્રજાના મનમાં વ્યાપ્યો હતો, તે જ્યારે ક્રુસેદસનો ઇતિહાસ વર્ણવેલો છે ત્યારે જોયું છે. સુવાર્તાના બુદ્ધિવાદ પાળતા ખ્રીસ્તીમંડળો મધ્યકાળમાં બહુ વધ્યાં, સારાં મંદિરો બંધાયાં, અને ઇસ્પીતાલો સ્થપાયાં ઇત્યાદિ તે ખ્રીસ્તી આત્માની સારી નિશાનીઓ છે.

ખીલતા જતા ખ્રીસ્તી જીવનને હુમનીસ્મુસ નામના આત્માએ બહુ નુકસાન કર્યું. એટલે ગ્રીક અને રોમી મૂર્તિપૂજક લેખકોનાં પુસ્તકોનો અભ્યાસ સજીવન થયો. મધ્યકાળના આરંભમાં આત્માની કેળવણીને વાસ્તે અભ્યાસ થતો હતો ખરો, પણુ કોંસ્તંતીનોપલ તુર્કોના હાથમાં પડયા પછી ઘણુા ગ્રીક વિદ્વાનોએ ઇટાલીમાં આવીને તે જ્ઞાન ફેલાવ્યું અને ધર્મના જ્ઞાન ઉપર ખરાબ અસર કરી. વિદ્વાનોની ભાષા સુધરી ખરી, ઇતિહાસ તથા શ્રીસભાનું શાસ્ત્ર વધ્યું કેમકે હવેથી ગ્રીક પુસ્તકો વધારે જાણુવામાં આવ્યાં. મૂર્તિપૂજકોનાં વાક્યો પરમેશ્વર જ્ઞાનનાં પુસ્તકોમાં વાપર્યાં. પ્લાટો અને અરિસ્તોતેલેસ મૂર્તિપૂજક વિદ્વાનનાં પુસ્તકો કોઇ હુમાનીસ્તોએ બૈબલનાં પુસ્તકોની

જગ્યામાં મૂકયાં. જે માન મૂર્તિપૂજક વિદ્વાનોને મળ્યું તેનો એક દાખલો માર્સીલીયુસ ફીજીનુસ છે (ઇ. સ, ૧૪૯૯). તેણે પ્લાટોના પુતળા આગળ દીવો સળગાવી રાખ્યો હતો.

હુમાનીસ્તોએ સ્કોલાસ્તીકો વિરૂદ્ધ લડાઇ કરી, કેમકે સ્કોલાસ્તીકોએ સારી લાટીન ભાષામાં પુસ્તકો લખ્યાં નહતાં. કોઇ હુમાનીસ્તો ભક્ત હતા ખરા, તો પણ તેઓની એક મોટી સંખ્યા ખ્રીસ્તી ધર્મની બાબતમાં બેદરકાર કે મશ્કરી કરનારી હતી. ઘણાએ ખરાબ પુસ્તકોથી સદાચરણનો નાશ કર્યો અને શ્રીસભાના મતની વિરૂદ્ધ લખ્યું. એવો એક અનાચારી આદમી ઉદાલરીખ વન હુત્તન હતો, કે જેણે લુટરનું કામ જર્મનીમાં ચલાવ્યું.

ઘણા નાલાયક અમીરો અને ઉમરાવોના પુત્રોને ધર્માધ્યક્ષના હોદ્દા ઉપર બેસાર્યા, અને તેઓની દિકરીઓ, કે જેમને વર મળ્યા નહિ, તેમને માદરીઓના મઠવાસમાં મોકલી છે. પરમેશ્વરે બોલાવ્યા વિના ઘણા માણસોએ યાજકપણું લીધું કે મઠવાસોમાં પ્રવેશ કર્યો. તેથી અભણ અને અનાચારી યાજકોએ કે મઠવાસીઓએ યાજકપણાને અને ધર્મ મંડળોને બહુ નુકસાન કર્યું. ઘણા પાદરીઓના અને માદરીઓના મઠવાસોમાં નિયમની સખ્તાઇ ઘટી ગઇ હતી.

તો પણ જાણવાજોગ એ છે કે ઉપર કહેલી ખરાબીને કેટલીક વખત અતીશયોક્તિથી જણાવેલી છે. ઘણા ઉત્તમ ધર્માધ્યક્ષો, યાજકો, પાદરીઓ અને માદરીઓ હતાં, કે જેમણે લુટરે કરેલા ધર્મ બગાડની વિરૂદ્ધ લડાઇ કરી, ઘણાએ પોતાનો પ્રાણ પણ આપ્યો છે.

સભાઓમાં યાજકો, પાદરી અને માદરીઓના આચરણને લગતા ચૂકાદા જાહેર કર્યા, કે જેમાં તેઓને પ્રાર્થના, અભ્યાસ અને પ્રાયશ્ચિત્તની ભલામણો કરી છે. તપશ્ચર્યા સંબંધી પુસ્તકો પ્રગટ થયાં કે જેમાં યાજકો ઇત્યાદિને સારાં આચરણોની ચેતવણી મળી. તે વાતો ખરા સુધારાની નિશાની હતી. દિલગીરીની વાત એ છે કે બાપાઓના અવિંગ્નોમાં દેશનિકાલ અને તે પછી આવી મોટી ફાટફુટને લીધે સુધારાને લગતા ચૂકાદા સખ્ત રીતે જારી કર્યા નહિ, તે સિવાય કોઇ બાપાઓનું જીવન ધર્માધ્યક્ષો અને યાજકોને માટે સારા નમુનારૂપ હતું નહિ.


ગ્રીક અને રોમી મૂર્તિપૂજકોનાં પુસ્તકોનો અભ્યાસ ફેલાયાથી મૂર્તિપૂજકોનો વહેમ એટલે મુહુર્ત જોવાની વિદ્યા, જાદુ, નજરબંધી,

ડાકણુડાકણીનાં યંત્રમંત્ર ઇત્યાદિ વધ્યાં. એવી બદી વિરૂદ્ધ બાપા તથા રાજાઓએ ચૂકાદા જાહેર કર્યા. જેમના ઉપર એવાં કામોનું તહોમત મૂકયું હતું, તેઓને સરકારના ન્યાયાસન આગળ લાવ્યા હતા. ઈ. સ. ૧૪૮૪ ના આઠમા ઇન્નોજેંજીયુસના મુકદમા માફક એવા કેસોની તપાસ શ્રીસભાના ન્યાયાસન આગળ કરવામાં આવી હતી. એવા તહોમતદારોનું ન્યાયાધીશ સન્મુખ કામ ચલાવવા માટે તે બાપાએ બરાબર નિયમ સ્થાપ્યો હતો.

તો પણ કેટલાક નિર્દોષ લોકોને મરણ દંડ આપ્યો, કેમકે તે કાળના રિવાજ પ્રમાણે તહોમતદારોને રિબાવ્યા, તેથી તેઓએ જે ગુન્હાઓ કદિ કર્યા નહોતા, તે પણ કબુલ કર્યા. તે એકલા કાથોલિક દેશોમાં નહિ, પણ પ્રોટેસ્તંત દેશોમાં પણ થયું હતું.

એવા નિર્દોષ તહોમતદારોને રક્ષણ આપવા માટે જેસુયીતો તન્નરે (ઇ. સ. ૧૬૨૨) અને ફ્રેદ્રિક વનસ્પેએ (ઈ. સ. ૧૬૩૫) ઘણો પ્રયત્ન કર્યો. પ્રોટેસ્તંત કાર્પજોવે (ઇ. સ. ૧૬૬૬) ડાકણીઓને સતાવવાની ચેતવણી આપી. કાથોલિક દેશોમાં ડાકણીઓની સતાવણી બહુ વખતથી બંધ હતી, જ્યારે પ્રોટેસ્તંત દેશોમાં જારી રહી.

જાદુ અને ડાકણુ ડાકણીઓના યંત્રમંત્રની બાબતમાં કાથોલિક ધર્મ શીખવે છે કે સૈતાનની સાથે સંબંધ રાખવો અશક્ય નથી અને એવા કેસો ખરેખરા હતા.



ત્રીજો ભાગ: અર્વાચીન કાળ.

ખ્રીસ્તી મત લુટરે બગાડયો તે વખતથી આજ દિન સુધી.

કાથેલિક શ્રીસભાનો મત પરમેશ્વરની વાત છે. તેને વાસ્તે કોઇ માણુસ તેને સુધારી શકે નહિ. તે જેમ બને તેમ કાંઇ ખુલાસો કરી શકે કે માણુસોની સમજણુને થોડી વખતમાં તે લાગુ પાડી શકે. જે કોઈ મત કાથેલિક મતથી દૂર જાય છે, તે પાખંડી મત છે, અને જે કોઈ માણુસ કાથેલિક મતને સુધારવાનો પ્રયત્ન કરે છે, તે તેને બગાડે છે. એવા સુધારાનું ખરૂં નામ બગાડ છે. હવેથી ૧૬ મા સૈકમાં લુટરે કરેલા મતબગાડનો ઇતિહાસ કહેવામાં આવશે.

માર્તીન લુટરની મોક્ષની વિરૂદ્ધની વર્ત્તણુક.

પ્રોટેસીંત પાખંડી મત અને ઘણાઓ કાથેલિક શ્રીસભામાંથી નિકળવાનો સમય એવો હતો કે કાર્ડીનાલ આલ્બેર્ત વન બ્રાંડેનબુર્ગ, માઇન્જના મહા ધર્માધ્યક્ષે બાપા દશમા લેઓના હુકમથી એક શિક્ષામોચન જાહેર કર્યું, જે મેળવવા લોકોને ભીખ આપવી પડતી હતી. તે ભીખના પૈસા રોમમાં પવિત્ર પેત્રુસનું મંદિર બાંધવાના કામને વાસ્તે વાપરવામાં આવવાના હતા. બાપા બીજા યુલીયુસે તે મંદિર બાંધવાનું શરૂ કર્યું હતું. શિક્ષામોચન પ્રગટ કરવાનું કામ યોહાન્ન તેજલ નામના એક દોમીનીકાન મઠવાસીને સોંપી દીધું હતું, કે જેના ઉપર પછી ઘણાં મોટાં તહોમતો મૂકયાં છે. તેજલની વિરૂદ્ધ માર્તીન લુટર નામનો એક ઔગુસ્તીનીયન મઠવાસી ઉઠયો. તે ઇ. સ. ૧૪૮૩ માં સાક્ષોનીના એસલેબન નામના એક ગામમાં જન્મ્યો હતો. તે ઇ. સ. ૧૫૦૮ થી વિત્તનબેર્ગની યુનીવર્સીતીનો પ્રોફેસર હતો. તેણે ધર્મબોધસ્થાનથી શિક્ષામોચન વિરૂદ્ધ ઉપદેશ કરીને ઇ. સ. ૧૫૧૭ માં અકટોબરની તા. ૩૧ મીએ વિત્તનબેર્ગના રાજાના બધા પવિત્રોના કહેવાતા દેવળના દરવાજા ઉપર ૯૫ નિબંધ વિષયો તકરાર ઉભી કરવા માટે ચોંટાડયા.

દોમીનીકાન મઠવાસી તેજલે શિક્ષામોચન વિષે કાંઈ ભૂલ બતાવી હતી નહિ. શ્રીસભાએ પણુ તે વિષે કાંઈ ભૂલ બતાવી ન-

હોતી. તેજલે માત્ર તે વિષેનો શ્રીસભાનો મત પ્રગટ કર્યો. લુટરનો શિક્ષામોચન વિરૂદ્ધનો દ્વેષ, તેના મનમાં કાથોલિક મતની બાબતોમાં જે ભૂલો વસી રહી હતી, અને જે તેણે તે વખત આગળ પ્રગટ કરી હતી, તેથી ઉત્પન્ન થયો હતો.

પરમેશ્વરે બોલાવ્યા વિના તેણે મઠવાસી થઇને સારાં કામોની પવિત્રતાથી પરમેશ્વરની કૃપા વિના દિલની શાંતિ મેળવવા પ્રયત્ન કર્યો કે જે માંસ કે શરીરની દુષ્ટ ઇચ્છાથી ભ્રષ્ટ થઈ હતી. જ્યારે સારાં કામો કર્યાથી તે શાંતિ તેને ન મળી, ત્યારે ઉલટી વાતમાં હદ બહાર જઇને તેણે ઇચ્છાના છૂટાપણાનો નકાર કરીને ધાર્યું કે માણસ પરમેશ્વરની કૃપા સાથે તારણ મેળવવા માટે કશું કરી શકતો નથી. એકલી પરમેશ્વરની કૃપા માણસના પસ્તાવા અને આચરણના સુધારા વગર તારણ આપે છે. તેણે પોતે એક વખત કહ્યું છે કેઃ " જ્યારે હું ઝાડે જઇને બેસતો હતો ત્યારે તે ખ્યાલ મારા મનમાં આવ્યો છે. " પવિત્ર પોલુસ પ્રેરિતે રોમીઓ અને ગલાટીઓનાં પત્રોમાં શિખવ્યું છે કે જૂના કરારના નિયમશાસ્ત્રોમાં મુકરર કરેલાં કામો નકામાં છે અને યેસુ ખ્રીસ્તની મારફતે મુસાનું નિયમશાસ્ત્ર નાબુદ થયું છે, તે વાતો જે સારાં કામો પરમેશ્વરની કૃપા વડે થાય છે તેને લાગુ પાડીને લુટરે સારાં કામો નકામાં ધાર્યાં.

તેજલે શિક્ષામોચન પ્રગટ કર્યા પહેલાં લુટરે એવો મત તથા જે મતો શ્રીસભાના મતોની વિરૂદ્ધ છે, તે ધર્મબોધસ્થાનથી પ્રગટ કર્યા હતા.

લુટરની શિક્ષામોચન વિરૂદ્ધની* નિર્લજ વર્તણુકથી ઘણા રાજી થઇ ગયા, જાણે કે એક ચીણગારી ઉસ્કેરાએલાં દિલમાં પડી હોયની. હુમાનીસ્તોનો સ્કોલાસ્તીકો વિરૂદ્ધ દ્વેષ, શૂરવીરોનું લૂટવાનું છૂટાપણું જતું રહેવાથી શૂરવીરોનું યાજકો વિરૂદ્ધનું વેર તથા રોમ અને યાજકો વિરૂદ્ધ શત્રુતા, એવાં કારણોથી વિત્તનબેર્ગના મઠવાસીને ઘણા અનુયાયી થયા.

---

* લુટર આરંભથી મઠવાસમાં અંતઃકરણની શાંતિ પામ્યો નહિ અને બહુ કષ્ટપૂર્વક તે શાંતિ પામવા તેણે પ્રયત્ન કર્યો, તે વાત લુટરે ભ્રષ્ટ થયા પછી લખી છે, પણ આજના ઇતિહાસ તપાસનારા વિદ્વાનો એમ માને છે કે લુટરે તે વાતો પોતાનો બચાવ કરવા માટે લખી છે અને તે ખરી નથી.

જે કોઇ સારા લોકે તે કાળના હાલતનો સુધારો ઇચ્છયો, તેઓએ આરંભમાં લુટરનો પક્ષ લીધો. પણ જ્યારે તે કયાં જાય છે, એ તેઓને માલૂમ પડયું ત્યારે તેમણે તે છોડી દીધો.

લુટરે વધારે વધારે નિર્લજ થઇને ચિત્રોથી શણગારેલાં ધર્મ વિરૂદ્ધનાં પુસ્તકો રચ્યાં, અને જલદી વેચાતાં આપ્યાં તથા બધે ફેલાવ્યાં. પહેલાં ઔગુસ્તીનીઓના આગેવાનને લુટરને રોકવાનો હુકમ થયો પણ તે વ્યર્થ ગયો. પછી બાપા દશમા લેઓએ લુટરને રોમમાં જવાબ આપવા માટે બોલાવ્યો, તો પણ લુટરને બાપાના એલચી કાર્ડીનાલ કાયેતાન સન્મુખ ઔગ્સબુર્ગમાં જવાબ આપવાની પરવાનગી મળી. ત્યાં લુટરે "આ બાપાને બરાબર ખબર નથી, તેથી જે બાપાને બરાબર ખબર છે, તેની પાસે હું અપીલ કરીશ" એમ બોલીને પોતાનો મત રદ કરવા ના કહીને ઔગ્સબુર્ગ શહેર છોડી દીધું. લુટર સહીસલામતીથી વિત્તનબેર્ગમાં રહ્યો. ત્યાં તેને ફીલીપ્પ મેલંખતોન એટલે કાળી ભોંય નામનો એક અનુયાયી મળ્યો. કાર્લવન મિલ્તીજ નામના બાપાના એક કારભારીએ લુટરને ફેરવવા પ્રયત્ન કર્યો, પણ વ્યર્થ. તેણે લુટરની પાસે જે વચન લેવરાવ્યું તે એ હતું કે "જો મારા શત્રુઓ ચૂપ રહેશે, તો હું ચૂપકીદી રાખીશ."

ઇ. સ. ૧૫૧૯ માં લુટર અને ઇંગોલસ્તાતની યુનીવર્સીતીના એક પ્રોફેસ્સર ડોક્તર એક્ક વચ્ચે એક જાહેર વાદવિવાદ લેપજીગમાં થયો હતો. વાદવિવાદની મતલબ માણસના ઇચ્છાનું છૂટાપણું અને પરમેશ્વરે પવિત્ર પેત્રુસ તથા તેની પાછળ આવનારાઓને આપેલું પ્રમુખપણું ઇત્યાદિ હતી. ડોક્તર એક્કથી લુટર અને તેનો શિક્ષક કાર્લસ્તાત ઉતરતા હતા. લુટર અને તેના અનુયાયીઓ બહુ ગુસ્સે થયા. મેલંખતોને વાદવિવાદનો એક ખોટો રિપોર્ટ કરીને ડોક્તર એક્ક ઉપર ખોટું તહોમત મૂક્યું, જેથી ડોક્તર એક્કે પોતાનો બચાવ કર્યો.

પણ સાક્ષનીનો રાજા ફ્રેદ્રિક કે જેણે લૂટારા શૂરવીરોની સાથે સંબંધ રાખ્યો હતો તેણે લુટરનું રક્ષણ કર્યું. તેઓના રક્ષણ ઉપર આધાર રાખીને લુટરે છાતી કાઢીને બાપાની સાથેનો સંબંધ મૂકી દીધો, યાજકોને લગ્ન કરવાની રજા આપી અને મિસ, ઉપવાસ ઇત્યાદિ કાઢી નાંખ્યાં. સાંસારિક રાજાઓને ખ્રીસભાની માલમત્તા મેળવવાની આશા આપી.

એટલામાં બાપાનું એક ખુલ્લા જાહેર થયું, જેમાં બાપાએ લુટરના ૯૫ નિબંધ વિષયોમાંના ૪૧ ને દોષિત ઠરાવી, જો તે પોતાનો મત રદ ન કરે તો તેને કાઢી મૂકવાનો હુકમ કર્યો. પણ લુટરે એમ ન કરવાનો વિચાર કરીને, બાપા, મિસ તથા "પ્રતિખ્રીસ્ત" ના ખુલ્લા વિરૂદ્ધ ફિતુરી પુસ્તકો રચીને ઇ. સ. ૧૫૨૦ માં ડિસેમ્બરની તા. ૧૦ મીએ બાપાનું ખુલ્લા કાયદાના પુસ્તકની સાથે બાળી નાંખ્યું.

ઇંગ્લંડના રાજા આઠમા હેનરીએ ઇ. સ. ૧૫૨૧માં લુટરની વિરૂદ્ધ "સાત સાક્રામેન્તો" નામનું પુસ્તક રચીને જાહેર કર્યું, જેમાં રાજાએ કાથોલિક મતનો બચાવ કર્યો. સાતમા કલેમેન્સ બાપાએ રાજાને માન આપી ઉપકાર કરવા માટે તેને "શ્રદ્ધાનો રક્ષક" એવો ખિતાબ આપ્યો કે જે ઇંગ્લંડના રાજાઓ આજદિન સુધી રાખે છે. અજાયબ જેવી વાત એ છે કે હાલમાં જ્યારે ઇંગ્લંડના રાજાઓ ગાદી ઉપર બેસે છે, ત્યારે તેઓને એક જ શ્રદ્ધા એટલે કાથોલિક શ્રદ્ધાની નિંદા કરવી જોઇએ છીએ, કે જેના રક્ષકનો ખિતાબ તેઓ રાખે છે। * ઇંગ્લંડનું રાજ્ય લુટરના મતને કેવી રીતે વષ થયું તે આગળ બોલતાં જોઇશું. લુટરે આઠમા હેનરી રાજાની નીચપણે નિંદા કરીને જવાબ આપ્યો.

ઇ. સ. ૧૫૨૧ માં લુટરને વોર્મસની રાજ્યસભા સન્મુખ દાખલ કર્યો કે જ્યાં તેને પોતાનો મત રદ કરવાનો હુકમ મળ્યો. લુટરે "મારો મત ખોટો છે એવું બૈબલ વડે સાબિત કરો" એમ કહીને પોતાનો મત રદ કર્યો નહિ. લુટરને બારવટે કાઢીને સાક્ષનીના રાજાએ તેનું રક્ષણ કરીને વાર્તબુર્ગ નામના એક કિલ્લામાં બે વરસ સુધી "યન્કર્યેર્ગ" તરીકે તેને છૂપો રાખ્યો, જ્યાં લુટરે પુસ્તકો લખવામાં, ઘણું કરીને બૈબલનો જર્મનમાં તરજુમો કરવામાં વખત ગાળ્યો. ત્યાં લુટરને દિલમાં પોતાનાં ખરાબ કામોને વાસ્તે ખોટું લાગ્યું. કલ્પનાશક્તિથી ઠગાએલા લુટરે આ લાગણીઓ સૈતાનને લાગુ પાડીને, સૈતાનને જોઇને ગુસ્સાથી ખડીઓ તેની પાછળ ફેંકી દીધો, જેથી દિવાલમાં સહીનો એક ડાઘ ઉત્પન્ન થઇ ગયો. તે ડાઘ આજદિન સુધી બાકી રહ્યો છે અને પ્રોટેસ્તંતો તેને પવિત્ર રેલિક તરીકે માન આપે છે. તે પાખંડી લોક લુટરના ખાટલાના કડકા કાપીને રેલિક તરીકે પોતાના

* ઈ. સ. ૧૯૧૦ ના વરસમાં તે રિવાજ બંદ કરવામાં આવ્યો છે.

ઘરમાં રાખે છે. તો એવા લોકોને કાથોલિકો જો એક ખરા પવિત્ર માણસના રેલિકને માન આપે છે કાથોલિક લોકોની નિંદા કરવાનો હક છે? જે માણસ ઉપર આપણી પ્રીતિ છે તેના રેલિકોને આપણે માન આપીએ એ સ્વાભાવિક છે, તે એ વાત ઉપરથી માલૂમ પડી આવે છે.

એટલામાં લુટરના મિત્રોએ ધર્મની નવાઇઓ જારી કરી, કાર્લસ્તાત અને બીજાએ લગ્ન કર્યાં, મિસ જર્મન ભાષામાં થયું, કોમ્યુનીયો બે રૂપમાં આપવામાં આવ્યું તથા ચિત્રો અને ક્રુસો તોડી નાંખ્યાં.

છઠ્ઠા હાદ્રીયાનુસ અને સાતમા કલેમેન્સ બાપાઓએ જર્મન રાજાઓની સાથે કાગળનો વ્યવહાર કર્યો. રાજાઓએ વોર્મસની રાજ્ય સભાના ચૂકાદા અમલમાં રાખવાનું વચન આપ્યું. તેઓએ જર્મન રાજ્યના એક શહેરમાં એકજ વખત મંત્રીસભા થાય એવી માગણી કરી. કાથોલિક રાજાઓ વચ્ચે સંપ ઠરાવ્યો, જેના માથે ઔસ્ત્રીયાનો શાહજાદો ફર્દીનંડ અને બવેરીયાનો લુડવીગ હતા. કાથોલિક ધર્મનું રક્ષણ કરવું અને વોર્મસની રાજ્યસભાના ચૂકાદા જારી રાખવા, તે એ સંપની મતલબ હતી.

૨. ગામડીયાની લડાઇ અને આનાબપ્તિસ્તાઓ.

થોડા વખતમાં ભ્રષ્ટ થએલા યાજકોએ અને મઠવાસીઓએ લુટરનાં જે ફિતુરી પુસ્તકો ફેલાવ્યાં, તેમણે ફળ આપ્યાં. તેમાં લુટરે શ્રીસભા અને સરકારના અધિકાર વિરૂદ્ધ વાંચકોને ઉશ્કેર્યા હતા અને "ચોખ્ખી કે શુદ્ધ સુવાર્તા" પ્રગટ કરવાને બહાને તેણે શ્રીસભાની નિંદા કરી હતી. ઇ. સ. ૧૫૨૪ માં ગામડીયાઓએ પોતાના માલીકો, યાજકો અને ઉમરાવોની વિરૂદ્ધ ઉઠીને, ઘણું કરીને જર્મનીની દક્ષિણમાં અને સાક્ષનીમાં ભયંકર બગાડ કર્યો અને ઉમરાવોના મહેલો તથા મઠવાસો બાળી નાંખ્યા. લુટર અને તેના અનુયાયીઓએ આ ફિતુરનો દેવતા પહેલેથી ખોર્યો, પણ જ્યારે જે બગાડ ગામડીયાઓએ કર્યો અને તેઓ હાર્યા, તે માલૂમ પડ્યું, ત્યારે તેઓએ ગામડીયાને હડકાયાં કૂતરાંની માફક મારી નાંખવાની તેમના માલીકોને સલાહ આપી.

ગામડીયાની લડાઇમાં લુટર, કે જેણે મઠવાસી અને યાજક થતાં હમેશના કુંવારાપણાની માનતા કરી હતી, તેણે ઇ. સ. ૧૫૨૫

માં જુનની તા. ૧૩ મીએ એક મઠવાસણ માદરી કાતારીના બોરાની સાથે લગ્ન કર્યું. તે જ વરસના અકટોબર મહીનામાં તેઓને એક છોકરો જન્મ્યો હતો. જ્યારે લુટરના મિત્રોએ તેને પૂછ્યું કે "તને એક નવો ધર્મ સ્થાપવા પરમેશ્વરે મોકલ્યો છે તે સાબિત કરવા કયો ચમત્કાર કરે છે ?" ત્યારે લુટરે મોટામાં મોટા ચમત્કાર તરીકે તેઓને પોતાનું કાતારીના બોરાની સાથે લગ્ન બતાવ્યું છે.

બૈબલનો ખુલાસો પોતાની મરજી પ્રમાણે કરવા અને બૈબલથી પોતાનો મત સ્થાપવાનો જે દાવો લુટરે કર્યો હતો, તેજ જાતનો દાવો બીજાઓએ પણ કર્યો. તેઓનો મત લુટરના મતથી જુદો હતો. તેથી લુટરે બહુ ગુસ્સે થઇને તેઓની વિરૂદ્ધ લડાઈ કરી. બૈબલથી જુદા જુદા મતો એકબીજાની વિરૂદ્ધ લડાઈ કરનારા નિકળે છે, તેથી માલૂમ થાય છે કે એકલું બૈબલ ખ્રીસ્તી ખરા ધર્મનું મૂળ નથી.

બૈબલથી નિકળેલો લુટરના મતથી જુદો મત સાક્ષનીના જવીખાઉના "ભવિષ્યવાદીઓ" નો મત હતો. તે પાખંડી લોકોનું નામ આનાબાપ્તિસ્તાઓ એટલે ફરીથી બપ્તિસ્મા આપનારાઓ છે. છોકરાંઓને બપ્તિસ્મા આપવું તેઓએ નકામું ધારીને છોકરાં મોટાં થયાં ત્યારે ફરીથી બપ્તિસ્મા આપ્યું. તે સિવાય તેઓએ બાપા, ધર્માધ્યક્ષો અને યાજકો વિરૂદ્ધ લડાઇ કરી. આ પંથનું શીર થોમાસ મયુંજર નામનો એક શખસ હતો. "બૈબલ, બૈબલ" એમ પોકારીને તેઓએ વિત્તનબર્ગ આવીને ત્યાં બહુ ગભરાટ કરાવ્યો. કાર્લસ્તાતે તેઓના અનુયાયી થઇને દેવળોનાં ચિત્રો અને પુતળાંનો નાશ કર્યો. તે સાંભળીને લુટરે વાર્તબુર્ગ છોડીને આ તુરગબાજોના મોંહ ઉપર મારવાની સલાહ રાજાઓને આપી.

આનાબાપ્તિસ્તાઓએ પછી મુન્સ્તર શહેરમાં દાખલ થઇને ત્યાં નવું યેરૂસાલેમ નામનું એક રાજ્ય સ્થાપીને ઘણા મોટા ગુન્હાઓ કર્યા. તે રાજ્યના મુખ્ય બાર પ્રેરિતો થોમાસ મયુંજર, યોહાન્ન વન લૈડન, કનીપરદોલ્લીંગ અને બીજા હતા. છેવટે મુન્સ્તરના ધર્માધ્યક્ષના લસ્કરે તેઓની સાથે લડાઇ કરીને તેઓને હરાવ્યા.

કાર્લસ્તાતને લુટરથી જુદો થવા વાસ્તે દેશ મૂકી દેવો પડયો હતો. નમ્રતાપૂર્વક પોતાનો મત રદ કર્યા પછી કાર્લસ્તાતને સાક્ષનીમાં આવવાની લુટરની પરવાનગી મળી. ફરીથી લુટરથી જુદો થઇને બીજીવાર કાર્લસ્તાત દેશ છોડી દઇને સ્વીઝઝરલંડમાં મરી ગયો, ઇ. સ. ૧૫૪૧.

૩. લુટરનો પાખંડી મત કેટલાક રાજાઓએ પોતાના દેશોમાં દાખલ કર્યો.

બાપા અને ધર્માધ્યક્ષોએ શ્રીસભાનું રાજ્ય ચલાવવું જોઇએ તે વાતનો નકાર કરીને લુટરે શ્રીસભાનું આત્મિક રાજ્ય સાંસારિક રાજાઓને સોંપી દીધું કે જેઓએ ખુશાથી તેનો અંગીકાર કર્યો, કેમકે તેથી દેવળો અને મઠવાસોની માલમત્તા તેઓના તાબામાં આવી. "સુવાર્ત્તાના છૂટાપણા" નો નાશ જલ્દીથી આવ્યો, એટલે જે કોઇએ રાજાના મતથી જુદો મત રાખ્યો તેની વિરૂદ્ધ રાજાએ બળાત્કાર વાપર્યો.

બ્રંડેનબુર્ગના માર્કગ્રાફ અલ્બેર્ત, જર્મન શૂરવીરોના મંડળના આગેવાને નવા પંથમાં સામેલ થઇને લુટરની સલાહથી ઇ. સ. ૧૫૨૫ માં લગ્ન કર્યું અને મંડળનો મુલક પોતાને વાસ્તે જપ્ત કર્યો. તે પ્રશ્યાના રાજ્યનો આરંભ છે.

હસ્સીયાના લડગ્રાફ ફીલીપ્પે પણ પોતાના મુલકમાં નવો ધર્મ દાખલ કર્યો. ઇ. સ. ૧૫૪૦ માં લુટરે તેને જીવતી રાણી ઉપરાંત બીજી બાયડી માર્ગારેતા વન દર સાલેની સાથે લગ્ન કરવાની પરવાનગી દીધી, કેમકે લુટરને એવી બિક લાગી કે જો તે પરવાનગી ફીલીપ્પને નહિ મળે તો તે કાથેલિક શ્રીસભામાં ફરશે. લુટરની સાથે મલખંતોન, બુજર, અને ૫ ઉપદેશકોએ તે કામ ગુપ્ત રાખવામાં આવે એવી શરતે એ પરવાનગીના ખત ઉપર સહી કરી. ઇનામને વાસ્તે લુટરને ૪૦ બારરલ એટલે દ્રાક્ષરસની ગોળ પેટીઓ મળી.

સાક્ષનીના રાજાએ પણ પોતાના મુલકમાં નવા ધર્મનો પ્રવેશ કર્યો.

લુટરે દેવળમાં લોકોએ પરમેશ્વરની પુજા કેવી રીતે કરવી તેનો નિયમ કાઢતાં એવો હુકમ કર્યો છે કે બહાર મિસ રાખવું પણ પાલટ મૂકી દેવો. ગાવું અને ઉપદેશ કરવો એ પરમેશ્વરની પૂજાના મુખ્ય ભાગો હતા, જેમાંથી બલિદાન કાઢી નાંખ્યું હતું. મિસનો બહારનો સ્વભાવ રાખીને લુટરે લોકોને ઠગ્યા.

લુટરન રાજાઓની વર્તણુક બાદશાહ અને બાદશાહત વિરૂદ્ધ હતી. તેઓનું અંતઃકરણ શુદ્ધ નહિ હોવાથી બાદશાહ વેર લેશે એમ ધારીને તેઓએ એક બીજાને મદદ અને રક્ષણ આપવાનો કોલકરાર કર્યો. સ્પૈરની રાજ્યસભામાં ઇ. સ. ૧૫૨૫ માં બાદશાહે એવો ચૂ-

કાદો જાહેર કર્યો કે જ્યાં સુધી સામાન્ય મંત્રીસભા એકઠી ન થાય ત્યાં સુધી કાંઇ નવાઇ કોઇ મુલકમાં સ્થાપવી નહિ. એ ચૂકાદા વિરૂદ્ધ લુટરન રાજાઓએ વાંધો લીધો, તેથી નવા ધર્મના અનુયાયીઓનું પ્રોટેસ્તંતો એટલે વાંધો લેનારાઓ એવું નામ પડયું.

ઈ. સ. ૧૫૩૦ માં કાર્લ બાદશાહે ઑગ્સબુર્ગમાં એક રાજ્ય સભા એકઠી કરી. ત્યાં પ્રોટેસ્તંતોએ જે મતશાસ્ત્ર મલખંતોને રચ્યું હતું અને જેનું નામ ઑગ્સબુર્ગનો ધર્મસ્વીકાર—કૉફેસ્સીયો ઑગુસ્તાના—હતું તે બાદશાહને સોંપી દીધું. માણસ ઠગાય એવી રીતે તે ધર્મસ્વીકાર રચેલો હતો, એટલે જે વાતોમાં કાથોલિક અને પ્રોટેસ્તંત ધર્મમાં ફેરફાર છે, તે વિષે કશું લખેલું નહિ અને જે ખરાબી કરે છે તે ઉપર બહુ ભાર મૂકયો હતો. બાદશાહે પ્રોટેસ્તંતોને કાથોલિક શ્રીસભામાં ફરવાની ચેતવણી આપી, જે તેઓએ માની નહિ, જો કે મલખંતોનનું મન કાથોલિક શ્રીસભા સાથે ફરીથી જોડાવા તરફ હતું જેથી લુટરે તેને સખ્ત ઠપકો આપ્યો.

લુટરન રાજાઓ ફરીથી એક બીજાને મદદ અને રક્ષણ કરવાના કોલકરાર કરીને એકઠા થયા, જેનું નામ સ્માલ્કાલ્ડીનો કોલકરાર છે.

તુર્કોની સાથે લડાઇમાં બાદશાહને પ્રોટેસ્તંતોની મદદ મળે તેને માટે નુરનબેર્ગની રાજસભામાં ઇ. સ. ૧૫૩૨ માં પહેલી ધર્મની સુલેહ કરવા કબૂલ કર્યું. જ્યાં સુધી એક સામાન્ય મંત્રીસભા એકઠી ન થાય, ત્યાં સુધી એક રાજાએ બીજાને ધર્મની બાબતનાં તસ્દી ન દેવી એમ ઠર્યું.

બાપા ત્રીજા પૌલુસે (ઇ. સ. ૧૫૩૪–૧૫૪૯) મન્તુઆ તરફ ઈ. સ. ૧૫૩૭ માં એક સામાન્ય મંત્રીસભા એકઠી કરી, પણ પ્રોટેસ્તંતોએ ખરા મનથી તે સામાન્ય મંત્રીસભાની માગણી કરી નહોતી, એમ માલૂમ પડયું; કેમ કે તેઓ મન્તુઆમાં દાખલ થયા નહિ. તેજ વરસમાં લુટરે ૨૩ કલમો જે સ્માલ્કાલ્ડીની કહેવાય છે તે ઘડી. તે કલમો ઑગ્સબુર્ગના મતશાસ્ત્ર કે ધર્મસ્વીકારથી બિલકૂલ જુદી છે. તેણે કાથોલિક અને પ્રોટેસ્તંત ધર્મના ફેરફાર ઉપર બહુ વજન મૂક્યું, એટલે મિસ, શુદ્ધ કરનાર અગ્નિ, પવિત્રોનું માન અને શ્રીસભાનું પ્રમુખપણું તે બધાં લુટરે કાઢયાં. આ કલમો ઉપર લુટરન રાજાએ સહી કરી. ઇ. સ. ૧૫૩૮ માં કાથોલિક રાજાઓએ સ્માલ્કાલ્ડીના કોલકરાર વિરૂદ્ધ એક કાથોલિક કોલકરાર બાંધ્યો.

પ્રોટેસ્તંત રાજાઓએ કાથોલિક શ્રીસભામાં ફરવાની ના કહી, બીજા રાજાઓને નવા પંથમાં દાખલ કર્યા અને ઈ. સ. ૧૫૪૨ માં બધી ફરિયાદો જે તેઓની વિરૂદ્ધ બાદશાહની અદાલતમાં ચાલતી હતી, તે સ્પૈરની રાજ્યસભામાં કાઢવામાં આવે અને એક ધર્મની સુલેહ થાય કે જેથી તેઓએ શ્રીસભા અને મઠવાસોમાંથી ચોરેલી માલમત્તા પોતાની કાયમની થાય, એવી માગણી કરી.

એટલામાં બાદશાહ પાંચમો કાર્લ ફ્રાંસની સાથે સુલેહ કરીને જર્મનીમાં ચાલતી તકરારો તરફ હવેથી વધારે લક્ષ આપી શક્યો. બાપાએ ત્રેતમાં સામાન્ય મંત્રીસભા એકઠી કરવાનો હુકમ આપ્યો. ઈ. સ. ૧૫૪૫ તે બનાવટોની બદલીથી લુટરે "બાપાપણું સેતાને સ્થાપેલું" એવા નામનું પુસ્તક રચ્યું.

જ્યારે પ્રોટેસ્તંત રાજાઓએ બાદશાહ વિરૂદ્ધ વધારે વધારે નિર્લજ વર્તણુક બતાવી, ત્યારે બાદશાહે સ્માલ્કાલ્ડી કોલકરાર વિરૂદ્ધ લડાઈ ચલાવવા માંડી કે જેમાં બાદશાહને ફતેહ મળી, ઈ. સ. ૧૫૪૭. તો પણ બાદશાહ તે ફતેહને બરાબર ઉપયોગમાં લાવી શક્યો નહિ. ઈ. સ. ૧૫૫૧ માં સાક્ષની રાજા મોરીજે ફ્રાંસની સાથે છૂપી રીતે કોલકરાર કર્યો. તેથી બાદશાહને પ્રોટેસ્તંત રાજાઓની સાથે પાસ્સાઉનો કોલકરાર અને પછી ઔગ્સબુર્ગની ધર્મસુલેહ ઈ. સ. ૧૫૫૫ માં કરવી પડી જે દેશોએ જૂનો ધર્મ અને જે દેશોએ નવું ઔગ્સબુર્ગનું મતશાસ્ત્ર સ્વીકાર્યું, તેઓએ (જવીંગલી અને કાલ્વીનવાળા સિવાય) સરખું ધર્મનું છૂટાપણું ભોગવવું અને એકે બીજાને પોતપોતાનો ધર્મ પાળતા અટકાવવા નહિ. કયા ધર્મનો કયો દેશ છે તે નક્કી કરવું, એ દેશના રાજાનું કામ હતું. દેશમાંથી નિકળવાની પરવાનગી હતી. કાથોલિક દેશોમાંના પ્રોટેસ્તંતોએ ધર્મ પાળવાનું છૂટાપણું માગ્યું તો પણ તેઓએ પ્રોટેસ્તંત દેશોમાંના કાથોલિકોને એટલું માત્ર ધર્મનું છૂટાપણું આપ્યું કે તેઓએ જાહેરમાં કાથોલિકોને ધર્મ પાળતા અટકાવ્યા. તેથી કાથોલિક દેશોએ વાંધો લીધો છે, પણ બાદશાહના પ્રતિનિધિ ફર્દીનંડે પ્રોટેસ્તંતોની માગણી કબુલ કરી. જે કોઇ યાજક પ્રાચીન ધર્મ છોડી દે, તેણે હોદ્દો અને તેનો પગાર પણ છોડી દેવો જોઇએ, એવી જે શ્રીસભાની શરત કહેવાતી હતી, તેથી બહુ મુસ્કેલીઓ ઉત્પન્ન થઈ. સુલેહ બરાબર બાંધેલી નહતી.

૪. લુટરનું મરણ. તેનો સ્વભાવ.

લુટરના આયુષનાં આખરનાં વરસો, તેના અનુયાયીઓ વચ્ચેની લડાઇઓ અને વિત્તનબેર્ગમાંના વધતા જતા કુચાલથી કડવાં થઇ ગયાં. ઇ. સ. ૧૫૪૫ માં માર્ચની નવમી તારીખે લુટરે ગેઓર્ગ અનહાલ્તના રાજાને લખ્યું છે કે "અમે આ સોડમ કે બાબલમાં જીવીએ છીએ કે ખરૂં બોલતાં માર્યા જઇએ છીએ." સુધારાને બદલે બધો બગાડ ઉત્પન્ન થતો હતો. લુટરે પોતે સ્વીકાર્યું છે કે "બધું હવે નાશ થએલું છે. આ મતથી જગત રોજ રોજ વધારે ખરાબ થાય છે. ખરાબી એ છે કે લોક હવે, તેઓ બાપાપણા નીચે હતા તે કરતાં વધારે લોભી તથા નિર્દય, સડી ગએલા તથા કામાસક્ત અને પાપી થાય છે." "આ સોડમથી નાસી જઇએ," એમ થોડા દિવસ મોત આગળ કાતારીના બોરાને તેણે લખ્યું. "મારા લાચાર છેલ્લા દિવસો આ વિત્તનબેર્ગમાંની ખરાબીની નજરથી હું કડવા કરીશ તે કરતાં હું આખી દુનિયામાં ભટકતાં મારી રોટલી દરવાજા આગળ માગીશ." સોગન ખાવા, કેફમાં આવવું, જુગાર રમવો અને જારકર્મ રોજ વધ્યાં. હુન્નર કળા તથા વિદ્વત્તાએ વિશ્રામ લીધો. જે રાજાઓએ શ્રીસભાની માલમત્તા ચોરી લીધી હતી, તેના ખરાબ દાખલાથી માલમત્તા બિનસલામત થઇ ગઇ. બાપાના નરમ આત્મિક રાજને બદલે સાંસારિક રાજાઓનું જુલ્મી રાજ્ય આવ્યું. હરેક વાતમાં સુધારાને બદલે બગાડ થયો.

ન્યાયાધીશોએ ભ્રષ્ટ થએલા યાજકો અને મઠવાસીઓનાં લગ્નો જારકર્મ તરીકે ગણ્યાં, તેથી લુટર તેમના ઉપર બહુ ગુસ્સે થઇ ગયો.

ઇ. સ. ૧૫૪૬ ફેબ્રુઆરીની ૧૮ મી તારીખે લુટર ઐસલેબનમાં મરી ગયો. કોઇ કહે છે કે કેફમાં અને અતીશય ખાણું ખાધા પછી, અને બીજા કહે છે કે તેણે આપઘાત કર્યો. પણ તે નક્કી કરવું મુસ્કેલ છે. લુટરના સ્વભાવની બાબતમાં બોલતાં જાણવા જોગ એ છે કે તેને મોટી કલ્પનાશક્તિ અને પ્રજાપ્રિય તથા મન હરે એવી ભાષા હતી. તે થાકે નહિ એવો, ચંચળ અને નિસ્સ્વાર્થી હતો પણ ધર્મ અને આચારણ સુધારક નહોતો. તેણે શ્રીસભાના અધિકારની જગામાં પોતાનો અધિકાર મૂક્યો, અને તે કાંઇ વાંધો સહન કરી શક્યો નહિ. તેણે વિચારોની છૂટને ધોરણ તરીકે ગણી, તો પણ પોતાની સ્વેચ્છાને ઉંચામાં ઉંચું મૂળ તત્ત્વ ઠરાવ્યું. "એવી મારી ઇચ્છા

છે ” એવો તેનો બોલવાનો સાર પ્રખ્યાત છે. જે કોઇ મારી સાથે મળતો નથી તે તારણ પામશે નહિ, એમ તે કહેતો. લુટરનું ધર્મ-જ્ઞાન સ્થિર ન હતું. કંઇ બાબતમાં શું માનવું તે પોતે જાણતો ન-હતો. તેણે કેટલીક વખત પાપના સ્વીકારની ભલામણ કરી છે અને કેટલીક વાર તેની સામે વાંધો લીધો છે. કેટલીક વાર તેણે સાત સાક્રામેન્ત માન્યાં, પછી પાંચ, પછી ત્રણ અને છેવટે બે સ્વીકાર્યાં. “ સાક્રામેન્તારીયો ” સાથે લડાઇ કરતાં કે દલીલોની મુસ્કેલીમાં પ-ડતાં તેણે ધ્રીસભાના સંપ્રદાય ઉપર અપીલ કરી. જો બૈબલની કાંઈ જગા તેને પસંદ ન પડી તો તેણે બૈબલનું તે પુસ્તક કાઢયું. દા-ખલા તરીકે પવિત્ર યાકુબના પત્રમાં સારાંકામોની જરૂર શ્રદ્ધની સાથે સાફ દેખાડેલી છે; તે વાત લુટરને ગમતી ન થતાં, તેણે તે પત્રને તણખલાનું પત્ર કહીને પોતાના બૈબલના કાનુનમાંથી કાઢયું. ગુસ્સે થઇન તેણે ભંગીના જેવી નિંદા કરી. તેની નીચપણે બોલવા અને લખવની ટેવનું કારણ આ વખતમાંના નીચ કે જંગલી રિવાજોમાં નથી. અના જેવું કોઇ પરમેશ્વરે મોકલેલા એલચીએ લખ્યું નથી.

તે સિવાય લુટર એક મોટો ઢોંગી હતે. ઇ. સ. ૧૫૧૮ માં તેણે બાપા ઉપર એક કાગળ મોકલ્યો હતો, જેમાં તેણે નમ્રતાપૂર્વક બાપાના ચૂકાદાને વશ થવાનું વચન આપ્યુ હતું કે “હું આપનો અવાજ યેસુખ્રીસ્તીનો અવાજ ગણીશ, કે જે આપની મારફતે પ્રમુખપણું રાખીને બોલે છે.” એકજ વખતે કે થોડા થોડા વખત પછી તેણે બાપા વિરૂદ્ધના ઝેર ભરેલા ધર્મ બોધો કર્યા. તણે બાપાના એલચીની મુલાકાત લઇને ચૂપકીદીનું વચન આપ્યું, તેથી રાજી થઇને બાપાના એલચીએ તેને ભેટીને ખાણાનું આમંત્રણ આપ્યું અને આંસુ વહે-વરાવ્યાં. પણ તે જ વખતે લુટરે એક મિત્રને લખેલા કાગળમાં બા-પાના એલચીને જુઠ્ઠી વાત બોલનાર ઠગારો કહ્યો કે જેણે “ યહુ-દાના ચુંબન વડે વિદાય થઇને મગરના આંસુ વહેવરાવ્યાં હતાં.”

લુટરના આચરણનું ધોરણ તેની વિધિના ધોરણ પ્રમાણે હતું. તેના ખાણાને વખતે કરેલી વાતચીતો એક પુસ્તકમાં એકઠી થએલી છે. તેમાં બહુ નીચ વાતો મળે છે. દ્રાક્ષરસ અને સ્ત્રી, તથા બાપા અને સૈતાન, તે તેની વાતચીતની મુખ્ય મતલબ છે. તેણે બહુ દ્રા-ક્ષરસ કે “ બીર ” એટલે જવનો દારૂ પીને પોતાના મનના ગુપ્ત વિચારો બિક વગર જાહેર કર્યા. તો પણ તેણે કેટલીક વાર

છાકટા થયા વિના પણ પોતાના નીચ વિચારો જાહેર કર્યા છે; જેમ કે લગ્ન વિષે ધર્મબોધ કરતાં તેણે કહ્યું કેઃ "જો તારી પત્ની ખુશ નથી, તો દાસીને બોલાવ." એમ તેણે જાહેર વ્યભિચારની ભલામણ કરી. ઘણા સારા અંગ્રેજી પ્રોટેસ્તંત લોકો, જેમને જર્મન ભાષા માલૂમ નથી, તેઓ લુટરની એવી વાતો જાણતા નથી. જો જાણત તો તેઓ એવા ધર્મના "સુધારક" થી કંટાળો પામીને પોતાના દિલનો પ્રેમ પાછો ખેંચત.

જેમ લુટર "ખાણાની વાતચીત" માં સ્વીકારે છે કે તેનું વલણ સ્ત્રી અને અંગ પાપ તરફ બહુ હતું, તેમ તેની વિરૂદ્ધ લડાઇ કરવાને બદલે તેણે તેને મળતા થઈ, બહુ ખાઇ દારૂ પીને તેને મજબુત કર્યું. ઘણા વિદ્વાનો કહે છે કે તેને ઘેલાઇનો રોગ લાગ્યો હતો, કેમકે લુટરની ઘણી વાતો ઘેલાના જેવી હતી. "પરમેશ્વરના માનની આસ્થાએ લુટરને ખાધો છે" એમ કહીએ તે ચાલે નહિ, કારણ કે જેને પરમેશ્વરના માનની આસ્થા ખાય છે, એવો માણસ પહેલાં પોતાને સુધારે છે.

લુટરનું સ્ત્રી તરફનું વલણ છતાં તેણે લગ્ન કરતાં ધર્મનું ઉલંઘન કરવાનું પગલું ભરવામાં બહુ વખત સુધી આંચકો ખાધો હતો. જ્યારે કાર્લસ્તાત, અનેક ભ્રષ્ટ થએલા યાજકો અને મઠવાસીઓએ લગ્ન કર્યું, એવી વાત લુટરે સાંભળી ત્યારે તેને તે વાત બહુ ખોટી લાગી. પણ કમનસિબે એવી લાગણી લાંબો વખત ચાલી નહિ. લુટરનું મરણ તેના જીવન જેવું હતું. પોતાનો મત રદ કરવાની ના કહી. જ્યારે તેને પીડા ઘણી વધી, ત્યારે તે પોકારવા લાગ્યો કે "એક તુર્ક (મુસલમાન) મને મારી નાંખવાને વાસ્તે અહીં હોત તો હું ઘણો ખુશ થાત."

ધર્મ સુધારક તરીકે જાહેર થવા અગાઉ લુટરની પોતાને સુધારવાની ફરજ હતી કે જે તેણે બજાવી નથી. તેથી તે "ધર્મ સુધારક" ને બદલે ધર્મ બગાડનાર કહેવાય.

૫. જવીંગલી અને કાલ્વીન.

૧. ઉલ્રીખ જવીંગલી પહેલાં ગ્લારૂસ અને ઐનસીડલનમાં યાજક હતો, કે જ્યાં તે બારકર્મી ચાલમાં જીવતો હતો. પછી ઈ. સ. ૧૫૧૮ માં તે જુરીખના મુખ્ય દેવળનો ઉપદેશક હતો. જો કે તે આગળ કાંઇ શ્રીસભાની વિરૂદ્ધ બોલતો હતો, તો પણ માત્ર

ઈ. સ. ૧૫૧૯ માં શિક્ષામોચનની સામે થયો. જુરીખની મ્યુનિસિપાલીટી પાસે તેણે એવો ચૂકાદો જાહેર કરાવ્યો કે જુરીખ પરગણામાંના બધા યાજકોએ માત્ર જે વાત બૈબલથી સાબિત થઇ શકે તેનો ઉપદેશ કરવો. કોંસ્તંજના ધર્માધ્યક્ષ અને છઠ્ઠા હાદ્રીયાનુસ બાપાએ જવીંગલીને તેના ખોટા મતથી ફેરવવાનો વ્યર્થ પ્રયત્ન કર્યો. જવીંગલીએ એક વિધવા કે જેની સાથે તેણે ઘણા વખત સુધી જારકર્મ કર્યું હતું, તેની સાથે લગ્ન કર્યું. જુરીખની મ્યુનિસિપાલિટીએ શ્રીસભાની માલમત્તા અને સોના રૂપાના વાટકા ચોરી લીધા, મિસ કાઢીને વેદીઓ, ચિત્રો અને ક્રુસોનો નાશ કર્યો અને મિસને બદલે "પ્રભુનું ભોજન" સ્થાપ્યું. જે કોઇએ તેમાં ભાગ ન લીધો તેને દંડ આપ્યો. એમ સ્વીઝઝરલંડના બીજા શહેરોમાં પણ થયું.

જૂનાં પરગણાં જે કાથોલિક શ્રીસભાના ખોળામાં રહ્યાં હતાં, તેમને હથિયાર લઇને નિર્લજ "સુધારકો"ની સામે થવું પડયું. જુરીખે જૂનાં પરગણાંને ખોરાક મળતો અટકાવ્યો. ઇ. સ. ૧૫૩૧ માં તેઓએ કાપ્પેલની લડાઇમાં જવીંગલીયનોને હરાવ્યા. તે લડાઇમાં જવીંગલી પોતે ભાગ લઇને માર્યો ગયો.

૨. યોહાન્ન કાલ્વીન. જનીવા (જર્મન ભાષામાં ગેન્ફ) શહેરમાં વિલ્લિયમ ફારેલ નવો ધર્મ લાવ્યો, પણ માત્ર જ્યારે બેરન શહેર તેને મદદે આવ્યું ત્યારે જનીવામાં તેનું કામ બરાબર ચાલ્યું. ધર્માધ્યક્ષોને નાસી જવું પડયું, ચિત્રો અને ક્રુસો તોડી નાંખ્યાં, કાથોલિક ધર્મ પાળવાની મના થઇ અને ઉથલપાથલ તથા કુચાલ ઉઠવા લાગી.

આ વખતમાં યોહાન્ન કાલ્વીન જનીવા આવ્યો કે જ્યાં તેના મતે જવીંગલીનો મત કાઢયો. કાલ્વીને ઇ. સ ૧૫૦૯ માં ફ્રાંસના નોયોનમાં જન્મ લીધો છે. પહેલાં તેણે પારીસમાં ધર્મ "સુધારવા" નો પ્રયત્ન કર્યો, પણ કાથોલિક ધર્મ ઉપર વિકરાળ હુમલો કર્યાથી તેન નાસી જવું પડયું. અહીં તહીં ભટકયા પછી ફારેલના આમંત્રણથી તે જનીવા આવી પહોંચ્યો. તે પોતાની ક્રૂર વર્તણુકથી લોકોને અણગમતો થયો. તેથી તેને અને ફારેલને જનીવામાંથી કાઢયા, ઇ. સ. ૧૫૩૮. તો પણ ઇ. સ. ૧૫૪૧ માં કાલ્વીને જનીવા પાછો આવીને બહુ સખ્ત રાજ્ય ચલાવ્યું. આત્મિક અને સાંસારિક રાજ્ય તેના હાથમાં હતું. પરમેશ્વરની પૂજા નિરસ અને મનને મજા ન આવે

એવી હતી, ઉપદેશ અને દાઉદના ગીતો ગાવા એ પૂજાના મુખ્ય ભાગો હતા. બધો શણગાર દેવળોમાંથી નિકળ્યો. આચરણની ચોકી રાખવા માટે ઉપદેશકો અને સાધારણ આદમીઓનું મંડળ સ્થાપ્યું, જેમણે બધાં ખાનગી કામો તપાસી લીધાં. જે કોઇ કાંઈ વાંકને પાત્ર હતો, તેને દંડ આપ્યો. કાંઇ નિર્દોષ ખાનગી મજા, કાંઇ કુટુંબના તહેવાર, જાહેર મજા, નાચવા અને હોતેલમાં દ્રાક્ષરસ પીવાના ગુન્હા માટે દંડ મળ્યો. જેઓએ જૂના રિવાજ પ્રમાણે શુક્રવાર કે શનિવારે માંસ ન ખાંધું તેઓને કેદખાનામાં ઘાલ્યા.

કાલ્વીન ધર્મશાસ્ત્ર અને વિદ્યાની બાબતમાં જવીંગલીથી અને દલીલોની સ્થિરતા તથા દ્રઢતાની બાબતમાં લુટરથી ચડીઆતો હતો. વિશેષે કરીને કાલ્વીનને મોટું અભિમાન, મોટી ક્રૂરતા અને કડવો સ્વભાવ હતો. લુટરની પેઠે તેણે પણ નિંદા કરી. પણ લુટરની નિંદામાં ગુસ્સો અને ક્રોધ તથા કાલ્વીનની નિંદામાં ખાર અને દ્વેષભાવ દેખાયા.

મોઢાની વાતમાં કાલ્વીને પ્રજાસત્તાક રાજ્ય સ્થાપ્યું પણ ખરી વાતમાં તેણે પોતે સ્વતંત્ર રાજા તરીકે રાજ્ય ચલાવ્યું. ઇ. સ. ૧૫૫૮ માં તેણે જનીવામાં એક પાઠશાળા સ્થાપી કે જેને પછી થેઆદોર બીજાના હાથમાં સોંપી દીધી છે.

૬. ઇંગ્લંડ કાથોલિક શ્રીસભાથી જીદું થયું.

૧. આઠમો હેનરી.

આઠમો હેનરી બ્જારકર્મી પ્રેમને વાસ્તે, જે કાથોલિક શ્રીસભાનો બચાવ તેણે થોડા વખત આગળ લુટરની વિરૂદ્ધ કર્યો હતો, તેની સામે થયો. તેણે બાપાની પરવાનગીથા પોતાના ભાઇ આર્થરની વિધવા અરાગોનીયાની કાતારીના સાથે જે લગ્ન કર્યું હતું, તે અનાબોલીન નામની એક જુવાન કન્યા સાથે લગ્ન કરવા માટે છોડવા ચાહ્યું. સાતમા કલેમેન્સ બાપાએ હેનરીના પ્રધાન, કાર્ડીનાલ વોલસે અને પોતાના એલચી કાંપેજ્જોને તે કામ તપાસવાનો હુકમ કરીને ઇ. સ. ૧૫૨૯ માં પોતાની અદાલતમાં ચલાવ્યુ. પણ બાપા રાજાની ઇચ્છા પૂરી કરી શકયો નહિ; જો કે જે યુનીવરસીતીઓને રાજાએ પૈસાની લાલચ આપી હતી તેઓએ રાજાની ઇચ્છા તરફ મત આપ્યો. હેનરીએ ગુસ્સે થઇને થોમાસ ક્રોમવેલની સંલાહથી બાપાને બદલે પોતાને અંગ્રેજી કાથોલિકોનો ઉપરિ બનાવીને ધર્માધ્યક્ષો તથા યાજકો

તેને ઈગ્લાંડની શ્રીસભાનો મુખ્ય સ્વીકારે "પરમેશ્વરના નિયમ પ્રમાણે જેટલું ચાલે," તે માટે તેમનાપર બળાત્કાર કર્યો. હેનરીએ કાતારીના સાથેનું લગ્ન છોડીને, જે લગ્ન તેણે અન્ના બોલીનની સાથે કર્યું હતું, તે કાયદાસર ઠરાવ્યું અને જે છોકરાં તેઓને થાય તેમને રાજ્યાસનના હકદાર ઠરાવ્યાં. બાપાએ ઇ. સ. ૧૫૩૪ માં ચૂકાદો કાઢી નાખ્યો જેથી હેનરીનો રોમ સાથેનો સંબંધ પૂરેપૂરો તૂટી ગયો.

ગુલામ રાજ્યસભાએ ખુશીથી રાજાની ઇચ્છાઓ કબુલ કરી, રોમમાં પૈસા મોકલવાની મના કરી અને ધર્માધ્યક્ષોની ચુંટણી કબુલ કરવાનો હક રાજાને સોંપી દીધો. રાજનો વારસો મેળવવવાના હકની બાબતમાં કાયદો રચ્યો અને રાજાનું આત્મિક પ્રમુખપણું સ્વીકારવાના સોગન ખાવાનો હુકમ જાહેર થયો. જે કોઈ તે પ્રમુખપણું સ્વીકારે નહિ અને સોગન ન ખાય તેને ભારે દંડ આપ્યો. રોચ્ચેસ્તરના ધર્માધ્યક્ષ અને એક બહુ પવિત્ર માણસ કાર્ડીનાલ યોહાન્ન ફીશર અને રાજાના પ્રધાન પવિત્ર વિદ્વાન થોમસ મોરૂસને મરણદંડ આપીને મારી નાંખ્યા, ઇ. સ. ૧૫૩૫. થોમસ મોરૂસને ઘણો વખત કેદખાનામાં રહેવું પડયું. જ્યારે તેની બાનુ અને દિકરીએ કેદખાનામાં આવીને તેને રાજાને પ્રસન્ન કરવાનું કહ્યું ત્યારે થોમસ મોરૂસે તેઓને પૂછયું: "તમે શું વિચારો છો, મારા જીવનનાં કેટલાં વર્ષો બાકી રહે છે, કે માણુસ તે કામમાં ખ્યાલ કરી શકે?" તેઓએ જવાબ આપ્યો: "કદાચ દશ, કદાચ વીશ વરસ." થોમસ મોરૂસે ઉત્તર દેતાં કહ્યું છે કે: "કદાચ જે દશ વીશ વરસ મારી જીંદગીમાં બાકી રહે છે, તેને વાસ્તે હું સ્વર્ગનો વૈભવ છોડી દઉં, એ સારા માણુસને લાયકનું કામ છે કે શું?" તેણે મોતની સંમુખ દીલની મોટી શાંતિ રાખી હતી. જ્યારે કાપનારને થોમસ મોરૂસનું માથું ઢીમચા ઉપર બાંધવામાં તેની લાંબી દાઢીને લીધે મુસ્કેલી પડી, ત્યારે મોરૂસે હસતાં હસતાં કહ્યું કે "દાઢીને છોડી દે, કેમકે તે ખરેખરી નિર્દોષ છે."

પોતાની ખરાબ ઇચ્છા પૂરી કરવા અને અમારોને પોતાના પક્ષમાં રાખવા માટે જે પૈસાની જરૂર હતી, તે મેળવવા માટે હેનરીએ મઠવાસો જપ્ત કર્યા. ફ્રાંસીસ્કાનોએ હેનરીનું ભક્તિમતી કાતારીના સાથેનું લગ્ન કાયદાસર ગણીને હેનરીનો ખાસ દ્વેષ પોતાના ઉપર ખેંચી લીધો. હેનરીએ તેમનામાંના ઘણાને કેદખાનામાં રાખીને રીબાવ્યા. મઠવાસોની માલમત્તાનો મોટામાં મોટો ભાગ જે આદમીઓને

મઠવાસોની હાલત તપાસવાનું કામ સોંપ્યું હતું, તેઓએ પોતાને માટે લીધો છે. ઈ. સ. ૧૫૪૦ માં લૂંટનું કામ પૂરું થયું. શ્રીસભા અને મઠવાસોની માલમત્તા અંગ્રેજી અમીરો અને ઉમરાવોના તાબામાં આજદીન સુધી છે કે જેઓના બાપદાદાઓને તે માલ આઠમા હેનરીએ આપ્યો હતો.

ઇ. સ. ૧૫૩૬ માં કાતારીના રાણી મરી ગયાં. તે જ વરસમાં અન્ના બોલીનને કાપી નાંખી કે જેના ઉપર જુદા ગુન્હાનું તહોમત મૂકયું હતું. થોમસ ક્રાન્મર કે જેણે હેનરી અને અન્ના બોલીનનું લગ્ન કાયદાસરનું ઠરાવ્યું હતું, તે લગ્ન હવે તેણે; કાયદા વિરૂદ્ધ ઠરાવ્યું. ગુલામ રાજ્યસભાએ તેની દિકરી એલીસાબેથને જારકર્મથી પેદા થએલી ઠરાવી. હેનરીની કામી નજર અન્ના બોલીનની એક પરિચારિકા જેન સેમર ઉપર પડી હતી. અન્ના બોલીને તેથી અદેખી બની એક મૂએલા છોકરાને અકાલિક જન્મ આપ્યો હતો.

કાતારીનાના મરણને વાસ્તે હેનરીએ આંસુ વહેવરાવ્યાં. પણ જે દિવસે અન્ના બોલીનને કાપી નાંખવાની હતી, તે દિવસે તેણે પોતાનો અન્ના બોલીન ઉપર રાખેલો તીરસ્કાર દેખાડવા માટે ધોળાં લુગડાં પહેર્યાં. તેને બીજે દિવસે તેણે જેન સેમર સાથે લગ્ન કર્યું.

જેન સેમર છઠ્ઠા એડવર્ડને જન્મ આપ્યા પછી મરી ગઇ. ત્યારે હેનરીએ કલેવેની કુંવરી અન્ના સાથે લગ્ન કરવાનું કામ ચલાવ્યું. તેણી ઇંગ્લાંડ આવી પહોંચી તે પછી તેણીને જોઇને હેનરી તેણીના ચહેરા વાસ્તે તેણીનાથી અસંતુષ્ટ થયો. તો પણ ક્રોમવેલ્લની સલાહથી તેણીની સાથે લગ્ન કર્યું, પણ થોડા વખત પછી તે લગ્ન છોડયું. ખુશામત કરનાર ક્રાન્મરે પહેલા અને બીજા પ્રસંગમાં ધર્મગુરૂનું કામ કર્યું હતું. થોડા વખત પછી ક્રોમવેલ્લનું માથું કાપી નાંખ્યું. રાજાની ક્રૂરતાએ, તેની પાંચમી પત્ની નોરફોક અમીરોના વંશની કાતારીના હોવાર્ડની કતલ કરી. પહેલાં તેણીની સાથે લગ્ન કર્યું, પણ પછીથી તેણીના ઉપર તેણીએ લગ્ન થયાં પહેલાં વ્યભિચાર કર્યો હતો એમ કહી છેડી દીધું. એ વ્યભિચારનો ગુન્હો નક્કી નથી. તે નક્કી હોય તો પણ જેને પાત્ર તે કદિ નહોતી તે રાજ્યદ્રોહને વાસતે તેને આખરે મારી નંખાવી.

હેનરીની છઠ્ઠી અને છેલ્લી રાણી કાતારીના પારર કાપી નંખાવાના જોખમથી મુસ્કેલીથી બચી. તે ધર્મની વાતમાં રાજાથી જુદી

થઈ એવું બ્હાનું કાઢી તેના ઉપર રાજદ્રોહનું તહોમત મૂક્યું. તેણીએ હુશિયારીથી પોતાની ભૂલની માફી માગીને રાજાનું એક મોટા ધર્મશાસ્ત્રી તરીકેનું વખાણ કર્યું. જ્યારે કાપનારાઓ તેને તૌર નામના કેદખાનામાં નાખવાને આવી પહોંચ્યા ત્યારે રાજાએ તેઓની નિંદા કરીને તેઓને નસાડયા. એવી રીતે કાતારીના પારર બળાત્કારના મરણથી બચીને રાજાના મોત પછી જીવતી રહી.

હેનરીએ ચિત્રો, પુતળાં અને રેલીકો બાળી નાંખનાવો હુકમ આપ્યો. પવિત્ર થોમાસ આબેક્તનાં હાડકાંને કબરમાંથી કાઢીને ભસ્મ કરાવ્યાં. તો પણ ધર્મની વાતમાં હેનરી લુટર સાથે મળ્યો નહિ અને તેણે કાથોલિક મત રાખીને મોતનો દંડ ધિક્કારીને છ કલમો રાખવાનો હુકમ આપ્યો, કે જેઓનું નામ તેથી " લોહીઆલ કલમો " પડયું. તે નીચે પ્રમાણે છેઃ–ત્રાંસસુબસ્તંતીયાતીયો, એક રૂપમાંનું કોમયુનીયો, યાજકોએ લગ્ન ન કરવું, માનતાઓ, મૂએલાઓને વાસ્તે મિસ અને યાજકને થયેલો પાપનો ગુપ્ત સ્વીકારવા, બૈબલ વાંચવી માત્ર રાજા અને ઉંચા વર્ગને રજા હતી અને તીંડાલનું બૈબલનું ભાષાંતર મના કરવામાં આવ્યું હતું. કાંટરબરીના " મહા ધર્માધ્યક્ષ " ક્રાન્મરે ગુપ્ત રીતે લગ્ન કર્યું હતું તેણે બાયડી છોકરાંને એકદમ જર્મની પાછાં મોકલ્યાં. હેનરીએ કાથોલિકો અને પ્રોટેસ્તંતોને એક સરખી રીતે સતાવ્યા હતા, કાથોલિકોને રાજદ્રોહ અને પ્રોટેસ્તંતોને પાખંડી મતને વાસ્તે. પાખંડી મત વિરૂદ્ધનું કામ ક્રાન્મર કે જે તેજ મતનો હતો તેણે ચલાવ્યું. તેને વાસ્તે લોકોને અગ્નિથી મરણદંડ આપ્યો, અને તેનો સ્વીકાર અને બચાવ તેણે હેનરીના મોત પછી કર્યો છે.

હેનરીએ ૩૮ વરસ રાજ્ય ચલાવ્યું. તે વખતમાં તેણે ૨ રાણીઓ, ૨ કાર્ડીનાલો, ૨ મહા ધર્માધ્યક્ષો, ૧૮ ધર્માધ્યક્ષો, ૧૩ મઠાધ્યક્ષો, ૫૦૦ મઠવાસી પાદરીઓ, ૩૮ ધર્મ અને ન્યાયશાસ્ત્રીઓ, ૧૨ અમીરો અને ઉમરાવો, ૧૬૪ જેન્ટલમેન, ૧૨૪ કોમનસ (એટલે સાધારણ લોકો) અને ઉંચા વર્ગનાં ૧૧૦ બાનુઓને મારી નંખાવ્યાં. બે પોતાનાં સગાંવાલાં, તેમાં સાલીસબેરીના કૌન્ટેસ અને કાર્ડીનાલ રજીનાલ્ડ પોલની માને પણ તેણે કપાવ્યાં. તે જૂલ્મી રાજા ઈ. સ. ૧૫૪૭ માં મરી ગયો.

૨. છઠ્ઠો એડવર્ડ. તે નવ વરસનો છોકરો "અંગ્રેજી શ્રીસભા"નો મુખી થઈ ગયો. તેના મામા લોર્ડ સેમરે સોમરસેતના અમીરનું નામ ધારણ કરીને તેને બદલે રાજ્ય ચલાવ્યું. ક્રાન્મરે તેને દેશમાં પ્રોટેસ્તંત પાખંડી મત દાખલ કરવામાં બહુ મદદ કરી. રાજ્યસભાએ ઉપર કહેલી ૬ કલમો કાઢીને રાજાને શ્રીસભાની માલમત્તાનો મોટો ભાગ લેવાની અને યાજકોને લગ્ન કરવાની રજા આપી. ક્રાન્મરે ઉપદેશોનું પુસ્તક રચ્યું, કે જેનો યાજકોએ ઉપયોગ કરવાનો હુકમ કાઢયો. ક્રાન્મરે "પવિત્ર આત્માની પ્રેરણાથી" બૂક ઓફ કોમન પ્રેયર નામનું પ્રાર્થના કરવાનું પુસ્તક રચ્યું હતું તે પ્રમાણે બધા ઉપદેશકોને રાજ્યસભાના ચૂકાદાને અનુસરીને પ્રાથના કરવી પડતી હતી, ઇ. સ. ૧૫૪૯. મિસ કાઢયું અને બે રૂપમાં કોમયુનીયો લેવું પડયું. એવી રીતે "ઇંગ્લંડની શ્રીસભા" રાજ્યસભાના ચૂકાદાથી સ્થાપી છે. તેથી તેને "ચર્ચ ઓફ ઇંગ્લંડ બાય લૉવ એસ્તાબ્લીશ્ડ" કહે છે. તે યેસુખ્રીસ્તીની શ્રીસભા નથી એ સૂર્ય જેવું ખુલ્લું છે.

તે વખતમાં જ્યારે ક્રાન્મરે લંડનના "ધર્માધ્યક્ષ" રિડલી સાથે ૪૨ કલમનું એક મતશાસ્ત્ર રચ્યું, ત્યારે નોર્થહમબરલંડનો અમીર વોરવીખ નામનો એક નવો રાજપ્રતિનિધિ આવ્યો હતો, ઇ. સ. ૧૫૫૨ માં રાજ્યસભાએ તે અમલમાં લીધું. શ્રીસભાના કાયદાનો સંગ્રહ બનાવ્યો તથા ત્રાંસસુબસ્તંતીયાતીયો અને બાપાના પ્રમુખપણાના મતને વાસ્તે મરણદંડ આપ્યો.

સારા ભાગ્યે તે કાયદા જાહેર થયા આગળ છઠ્ઠો એડવર્ડ ઈ. સ. ૧૫૫૩ માં મરી ગયો. કાલ્વીને રાજપ્રતિનિધિ સોમરસેતને લખ્યું હતું કે "આપે જે કોઇ નવી રીતિથી વાંધો લેતા હોય, તેઓનો, ઘણું કરીને કાંથોલિકોનો નાશ કરવો જોઇએ" એવી નવાઇયો, મિસ કાઢયાથી અને મઠવાસોના નાશથી કે જેથી ગરીબ પ્રજા મદદ વગરની રહી તેનાથી પ્રજાએ ઉશ્કેરાઇ જઇને હુલ્લડ કર્યું, પણ તેને કાંઇ બંધારણ અને સરદાર નહોતા. ઘણાઓને જર્મન અને ઇટાલીયન લશ્કરે મારી નાંખ્યા. ગરીઓની વિરૂદ્ધ સખ્ત કાયદા જાહેર કર્યા. ન્યાયાધીશોએ ઘણાઓને મરણદંડ આપ્યો. લડાઇમાં અને ફાંસીમાં આશરે ચાર હજાર માણસો મરણ પામ્યા.

૩. મારીયા મહારાણીએ કાથોલિક મત ફરીથી સ્થાપ્યો (ઇ. સ. ૧૫૫૩–૧૫૫૮). નોર્થ હંબરલંડના અમીરે પોતાના વંશના

કોઇને રાજ્યાસન પર બેસાડવા ચાહીને મારીયા, હેનરી અને અરાગોનીયાની કાતારીનાની દિકરીને ગાદી ઉપરથી ખસેડી મૂકવા અને તેને બદલે લેડી જેન ગ્રેહને બેસાડવા બળવો ઉઠાડ્યો. પણ હુલ્લડ કરનારાઓને હરાવીને તેઓના સરદારનું ગરદન કાપ્યું. મારીયાએ સ્પેનના રાજા બીજા ફિલીપ્પ સાથે લગ્ન કરીને ઇંગ્લંડ અને બાપા સાથે સમાધાન કરવાનો યત્ન કર્યો. ઈ. સ. ૧૫૫૪ ના નવેમ્બરની તા. ૨૮ મીએ બાપાના એલચી રજીનાલ્ડ પોલે ઇંગ્લંડનો કાથોલિક શ્રીસભામાં અંગીકાર કર્યો. જેઓના તાબામાં શ્રીસભાની માલમત્તા આવી હતી, તેઓના તાબામાં તે શાંત રીતે રહેવા દીધી. પણ શ્રીસભાની જે માલમત્તા રાજાએ જપ્ત કરી હતી, તે શ્રીસભાને પાછી આપી છે. રજીનાલ્ડ પોલ (ઇ. સ. ૧૫૫૮) કેંટરબરીના મુખ્ય ધર્માધ્યક્ષ થઇ ગયો. પ્રોટેસ્તંત ઉપદેશકોએ મારીયા મહારાણી વિરૂદ્ધ કાવતરૂં કર્યું, તે સિવાય તેણીની નિંદા કરી. લંડનના ધર્માધ્યક્ષ રિડલીએ જાહેર બોધમાં લોકોને મારીયા વિરૂદ્ધ ઉશ્કેર્યા હતા. તેથી મારીયાને પાખંડી લોકની વિરૂદ્ધ બળાત્કારના માર્ગપર જવું પડ્યું. આશરે ૨૦૦ શખસોને કપાવ્યા; જેઓમાં ક્રાન્મર, રિડલી અને વુસ્તરના "ધર્માધ્યક્ષ" લાટીમર જેવા કેટલાક રાજદ્રોહના ગુન્હાને પાત્ર હતા.

ઘણું કરીને પ્રોટેસ્તંત ઇતિહાસલેખકો મારીયા મહારાણીનું ક્રૂરતાના રાક્ષસ તરીકેનું વર્ણન કરે છે. તેણીનું " લોહીઆળી " એવું દ્વેષ ભરેલું નામ પાડે છે, જાણે કે તેણીએ એકલી ક્રૂર થઇને બધું તે વખતનું લોહી વહેવરાવ્યું હોયની. તેના રાજ્યના એક ભાગમાં લોકોને ધર્મને વાસ્તે સતાવ્યા છે ખરા, પણ એ લેખકોએ ક્રૂરતા અને સંખ્યાની બાબતમાં અતિશયોક્તિ કરેલી છે. તેઓ એલીસાબેથ અને તેની પાછળ આવનારાઓએ કરેલી સતાવણી વિષે કાંઈ વાત જાણતા નથી કે શું? સોળમા અને તે પછીના બીજા બે સૈકામાં મુખ્ય પ્રોટેસ્તંત પંથોએ કાથોલિકો જેવી કે તે કરતાં વધારે સતાવણી કરી છે, અને તે સતાવણીનો બચાવ કર્યો છે. જે વાત પ્રોટેસ્તંતોએ ધર્મની સતાવણીની બાબતમાં શીખવી તે મારીયા મહારાણીએ જારી કરી. તે પોતાના સમકાલિન લોક કરતાં વધારે સમજુ ન હતી, તે કયો વાંક છે? આજદિન સુધી ધર્મને વાસ્તે સતાવણી ચલાવવાનું પ્રોટેસ્તંતોનું મૂળ પાપ છે.

મારીયા મહારાણીનો સ્વભાવ ક્રૂર નહિ પણ દયાળુ હતો,

એવું તેણીએ નોર્થહંબરલંડના અમીરના બળવામાં જેઓ સામેલ હતા તેઓમાંના ઘણાઓને માફી આપી તે ઉપરથી માલૂમ થાય છે. નોર્થહંબરલંડને પણ ક્ષમા આપવાની હતી. પણ તેણીના સલાહકારોમાંના એક મોટા ભાગે એવા ચૂકાદાની સામે થઇને મારીયા મહારાણીના સગા કાર્લ બાદશાહને કાગળ લખીને જણાવ્યું કે "તેણીને સમજાવો કે નોર્થહંબરલંડને બચાવવો એ સહીસલામત નથી." કાર્લ બાદશાહે એ પ્રમાણે કર્યું. મારીયા મહારાણીએ પોતાની ઓરમાન બ્હેન એલીસાબેથપર બહુ પ્રીતિ બતાવી, જો કે તે પ્રોટેસ્તંત તરીકે ઉછરેલી અને પ્રોટેસ્તંત પંથની આશા અને જાણે મૂર્તિ હતી. કોઇએ મારીયાને તેણીને પકડવા અને કેદખાનામાં રાખવાની સલાહ આપી. તો પણ મારીયાએ રાજ્યાસન ઉપર બેસીને એકદમ એલીસાબેથને પોતાની વ્હાલી બેન તરીકે સલામ કરી. કાંઇ આંચકો ખાધા પછી અને એક અઠવાડીયાનું શિક્ષણ લીધા પછી એલીસાબેથે પોતાના બાપદાદાનો ધર્મ અંગિકાર કરીને મારીયા સાથે જાહેર મિસમાં જઇને પોતાના ઘરમાં એક કાથોલિક દહેરૂં સ્થાપ્યું. એવી પ્રીતિનો બદલો એલીસાબેથે મારીયા વિરૂદ્ધના કાવતરામાં ભાગ લેઇને અને મારીયાને રાજ્યાસનપરથી ખસેડી મૂકવાનો પ્રયત્ન કરીને ભરી આપ્યો. જેમ તેની મા અન્ના બોલીને કાતારીનાને ખસેડી છે, તેમ એલીસાબેથ તે કાતારીનાની દિકરી મારીયાને ખસેડવાની હતી. તો પણ મારીયાએ નાખુશીથી એલીસાબેથને તોર નામના કેદખાનામાં રાખવાનું કબુલ કર્યું. થોડા વખત પછી એલીસાબેથને તોરમાંથી છોડી દીધી છે. એલીસાબેથ જ્યારે મહારાણી થઈ ગઈ ત્યારે એવી બાબતમાં કેવી રીતે ચાલી, તે મારીયા સ્કોટલંડની મહારાણીના વાત બતાવે છે.

જો મારીયા મહારાણી પોતાના વલણ પ્રમાણે વર્તી શકી હોત, તો તેણીએ ક્રાન્મર, લાટીમર અને રિડલીને પણ બચાવ્યા હોત. પણ તેણીના સલાહકારોએ તે શખ્સોને મારી નાંખવાનો બળાત્કાર કર્યો. ક્રાન્મરે સાત વખત પોતાનો મત રદ કરીને ઢોંગ કર્યો હતો, તેને વાસ્તે તે બહુધા નાલાયક છે. લાટીમર અને રિડલીએ મારીયા મહારાણીની બહુ નીચ નિંદા કરી તેણીને કાથોલિક ધર્મ પાળતાં અટકાવવાનો બહુ પ્રયત્ન કર્યો હતો.

મારીયા મહારાણી ઇ. સ. ૧૫૫૮ માં નવેમ્બર મહીનામાં મરી ગયાં. તેણીની પાછળ તેણીની ઓરમાન બ્હેન એલીસાએથ આવી.

૪. એલીસાએથ (ઇ. સ. ૧૫૫૮–૧૬૦૩). કાથોલિક રીતિ પ્રમાણે તેણીના માથા ઉપર મુગટ મૂક્યો અને તેણીને અભિષેક કર્યા પછી તેણીએ કાથોલિક ધર્મ પાળવાના અને આશરો આપવાના સોગન ખાધા. કાથોલિક રૈયતે તેને વ્યભિચારથી ઉત્પન્ન થએલી ગણી, બાપા ચોથા પૌલુસે એક કાગળના જવાબમાં તેણીના ગાદી ઉપર બેસવાના હક વિષે શક જાહેર કર્યો. એ અને એવાં બીજાં કારણોથી એલીસાએથે ગાદી ઉપર બેસીને થોડા વખત પછી પ્રોટેસ્તંત ધર્મના પક્ષમાં જઇને કાથોલિકોને સતાવવા માંડયા. તેણીના તે કામમાં ઉંચા વર્ગની ધર્મ વિષેની બેદરકારી મદદગાર થઇ પડી. તેણીએ આઠમા હેનરી અને છઠ્ઠા એડવર્ડના રાજ્યમાં કથોલિક શ્રીસભાની વિરૂદ્ધ રચેલા કાયદા રાજ્યસભાની મારફતે ત્રણ મતના વધારાથી ફરીથી જાહેર કર્યા, પરમેશ્વરની પૂજા ક્રાન્મરની વીધિ પ્રમાણે કરવાનો અને બાપાના બદલે મહારાણીને શ્રીસભાના ઉપરિ તરીકે સ્વીકારવાના સોગન ખાવાનો હુકમ કર્યો. બે યુનીવરસીતીનાં અવયવો, અને યાજકોનો ઉંચો વર્ગ, ઘણું કરીને એક સિવાયના ધર્માધ્યક્ષો એવા હુકમની સામે થયા. જેઓ સામે થયા તેઓને હોદ્દા ઉપરથી કાઢયા.

અન્ના બોલીનનો પાદરી માથ્થએયુસ પાર્કર પ્રોટેસ્તંત કંટરબરીનો મહાધર્માધ્યક્ષ થઇ ગયો. તેણે બીજા ધર્માધ્યક્ષોને ઠરાવ્યા. પાર્કરના ધર્માધ્યક્ષપણા માટે કાથોલિક ધર્માધ્યક્ષોએ ના કહી હતી, અને ચાર પ્રોટેસ્તંત ધર્માધ્યક્ષોની મારફતે થયું હતું, તે વગેરે ઘણાં કારણોથી તેને ફોકટ ગણવામાં આવ્યું. તેને વાસ્તે "ઇંગ્લંડની શ્રીસભા" ના ઉપદેશકો કે પાદરીઓ યાજકો નથી. જો એવો કોઇ આદમી કાથોલિક થઇને કાથોલિક યાજક થવાનો હતો, તો તેને હમેશ યાજકપણાનું સાક્રામેન્ત આપ્યું છે, કેમકે આગળ તેઓને મળ્યું નથી. "રૂશીઆની શ્રીસભા" નો જે કોઇ પાદરી કાથોલિક થાય છે, તેને યાજકપણું ફરીથી આપવામાં આવ્યું નહોતું, કેમકે તેનું યાજકપણું ખરૂં ગણવામાં આવે છે: બાપા તેરમા લેઓએ "અંગ્રેજી શ્રીસભા" નું યાજકપણું અમથું છે, એવો સાફ ચૂકાદો

જાહેર કર્યો છે. કાર્ડિનાલ રજીનાલ્ડ પોલ, કે જે પોતાના દેશના વિષયોની બાબતોથી બરાબર વાકેફ હતો, તેણે પણ એમજ કહ્યું છે. પાર્કરનું ધર્માધ્યક્ષપણું અમથું ગણાય છે, તેનાં મુખ્ય કારણો એ છે કે ધર્માધ્યક્ષપણું આપનાર બારોવનું ધર્માધ્યક્ષપણું બરાબર ન હતું. તે સિવાય તેના મત અને સ્વભાવ ઉપરથી તેનો હેતુ બરાબર હતો કે નહિ તે બાબત શક ઉભો કરે છે. પછી છઠ્ઠા એડવર્ડના રાજ્યમાં ધર્માધ્યક્ષપણું રીત એટલી બદલી ગઇ છે કે ધર્માધ્યક્ષપણું અમથું થાય છે. હવે જો ધર્માધ્યક્ષપણુ વ્યર્થ છે તો યાજકપણું પણ વ્યર્થ છે.

ઇ. સ. ૧૫૬૨ માં મહારાણીને શ્રીસભાના ઉપરિ તરીકે સ્વીકારવાના સોગન રાજ્યસભાના લોકોએ, ચુટી કાઢેલા સદો, જાહેર મહેતાજીઓ, અને બધા ઉપદેશકોએ ખાવા એવો હુકમ કાઢયો. પ્રોટેસ્તંત ઉપદેશકોની એક સભાએ ૪૨ કલમોની ૩૯ બનાવી. "અંગ્રેજી શ્રીસભા (ચર્ચ ઓફ ઇંગ્લંડ)" બીજા પ્રોટેસ્તંત પંથોથી એ વાતમાં જુદી છે કે તેમાં "ધર્માધ્યક્ષો, યાજકો અને દીયાકોનો" ને સ્વીકારવામાં આવે છે, જો કે તે ખરા ધર્માધ્યક્ષો, યાજકો અને દીયાકોનો નથી. પરમેશ્વરની પૂજા કરવામાં કાથોલિક મિસ કરવાનું પુસ્તક અને પ્રાર્થના પુસ્તક કેટલાક ફેરફારની સાથે રાખેલાં છે. ધર્માધ્યક્ષ, યાજક અને દીયાકોન" પણ આપવાની રીતિ છઠ્ઠા એડવર્ડના રાજ્યમાં રચેલી રીતિ પ્રમાણે રાખવી પડતી હતી.

જો કે બીજા પ્રોટેસ્તંત પંથો, જેમને નન-કનફર્મીસ્તો એટલે કબૂલ ન કરે એવા કહેવામાં આવે છે, તેમણે સરકારે સ્થાપેલી "શ્રીસભા (ચર્ચ ઓફ ઇંગ્લંડ)" સ્વીકારી નહતી, તો પણ વિશેષે કરીને કાથોલિકોને સતાવવામાં આવ્યા છે. એક ભયંકર સતાવવાની અદાલત સ્થાપી હતી. કાથોલિકોએ સ્કોટલંડની મહારાણી મારીયા, જે એલીસાબેથના રક્ષણે આવી હતી અને જેને એલીસાબેથે કેદખાનામાં રાખી હતી, તેણીનો બચાવ કરવા પ્રયત્ન કર્યો. બાપા પાંચમા પિયુસે એક બુલ્લા જાહેર કર્યું, કે જેમાં તેણે એલીસાબેથને શ્રીસભામાંથી કાઢી મૂકી છે; તેથી કાથોલિકોની હાલત દિન પ્રતિદિન વધારે ખરાબ થઇ. રોમ સાથેના વ્યવહારની મના કરવામાં આવી હતી, તેથી જે કોઈ રોમ સાથે વ્યવહાર ચલાવે તેને દંડ આપવામાં આવતો. બધા લોકોને બળાત્કારે પ્રોટેસ્તંત પરમેશ્વરની પૂજામાં દાખલ કરાવ્યા. ઇ. સ. ૧૫૮૧ થી જે કોઇ કાથોલિક યાજક કાંઇ ધર્મનું કામ કરે તેને મરણદંડ મળ્યો.

કાથોલિક યાજકપણું કાયમ રાખવા માટે યાજકોની સેમીનારીઓ એટલે પાઠશાળાઓ દુએ (ફ્લાંદેર્સનું તે હતું) અને રોમમાં સ્થાપી છે. તે હકીકતથી અંગ્રેજ સરકારનું કાથોલિક યાજકો, ઘણું કરીને જેસુઈતો વિરૂદ્ધનું વેર વધ્યું. જે કોઈએ એક જેસીયુતનો પોતાના ઘરમાં અંગીકાર કર્યો, તેનું મુકામ નોંધવા ના કહી, તેને મરણદંડ આપ્યો. પાપનો સ્વીકાર સાંભળવો તે રાજદ્રોહ તરીકે ગણ્યો. મિસ કરવા કે સાંભળવાને વાસ્તે પૈસા કે કેદનો દંડ મળ્યો.

કાથોલિકોને ફાંદામાં નાંખવા માટે જાસુસોને મૂક્યા જેઓ તેઓના ઉપર રાજદ્રોહનું તહોમત મૂકે. આ સતાવણીઓ છતાં જ્યારે બીજા ફિલીપે ઇંગ્લંડ તરફ અવિનાશી ગણેલા અર્માડા નામના કાફલાને મોકલ્યો હતો અને જેનો નાશ ઇ. સ. ૧૫૮૮ માં તોફાનથી થયો હતો, તે વખતે કાથોલિકો વફાદાર રહ્યા. આ વફાદારીના બદલામાં નવી સતાવણીઓ હતી. અંગ તણવાના ભયંકર સંચા અને વેદના લગાડવાના હથિયારો કાથોલિકોને રિબાવવા માટે વાપર્યા. ઇ. સ. ૧૫૮૮ ની પહેલા ૧૨૦૦ કાથોલિકોની પાસેથી પ્રાણ, માલ કે છુટાપણું લીધાં હતાંઃ પણ મોટામાં મોટી સતાવણી આ વરસથી ઉઠી. એલીસાબેથનાં છેલ્લાં ૨૦ વરસમાં ૧૪૨ યાજકોને માર્યા, ૯૦ કેદખાનામાં મરી ગયા અને ૬૨ ઉંચા વર્ગના કાથોલિકો ધર્મને વાસ્તે મરણ પામ્યા.

પ્રોટેસ્તંતો એલીસાબેથને બહુ વખાણે છે, તેમાં કાંઈ નવાઇ નથી. પણ ખરા ઇતિહાસની સન્મુખ તે કેવા સ્વભાવ અને ગુણની હતી, તે માલૂમ થાય છે. તેણીને સત્યની નહિ, પણ સાંસારીક કામોની પહેલી ફિકર હતી. જે પ્રમાણે તેણીને ફાયદો કે ગેરફાયદો મળ્યો, તે પ્રમાણે તેણી પ્રોટેસ્તંત કે કાથોલિક હતી. તેણીના બાપ આઠમા હેનરીના વારસા તરીકે મોટા સ્વાર્થ તથા જૂલ્મી વલણ અને તેણીની મા અન્ના બોલીનના વારસા તરીકે વિલાસ અને ઢોંગ તેણીને મળ્યાં, પણ બન્ને કરતાં તે હુશિયારી, રાજ્ય કરવાની શક્તિ અને તેણીએ ખરાબીથી કાંઇ આંચકો ખાધો નથી, તે વાતોમાં ચડીઆતી હતી.

જો એલીસાબેથ અને તેણીની ઓરમાન બ્હેન મારીયા વચ્ચે મુકાબલો કરીએ, તો ઇતિહાસના અજાણપણાથી અંગ્રેજ લોક

એલીસાએથને સારાં મહારાણી બેસ્સ–" ધી ગૂડ ક્વીન બેસ્સ" અને મારીયા મહારાણીને લોહીઆળી–" ધી બ્લડી ક્વીન મેરી" કહે છે, તે માલૂમ થાય. મારીયા ખરા દિલથી ભક્તિમતી અને સબ વાતોમાં ફરજ બજાવે છે, એવી હતી. તેણીના બાપ અને તે કરતાં વધારે તેણીના ભાઇ એડવર્ડની સતાવણી છતાં તેણીએ કાથેલિક ધર્મ રાખ્યો. જ્યારે તે પોતાના કાથેલિક ધર્મને વાસ્તે રાજ્યાસનની ખુહારીના જોખમમાં હતી, ત્યારે પણ કદિ કાથેલીક ધર્મને જોખમમાં લાવી નથી. એલીસાબેથ ભક્તિમતી અને બુદ્ધિ પ્રેરક હતી નહિ. મારીયાએ ગાદી ઉપર બેસીને એકદમ ' અંગ્રેજી શ્રીસભા "ની ઉપરિ એવી મહારાણીનું નામ કાઢી નાંખ્યું, જે એલીસાએથે એકદમ પોતાને વાસ્તે લીધું. શ્રીસભાની જે માલમત્તા હેનરી અને એડવર્ડે ચોરી લીધી હતી, તે મારીયાએ એકદમ શ્રીસભાને પાછી સોંપી દીધી, જ્યારે એલીસાએથે તે એકદમ પોતાને વાસ્તે ખેંચી લીધી. મારીયાનું આચરણ એવું શુદ્ધ અને નિષ્કલંક હતું કે તેણીના મોટામાં મોટા શત્રુઓ પણ તે બાબતમાં તેણીના ઉપર કાંઇ તહોમત મૂકી શકે નહિ. એલીસાએથને સંખ્યાબંધ યારો હતા. તેને " કુંવારી " કહેવી તે મશ્કરી જેવું છે. મારીયાનો મહેલ સારા આચરણની જગા હતી, એલીસાએથનો મહેલ એવી જગા હતી કે જ્યાં કુચાલ અને પાપ ખૂબ રીતે ચાલ્યાં. મારીયાનો સ્વભાવ દયાળુ અને એલીસાએથનો નિર્દય. મારીયાએ અને એલીસાએથે ઘણું કરીને રાજ પ્રકરણને વાસ્તે પોતાના શત્રુઓને સતાવ્યા. પણ મારીયાએ માત્ર ૪ વરસ, જ્યારે એલીસાએથે ૪૦ વરસ તેમ કર્યું. મારીયાએ જે બળવો તેની વિરૂદ્ધ ઉઠયો હતો તેને વાસ્તે એમ કર્યું, જ્યારે એલીસાએથે તો ઉશ્કેરણી થયા વગર. મારીયાએ સભાની સલાહથી સતાવણી કરી જ્યારે એલીસાએથને એવી સલાહની જરૂર નહોતી.

જો મારીયાનું રાજ ટુંકું, બળવાથી છેદેલું તથા મારીયા પોતે રોગથી રોકાએલી હતી, અને એલીસાએથનું રાજ લાંબુ, બળવાથી ઓછું છેદેલું તથા બહારમાં વૈભવવાળું હતું, તો તેમાં મારીયાનો કાંઇ અવગુણ અને એલીસાએથનો કાંઇ ગુણ દેખતો નથી. સાંસારિક શ્રેય પરમેશ્વરના સત્યની નિશાની નથી, પણ ઘણી વખત સત્યથી ઉલટો છે; નહિ તો પ્રાચીન લોકો આ દલીલ ખ્રીસ્તીઓની વિરૂદ્ધ સારી રીતે વાપરી હોત. તે વાત આજદિન જાપાન દેશની સાંસારિક સારી સ્થિતિથી સાબિત થાય છે. ખરી વાતતો એ છે કે જેમ

પરમેશ્વર ખાસ શખસોને જગતનાં સારાં કામોને વાસ્તે જગતનું ઇનામ આપે છે, તેમ પ્રજાને પણ તે આપે છે.

તે બન્નેનું મરણ કેવું જુદું હતું ? મારીયાની છેલ્લી લડાઈ કાથોલિક ધર્મના દિલાસાથી સહેજ થઈ ગઇ. એલીસાબેથે મોતને વખતે ધર્મ જે દિલાઓ આપે છે તે લેવાની ના કહી. કેટંરબરીના “મહાધર્માધ્યક્ષ” અને બીજા ઉંચા વર્ગના ઉપદેશકોને તેણીની પાસે મોકલ્યા તે તેણીને ખોટું લાગ્યું અને તેઓની નિંદા કરીને તેઓને નસાડયા.

૭. સ્કોટલંડ કાથોલિક શ્રીસભાથી જુદું થયું છે.

ઇંગ્લંડને ઉંચા વર્ગના લોકે કાથોલિક શ્રીસભાથી જુદું કર્યું છે. જ્યારે સ્કોટલંડમાં નીચ વર્ગના લોકે તે કામ પૂરૂં કર્યું, એટલે પ્રજાએ ઉમરાવોની અને રાજ્યકીય બળવાઓની મદદ વડે રાજ્ય ચલાવનારને એ કામ પૂરૂં કરવા બળાત્કાર કર્યો. જ્યારે પ્રજાને સત્તા મળી અને તેણે મહારાણીને રાજ્યાસન ઉપરથી કાઢી મૂકી, ત્યારબાદ તેણે નવા રાજાને નવા કાયદાઓ કરવાનો હુકમ કર્યો. એવી રીતે નવો ધર્મ પ્રાચીન શ્રીસભાના ખંડેર ઉપર બાંધ્યો. જે કારણોએ બીજે ઠેકાણે પાખંડી મતને વાસ્તે રસ્તો તૈયાર કર્યો, તે જ સ્કોટલંડમાં પણ કામ આવ્યાં. શ્રીસભાના ઉપરિઓની ચુંટણીનું છૂટાપણું બંધ કર્યું અને બાપાના હકો ઓછા કર્યા. રાજાઓએ જે નાલાયક શખસો ઉપર પોતાની મહેરબાની ઉતરી તેઓને ધર્માધ્યક્ષો અને યાજકોના હોદ્દા ઉપર બેસાર્યા. ઘણા વખત સુધી તેઓનું જીવન ઠોકર ખવરાવે એવું હતું, કારણ કે તેઓ દ્રવ્ય અને આળસથી બગાડેલા હતા. જેમ જેમ કોઇ દેશના લોક રોમના અધિકારથી દૂર થયા કે તેની સામે થયા, તેમ તેમ વધારે ખરાબ થયા. શ્રીસભાના જે કાયદાથી શ્રીસભાના હોદ્દાઓની ચુંટણીનું છૂટાપણું સહીસલામત હતું અને સંસારી રાજાઓની શ્રીસભા ઉપરની સત્તા દૂર થાય તેવું હતું, તેને છુંદી નાંખ્યો છે.

એવી રીતે સ્કોટલંડમાં પાખંડી મત સ્થાપનારાઓના હમેશાં ધર્મબોધના વિષયો એવા હતા કે જે શ્રોતાઓએ હમેશાં ખુશીથી સાંભળ્યા, એટલે જે નાલાયક શખસો ગેરકાયદાસર ધર્માધ્યક્ષો અને મહાધ્યક્ષોના હોદ્દા ઉપર બેઠા, તેઓનાં ઠોકરથી ભરેલાં જીવનો, ઠાઠમાઠ અને કેટલીક વખતે હદ ઉપરાંતની પૈસાની માગણી દાખલા

તરીકે પાંચમા પાકુએ પોતાના જારકર્મથી પેદા થએલા છોકરાઓને અનેક મઠવાસોના અધ્યક્ષો બનાવીને તેઓની સંભાળ કરી છે.

એક ભ્રષ્ટ થએલો યોહાન્ન કનોક્ષ નામનો યાજક કાથોલિક શ્રીસભાની વિરૂદ્ધ મુખ્ય લડાઇ કરનાર હતો. "તીરો ન બચાવ" એવા જે શબ્દો તેણે પોતાના વાવટા ઉપર લખાવ્યા હતા, તે તેણે ખરી રીતે પૂરા કર્યા. હરેક ઉપાય, જૂઠી વાતો, ખોટું તહોમત અને આળ તેણે વાપર્યાં. તેણે કાલ્વીનના જીવજાન મિત્ર અને શિષ્ય થઇને કાલ્વીનના મત સાથે તેનો ક્રૂર અને વેરી આત્મા લીધો છે. ખરૂં બોલતાં કનોક્ષનો સ્વભાવ કાલ્વીનના કરતાં વધારે જંગલી અને ચંચળ હતો. વિદ્વત્તાની ખામી તેણે નિર્લજ વકતૃત્વથી પૂરી કરી કે જેથી તેણે શ્રોતાઓને પોતાની મરજી પ્રમાણે દોરવ્યા. બે વરસ સુધી ફ્રેંચોએ તેને કેદી તરીકે રાખ્યો, પછી તે ઇંગ્લંડમાં નાઠો કે જ્યાં "શ્રીસભા"ના અધિકારીઓ અને "ધર્માધ્યક્ષો"એ તેની સાથે મિત્રાચારી કરીને નવો ધર્મ અને નવી "પ્રેયર બૂક" એટલે પ્રાર્થનાનું પુસ્તક રચવાના કામમાં તેની સલાહ લીધી છે, જો કે કનોક્ષ ધર્માધ્યક્ષપણાની સામો હતો. જ્યારે ઇંગ્લંડમાં મહારાણી મારીયા ગાદી ઉપર બેઠી ત્યારે કનોક્ષ ઇંગ્લંડથી નાસી જઇને જર્મનીમાં આવ્યો, અને ઘણું કરીને જનીવામાં રહ્યો. તે થોડા દિવસ સ્કોટલંડમાં રહ્યો; ત્યાં તેણે પોતાની બાયડીને જોવા ચાહ્યું અને કાથોલિક શ્રીસભાને "સૈતાનના સીનાગોગ" નું નામ આપી તેની નિંદા કરી. પછી તે પાછો જનીવા ગયો. જ્યારે સ્કોટલંડના ઉમરાવો હથિયારો લેવા તૈયાર હતા અને કાથોલિક શ્રીસભાનાં ખંડેર ઉપર નવી શ્રીસભા સ્થાપવા માટે બધું યોજેલું હતું, ત્યારે કનોક્ષ સ્કોટલંડમાં પાછો દાખલ થયો. તેણે બળાત્કાર, રાજદ્રોહ અને સામે થએલાઓની જાહેર સતાવણીના માંસના હથિયારો વડે નવી "શ્રી સભા" સ્થાપી છે.

ઇ. સ. ૧૫૪૬ માં નવા ઉપદેશકોની સલાહ અને ઇંગ્લંડના આઠમા હેનરીની કબુલત ઉપરથી કાર્ડીનાલ બાતન, સેંટ અંદ્રુસના મહા ધર્માધ્યક્ષને મારી નાંખ્યો.

ઇંગ્લંડની માફક સ્કોટલંડમાં પણ ઘણા ઉમરાવો નવી "શ્રી સભા" માં દાખલ થયા, કેમકે તેઓએ કાથોલિક શ્રી સભાની માલમત્તાનું કાંઇ મેળવવાની આશા રાખી. ઇ. સ. ૧૫૫૫ માં "સુધરેલા" ઉમરાવોએ અરસપરસ એવો કોલકરાર કર્યો કે અમે

હમેશને વાસ્તે કાથોલિક શ્રી સભાનો ઇન્કાર કરીને તેની વિરૂદ્ધ હમેશ લડાઈ કરીશું. જ્યારે સ્કોટલંડની મહારાણી મારીયાએ ફ્રાંસના રાજા ફ્રાંસીસ સાથે લગ્ન કર્યું, ત્યારે સ્કોટલંડના ઉમરાવોએ આ કોલકરાર ફરીથી બાંધ્યો. તે વખત પહેલાં એટલે ઇ. સ. ૧૫૫૧ માં વિધવા મહારાણી, મારીયાની માએ "સુધારકો" ની સાથે કોલકરાર કર્યો હતો, જે પ્રમાણે તેઓને પોતાનો મત પાળવાની છૂટ મળી, પણ તે તેઓને પૂરતી જણાઇ નહિ. તેઓ ધર્મની છૂટને શ્રીસભાનો નાશ અને કાલ્વીનના પાખંડી મતની સ્થાપના કરવાની છૂટ સમજ્યા. કનોક્ષ અને બીજા સુધારકોએ આખા સ્કોટલંડનાં ગામો અને શહેરોમાં એક હાથમાં બૈબલ અને બીજા હાથમાં બળતું લાકડું લઇને ફરીને, દેવળો તથા મઠવાસોનો નાશ કરીને મૂલ્યવાન પુસ્તકશાળાઓ બાળી નાંખી છે. જ્યારે મારીયા મહારાણી એવી વર્તણૂકની સામે થઇ ત્યારે જાહેર લડાઇ ઉઠી કે જેમાં ઇગ્લંડની એલીસાબેથે બળવાખોરોને મદદ આપી. બધો અધિકાર મહારાણી મારીયાના હાથમાંથી છીનવી લઇને ઉમરાવોના હાથમાં મૂકયો.

ઈ. સ. ૧૫૬૦ માં સ્કોટલંડની રાજસભાએ કાથોલિક ધર્મ કાઢીને કાલ્વીનના પાખંડી ધર્મનો અંગિકાર કર્યો, મિસની મના કરી, અને મુસ્કેલીથી મહારાણીને કાથોલિક ધર્મ પાળવાની પરવાનગી દીધી. કનોક્ષે મહરાણીની સન્મુખ નિંદા કરી. જ્યારે મહારાણી મારીયાના બીજા ધણી લોર્ડ ડાર્નલીને, બળવાખોરોની એક ટોળી કે જેનો આગેવાન ચર્ચા પ્રમાણે બોથવેલ હતો, તેણે મારી નાંખ્યો, ત્યારે, મારીયાએ પછી બોથવેલ સાથે લગ્ન કર્યું, તેથી કનોક્ષે મહારાણી ઉપર ખૂન અને વ્યભિચારનું તહોમત જાહેરમાં મૂકયું. મારીયાને તેણીના અનુસંગીઓએ મૂકી દીધી, અને તેની બળવાખોર રૈયતે તેને સતાવી. મારીયા પોતાની સગી ઇંગ્લંડની એલીસાબેથના રક્ષણ તળે આવી, પણ તેણીએ તેને વીશ વરસ સુધી કેદી રાખીને આખરે ઇ સ. ૧૫૮૭ માં તેણીનું ગરદન કપાવ્યું.

જે કાથોલિક ધર્મને વાસ્તે મારીયા સતાવણી પામી, તેને વળગી રહીને તેણીએ ગભરાય નહિ એવી બહાદુરી બતાવી.

છઠ્ઠા યાકુબની બાલ્યાવસ્થાના વખતમાં જે પ્રજાસત્તાક રૂપી "શ્રીસભા" નું રાજ્ય કરવાની રીતિ પ્રેસ્બાતેરી કે પુરીતાનો નામના પાખંડી લોકે બૈબલમાંથી શોધી કાઢી, તે સ્કોટલંડમાં સ્થાપી છે.

યાકુબ જ્યારે રાજા થઇ ગયો, ત્યારે તેણે એપીસ્કોપલ એટલે ધર્માધ્યક્ષોથી થએલું "શ્રીસભા" નું રાજ્ય ફરીથી સ્થાપવા પ્રયત્ન કર્યો, પણ હુલ્લડ ઉત્પન્ન થયાથી રાજાએ એવો ઇરાદો મૂકી દીધો. ઇ. સ. ૧૫૮૪ માં રાજ્યસભાએ ધર્માધ્યક્ષોની સત્તા કબુલ કરી હતી, પણ ઇ. સ. ૧૫૯૨ માં સ્કોટલંડની "શ્રીસભા" ની પ્રેસ્બીતેરી એટલે ધર્માધ્યક્ષો અને યાજકો વગરની રાજરીતિ કાયદાએ રજુ કરી.

જ્યારે યાકુબને ઇંગ્લંડનો મુગટ મળ્યો, ત્યારે અસલનો ઇરાદો પૂરો કરવા માટે ઇ. સ. ૧૬૧૦ માં તેણે સ્કોટલંડને વાસ્તે ૧૩ ધર્માધ્યક્ષોને ઠરાવ્યા. કાથોલિકોને સતાવવાની રજા યાકુબ પાસેથી મળવા વાસ્તે રાજસભાએ યાકુબની ઇચ્છાઓ પૂરી કરી. પણ પ્રેસ્બાતેરીઓનો એપીસ્કોપલ એટલે ધર્માધ્વક્ષોની "શ્રીસભા" વિરૂદ્ધનો દ્વેષ એટલો હતો કે જ્યારે ઇંગ્લંડના પહેલા ચાર્લસે સ્કોટલંડમાં એપીસ્કોપલ "શ્રીસભા" ની અને પ્રાર્થના કરવાની રાજરીતિ બરાબર સ્થાપવા અને કાયમ રાખવા પ્રયત્ન કર્યો, ત્યારે હુલ્લડ ઉત્પન્ન થયું કે જેથી બીજાં કારણોની સાથે પહેલા ચાર્લસે ગાદી અને પ્રાણ બન્ને ખોયાં.

૮. ગ્રેટબ્રિતનમાં સ્તુઅર્તસના રાજ્યના વખતે કાથોલિક શ્રીસભા.

પહેલો યાકુબ (સ્કોટલંડમાં છઠ્ઠો) રાજકીય કારણોથી "અંગ્રેજી શ્રીસભા" ને સ્વાધિન હતો. તેની મહેરબાની પ્રેસ્બીતેરી એટલે પુરીતાનો ઉપર ન હતી. જે કોઇએ પ્રોટેસ્તંત (અંગ્રેજી) પ્રાથનામાં હાજર થવા ના કહી, તેઓને, ઘણું કરીને કાથોલિકોને સખ્ત દંડ મળ્યો. તેઓની પાસેથી દર મહીનાને માટે વીશ પૌંડનો કર લીધો અને યાકુબે આગળના ૧૩ મહીનાનો કર માંગ્યો. તે પૈસા જે સ્કોચ ઉમરાવો ઉપર યાકુબની મહેરબાની હતી, તેઓને વાસ્તે નાંખી દીધા છે. રાજ્યસભાનો નાશ દારૂગોળાવડે કરવાનો ઇરાદો (ગન પૌડર પ્લોત) ઇ. સ. ૧૬૦૫ માં નવેમ્બરની તા. ૫ મીએ જાહેર થયો, ત્યારથી કાથોલિકોની હાલત વધારે ખરાબ થઇ. ઘણાજ એમ વિચારે છે કે તે વાત કાથોલિક શ્રીસભાના શત્રુઓએ તેઓને સતાવવા માટે કારણ મળવાને વાસ્તે રચી છે. કોઇ હરામખોર કાથોલિકોએ એવો ઇરાદો કર્યો ખરો, પણ રાજાના પ્રધાન સેસીલે તે ઘણા વખ-

તથી જાણ્યો હતો, છતાં ઉપર કહેલા હેતુથી ગુપ્ત રાખ્યો છે, એમ આજદિન ઇતિહાસ લખનારનો મત છે. તે ઇરાદો જાહેર થયો તે વાતની યાદ કાયમ રાખવા માટે દરેક વરસમાં લંડન અને આખા ઇંગ્લંડમાં નવેમ્બરની ૫ મી તારીખે એક તહેવાર પાળવામાં આવે છે, જેમાં ઘણું કરીને ગૈફાક્ષ નામનું એક પરાળનું પુતળું બળાય છે, કેમકે ઉપર કહેલા ઇરાદાનો ઉત્પન્ન કરનાર કે જેને મરણદંડ મળ્યો, તે ગૈફાક્ષ નામનો એક આદમી હતો. જાહેર પ્રાથનામાં એવી એક વિનતિ થઈ કે: "હે પરમેશ્વર! દ્રોહી અને લોહીઆળ શત્રુઓથી અમારૂં રક્ષણ કર."

હવેથી કાથોલિકોને ભયંકર રીતે દબાવ્યા. તેઓને ન્યાયાધીશો, દાક્તરો કે વકીલો થવાની રજા ન મળી, વસીયતનામું પૂરૂં કરવાની પરવાનગી ન હતી, જે લગ્ન પ્રોટેસ્તંત ઉપદેશક સન્મુખ ન થયું, તે સરકારે કાયદેસર ગણ્યું નથી. જેણે એક કાથોલિક નોકરને રાખ્યો તેને એક મહીનાને વાસ્તે સરકારને દશ પૌંડનો દંડ ભરવો પડ્યો. રાજાને આખી જંગમ અને સ્થાવર માલમત્તાનો બેતૃતિયાંશ જપ્ત કરવાનો આધકાર હતો. ઇ. સ. ૧૬૧૬ માં રાજાએ કાથોલિકોની હાલત થોડી સુધારવા પ્રયત્ન કર્યો, પણ તેથી રાજ્યસભા અને "અંગ્રેજી શ્રીસભા" એ સખ્ત વાંધો લીધો છે.

પહેલા ચાર્લસે એક ફ્રેંચ શાહજાદી સાથે લગ્ન કર્યું હતું. તેના રાજ્યમાં પ્રજાને વધારે વધારે સત્તા મળી. રાજ્યસભા કે જેમાં પ્રેસ્બીતેરીઓની સંખ્યા બીજા ધર્મના કરતાં વધારે હતી, તે રાજા અને કાથોલિક શ્રીસભાની સામે થઇ. તેનો જંગી પોકાર "નો પોપરી" એટલે બાપા અંગ્રેજીમાં પોપ ન જોઇએ એવો હતો. પ્રેસ્બીતેરીઓ ઇંગલંડ અને બીજા દેશોમાં "પોપ સાહેબ" નો બહુ દ્વેષ કરે છે અને તેના ઉપર ખોટું તહોમત મૂકે છે. રાજા પહેલા ચાર્લસે કાથોલિકોને પ્રેસ્બીતેરીઓના દ્વેષમાં નાંખી દીધા, પણ તેઓ તેથી સંતુષ્ટ થયા નહિ. ઇ. સ. ૧૬૨૯ માં પહેલા ચાર્લસે રાજ્યસભા બોલાવ્યા વગર રાજ્ય ચલાવ્યું. જ્યારે તેણે ઈ. સ. ૧૬૩૬ માં અંગ્રેજી પ્રાર્થના કરવાની રીતિ સ્કોટલંડમાં સ્થાપી, ત્યારે સ્કોટસો તે રીતિને બાલની પૂજા કરવાની રીતિ કહીને, હથિયાર લઇને રાજાની સામે થયા, ઈ. સ. ૧૬૩૭. સ્કોટલંડનો બળવાખોરોની વિરૂદ્ધ લડાઇને વાસ્તે પૈસા મેળવવાને માટે એક "લાંબી રાજ્યસભા"ને બોલા-

વવામાં આવી, જે ઇ. સ. ૧૬૪૦–૧૬૪૯ સુધી ટકી. તેના સભાસદોની મોટી સંખ્યાનો હેતુ એકદમ બળવો કરવાનો હતો. ઇ. સ. ૧૬૪૨ માં પ્રજાનું યુદ્ધ શરૂ થયું. રાજાના પક્ષમાં ઉમરાવો અને શૂરવીરો તથા તેની સામા પક્ષમાં હુલ્લડ કરનારા લોકોની ઠઠ હતી. બળવાખોરોએ સ્કોટસોની સાથે જોડીને પ્રોટેસ્તંતોની વિરૂદ્ધ બાપાએ કાવતરૂં કર્યું છે, એવી ચર્ચા ફેલાવી. રાજા નાસબયની લડાઇમાં (ઇ. સ. ૧૬૪૫) હારીને સ્કોટલંડમાં નાસી ગયો. પણ રાજાને પ્રેસ્બીતેરી થવાની ઇચ્છા ન હતી, તેથી સ્કોટસોએ તેને અંગ્રેજી રાજ્યસભાને સ્વાધિન કર્યો. ત્યાં "સ્વતંત્રો" કહેવાતા લોકોનો આગેવાન પ્રેસ્બીતેરીઓના લશ્કરનો સેનાપતિ ઓલીવેર ક્રોમવેલ્લ હતો. તે સ્વતંત્રોએ રાજ્યસભાનું કામ કરીને રાજાને કેદી બનાવ્યો. જે રાજ્યસભાનો મુખ્ય પ્રધાન ઓલીવેર ક્રોમવેલ્લ હતો, અને જેનું નામ "ધડ રાજ્યસભા" થયું તેણે રાજાને મરણદંડ આપ્યો. રાજાનું ગરદન ઇ. સ. ૧૬૪૯ માં જાન્યુઆરીની તા. ૩૦ મીએ કાપ્યું.

ઓલીવેર ક્રોમવેલ્લે રાજ્યસભાને વિદાયગીરી આપી અને પોતાને અંગ્રેજી પ્રજાસત્તાનો ઉપરિ બનાવ્યો. તેણે સબ પંથોને છૂટ આપી, એકલા કાથોલિકોને સતાવ્યા.

બીજા ચાર્લસના રાજ્યમાં રાજાપણું અને "અંગ્રેજી શ્રીસભા" ફરીથી સ્થાપ્યાં. જે કાથોલિકોને હોદ્દાથી દૂર રાખ્યા હતા, તે બધાને સતાવવામાં આવ્યા. તે સતાવણી વધારે નરમ કરવા રાજાએ પ્રયત્ન કર્યો. તે અને યાકુબ, રાજાનો ભાઇ, કાથોલિક શ્રીસભામાં પાછા આવ્યા. તેથી પાખંડી પંથોનો ગુસ્સો વધ્યો. તેમણે લંડન શહેર ઈ. સ. ૧૬૬૬ માં મોટી આગથી ભસ્મ થયું હતું તેનું તહોમત કાથોલિકો ઉપર મૂક્યું. પ્રેસ્બીતેરીઓ અને અંગ્લીકાનો એટલે "અંગ્રેજી શ્રીસભા" વાળા એકઠા થયા. રાજાએ જે બધા પંથોને પોતાના ધર્મો પાળવાની પરવાનગી આપી હતી (ઇ. સ. ૧૬૭૧) તે તેને પાછી ખેંચવી પડી અને "તસ્ટ એકટસ" ના કાયદાથી કાથોલિકો કશા હોદ્દા ઉપર બેસી શક્યા નહિ, કેમકે આ કાયદા પ્રમાણે જે અમુક હોદ્દા ઉપર બેસવાનો હતો, તેને રાજાને બાપા તરીકે સ્વીકારવાના સોગન ખાવા પડતા હતા. "અંગ્રેજી શ્રીસભા"ની રીતિ પ્રમાણે પ્રભુનું ભોજન લેવું પડતું હતું અને એક ખતમાં ત્રાંસસુબસ્તંતીયાજીયોનો ઇન્કાર કરવો પડતો હતો.

તીતુસ ઓતસ નામના એક શખસે બાપાવાળાઓના કાવતરાની કલ્પિત ઊભી કરેલી વાતથી, અજ્ઞાન પ્રજાનો ગુસ્સો વધ્યો. લોર્ડ સ્તાફ્ફર્ડ અને છ જેસુયીતોને મારી નાંખ્યા જાણે કે એ કાવતરામાં તે લોકોએ ભાગ લીધો હોયની. ઘણા કાથોલિકોને કેદખાનામાં નાંખી દીધા. રાજ્યસભાનો યાર્કના દ્યુક યાકુબની પાસેથી રાજ્યાસન ઉપર બેસવાનો હક લેવાનો ઇરાદો ઉમરાવોની સભાના ચૂકાદાથી વ્યર્થ ગયો.

બીજા ચાર્લસના મરણ પછી ઇ. સ. ૧૬૮૫ માં તેના ભાઇ યાકુબને **બીજા યાકુબ** તરીકે સ્વીકાર્યો. રાજા વિરૂદ્ધનો એક બળવો દાબી નાંખ્યો. ધર્મ પાળવાની છૂટથી "અંગ્રેજી શ્રી સભા" વાળાઓને બ્હિક લાગી. જ્યારે યાકુબે "દીસ્સેંટરો" એટલે "અંગ્રેજી શ્રીસભા" વાળાઓ સિવાયના બીજા પંથોને ધર્મ પાળવાની રજા અને કાથોલિકોને ઉપર કહેલા સોગનની છૂટ આપી અને તેઓને ઉંચા હોદ્દા ઉપર બેસવા લાયક ઠરાવ્યા, તથા કાથોલિકો અને "દીસ્સેંટરો" વિરૂદ્ધના ભયંકર કાયદા પાછા ખેંચવા યત્ન કર્યો, ત્યારે "હાઇચર્ચ" એટલે "અંગ્રેજી શ્રીસભા"ની ઉંચી શાખાની ધાસ્તી વધી. તેના ઉપદેશકોએ "પોપરી" એટલે કાથોલિક શ્રીસભામાં ન પડવાની ચેતવણી આપી. સાત "ધર્માધ્યક્ષો"એ ધર્મ પાળવાની છૂટ દેવળમાં જાહેર કરવાની ના કહી.

ઓરાનીયાના વિલ્લીયમ, રાજાના જમાઇએ અસંતોષની આગ ઉપર તેલ રેડયું. ઘણા વખતથી તેણે પ્રજાને રાજા વિરૂદ્ધ ઉશ્કેરી હતી. આગળ કહેલા સાત "ધર્માધ્યક્ષો" અદાલતમાં છૂટા થઇ ગયા. એટલામાં રાજાને એક છોકરો જન્મ્યો, એટલે રાજાની દિકરી મારીયાની રાજ્યાસન ઉપર બેસવાની આશા જતી રહી. બળવાખોર ઉમરાવોએ મારીયાના વર ઓરાનીયાના વિલ્લીયમને આમંત્રણ કર્યું, એટલે તેણે લશ્કર લઇને ઇંગ્લંડમાં પ્રવેશ કર્યો. યાકુબ કે જેને તેના લશ્કર અને છોકરીઓએ ત્યજી દીધો હતો, તે ફ્રાંસમાં નાઠો. રાજ્ય સભાએ રાજ્યાસનને ખાલી ગણીને વિલ્લીયમ જોડે તેની બાયડીને ઇંગ્લંડનાં મહારાણી તરીકે પ્રગટ કર્યાં. કાથોલિકોને ફરીથી પીડાવવા માંડયા. જો કે ઇ. સ. ૧૬૮૯ ના તોલરેશન એક્ટ એટલે ધર્મના છૂટાપણાના કાયદાથી બધા નોન કનફર્મીસ્તો કે દીસ્સેંતરો વિરૂદ્ધના કાયદાઓ કાઢી નાંખ્યા હતા, તોપણ તે છૂટ કાથો-

લિકો અને સોઝીનીયાનોને મળી નહિ. ઈંગ્લંડમાં " એપીસ્કોપલ્સ " કે " અંગ્રેજી ધ્રીસભા " વાળાઓએ અને સ્કોટલંડમાં પ્રેસ્બીતેરીઓએ રાજ ચલાવ્યું. રાજ્યસભાના એક ચૂકાદાથી બધા કાથોલિક શાહજાદાઓને ગાદી ઉપર બેસવાની મના દીધી છે.

કાથોલિકોની આ હાલત **અન્ના મહારાણીના રાજ્યમાં** (ઇ. સ. ૧૭૦૨–૧૭૧૪) અને તેની પાછળ આવનારા હન્નોવરના ઘરના વંશવાળાના રાજ્યમાં જારી રહી, તે હાલત નરમ કરવાના ચૂકાદા (બિલ્લ ઓફ રીલીફ) થી ઇ. સ. ૧૭૭૯ માં લંડનમાં એક બળવો ઉઠયો જેનું નામ ગોર્ડન રૈયત એટલે ગોર્ડનનો બળવો છે.

જે લડાઇ અમેરિકામાં છૂટને વાસ્તે ઇંગ્લંડની વિરૂદ્ધ ચાલી હતી, તેના પરિણામથી ધર્મની છૂટ વિરૂદ્ધના ખરાબમાં ખરાબ કાયદા કાઢી નાંખ્યા. કાથોલિકોને વધારે છૂટ એમન્સીપેશન બિલ્લ નામના રાજ્યસભાના એક ચૂકાદાથી ઈ. સ. ૧૮૨૯ માં મળી.

૯. ઐરલંડના કાથોલિકોની પિડાઓ.

જે દેશોમાં " ધર્મનો સુધારો " બળાત્કારે દાખલ કર્યો, તેઓમાંના એકલા ઐરલંડે ફતેહમંદી વિરોધ કર્યો. અંગ્રેજ સરકારે ઘણા સૈકા સુધી ઐરીશ પ્રજાને ભયંકર દંડો, યથાક્રમ લૂટફાટ અને બળાત્કારિક કામો વડે " ધર્મનો સુધારો " આપવા પ્રયત્ન કર્યો, પણ તે વ્યર્થ ગયો. જો કે ઐરીશ કાથોલિકોને વિરોધ કરવામાં મનુષ્યની મદદ બરાબર ન મળી, તો પણ તેઓ આખરે ફતેહમંદ થયા. અસલના વખતથી એવું ગણવામાં આવે છે કે ઐરલંડ ગ્રેટ બ્રિટનના રાજ્યનો ભાગ નથી પણ જીતેલો પ્રાંત છે, માટે રાજકર્ત્તાએ તેને દાબવો અને મરજી પ્રમાણે લૂટવો જોઇએ. હરેક રાજાઓનો વંશ વર્તણુકની ક્રૂરતાની વાતમાં આગળના વંશથી ચડતો હતો. ટયુડરનો વંશ પ્લાંતાજનેતના વંશથી અને સ્ટુઅર્ટનો વંશ ટયુડરના વંશથી ચઢતો હતો, પણ સૌથી ઓલીવર ક્રોમવેલ્લ લોહીની તરસની વાતમાં ચડતો હતો.

જે ખુનો પ્રોટેસ્તંત અને પ્રેસ્બીતેરી સરકારે ઐરલંડમાં કર્યા, તેઓનો ઇતિહાસ એકલા પહેલા ખ્રીસ્તીઓની રોમી મૂર્તિપૂજક બાદશાહોના રાજ્યમાં થએલી સતાવણીના ઇતિહાસ સાથે સરખાવી શકીએ.

૧. આઠમો હેનરી. તેણે પોતાનું બાપાપણું અને નવો ધર્મ ઐરીશોમાં ઘુસાડવાનો પ્રયત્ન કર્યો. પણ જેઓ જન્મથી ઐરીશો હતા તેઓએ અને જેઓ અંગ્રેજી ઐરલંડના રહેવાસીઓની પાછળ આવનાર હતા તેઓએ સરખી રીતે નવા ધર્મનો વિરોધ કર્યો. જે ઐરીશ રાજ્યસભાએ બાપાની સત્તા ઐરલંડમાંથી કાઢી, તે ઐરીશોની નહિ પણ રાજાના હૈયાના હારોની એક સભા હતી. રાજ્યસભાનો ચૂકાદો ઐરીશ પ્રજામાં ઘુસાડવો અશક્ય હતો. ઐરીશો અને અંગ્રેજોએ એકઠા થઇને એક સરખી રીતે મતનો બચાવ કર્યો. તેઓએ એક વાર નહિ, પણ ઘણીવાર બળવાનો બચાવ કર્યો. ઐરીશ ધર્માધ્યક્ષોમાંના એકલો બ્રોવન નામનો ડબ્લીનનો ધર્માધ્યક્ષ, જે હેનરીના હૈયાનો હાર હતો તેણે નવા ધર્મને પોતાનો મત આપ્યો હતો.

ઈ. સ. ૧૫૪૧ માં હેનરીએ પોતાને ઐરલંડના રાજા તરીકે પ્રગટ કર્યો. થોડા વખત પછી તેણે જમીનની એવી જપ્તિ કરાવી કે જેથી જપ્ત કર્યા પછી જમીન કાંઇ પણ બાકી રહી નહિ. ખ્રુસો અને પવિત્ર મારીયાનાં પુતળાં બાળી નાંખ્યાં અને એવાં ધર્મ ઉલ્લંઘનો શરૂ થયાં કે જેથી પછી કુલ્લ થઇને ૬૦૦ મઠવાસો જપ્ત થયા.

૨. છઠો એડવર્ડ. જે પ્રાર્થનાનું પુસ્તક ઇંગ્લંડમાં મુકરર થયું હતું, તે ઐરલંડમાં મિસને બદલે દાખલ કરવા પ્રયત્ન થયો. આગળ ક્રાન્મર અને તેના મદદનિશોએ હમેશાં લાટીન ભાષાની નિંદા કરી, કેમકે પ્રજા તે સમજે નહિ એમ તેઓએ કહ્યું. હવે ઐરલંડમાં પ્રજા અંગ્રેજી સમજતી હતી નહિ, તેથી અંગ્રેજી પ્રાર્થનાનું પુસ્તક નક્કામું હતું. પણ તેનો ઐરીશ તરજુમો કરવાનું તેઓને નથી ગમ્યું, કેમકે ઐરીશ (સેલ્તીક) ભાષાનો તેઓ નાશ કરવાના હતા.

કાસહેલનો ધર્માધ્યક્ષ કાથોલિક શ્રીસભામાંથી નિકળી ગયો. તેથી ઐરીશ પ્રજા એટલી ગુસ્સે થઈ કે તેને તો ઇંગ્લંડ નાસી જવું પડયું. તેણે ઇંગ્લંડથી "અંગ્રેજી ધર્માધ્યક્ષો" ને આણ્યા. પણ માત્ર જ્યાં અંગ્રેજી સીપાઇઓએ તેઓની ચોકી કરી ત્યાં તેઓ ધર્મનું કામ કરી શક્યા. ચોકીદાર સીપાઇઓએ રમતને વાસ્તે આસપાસનાં દેવળો લૂટયાં.

૩. મારીયા. તેણીના રાજ્યમાં મિસ ફરીથી થયું. ઢોંગી અંગ્રેજી અમલદારોએ કાથોલિક ધર્મ ફરીથી પાળ્યો, પણ મારીયાના મરણ પછી ફરીથી નવા ધર્મનો અંગિકાર કર્યો.

૪. એલીસાબેથ. એક નવી રાજ્યસભાએ ઐરીશ શ્રીસભાનો "અંગ્રેજી શ્રીભા" ના નમુના પ્રમાણે સુધારો કરવાનો ચૂકાદો કર્યો. પણ ઉમરાવો અને પ્રજાએ તે ફેરફારનો દ્વેષ કર્યો. માત્ર જ્યાં સીપાઇઓનાં હથિયારો ચાલ્યાં ત્યાં તે જારી રહ્યો. હવેથી ઐરલંડના હકો અને ઇંગ્લાંડના બળ વચ્ચે એવી લડાઇ થઇ કે જેના અંતમાં ઇ. સ. ૧૬૮૩ માં ઐરલંડનો પરાજય થયો તો પણ ઐરલંડની ઉજ્જડ જમીનમાં જે કાથોલિક મત પવિત્ર પાત્રીખે રોપ્યો હતો, તે જમીનની જપ્તિ, રિબાવવાનું દુઃખ અને મરણ છતાં ખીલતો રહ્યો. ત્રણ ધર્માધ્યક્ષો બળાત્કારથી મરણ પામ્યાં. ઇંગ્લંડમાં કાથોલિકોની વિરૂદ્ધ જે ફોજદારી કાયદા ઘડયા, તે ઐરલંડમાં પણ દાખલ કર્યા.

એલીસાબેથના રાજ્યમાં જે લડાઇઓ કાથોલિક ઐરીસો વિરૂદ્ધ બહુ ક્રૂરતાથી ચલાવી, તેનો હેતુ કાથોલિક ધર્મ ઐરલંડમાંથી કાઢવાનો હતો. ઐરીશ પ્રજાએ નવા ધર્મની થવાની ના કહી, તેને વાસ્તે તેને રિબાવી.

લડાઇઓનું પરિણામ એવું આવ્યું કે જમીનો ઉજ્જડ થઇ ગઈ, તેની ખેતી ન કરી અને પ્રજા ભૂખે મરવા લાગી. ઐરલંડને વાસ્તે કાંય કરવું પડયું. પણ કેવી રીતે ખેતી કરવી અને પ્રજાને મદદ આપવી? અંગ્રેજી યેજાએલે જે ઉપાય કાઢયો, તે તેણીના ખરાબ દિલને લાયકનો અને ખરાબી કરતાં વધારે ખરાબ હતો. તેણીએ જપ્તિને બદલે ઐરલંડમાં અંગ્રેજોને વસાવ્યા કે જેથી ઐરલંડનો નાશ થાય એવો તેનો હેતુ હતો. એટલે અલીસાએથે જપ્ત કરેલી જમીનો પોતાના હૈયાના હારોને એવી શરતે વહેંચી આપી કે તેઓ ત્યાં અંગ્રેજી ખેડુતોને વસાવે. એવા હરેક કુટુંબને ૨૪૦ એકર જમીન મળી. તે ખરાબ ઉપાય એલીસાબેથે શરૂ કર્યો તથા સ્ટુઅર્ટસ અને ક્રોમવેલ્લે જારી રાખ્યો. તેથી ઐરલંડને વાસ્તે આટલી ખરાબી થઇ.

૫. પહેલો યાકુબ. જ્યારે તે ગાદી ઉપર બેઠો ત્યારે ઐરલંડની પ્રજાએ ધર્મની છુટ મેળવવાની આશા રાખી, પણ તે વ્યર્થ ગઈ. રાજાએ ગુન્હેગારોને સામાન્ય માફી આપી, પણ કાથોલિકોને કંઇ માફી મળી નથી. કાથોલિક ધર્મ પાળવાની મના થઈ અને ઇ. સ. ૧૬૦૫ માં બધા કાથોલિક ધર્માધ્યક્ષોને ઐરલંડ મૂકી દેવાનો હુકમ આપ્યો. જમીનની જપ્તિ અને પરદેશીનો વાસ કાયમ રહ્યો.

૬. **પહેલો ચાર્લ્સ.** તેણે ખરાબ સલાહ આપનારાઓને કબુલત આપી, તેથી અન્યાયી સતાવણી બંધ ન થઇ. ઇ. સ. ૧૬૨૮ માં જે ઐરીસોએ તેને પૈસાની મદદ આપી હતી, તેમને તેણે મહેરબાનીનાં ૫૧ વચનો આપ્યાં, પણ તે વચન તેણે પાળ્યાં નહિ અને લૂટફાટ તથા દબાણ ચાલવા લાગ્યાં. પ્રજા પોતાના રાજા, પોતાના ધર્મ, ઐરીશ રાજ્યસભાની સ્વતંત્રતાને વાસ્તે અને પરદેશીઓને દેશમાંથી હાંકી કાઢવાને ઉઠી, પણ પરિણામ પ્રયત્ન પ્રમાણે થયું નહિ અને ટક્યું નહિ. લડાઇની તહકુબી થઇ, પણ સલાહ કરવાની તસ્દી વ્યર્થ ગઇ, કેમકે અંગ્રેજી અને સ્કોચ રાજ્યસભાઓની બિક રાખીને ઐરીશોને ધર્મની છૂટ આપી નહિ. જ્યારે રાજા અંગ્રેજી અને સ્કોચ બળવાખોરોના હાથમાં પડયો ત્યારે ઐરીશો તેનો બચાવ કરવા માટે ઉઠયા, પણ પ્રેસ્બીતેરી ઓલીવર ક્રોમવેલ્લના મોટા લશ્કરથી હાર્યા.

૭. **ઓલીવર ક્રોમવેલ્લ.** ક્રૂરતાની વાતમાં તે સૌથી ચડીઆતો હતો. તેણે કાથોલિક ધર્મને મૂર્તીપૂજા ગણીને જૂના કરારની વાતો હમેશાં અશુદ્ધ મોહમાં લઇને કાથોલિકોની વિરૂદ્ધ લડાઈ કરી, તેનું પ્રેસ્બીતેરી લશ્કર કે જે પોતાને પણ ક્રોમવેલ્લની પેઠે પવિત્ર ગણતું તેણે કાલ્વીનનો 'પરમેશ્વરનો ઇરાદો સર્વકાલિન અને અચૂક છે' એવો મત માનીને નિર્દય રીતે ઘરો અને શહેરો લૂટ્યાં. દેવળોની ધુળધાણી કરી અને ઐરીશ પ્રજાને ઘરડાં બૈરાં છોકરાં સુદ્ધાં મારી કે બાળી નાંખી. એક દાખલા રૂપે દ્રોગહેડા શહેર છે, ત્યાં ઓલીવર ક્રોમવેલ્લે ઘણું કરીને ત્રણ હજાર બૈરાં અને છોકરાં કે જેઓ મંદિરમાં રક્ષણને માટે આવ્યાં હતાં, તેમને મંદિર સાથે બાળી નાંખ્યાં. એવી રીતે બૈબલના જૂના કરારવાળા એક શખસે જે મૂર્તિપૂજા ગણ્યું તેનો નાશ કર્યો. તેણે ઘણાનો નાશ કર્યો ખરો, પણ તે કાથોલિક ધર્મનો નાશ કરી શકયો નથી.

ક્રોમવેલ્લના ક્રૂર રાજ્યમાં ઐરલંડની ૫૦ લાખ એકર જમીન જપ્ત થઇ અને જે લોકોએ લશ્કરને પગાર આપવા માટે પૈસા ધીર્યા હતા તેઓને મળી. તેણે વીશ હજાર ઐરીશોને વેસ્ટ ઈંડીસમાં અને અનેક હજારોને અમેરિકાના સંસ્થાનોમાં દેશનિકાલ કર્યા. ત્રણસેં યાજકોને મરણ દંડ મળ્યો તથા એક હજારને દેશનિકાલ કર્યા. ક્રોમવેલ્લે એવો કાયદો રચ્યો કે જે પ્રમાણે કાથોલિકોને માત્ર કોન્નોત

પ્રાંતમાં વસવાની રજા આપી. જે કોઇએ તે પ્રાંતને છોડી દીધો હોય, તેને મરણ દંડ ફરમાવ્યો. તે કાયદો તે પૂરો કરી ન શક્યો ખરો, તો પણ તેથી "પ્રજાસત્તાનું રક્ષણ કરનાર" ક્રોમવેલ્લના અનુયાયીઓને કાથોલિક ઐરીશોને રિબાવવાની તક મળી. તેઓએ પ્રોટેસ્તંત ઐરીશોનો બચાવ કર્યો.

૮. બીજો ચાર્લસ. રાજાપણું ફરીથી સ્થાપ્યું. રાજાનું ખૂન કરનારાઓએ ઐરલંડમાં ચોરી કરેલી જમીનો રાખી અને કાથોલિકોને માલમત્તાનો નાનો ભાગ પાછો મળ્યો. બીજા ચાર્લસે તેઓની દુષ્ટ હાલત સૂધારવાનો પ્રયત્ન કર્યો, પણ તેથી પ્રોટેસ્તંતોના ધર્માન્ધપણાએ વાંધો લઇને ઓલીવર પ્લેન્કેટ, અર્માગહના મહા ધર્માધ્યક્ષને તૈબર્નમાં મારી નાંખ્યો, ઇ. સ. ૧૬૮૧.

૯. બીજો યાકુબ. તેણે પોતાને કાથોલિક તરીકે સ્વીકારીને ઐરીશોને ધર્મની અને રાજકીય છૂટ તથા પ્રોટેસ્તંતોની સાથે સરખાપણું આપ્યું. તેથી ગુસ્સે થઇને તેઓએ તેને ગાદી ઉપરથી કાઢયો, ઇ. સ. ૧૬૮૮. યાકુબે પહેલાં ફ્રાંસમાં અને પછી ઐરલંડમાં નાસી જઇને ઐરીશોનું રક્ષણ શોધ્યું, કે જેઓ વફાદાર રીતે તેના પક્ષમાં રહ્યા. પણ તેઓને ઓરાનીયાના વિલ્લીયમે હરાવ્યા, ઇ. સ. ૧૬૯૦.

૧૦. ઓરાનીયાનો વિલ્લીયમ. પહેલાં તેણે કાથોલિકોને ધર્મની છૂટ અને માલમત્તાની સહીસલામતીનું વચન આપ્યું, પણ તે તેણે પાળ્યું નથી. મામમત્તાની જપ્તિ કરીને નવી સતાવણી શરૂ થઇ કે જે તેના પાછળ આવનારના રાજ્યમાં વધી છે.

૧૧. અન્ના રાણી. ઇ. સ. ૧૭૦૨–૧૭૧૪, તે બીજા યાકુબની બીજી દિકરી હતી. ઈંગ્લંડનો કાથોલિકોની વિરૂદ્ધનો ફોજદારી કાયદો ઐરલેંડમાં દાખલ કર્યો. આ પ્રમાણે કોઇ કાથોલિક, જો તેની સ્ત્રીએ કે પોતાના નાના છોકરાએ પોતાને પ્રોટેસ્તંત તરીકે સ્વીકાર કર્યો તો પોતાના છોકરાને કાથોલિક તરીકે ઉછેરી શક્યો નહિ. જેણે "સ્થાપેલી શ્રીસભા" સ્વીકારી હોય, તે સિવાય કોઇને યુનિવરસીતીમાં અભ્યાસ કરવાની રજા ન હતી. કોઇ પ્રોટેસ્તંતને એક કાથોલિકને શિખવવાની પરવાનગી ન મળી. જે કેળવણી ગુપ્ત રીતે કાયદાનું ઉલ્લંઘન કરીને કોઇ કાથોલિકે મેળવી હોય, તે સિવાય તેને કાંઇ મળી નહિ. જે કોઇ કાથોલિકે પરદેસમાં અભ્યાસ કર્યો તેની પાસેથી પછીથી

બધા હક્કો અને બધી માલમત્તા છીનવી લીધી. ખબર આપનારને રાણીની સાથે જપ્ત કરેલા માલનો સરખો ભાગ મળ્યો. કાથોલિકોની પાસેથી એકલા રાજકીય હકો અને છૂટાપણું નહિ, પણ ખ્રીસ્તી તરીકેના હકો અને છૂટાપણું છીનવી લીધાં. યાજકોને દેશમાં શિખવવાની અને કેળવણી મેળવવા માટે પરદેશ મોકલવાની રજા ન હતી. જે યાજકો કાયદા વિરૂદ્ધ દેશમાં રહ્યા, તેમનાં નામ નોંધ્યાં અને ઇ. સ. ૧૭૦૪ માં ગુન્હેગાર તરીકે ચોકી નીચે રાખ્યા. બીજા બધા યાજકો કે જેઓએ દેવળનું કામ કર્યું નથી અને જેમનાં નામ નોંધ્યાં નહતાં, તેમને તથા બધા મઠવાસીઓ અને મંડળના યાજકોને ઐરલંડથી દેશનિકાલ કર્યા. જે કોઇ યાજક સ્વદેશમાં આવ્યો તેને ડુબાડી નાંખ્યો કે તેના ચાર ભાગ કરીને મારી નાંખ્યો. જૂઓ પ્રોટેસ્તંતોના ધર્મની છૂટ! જે કોઇએ એવા યાજકોની ખબર આપી, તેને ઈનામ મળ્યું અને તેથી લોભ ને લાલચ થઈ. કોઇ બે જસ્તીસ ઓફ ધી પીસને કોઇ કાથોલિકને પોતાની સન્મુખ બોલાવવાનો અને "તું મિસ ક્યાં સાંભળે છે? મિસમાં કોણ હાજર હતો? તું કોઈ કાથોલિક યાજકને કે મહેતાજીને ઓળખે છે કે નહિ?" એમ પૂછવાનો હક હતો. જો જવાબ દેવા ના કહી તો તેને પૈસાનો દંડ થયો કે કેદખાનામાં ઘાલ્યો. જે કોઇ કાથોલિક યાજકે પોતાનો ધર્મ છોડી દીધો હોય તો, તેને ઇ. સ. ૧૭૦૪ ના કાયદા પ્રમાણે પહેલાં ૩૦ અને પછી ૪૦ પૌંડનું પેન્શન મળ્યું. અજબ જેવી વાત એ છે કે આ સતાવણી છતાં કાથોલિક ધર્મનો નાશ ન થયો, પણ તે વધારે ખીલવા લાગ્યો.

જે અન્યાય કાથોલિકોને થયો, તે જૂઓ! તેમની પાસેથી બધી જમીનનો ⅚ અંશ છીનવી લીધો છે. કોઈ કાથોલિકને જમીન વેચાતી લેવાની કે વારસો તરીકે કંઇ કરારથી રાખવાની કે પૈસાથી જમીનના ગીરોની શરતે ભાડે આપવાની કે જમીન ૩૧ વરસ કરતાં લાંબો વખત ભાડે આપવાની રજા ન હતી. જો એવી હકીકતમાં ખેતરની પેદાશ ભાડાના એક તૃતિયાંશ કરતાં વધારે હતી, તો હરેક પ્રોટેસ્તંતને એવા કાથોલિક ઉપર કામ ચલાવવા અને તેની જમીનનું ભાડું લેવાનો હક હતો. પરિણામ એવું આવ્યું કે કોઈ કાથોલિકને ખેતર સુધારવા કે તેની આસપાસ વાડ બનાવવા કે તેની ઉપર ઘર બાંધવાની હિંમત રહી નહિ. ખેતરને વધારે ખરાબ કરવામાં તેને ફાયદો હતો, કેમકે તો "કોઈ અદેખાઇથી ઉશ્કેરાયેલાએ

તેને કાઢયો નથી. જે કોઇ કાથોલિકને ૫ પૌંડ થી વધારે કામતી ઘોડો હતો, તો હરેક પ્રોટેસ્તંતને ચોરી લેવાનો હક હતો. જેમ "તું ચોરી કરીશ નહિ" એ સાતમી આજ્ઞાને માન થયું નહિ, તેમ "તું માબાપને માન આપ" એ ચોથી આજ્ઞાને પણ માન થયું નથી.

એટલે ઇ. સ. ૧૭૦૩ ના કાયદા પ્રમાણે એક કાથોલિક જમીનદારનો છોકરો ગમે તેવો ખરાબ કે નાનો હોય તેની કાંઈ ફીકર નહિ, પણ જ્યારે પ્રોટેસ્તંત થયો ત્યારે તેના બાપની જમીન તેના તાબામાં આવી. જે કોઇ જ્યેષ્ટ છોકરા સિવાય બીજા છોકરાએ પોતાને પ્રોટેસ્તંત તરીકે સ્વીકાર્યો હોય, તો તે એકદમ માબાપના અધિકારથી મુક્ત થયો.

ઐરલંડમાં બધી વસતિનો ૪/૫ અંશ કાથોલિકોનો હતો. તો પણ દેશનું રાજ્ય બિલકૂલ જેઓ "સ્થાપેલી શ્રીસભા"ના હતા તે "અંગ્રેજી વાસીઓ"ને સોંપી દીધું હતું. તેઓની સંખ્યા વધારવા માટે નવાં પરગણાં બનાવ્યાં. જે ખેડુતોતી પાસેથી મતનો હક લીધો નહોતો, તેઓને ચુંટણીના વખતમાં એટલા બધા પીડયા કે રાજસભાનો ૨/૩ અંશ પ્રોટેસ્તંત જમીનદારોએ ચુંટી કાઢેલા સભાસદો હતા.

દેવળો બહાર દેશનિકાલના દંડના ધિક્કારથી બધા ધર્મના કામની મના કરવામાં આવી હતી. ઘંટનો ખપ, યાજકોનાં લૂગડાં પહેરવાં અને જે નિશાનીથી કોઇ ઇમારત કાથોલિક દેવળ તરીકે ઓળખાતી હતી, તે બધાની મના કરવામાં આવી હતી. ચિત્રો અને ક્રુસનો નાશ થયો. ઇ. સ. ૧૭૦૪ ના કાયદા પ્રમાણે યાત્રાળુઓને ફટકા માર્યા. ઇ. સ. ૧૬૯૨ અને ઇ. સ. ૧૭૦૩ ના કાયદાથી કાથોલિકોને સાધારણ અને ઉમરાવોની રાજ્યસભામાં દાખલ થવા દીધા નહિ.

૧૨. હનોવરના વંશના રાજાઓ, પહેલો અને બીજો જ્યોર્જ. તેઓએ ઉપર કરેલી કાથોલિકોની હાલત જારી રાખી કે બની ત્યાં સુધી વધારે ખરાબ કરી. માત્ર જ્યારે અંગ્રેજી રાજ્ય કરનારાઓને એવા નિયમોનું પરિણામ કેટલું ખરાબ છે, તેની ખબર પડી અને જ્યારે અમેરિકામાં છૂટાપણાની લડાઇ ઉત્પન્ન થઇ, ત્યારે તેઓને કાથોલિકોની હાણી સુધારવી પડી. ઇ. સ. ૧૭૭૮ માં કાથોલિકોને ૯૯૯ વરસ સુધી જમીન ભાડે લેવાનો હક મળ્યો. જે કાયદાથી જે છોકરાં પ્રોટેસ્તંત થતાં તેમને સબ હકો મળતા, તે ના-

બુદ થયો. વારસો તરીકેનો કાયદો કાથોલિકો અને પ્રોટેસ્તંતોને સરખી રીતે લાગુ પડયો. ઇ. સ. ૧૭૮૨ માં કાથોલિકોને જમીન વેચાતી કે વારસો તરીકે લેવા, ૫ પૌંડ કરતાં વધારે કીમતી ઘોડો રાખવા, નિશાળો સ્થાપવા અને વાલી થવાનો હક મળ્યો. જે કાયદાથી કાથોલિક યાજકને મિસ ઇત્યાદિ કરવા માટે, તથા જે લોકો કાથોલિક યાજકે ક્યાં મિસ કર્યું છે તે ન કહે તેને માટે દંડ આપવામાં આવતો હતો, તે નાબુદ થઇ ગયો. જે કાયદાએ ન્યાયાધીશોને હોદ્દા ઉપરથી ન કાઢવા એમ ફરમાવ્યું, તે અને બીજો કાયદો જેનું નામ "હાબીયસ કાર્પુસ એકટ" છે, જેનાથી શરીર અને માલમત્તાનું રક્ષણુ થાય છે, તે કાથોલિકોને ફાયદાકારક નિવડ્યા.

ફ્રેંચ બળવાની બિક રાખીને અંગ્રેજોએ ઐરીશ કાથોલિકોને વધારે હકો આપ્યા. ઇ. સં. ૧૭૯૨ માં કાથોલિકોને વકીલનો ધંધો કરવા, શીખાઉને રાખવા અને પ્રોટેસ્તંત સ્ત્રી સાથે લગ્ન કરવાની છૂટ મળી. ઇ. સ. ૧૭૯૩ માં પોતાનાં છોકરાં ઉછેરવા, ચુંટી કાઢવા (પણ ચુંટી કઢાવવા નહિ) અને એવા રાજ્યકીય તથા લશ્કરના હોદ્દા ઉપર બેસવાનો હક મળ્યો, કે જેમને વાસ્તે ધર્મના સોગન ખાવાના હતા નહિ. "યુનીફોર્મીકી એકટ" કે જે પ્રમાણે કાથોલિકોને પ્રોટેસ્તંત પ્રાર્થનામાં હાજર થવું પડયું હતું, તે નાબુદ થઇ ગયો.

ફ્રેંચ બળવાના નમુનાને અનુસરીને ઐરીશોએ ઇ. સ. ૧૭૯૮ માં બળવો કર્યો. યાજકોએ તેથી સખ્ત વાંધો લીધો છે. તે બળવાનું પરિણામ એવું આવ્યું કે ઐરલંડ ઇંગ્લંડની સાથે જોડાયું અને ઐરીશ રાજ્યસભા નાબુદ થઈ. જ્યાં સુધી કાથોલિકો નીચ ગણાતા તેમને ઇ. સ. એમાસીપેશન એકટ" થી એટલે મુક્તિના ચૂકાદાથી બીજાઓની સાથે સરખા ઠરાવ્યા નહોતા ત્યાં સુધી સુધરી નહોતા. ડાનીયેલઓ' કોન્નેલ અને એદમુંડ બર્કે કાથોલિકોની મુક્તિને વાસ્તે લડાઇ કરનાર મહા શૂરવીરો હતા. ઇ. સ. ૧૮૬૭ માં ઐરીશ ચર્ચ એટલે પ્રોટેસ્તંત "શ્રીસભા" ને ગ્લેડસ્ટને સરકારના સંબંધથી કાઢી નાંખી.

ઐરીશ કાથોલિકોને ધર્મને વાસ્તે જે પીડા સહન કરવી પડી, તેનો વિસ્તીર્ણ ઇતિહાસ લખ્યો છે, જેથી "સુધારકો" એ જે ધર્મની છૂટનો દાવો કર્યો, તે છૂટ કેવી રીતે બીજા લોકોને આપી છે તે માલુમ થાય છે. તેમ આજ સુધી પ્રોટેસ્તંત લોકો કાથોલિકો ઉપર

ક્રૂરતાનું તહોમત મૂકે છે, પરંતુ એમ કરવાનો તેમને કેટલો હક છે, તે પણ માલૂમ થાય છે. કાથોલિકોએ પોતાનું રક્ષણ કર્યું, તેને ક્રૂરતા કહેવામાં આવે છે અને જે ખૂનો પ્રોટેસ્તંતોએ ક્રૂરતાથી કર્યાં, તેને ગુપ્ત રાખવામાં આવે છે.

જે જૂલ્મ અંગ્રેજોએ કાથોલિક ઐરીશો ઉપર ચલાવ્યો છે તેનો ઇતિહાસમાં કાંઇ દાખલો નથી. ધર્મના દ્વેષની સાથે ઐરીશ જાતનો દ્વેષ હતો તે વાત ખરી છે. પણ તે જાતનો દ્વેષ સોળમા સૈકા આગળ હતો અને ઐરીશોને બળાત્કારે પ્રોટેસ્તંત કરવાના પ્રયત્નથી તે વધ્યો. હવેથી અંગ્રેજોએ ઐરીશોનો દ્વેષ કાથોલિક ધર્મને વાસ્તે પણ કર્યો. ઐરીશોનો બહુ નાશ કર્યા પછી અંગ્રેજોએ બહુ નીચ રીતે ઐરીશોની મશ્કરી કરી હતી. તેઓની પાસેથી કેળવણીની તક લીધી, તેઓને ઉંચા હોદ્દા ઉપરથી કાઢ્યા, કારીગરના ધંધા કરવામાં મુશ્કેલીમાં મૂક્યા, ખેતી કરવાની અને જમીન સુધારવાની વાતોને અશક્ય બનાવી; અને પછી અંગ્રેજોએ ઐરીશો ઉપર મુરખાઇ અને આળસનું તહોમત મૂક્યું. ઐરીશોને ગુલામ તરીકે બનાવ્યા કે જેમને વાંચતાં તથા લખતાં શીખવાની રજા મળી નથી. હમેશાં પ્રોટેસ્તંતો કયા હક વડે પોકારે છે કે "અમે માણસના આત્માને પોપ સાહેબના અજાપણા અને જૂલ્મથી મુક્ત કર્યો છે?"

અંગ્રેજોએ ઐરીશો પાસેથી જમીન, રાજ્યકીય છૂટ અને કેળવણીની તક છીનવી લઇ, તેઓના મઠવાસોનો નાશ કરી, દેવળોની લૂટ કરી, તેઓના ઉપર એક દ્વેષપાત્ર "શ્રીસભા"ના ઉપદેશકોને રાખવાની ફરજ મૂકી શક્યા. જો કે ઘણાં ગામડાંમાં એક પણ "અંગ્રેજી શ્રીસભા"નો આદમી ન હતો, તોપણ ઐરીશ કાથોલિકોને પ્રોટેસ્તંત ઉપદેશકો, જેમણે ઘણો વખત ઇંગ્લંડમાં આળસુ જીવન ગાળ્યું હતું, તેમને રાખવા પડ્યા. તે સિવાય પોતાના ધર્માધ્યક્ષો અને યાજકોને રાખવાની ફરજ હતી. એવો અન્યાય અંગ્રેજો ઐરીશ કાથોલીકોને કરી શક્યા, પણ એક કામ તેઓ કરી શક્યા નહિ, એટલે ઐરીશ કાથોલિકોનાં દિલમાંથી કાથોલિક ધર્મનું ઝવાહિર છીનવી લઇ શક્યા નહિ. ઐરીશો ઉપર તેઓએ હરેક ખરાબીનું તહોમત મૂક્યું, તેઓના યાજકોને જંગલી જનાવરની પેઠે સતાવ્યા પણ ઐરીશ કાથોલિકોની પાસેથી કાથોલિક મત છીનવી શક્યા નહિ, કેમ કે જીવતાં અને મરી જતાં ઐરીશો કાથોલિક મતને વળગી રહ્યા. અંગ્રેજોની આં-

ખોમાં તે ઐરીશોનો મોટામાં મોટો ગુન્હો હતો. એટલે ઐરીશો કાથોલિક ધર્મને વળગી રહ્યા, તેને વાસ્તે તેઓને આટલાં દુઃખ સહન કરવા પડયાં. વખતે વખતે ઐરીશોએ તે ધુંસરી કાઢવાને પ્રયત્ન કર્યો હોય, તેમાં કાંઇ નવાઇ નથી.

૧૦. ફ્રાંસમાં કાલ્વીનીસ્તો-હુગેનોત્તો.

સ્વીઝર્લેંડ અને સ્કોટલંડની પેઠે ફ્રાંસમાં પણ કાલ્વીનીસ્તોએ કાલ્વીનનો મત જૂઠી વાત અને હથિયારોના બળ વડે દાખલ કરવા પ્રયત્ન કર્યો. પણ એક સો વરસની પ્રજાની લડાઇ, કે જે ધર્મના બહાનાથી સહુ સપ્ત થઇ ગઇ અને જેથી દેશની ધૂળધાણી થઇ, તેને લીધે કાથોલિકો ફતેહમંદ થયા. તેઓએ બળાત્કારની વિરૂદ્ધ બળાત્કાર વાપરીને ફ્રાંસ દેશ કાથોલિકોને વાસ્તે રાખ્યો. કાલ્વીને જનીવાથી, તે ઇ. સ. ૧૫૬૩ માં મરી ગયો, ત્યાં સુધી ફ્રાંસના કાલ્વીનીસ્તોના આગેવાનનો હોદ્દો રાખ્યો. ફ્રાંસના કાલ્વીનીસ્તો હુગેનોત્તો કહેવાતા. તે શબ્દનો અર્થ નક્કી નથી. કોઇ એમ કહે છે કે હુગેનોત્તો એ શબ્દ જર્મન શબ્દ "ઐદ્‌ગેનોસ્સન" થી કાઢેલો છે, જેનો અર્થ સોગનથી બાંધેલા એવો થાય છે, કેમકે જનીવાના કાલ્વીનીસ્તો સાવોઇનના ડ્યુક અને સ્વીઝર્લેંડના કાથોલિકોની વિરૂદ્ધ સોગનથી જોડેલા હતા.

કાલ્વીને જ્યાં સુધી તેને શાણુપણુ અને ધીરજના ઉત્તમ ઉપાયો દેખાવા લાગ્યા, ત્યાં સુધી તે રાખવાની સલાહ આપી. પણ જ્યારે નવો પંથ તેને મજબૂત લાગ્યો, ત્યારે રાજદ્રોહ અને લડાઇ કરવાની સલાહ આપી.

જેમ જર્મનીમાં રોત્તરદામના એરાસ્મુસ નામના એક હુમાનીસ્તે શોભાની ભાષામાં કાથોલિક શ્રીસભાના રિવાજની મશ્કરી કરીને નવા ધર્મને માટે રસ્તો તૈયાર કર્યો હતો, તેમ ફ્રાંસમાં એક હુમાનીસ્તે કર્યું હતું, જો કે એરાસ્મુસે પોતે નવા ધર્મનો અંગિકાર કર્યો નથી.

ફારેલે પહેલા મોના ધર્માધ્યક્ષને પ્રાચીન ધર્મ નાબુદ કરવા કહ્યું. શૂરવીર રૂપી રાજા પહેલા ફ્રાંસીસે (ઇ. સ. ૧૫૧૫ ૧૫૪૭) આરંભથી "સુધારકો" ની વિરૂદ્ધ કશું કર્યું નહિ. રાજ્યસભા અને સોરબોન્ન નામની પાઠાશળાને દાબી દેવાના "સુધારકો" ના કામથી રાજા પ્રસન્ન હતો. માત્ર જ્યારે "સુધારકો" ખ્રીસ્ત શરીર સાક્ષા-

મેન્તના મતની સામે થયા, અને અનાબપ્તિસ્તોની સાથે એકઠા થયા કે જેઓએ થોડા વખત આગળ પારીસમાં આવી પહોંચીને આખી રાજસત્તાને ઉથલપાથલ કરવાનો પ્રયત્ન કર્યો, ત્યારે રાજાની આંખો ઉઘડી ગઇ. પણ ફ્રાંસીસે જર્મનીના પ્રોટેસ્તંતો અને તુર્કોની સાથે કાથોલિક જર્મન રાજાઓ વિરૂદ્ધ કોલકરાર કરીને કાથોલિક ધર્મને બહુ નુકસાન કર્યું. પાંચમો કાર્લ જર્મન બાદશાહ ફ્રાંસીસનો મુખ્ય શત્રુ હતો. એવી ફ્રાંસીસની રાજ્યનીતિથી જર્મનીમાં "સુધારકો" નું કામ વધ્યું.

રાજાની બ્હેન, નાવારાની રાણી માર્ગારેતા નવા ધર્મની અનુયાયી અને રક્ષક હતી. જ્યારે તેના ઉપદેશકોએ મો અને પારીસ છોડી દીધું, ત્યારે તેણીએ તેઓનો અંગિકાર કર્યો, જેથી બેઆર્ન પરગણામાં નવો ધર્મ ફેલાયો. માર્ગારેતાએ કાથોલિક શ્રીસભાનો સંબંધ મૂકી દીધો હોય, તે વાત નક્કી નથી.

બીજી જગ્યાઓની માફક ફ્રાંસમાં પણ શ્રીસભામાં ઘણી ખરાબીઓ દાખલ થઇ, કેમકે સાંસારિક અધિકારીઓએ પોતાના નાલાયક હૈયાના હારોને શ્રીસભાના ઉંચા હોદ્દા ઉપર બેસાડયા. ઘણું કરીને જે વખતથી નાવારાનો રાજા બુર્બોનનો અન્તોન શાહજાદો અને તેનો ભાઇ કોંડેનો લુયીસ શાહજાદો, ફ્રાંસીસ ગીસના ડયુક અને તેના ભાઇ લોરેનના કાર્ડીનાલના દ્વેષથી હુગેનોત્તોની સાથે જોડાયા, ત્યારે તેઓની સંખ્યા અને સત્તા વધી. હુગેનોત્તોનો આગેવાન નૌકાનો સેનાધિપતિ કોલિગ્ની હતો. તેઓનું રાજાનો પ્રાણ લેવાનું જે કાવતરૂં હતું, તે ઇ. સ. ૧૫૬૨ માં જાહેર થયું, પણ કોંડે શાહજાદો દંડથી મુક્ત થયો. પછી તેણે લૈઅન્સ શહેર ઉપર હુમલો કરવાનો ઇરાદો કર્યો, પણ તેને પકડીને મરણદંડ આપ્યો. પરંતુ બીજા ફ્રાંસીસના ઓચીંતા મરણથી (ઇ. સ. ૧૫૬૦) કોંડે બચ્યો.

નાના નવમા કાર્લ રાજાને બદલે તેની મા મેદીજીની કાતારીનાએ રાજ્ય કર્યું. પોતાનો સ્વાર્થી હેતુ પૂરો કરવા માટે તેણીએ કાથોલિકોને અને પ્રોટેસ્તંતોને સરખી રીતે કામે લગાડયા. જો કે તેણે હુગેનોત્તોની સભાઓની મના કરી હતી, તો પણ તેઓને અટકાવવા માટે કશું કર્યું નથી. ધર્મ વિષે વાદવિવાદ કરવાની પરવાનગી આપી કે જેમાં કાલ્વીનીસ્તોના બેજા, અને પેતર માર્તીર વરમીલીયો;

કાથોલિકોના લોરેનનો કાર્ડીનાલ અને જેસુયીત લાઇનેજ હાજર હતા. હમેશની માફક આ વાદવિવાદ પણ વ્યર્થ હતો. ગીસના ડયુક ફ્રાંસીસના દ્વેષથી કાતારીનાએ હુગેનોત્તોને જંગલમાં ધર્મની છૂટ આપી, પણ શહેરોમાં તેઓની સભાઓની મના કરી. તેથી હુગેનોત્તો સંતુષ્ટ ન હતા તેઓનો હેતુ ફ્રાંસમાં કાથોલિક શ્રીસભાનો નાશ કરવાનો હતો. હવે અમે મજબૂત છીએ, એમ તેઓને લાગ્યું. તેને વાસ્તે કાથોલિકોની વિરૂદ્ધ બહુ ક્રૂરતા તેઓએ બતાવી. રાજકીય અને ધર્મ સંબંધી યુદ્ધમાં તેઓએ પાંચ હજાર કરતાં વધારે યાજકોને અને કાથોલિક મંડળોના અવયવોને મારી નાંખ્યાં. એવાં ક્રૂરતાનાં કામો ઘણું કરીને ફ્રાંસની દક્ષિણમાં થયાં. દેવળોનો નાશ થયો. પવિત્ર હોસ્તને પગે છુંદી નાંખ્યું મોટામાં મોટાં તિરસ્કારનાં કામો બેઆર્ન રાજ્યમાં થયાં કે જ્યાં રાજ્ય કરનાર યોહાન્ના દેઅલ્બ્રેત, બુર્બોનના અન્તોનની બાનુએ ઈ. સ. ૧૫૬૩ માં કાલ્વીનીસ્ત થઇને તિરસ્કારનાં કામો કરાવ્યાં. તેણીએ ૩૦૦ દેવળોનો નાશ કરાવ્યો હતો.

એવાં તિરસ્કાર ભરેલાં કામો કાથોલિકો હાથ જોડી બેસી રહીને જોઇ શક્યા નહિ. ઘણા વખતથી કાલ્વીનીસ્તો લડાઇ કરવા તૈયાર હતા જ્યારે તે ઉઠી, ત્યારે હુગેનોત્તો હાર્યા. સલાહ થયા પછી હુગેનોત્તોએ રાજા વિરૂદ્ધ નવું કાવતરૂં રચ્યું, પણ રાજા તેઓના હાથમાંથી બચ્યો. રાજાના લશ્કરે હુગેનોત્તોને હરાવ્યા. જર્મન પ્રોટેસ્તંત રાજાઓ, ઇંગ્લંડ અને નેધરલંડની મદદથી હુગેનોત્તોએ ત્રીજું યુદ્ધ ચલાવ્યું, કે જેમાં તેઓ ફરીથી હાર્યા. તે છતાં તેઓને ફાયદાવાળી સલાહ મળી, કે જેથી એકલી ધર્મની છૂટ નહિ, પણ તેમના તાબામાં ચાર શહેર રહે એમ ફરમાવ્યું.

નાવારાના હેનરીના વાલોઆની માર્ગારેત્તાની સાથેના લગ્નથી તે સલાહ સખ્ત થવાની હતી. કોલિગ્ની અને રાજાનો સબંધ મિત્રાચારી રૂપી થઇ ગયો. કોલિગ્નીથી રાજા ઉપર અસર થઇ. કોલિગ્નીએ રાજાને ગીસનું કુટુંબ તેની પાસેથી કાઢવા અને સ્પેનની સાથે લડાઈ કરવાની સલાહ આપી.

નવમો કાર્લ, કે જેણે ઇંગ્લંડની સાથે ઇ. સ. ૧૫૭૨ માં કોલકરાર કર્યો હતો, તે હવે બળવાખોર નેધરલંડવાળાઓની મદદે એક લશ્કર મોકલવાને તૈયાર હતો. ઇ. સ. ૧૫૭૨ માં ઑગષ્ટ ૨૪ મી તારીખે, જે બાર્તોલમી રાત્ર કહેવાય છે, તેથી બધું બદલાયું.

૧૧. બાર્તોલમી રાત્ર.

ઈ. સ. ૧૫૭૨ માં ઑગસ્તની ૧૮ મી તારીખે પારીસમાં નાવારના હેનરીનું માર્ગેરેતા કુંવરીની સાથે લગ્ન હતું. તેમાં હુગેનોત્તોના પંથના ઉમરાવોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. તેમની સાથે લશ્કર પણ હતું. કોલિગ્ની કે જેણે મેડીચીની કાતારીના રાણી અને તેના દિકરાને જુદાં કરીને રાણીને રાજ્યનાં કામકાજથી કાઢવા પ્રયત્ન કર્યો હતો, તે પણ હતો. તેની એવી વર્તણુકથી ગુસ્સે થઈને કાતારીનાએ કોલિગ્નીને મારી નાંખવાનો મનસુબો કર્યો, પણ તે પૂરો થઈ શક્યો નહિ અને હુગેનોત્તોનો દ્વેષ વધ્યો. તેથી કાતારીનાએ પોતાના દિકરા હેનરી અને બીજાઓની સાથે પારીસમાં એકઠા થએલા બધા હુગેનોત્તોને મારી નાંખવાનો ઇરાદો કર્યો. કાર્લ કે જેના ધારવા પ્રમાણે કોલિગ્નીએ તેની નિંદા કરી હતી, તેણે છેવટે કબુલત આપી. ઑગસ્ત ૨૩–૨૪ મી તારીખની રાત્ર (બાર્તોલમી રાત્ર) તે ઇરાદો પૂરો કરવા માટે ઠરાવી. કોલિગ્ની અને ઘણા મોટા નામના હુગેનોત્તો એ રાત્રે મરણ પામ્યા. પ્રાંતોમાં પણ રાજાના હુકમથી એ ખૂની કામ થયું. માર્યા ગએલા હુગેનોત્તોની સંખ્યા બે હજારની લેખવામાં આવે છે.

જે ભયંકર કામનો વિચાર આગળ બહુ વખતથી થયો ન હતો, અને જેનાં કારણો ધર્મ સંબંધી ન હતાં, તેનો બચાવ કરવાને રાજાએ યુરોપના બધા રાજાઓને એવી ખબર આપી કે રાજાના પ્રાણ વિરૂદ્ધનું એક કાવતરૂં જાહેર થયું, કે જેને કાવતરાંખોરોનાં ખૂનો કર્યાથી દાબવામાં આવ્યું છે. એ ખબર સાંભળીને બાપા તેરમા ગ્રેગોરીયુસે રાજાનું કુટુંબ બચ્યું તેને વાસ્તે પરમેશ્વરનો ઉપકાર માનવા અને ફ્રાંસમાં કાથોલિક ધર્મ રખાય તેની વિનતિ કરવા માટે પ્રાર્થનાનો હુકમ આપ્યો. તે જ વખતે બાપાએ, રાજાની વર્તણુક મને પસંદ નથી અને હુગેનોત્તોનું ખૂન થયું તે વાસ્તે હું દિલગીર છું એમ પ્રકટ કર્યું.

એ ખૂની કામ રાજ્યકીય કામ હતું. કોઇ ધર્માધ્યક્ષે તેની સલાહ આપી નથી. ઘણા ધર્માધ્યક્ષો અને યાજકોએ સતાવેલા હુગેનોત્તોનું રક્ષણ કર્યું. તેનો એક દાખલો લીસીએનો ધર્માધ્યક્ષ છે. જર્મન લુટરનોએ તે ખૂની કામ, પરમેશ્વરે હુગેનોત્તોનો ન્યાય કર્યો, એવું છે એમ પ્રગટ કર્યું.

૧૨. ફ્રાંસમાં તે પછીના બનાવો.

થોડા વખત પછી હુગેનોત્તોનું ચોથું યુદ્ધ શરૂ થયું, જેનો અંત ઇ. સ. ૧૫૭૩ ની સલાહથી આવ્યો. એટલામાં રાજાના ભાઇ હેનરીને પોલંડના રાજા તરીકે ચુંટી કાઢયો. કાથોલિકોનો વિભાગ થયો અને એક ભાગે હુગેનોત્તોનું કામ ચલાવ્યું.

કાર્લના મરણ પછી ત્રીજો હેનરી, પોલંડનો રાજા ફ્રાંસની ગાદી ઉપર બેઠો. તેણે પ્રજાના ભલાને વાસ્તે કશું કર્યું નહિ પણ ઉડાઉ અને મોજશોખી જીવન ગાળ્યું. નવા યુદ્ધ પછી હુગેનોત્તોને ઇ. સ. ૧૫૭૬ માં સામાન્ય માફી, ધર્મની પાળવાની છૂટ અને આઠ કીલ્લાઓ મળ્યા. તેમની વિરૂદ્ધ કાથોલિકોનો "સંપ" ઉઠયો, જેનો આગેવાન ગીસનો ડયુક હેનરી હતો. કાલ્વીનીસ્તોના પંથે જર્મન પ્રોટેસ્તંતોની અને કાથોલિકોના "સંપે" સ્પેનના રાજાની મદદ માગી. ત્રીજા હેનરીએ કાથોલિક "સંપ" નો પક્ષ લઇને ઇ. સ. ૧૫૭૭ માં કાથોલિક ધર્મને ફ્રાંસે એકલાએ સ્વીકારેલો ધર્મ પ્રગટ કર્યો.

પણ ત્રીજા હેનરીએ કાવતરૂં કરીને ગીસના ડયુક હેનરી અને તેના ભાઇ લુયીસને મારી નંખાવીને હુગેનોત્તોનો પક્ષ લઇને પારીસને ઘેરી લીધું કે જ્યાં તેને ગાંડા દોમીનીકાના યાકુબ કલેમેન્તે મારી નાંખ્યો.

હવે નાવરાના હેનરીએ ચોથા હેનરી તરીકે ફ્રાંસની ગાદી ઉપર બેસીને રાજકીય કારણોથી કાથોલિક ધર્મનો અંગીકાર જાહેર કર્યો; ઇ. સ. ૧૫૯૩ હુગેનોત્તોએ ઘણી વાર બળવો કર્યો. નાંતસની ફરમાશથી (ઇ. સ. ૧૫૯૮) કાથોલિક ધર્મને જે જગાઓમાં દાબી દેવામાં આવ્યો હતો, ત્યાં ફરીથી સ્થાપવામાં આવ્યો; તેથી હુગેનોત્તો સંતુષ્ટ ન થયા, અને તેમણે તે ફરમાશની કાંઇ દરકાર કરી નહિ.

તેરમા લુયીસના રાજ્યમાં (ઇ. સ. ૧૬૧૦-૧૬૪૩) નવું ધર્મનુ યુદ્ધ ઉઠયું છે. હુગેનોત્તોએ ધર્મનો અને રાજકીય પક્ષ રચીને, પરદેશોની સાથે, તેમાં ઘણું કરીને ઈંગ્લંડની સાથે કોલકરારો કર્યા. તેઓ માત્ર જ્યારે તેમનો મુખ્ય કીલ્લો લારોશેલ પડયો, ત્યારે તાબામાં આવ્યા. રાજાના પ્રધાન રીશલીએ તેમની પાસેથી રાજકીય કરો અને કીલ્લાઓ લઈ લીધા.

ચૌદમા લુયીસના રાજ્યમાં (ઇ. સ. ૧૬૪૩-૧૭૧૫) હુગેનોત્તોની મોટી સંખ્યા કાથોલિક ધર્માધ્યક્ષો અને યાજકોના ઉપદેશથી

કાથેલિક શ્રી સભામાં આવી. હુગેનોત્તોના નવા બળવા દાબી દીધા અને તેઓના જે હકો બાકી રહ્યા હતા, તે તેમની પાસેથી નાંત્સની ફરમાશ કાઢયાથી લીધા છે, ઈ. સ. ૧૬૮૫. અગીયારમા ઇન્નોજેન્શીયુસ બાપાએ રાજાને હુગેનોત્તોની સાથે નરમાશથી વર્તવાની ચેતવણી આપી. પણ રાજાએ તે નહિ માનતાં પોતાના તાબામાંના લોકોને કાથેલિક શ્રીસભામાં ફેરવવા પ્રયત્ન કર્યો. ઘણા હુગેનોત્તોએ દેશ છોડી દીધા અને બીજાએ ઘણું કરીને સેવેન્ન નામના પર્વતોમાં બળવો કર્યો. તેમનું નામ કામીસાર્ડસ પડયું. તેમણે ઘણાં ક્રુર કામો કર્યાં; જેથી રાજ્યના લશ્કરે તેમની સામે જઇને હરાવ્યા.

ચૌદમા લુયીસના મરણ પછી હુગેનોત્તોની વિરૂદ્ધના કાયદા નિયમ શાસ્ત્રમાં રહ્યા પણ જારી ન રાખ્યા. છેવટે ઈ. સ. ૧૭૮૭ માં સોળમા લુયીસે હુગેનોત્તોને બીજા શહેરીઓની સાથે સરખા હકો આપ્યા.

૧૩. નેધરલંડસમાં કાલ્વીનનો મત.

નેધરલંડસમાં શહેરો ખીલતી હાલતમાં હતાં. આ ઉંચાઈ ઉપર તેઓને જે છૂટાપણાં મળ્યાં હતાં, તે ભોગવીને તેઓ આવ્યાં. આ છૂટાપણું રાખવા માટે કાથેલિકો અને પ્રોતેસ્તંતો એકઠા હતા. પણજ્યારે પ્રોટેસ્તંતોએ પોતાના ઉપદેશકોથી ઉશ્કેરાઇને ઘણાં ક્રુર કામો કર્યાં; અંતવેર્પમાં સારામાં સારા હુન્નરકળાના દાખલાનો નાશ કર્યો અને ધર્મની છૂટને ક્રુરતા કરવાની અને હુન્નરકળાનાં કામો નાબુદ કરવાની છૂટ ગણી, ત્યારે સ્પેનનો રાજા બીજો ફિલીપ, જેના તાબામાં નેધરલંડસ હતાં, તેણે પોતાના સેનાધિપતિ અલ્બાને મોકલ્યો, જેણે શહેરની વિરૂદ્ધ એક ભયંકર યુદ્ધ શરૂ કર્યું અને બે કાથોલિક ઉમરાવો એગમોંનત તથા હોરનનાં ગરદનો કપાવ્યાં. ઈંગ્લંડની રાણી એલીસાબેથે આ યુદ્ધમાં ભાગ લઇને અલ્બાનો ભંડાર છીનવી લીધો તેથી તે બહુ ગુસ્સે થયો હતો. અલ્બાને તે યુદ્ધમાંથી કાઢયો તો પણ યુદ્ધ જારી રહ્યું અને કાથેલિક સંસ્થાનો પ્રોટેસ્તંત સંસ્થાનોથી જુદાં થયાં. પ્રોટેસ્તંતોએ કાથેલિકોની વિરૂદ્ધ ક્રુરતાનાં કામો કર્યાં કરીને પોતાનાં સંસ્થાનોમાં કાથેલિકોનો બિલકુલ નાશ કરવા પ્રયત્ન કર્યો. તે પ્રોટેસ્તંતોના આગેવાન ઓરાનીયાના વિલ્હેમના ખૂનનું કારણ હતું. તેનો દિકરો મોરીજ પ્રોટેસ્તંતોના આગેવાન તરીકે

પોતાના બાપની પાછળ આવ્યો. તેણે ઇ. સ. ૧૬૦૯ માં લડાઇની તહકુબી ફરમાવી, જે પ્રમાણે ઉત્તરના પ્રાંતની સ્વતંત્રતા સ્વીકારી છે.

૧૪. સ્વીડન અને ડેનમાર્ક કાથોલિક શ્રીસભામાથી નિકળી ગયાં.

બીજા દેશોની માફક સ્વીડન અને ડેનમાર્કમાં પણ નવો ધર્મ હથિયારોના બળાત્કારથી દાખલ કર્યો. તે લુટરનો ધર્મ દાખલ કરવાનો હેતુ શ્રીસભાની માલમત્તા મેળવવાનો અને ધર્માધ્યક્ષોના હકો રાજામાં એકઠા કરવાનો હતો. કાથોલિક ધર્માધ્યક્ષોને કાઢીને લુટરના ધર્માધ્યક્ષોને દાખલ કર્યા.

૧૫. જર્મનીમા ૩૦ વરસનું યુદ્ધ (ઇ. સ. ૧૬૧૮–૧૬૪૮).

ઑગસબુર્ગની ધર્મની સલાહ છતાં પ્રોટેસ્તંતોએ કાથોલિક શ્રીસભાની ઉત્તરમાંની માલમત્તા છીનવી લીધી અને પ્રોટેસ્તંત રાજાઓએ પોતપોતાના દેશમાં નવો ધર્મ દાખલ કર્યો હતો. ઇ. સ. ૧૫૬૩ અને ૧૫૮૪ ની વચ્ચમાં પાલાતીનેતમાં ધર્મ ત્રણ વાર બદલી ગયો હતો. બાદશાહના શહેર આપનહૈમમાં વેસ્તફેલ્યાની સલાહ આગળ દશ વાર ધર્મ બદલી ગયો. જો કાથોલિક રાજાએ પોતાના દેશમાં એમ કર્યું, તો પ્રોટેસ્તંતોએ સખ્ત ફરિયાદ કરી. ઇ. સ. ૧૬૦૮ ના પ્રોટેસ્તંત "સંપ"ની વિરૂદ્ધ કાથોલિક "સંપ" સ્થાપ્યો, જેનો આગેવાન બવેરીયાનો ડ્યુક મક્ષીમીલીયાન હતો. છેવટે એક લોહીઆળું પ્રજાનું યુદ્ધ ઉત્પન્ન થયું, કે જેમાં પ્રોટેસ્તંતોએ ગુસ્તાવુસ અડોલ્ફુસ, સ્વીડનના રાજાને મદદે બોલાવ્યો, કે જેણે પોતાના ધર્મના ભાઇઓને મદદ આપવાના બ્હાને ભયંકર રીતે જર્મનીની ધુળધાણી કરી. આ યુદ્ધમાં વારંવાર નસિબ બદલી ગયું. રાજ્યકીય કારણો તે યુદ્ધમાં ચાલ્યાં, એવું ફ્રેંચ કાર્ડીનાલ રીશલીએ ગુસ્તાવુસ અડોલ્ફુસ, જે ઇ. સ. ૧૬૨૯ માં માર્યો ગયો તેને અને બીજા પ્રોટેસ્તંત સરદારોને મદદ મોકલી છે, તેથી માલૂમ થાય છે. યુદ્ધનો અંત વેસ્તફેલ્યાની સલાહથી આવ્યો. ઈ. સ. ૧૬૪૮ તેમાં સ્વીડને અનેક જર્મન પ્રાંતો લીધા. પ્રોટેસ્તંત ધર્મ સંસ્થાનોમાં દાખલ કરવાનો હક એવી શરતે સ્વીકાર્યો કે ઇ. સ. ૧૬૨૪ ના વરસને નિમીત વરસ ગણવું. એટલે જો એક સંસ્થાનમાં આ વરસમાં પ્રોટેસ્તંત ધર્મ ચાલ્યો, તો તે જારી રાખવો અને જો કાથોલિક ધર્મ ચાલ્યો તો તે પણ જારી રાખવો એવો નિયમ સ્થાપ્યો છે.

૧૯. ઓગણીસમી સામાન્ય શ્રીસભાની મંત્રીસભા ત્રેંતમાં (ઇ. સ. ૧૫૪૫–૧૫૬૩) એકઠી થઇ.

બાપા ત્રીજા પૌલુસને (ઇ. સ. ૧૫૩૪–૧૫૪૯) એક સામાન્ય શ્રીસભાની મંત્રીસભા ત્રેંત (તિરોલની દક્ષીણમાં) એકઠી કરવાનો યત્ન ફળદ્રુપ થયો. કાંઇ વરસ બંધ હતી તે છતાં તે સભા ૧૮ વરસ સુધી ટકી. તે સભામાં કાથોલિક ધર્મનો ખુલાસો સાફ રીતે પાખંડી મતો સામે થયો. જે કોઇ તેથી જુદી રીતે શીખવે છે, તેને કાથોલિક શ્રીસભામાંથી કાઢી મૂકે છે. તે સભાના ખુલાસા બૈબલના કાનુન અને તેના ખુલાસા, વુલ્ગાતા નામના લાટીન બૈબલના તરજુમા, મૂળ પાપ અને ન્યાયીકરણ, સાક્રામેન્તો અને ઘણું કરીને પવિત્ર ખ્રીસ્ત શરીર સાક્રામેન્તના મતને લાગુ પડે છે. શુદ્ધ કરનાર અગ્નિ, પવિત્રોનાં ચિત્રો અને રેલિકસોના માન, તથા શિક્ષામોચન, અપવાસ અને શ્રીસભાના તહેવારો પાળવાના નિયમો વિષેના મતનો વાદવિવાદ બરાબર ચાલતો હતો.

તે મંત્રીસભાના સભાસદોએ પાખંડી મતો નાપસંદ કર્યા એટલું જ નહિ પણ ખરા શ્રીસભાનાં માથા અને અવયવોમાંના સુધારા વિષે બહુ સારા ચૂકાદા જાહેર થયા. આ સુધારાને યાજકોને બરાબર ભણાવવા, પ્રોફેસ્સરોના હોદ્દા અને યાજકોની પાઠશાળાએ સ્થાપવા, દેશો અને પ્રાંતોમાં ધર્માધ્યક્ષો અને યાજકોએ સભાઓમાં એકઠા થવું, એવી વાતો લાગુ પડે છે. ધર્માધ્યક્ષો અને યાજકોએ પોતાની જગામાં રહેવું, પોષણ માટે ખોરાક સાદો રાખવો, અને ધર્માધ્યક્ષોએ ગામોની આત્મિક હાલત તપાસવી, એવી ફરજો ઠરાવી. મઠવાસો ઉપર પણ મંત્રીસભાના સભાસદોનું ધ્યાન ખેંચ્યું છે. ખ્રીસ્તીઓને ખરાબ પુસ્તકો વાંચવાથી જે જોખમ થાય છે, તે દૂર કરવાને વાસ્તે અમુક પુસ્તકો વાંચવાની મના જાહેર થઇ. જે પુસ્તક રોમી સવાલ જવાબ કહેવાય છે અને જેમાં કાથોલિક મત રિવાજો સાફ લખવામાં આવે છે તે જાહેર કરવાનો ઇરાદો કર્યો છે.

ત્રેંતની શ્રીસભાની સામાન્ય સભાના ચૂકાદાએ ઇ. સ. ૧૫૬૪ માં ચોથા પીયુસે (ઇ. સ. ૧૫૫૯–૧૫૬૫) કબુલ કર્યા છે. તે જ બાપાના હુકમથી જે ત્રેંતનો મત કહેવાય છે તે રચવામાં આવ્યો છે. તેમાં કાથોલિક અને પ્રોટેસ્તંત મતોનો ફેરફાર સાફ માલૂમ થાય છે.

૧૭. ત્રેંતની મંત્રીસભાના શ્રીસભાના સુધારાને લગતા ચૂકાદાઓ જારી થાય છે.

પ્રોટેસ્તંતોએ જો કે હમેશાં એક મંત્રીસભાની માગણી કરી હતી, તોપણ જ્યારે તે એકઠી થઇ ત્યારે તેમાં ભાગ લેવા ના કહી છે. તેઓને અભયદાનનાં પત્રો પૂરતાં લાગ્યાં નહિ, તે સિવાય તેમણે પોતાના ધર્મશાસ્ત્રીઓને વાસ્તે બેઠક અને મતની ચિઠ્ઠીનો હક માંગ્યો; તે સિવાય જે વાતો વિષે ચૂકાદા જાહેર થયા હતા, તે વિષે ફરીથી વાદવિવાદ કરવાની, બૈબલને એકલાને જ મતના મૂળ તરીકે સ્વીકારવાની, બાપાએ મંત્રીસભાને વશ થવાની, અને ધર્માધ્યક્ષો બાપાની સત્તાથી મુક્ત થાય તેની માગણી કરી. એવી અતીશય માગણીઓ પૂરી થઇ ન શકી, તેથી વુર્તેમબેર્ગ અને સક્ષનીના એલચીઓએ ત્રેંત છોડી દીધું. એવી રીતે મંત્રીસભા તેમના વગર ચાલી.

મંત્રીસભા બંધ થયા પછી તેના ચૂકાદાઓ કાથેલિક દેશોમાં ઘણું કરીને મુસ્કેલીઓ વગર જાહેર થયા અને માથા તથા અવયવોમાંનો સુધારો સારી રીતે જારી કર્યો. ખરી વાત એ છે કે તે મંત્રીસભા એકઠી થયા આગળ સુધારાનું કાંઇક શરૂ થયું હતું. ઘણું કરીને બાપા ત્રીજા પૌલુસના રાજ્યમાં બરાબર ચાલ્યું હતું, કેમકે તેણે સારા વિદ્વાનોને તે હેતુને વાસ્તે રોમમાં બોલાવ્યા હતા. તે હેતુને વાસ્તે જ તેણે ત્રેંતની મંત્રીસભા એકઠી કરી હતી.

તે સિવાય કેટલાક પવિત્રોએ ત્રેંતની મંત્રીસભાના ચૂકાદાઓ બરાબર જારી કર્યા. પવિત્ર કાર્લ બારોમેઓ (ઈ. સ. ૧૮૮૪) બાપા ચોથા પીયુસનો ભાણેજ હતો. તે ૨૩ વરસનો છતાં તેને બાપા મિલાનનો મહાધર્માધ્યક્ષ અને કાર્ડીનાલ ઠરાવ્યો હતો. બીજા એવા બાપાઓએ ઠરાવેલા જુવાનો ઘણું કરીને ખરાબ નિપજ્યા અને તેમણે શ્રીસભાને બહુ નુકસાન લગાડયું. કાર્લ બારોમેઓએ તેથી ઉલટું કર્યું. તે ત્રેંતની શ્રીસભાની મંત્રીસભાનો જાણે કે આત્મા હતો. તે સભાના ચૂકાદા પ્રમાણે તેણે મિલાનમાં યાજકોની પાઠશાળા સ્થાપી અને ગામોનાં દેવળો તપાસ્યાં, જેને વાસ્તે તે આલ્પ્સ પર્વતોનાં બહુ દૂર સુધીનાં ગામોમાં ગયો. જ્યારે મિલાનમાં મરકી ચાલી, ત્યારે તેણે પોતાના મહેલની એક ઇસ્પીતાલ બનાવી, અને પોતે જેઓને મરકી લાગી તેઓને સાક્રામેન્તો આપ્યાં.

જુવાન છતાં તેણે ગરીબોને પોતાની માલમતા વહેંચી આપી.

જ્યારે એક વખત કોઇએ તેને એવી ચેતવણી આપી કે " આપ સાહેબે તબિયતની વધારે સંભાળ કરવી જોઇએ, " તેણે જવાબ આપ્યો કે " હું ઘરડો ધર્માધ્યક્ષ થાઉં તેની કાંઇ જરૂર નથી. પણ હું સારો ધર્માધ્યક્ષ થાઉં તેની જરૂર છે. "

બીજા પ્રસિદ્ધ પવિત્રો ફિલીપ્પ નેરી રોમમાં એક યાજક (ઇ. સ. ૧૫૯૫), પવિત્ર તેરેસીયા કાર્મેલીતોની એક મઠવાસણ માદરી, પવિત્ર પેત્રુસ દે અલ્કાંતરા એક ફ્રાંસીસ્કાન મઠવાસી અને પવિત્ર યોહાન્ન દે દેઓ " દયાળુ ભાઇઓ " નામના મંડળનો સ્થાપનાર વગેરે હતા.

જે બાપાઓએ ખરો શ્રીસભાનો સુધારો જારી કર્યો, તેઓમાં પવિત્ર પાંચમો પીયુસ પ્રસિદ્ધ છે, (ઇ. સ. ૧૫૬૬–૧૫૭૨; મે મહીનાની પાંચમી તારીખે તેનો તહેવાર છે). પવિત્ર કાર્લ બોરોમેઓની અસરથી ચુંટી કઢાએલા તેણે ત્રેંતની મંત્રીસભાએ ઇચ્છેલો રોમી સવાલ જવાબ જાહેર કર્યો. જે સાદી રીતે તે દોમીનીકાન યાજક તરીકે વર્તતો હતો, તેવીજ રીતે તે બાપા તરીકે વર્ત્યો. જ્યારે લેપંતો પાસે તુર્ખોની વિરૂદ્ધ કાફલાની લડાઇ ચાલી, ત્યારે રોમમાં ચમત્કારીક રીતે તેનો દેખાવ તેને થયો અને એકદમ તેણે કાર્ડીનાલોને જાહેર કર્યું કે તુર્ખો હાર્યા છે. આખી દુનિયાનાં રોસારી મંડળોએ પવિત્ર મારિયાની ફતેહ મેળવવા માટે વિનતિ કરી હતી.

પીયુસની પાછળ આવનાર તેરમા ગ્રેગોરીયસે (ઇ. સ. ૧૫૭૨––૧૫૮૫) છ નાની કોલ્લેજો સ્થાપી. તેમાં કાથોલિક અંગ્રેજોને વાસ્તે એક અને ખ્રીસ્તી થએલા યહુદીઓને વાસ્તે એક. જે જુલીયન પંચાંગ કહેવાય છે, તે તેણે સુધાર્યું તેથી પ્રસિદ્ધ છે. બાપાના દ્વેષથી બહુ વરસ સુધી પ્રોટેસ્તંતોએ સુધારેલા પંચાંગનો અંગિકાર કર્યો નથી. રૂશીયા આ જ સુધી જુના પંચાંગ પ્રમાણે વરસ દિવસ ગણી સુધરેલા લોકની તેર દિવસ પાછળ છે.

૧૮. જેસુયીતોનું મંડળ.

શ્રીસભાનો ખરો સુધારો ફેલાવવાના કામમાં જુદાં જુદાં શ્રીસભાનાં મંડળોએ શ્રમપૂર્વક ફળદ્રુપ રીતે ભાગ લીધો છે. તે કામમાં પહેલી જગા જેસુયીતોનું મંડળ રાખે છે, જેને વાસ્તે બીજાં મંડળો કરતાં તેનો વધારે દ્વેષ પ્રોટેસ્તંતો આજ સુધી કરે છે. જેસુયીતોના મંડળનો સ્થાપનાર લોયોલાનો પવિત્ર ઇગ્નાજીયુસ છે. તે સ્પેનીશ

ઉમરાવ હતો અને ઇ. સ. ૧૪૯૧ માં જન્મ્યો હતો. તેણે એક લડાઇમાં જખમી થયા બાદ પવિત્રોનું જીવનચરિત્ર વાંચતાં પોતે પવિત્ર રીતે વર્તવાનો મનસુબો કર્યો. તેણે ઇ. સ. ૧૫૩૪ માં ૫ સાથીઓની સાથે પારીસ પાસેના માર્તીરીની ટેકરી ઉપર ત્રણ સાધારણ બુદ્ધિમાનોની માનતા કરી અને રોમના બાપાના તાબામાં ખાસ રહેવાની એક ચોથી ઉમેરી. તે જેસુયીતોનું નવું મંડળ ઇ. સ. ૧૫૪૦ માં બાપા ત્રીજા પૌલુસે કબુલ કર્યું. પરમેશ્વરનું માન આત્માઓની મુક્તિથી વધારવાનો તે મંડળનો હેતુ હતો, તેને વાસ્તે તેનાં અવયવો ખ્રીસ્તી અને મૂર્તિપૂજકોના દેશોમાં જઇને ઉપદેશ કરવા, જુવાનોને શીખવવા અને પાપીઓને પરમેશ્વર તરફ ફેરવવા તૈયાર હતા. તે નિયમને અનુસરીને તેઓએ ઉપદેશ કરી, પાપનો સ્વીકાર સાંભળી, પાઠશાળાઓમાં શીખવી, વિદ્વત્તા અને પ્રાર્થનાનાં પુસ્તકો અને સવાલ જવાબો લખી, તથા મરકીને વખતે દરદીઓની આસનાવાસના કરીને રાજાઓના મહેલમાં, તેમ જ મધ્યમ વર્ગનાં ઘરો અને ગરીબોની ઝુંપડીઓમાં ખ્રીસ્તી આત્મા અને ખરી ભકિત સજીવન કરી, જેથી ખોટા સુધારો રદ થયો.

જેસીયુતોનું નવું મંડળ જલદી ફેલાવ્યું. ઇ. સ. ૧૫૪૦ પહેલાં જેસુયીતો જર્મનીમાં આવી પહોંચ્યા કે જ્યાં પેત્રુસ કાનીસીયુસનો નવા મંડળમાં અંગિકાર થયો. તેણે પરિશ્રમ લઇને આસ્ત્રીયા, બવેરીયા અને રહૈન નદીનાં આસપાસના પ્રાંતોમાં કામ કરીને ત્યાં કાથોલિક મત બચાવ્યો. એ સૈકા સુધી તેના સવાલ જવાબનું કાથોલિક ધર્મ શીખવનાર પ્રિય પુસ્તક હતું.

અજબ જેવી રીતે પરદેશનાં મિશનોમાં જેસુયીતોનો શ્રમ ફતેહમંદ નિવડયો. ઈ. સ. ૧૫૪૧ માં બાપાએ પવિત્ર ફ્રાંસીસ ક્ષેવીયરને હિંદુસ્તાનમાં મોકલ્યો. તેણે ઘણું કરીને ત્રાવણકોરમાં જે ચમત્કારો કરવાની શક્તિ પરમેશ્વરે તેને આપી હતી, તેનાથી અને ઉપદેશ કર્યાથી હજારો મૂર્તિપૂજકોને ખ્રીસ્તી કર્યા. હિંદુસ્તાનથી જાપાન જઇને ત્યાં ઘણા મૂર્તિપૂજકોને ખરા પરમેશ્વર તરફ ફેરાવ્યા. ત્યાંથી ચીનદેશ જતાં પરમેશ્વરે સંજીયાન બેટમાં તેને પોતાની પાસે બોલાવ્યો, ઇ. સ. ૧૫૫૨. તેના મરણ પછી જાપાનમાં દોઢસો દેવળો ગણવામાં આવ્યાં. તેની લાસને ગોવેમાં બહુ માન અપાય છે.

પવિત્ર ફ્રાંસીસ ક્ષેવીયરનો ચીન દેશમાં ઉપદેશ કરવાનો હેતુ

જેસુયીત રીચીએ પૂરો કર્યો. તેણે પેકીનમાં મોટું દેવળ બાંધ્યું અને ઈ. સ. ૧૬૦૦ માં ગણિતશાસ્ત્રીનો વજનદાર હોદ્દો ભોગવ્યો છે. તેના શિષ્ય આદમ શાલ્લે ઉંચા વર્ગના "મંદારીન" થઇને બાદશાહના કુટુંબના, અવયવોને ખ્રીસ્તી બનાવ્યા. ઇ. સ. ૧૬૯૨ માં આખા દેશમાં સુવાર્તા પ્રગટ કરવાની રજા મળી. તેથી જુદા મંડળોના અવયવો તે કામમાં મદદ આપવા માટે ચીન દેશમાં આવી પહોંચ્યા.

જેસુયીતોના મંડળના જુવાન પવિત્રોમાં પવિત્ર સ્તાનીસલાઉસ કોસ્તકા (ઈ. સ. ૧૫૬૮), પવિત્ર એલોઇસીયુસ ગોનજાગા (ઇ. સ. ૧૫૯૧) અને પવિત્ર યોહાન્ન બેર્ખમાનસ ખ્રીસ્તી જુવાનોના પ્રસિદ્ધ નમુના છે.

જેસુયીતોના મંડળના જેટલો દ્વેષ અને સતાવણી પ્રોટેસ્તંતો તરફથી બીજા કોઇ મંડળને મળ્યાં નથી; કેમકે તેણે ખોટા સુધારો રદ કરીને કેટલાક "સુધારેલા" દેશો શ્રીસભાને વાસ્તે પાછા આણ્યા. કાથોલિકો તરફથી અદેખાઇ અને ઇર્ષ્યાએ જેસુયીતોના મંડળનો દ્વેષ કર્યો.

જેસુયીતોને આજદિન સુધી હરેક ખરાબી અને બદી લાગુ પડે છે. કાંઇ ગુન્હો નથી કે જે કોઈ લોકોના ધાર્યા પ્રમાણે જેસુયીતોએ કર્યો ન હોય. હરેક ખરાબી તેઓએ કરી, એટલુંજ નહિ, પણ શીખવી છે. તોપણ જેસુયીતોનો મત કાથોલિક શ્રીસભાના મતથી જુદો નથી. "હેતુ ઉપાયોને પવિત્ર કરે છે," એવો મત તેઓને લાગુ પડે છે. જો તે વાકયનો અર્થ એવો હોય કે એક સારો હેતુ એક ખરાબ ઉપાયને પવિત્ર અને ઉચિત કરે છે, તો તે વાકય ખોટું છે અને કદિ કોઇ જેસુયીતે તે શીખવેલું નથી. સારો હેતુ જે ઉપાય સારો અને ખોટો નથી તેને પવિત્ર કરે છે, તે વાત હરેક માણસ જાણે છે.

જેસુયીતોની નિંદા પણ થઇ, કેમકે તેમને પોતાના ઉપરિઓના હુકમો વાંધા કર્યા વિના માનવા પડતા. તોપણ એમાં કાંઈ નવાઇ નથી; કેમકે બીજાં કાથોલિક મંડળોમાં પણ એવોજ નિયમ ચાલે છે. કોઇ ઉપરિને કોઇ મંડળવાળાને ભુંડું કામ કે પાપ કરવાનો હુકમ આપવાનો હક નથી. મંડળવાળાને જો તે ઉપરિનો હુકમ માનતો નથી તો પાપ લાગે છે, તે નિયમનો કેટલીક વખત એવો ખોટો તરજુમો થયો છે કે જાણે કે કોઇ ઉપરિને પાપ કરવાનો હુકમ આપવાનો હક હોયની.

રાજાના ખૂન વિષે નહિ, પણ જૂલ્મીના ખૂન વિષે જે મત કેટલાક જેસુયીતોએ કાઢયો છે, તે મત જેસુયીતોના મંડળની સ્થાપનાં આગળ બહુ વખતથી ચાલતો હતો. તે સીવાય પ્રોટેસ્તંત લેખકો તે જ મતનો બચાવ કરે છે, જેમ કે લુટર. જેસુયીતોનો એક શત્રુ જે આગળ જેસુયીત હતો પણ ભ્રષ્ટ થવાથી તેને જેસુયીતોના મંડળમાંથી કાઢી મૂકયો છે, તેણે એક પુસ્તક લખ્યું છે, જેનું નામ ગુપ્ત શિક્ષણો છે. તેમાં જેસુયીતો વિષે બહુ જૂઠ્ઠી વાત લખી છે, એ વાત પણ કે જેસુયીતોએ સારાં કામ કરવાને બ્હાને હરેક ભુંડું કામ કરવું જોઇએ. એ પુસ્તક એક જેસુયીતે રચ્યું હોય એવી જૂઠ્ઠી વાત જાહેર થઇ. તે જૂઠ્ઠી વાતનો હેતુ જેસુયીતોની નિંદા કરવાનો હતો. જેસુયીતોના મોટામાં મોટા શત્રુ ફ્રાન્સના હુગેનોત્તો હતા, જેમણે જેસુયીતોને ફ્રાંસથી દેશનિકાલ કરાવ્યા. હિંદુસ્તાનમાં જેસુયીતોને કોલ્લેજો અને મીશનોમાં કામે રાખેલા છે. તેઓનાં જીવન જાહેર છે અને તેઓ ખરાબ નથી એમ હરેક માણસના જાણવામાં આવે છે.

૧૯. જે "સુધારકો" કહેવાય છે તેમની મુખ્ય ભુલો.

લુટર, જ્વીંગલી અને કાલ્વીનની ન્યાયીકરણ વિષેની મુખ્ય ભૂલો તેઓ પહેલા પાપની આગળનું અસલનું ન્યાયીકરણ અને મૂળ પાપનાં પરિણામો ખોટી રીતે સમજે છે તે છે. કુદરતી ન્યાયીકરણ અને માણસમાંના પહેલા પાપની આગળના સ્વભાવોપરિ ન્યાયીકરણની વચ્ચે ફેરફાર છે, તેની તેઓએ ના કહીને ન્યાયીકરણને સ્વાભાવિક દાન અને માણસની કુદરતનો વાસ્તવિક ભાગ ગણ્યો. ખરી વાત એવી છે કે પહેલા માણસનું ન્યાકીકરણ સ્વભાવોપરિ હતું.

તે સિવાય તેઓએ માણસમાં છૂટી ઇચ્છા છે તેની ના કહીને, માણસનાં બધાં કામો જરૂરનાં ગણ્યાં. તેઓના ધાર્યા પ્રમાણે મૂળ પાપ એક ખોવાઇ ગએલા સ્વભાવોપરી દાનનું નહિ, પણ માણસના સ્વભાવનો એક ભયંકર બગાડ; કુઇચ્છાઓ અને પાપનો વિષય, એવી ભુંડાઇ છે કે જેથી બીજી બધી ખરાબીઓ જેમ ઝાડના થડમાંથી ડાળીઓ નિકળે છે તેમ નિકળે છે.

"સુધારકો"ના ધાર્યા પ્રમાણે માણસના સ્વભાવનો બગાડ ન્યાયીકરણ મળ્યા પછી ચાલી રહે છે. ન્યાયીકરણ તેઓના મત પ્રમાણે એમાં છે કે માણસ ન્યાયી કહેવાય, પણ ખરો ન્યાયી નથી; કે બ-

હારથી યેસુખ્રીસ્તના મરણનું ફળ તેને લાગુ પડે. જે કોઇ પાપી ખાસ યેસુખ્રીસ્તનો વિશ્વાસ રાખે છે તેને યેસુખ્રીસ્તનું ન્યાયીકરણ એક સાધન તરીકે મળે, પણ દિલમાં કાંઇ ફેરફાર કે પવિત્રપણું ન મળે, એમ તેઓ કહે છે. તે ખાસ વિશ્વાસ "સુધારકો"ના મત પ્રમાણે પાપીનો એવો વિશ્વાસ છે કે યેસુખ્રીસ્તના મરણના ફળને વાસ્તે તેને પાપ લાગુ ન પડે, જો કે ખરૂં બોલતાં તે પાપી રહે છે. તેને વાસ્તે જો પ્રોટેસ્તંતો એમ કહે છે કે એકલો જ વિશ્વાસ માણસને ન્યાયી કરે છે તો તેઓ તે વિશ્વાસ શ્રદ્ધા તરીકે ન ગણે કે જે પ્રમાણે માણસે પરમેશ્વરે પ્રગટ કરેલી વાતો માની લેવી જોઇએ.

પોતાના મત પ્રમાણે "સુધારકો" કહે છે કે માણસ ન્યાયી છે તે વાત તેને બિલકૂલ નક્કી છે. એક વખત તેને ન્યાયીકરણ મળે તો ફરીથી તે નિકળી ન જાય, તે ન્યાયીકરણ તેઓ બધા માણસોમાં ઓછું કે વધતું નહિ, પણ સરખું ગણે છે. લુટરના મત પ્રમાણે તે ન્યાયીકરણ માત્ર અવિશ્વાસથી એટલે ખાસ વિશ્વાસની ખામીથી ખોવાઇ જાય છે. કાલ્વીનના મત પ્રમાણે એક વખત ન્યાયી કરેલા માણસને મુક્તિ બિલકૂલ નક્કી છે, અને તે આ ખાસ વિશ્વાસ ખોઇ નાંખી ન શકે, કેમકે કાલ્વીન એમ કહે છે કે જે કોઇને માટે અનંત જીવન આગળથી ઠરાવેલું છે તેને વિશ્વાસ અને ન્યાયીકરણ મળે છે, અને તેથી ઉલટું જે કોઇને નરકમાં જવાનું ઠરાવેલું છે તેને કદિ ન્યાયીકરણની કૃપા મળે નહિ.

એવો મત પવિત્રાનું માન કાઢી નાંખે છે, કેમકે આ મત પ્રમાણે દિલનું ખરૂં ન્યાયીકરણ થાય નહિ અને માણસ તે મેળવવા પોતાને તૈયાર કરી શકે નહિ. જ્યાં છૂટી ઇચ્છાનો ઇન્કાર કરવામાં આવે છે અને ન્યાયીપણું માત્ર લાગુ પડેલું ગણાય છે, ત્યાં સારાં કામોની પણ કાંઇ જગા નથી. તેથી "સુધારકો" સારાં કામોના ફળનો ઇન્કાર કરે છે. મુક્તિ મેળવવા માટે તેઓ જરૂરનાં છે અને ન્યાયી થએલાને સારાં કામની ફરજ છે, તેની "સુધારકો" ના કહે છે.

એવા ન્યાયીકરણના મતથી સ્વાભાવિક રીતે શુદ્ધ કરનાર અગ્નિ, મૂએલાને વાસ્તે કરેલી પ્રાર્થના અને સારાં કામો, શિક્ષામોચન અને મહાન તથા અલ્પ પાપોના ફેરફારનો ઇન્કાર ઉત્પન્ન થયો.

એવા મત પ્રમાણે સાક્રામેન્તો કૃપાના ઉપાયો નથી. તેમને લુટર એકલો વિશ્વાસ દ્રઢ કરવાનો ઉપાય, તથા જવીંગલી અને સોજીનુસ

એકલી નિશાનીઓ તરીકે ગણે છે, કે જેથી ખ્રીસ્તના વિશ્વાસનાં અવયવો ઓળખવામાં આવે છે. લુટર અને જવીંગલી કહે છે કે સાક્રામેન્તોનું પરિણામ જે તે લે છે, તેના પરમેશ્વરનાં વચનો ઉપરના વિશ્વાસમાં રહે છે. કાલ્વીન કહે છે કે તેનું પરિણામ પરમેશ્વરના ઠરાવમાં રહે છે. તેને વાસ્તે જે કોઇને પરમેશ્વરે આગળથી નરકમાં જવાનું ઠરાવેલું છે, તેને સાક્રામેન્તો લેતાં એકલી બહારની નિશાનીઓ મળે છે.

લુટરે પહેલાં સાત સાક્રામેન્તો માની લીધાં હતાં, પછી બે સિવાય એક બીજા પછી નિકળી ગયા. એવીજ રીતે જવીંગલી અને કાલ્વીને કર્યું. "સુધારકો" ના મત પ્રમાણે બપ્તિસ્મામાં પાપનો નાશ કરવાની શક્તિ નથી. તે માત્ર વિશ્વાસ ઉપર સીક્કો મારે છે કે એવી નિશાની છે કે જેથી કોઇ માણસનો ખ્રીસ્તી મંડળમાં અંગિકાર થાય છે. બાળકોના બપ્તિસ્માથી "સુધારકો" ને મોટી મુસ્કેલી ઉત્પન્ન થઇ, તેમાં પણ ઘણું કરીને અનાબપ્તિસ્તોને વાસ્તે, જેઓની સાથે "સુધારકો" એ લડાઇ કરી છે.

ખ્રીસ્ત શરીર સાક્રામેન્તની વાતમાં "સુધારકો" ની સંમતિ નથી. તે બલિદાન છે અને ત્રાંસસુબસ્તંતીયાજીયો, એટલે તેમાં યેસુખ્રીસ્ત હમેશાં હાજર રહે છે, તેનો ઇન્કાર બધા "સુધારકો" કરે છે. તોપણ જે લાટીન ભાષામાં ઇંપાનાજીયો કહેવાય છે તે લુટર શીખવે છે, એટલે રોટલીમાં, રોટલી તળે અને રોટલી સાથે ખ્રીસ્ત શરીર લેવામાં આવે છે. જવીંગલી પ્રભુના ભોજનમાં યેસુનાં દુઃખ અને મરણની યાદની નિશાની દેખે છે. કાલ્વીન એમ કહે છે કે રોટલી અને દ્રાક્ષરસ લેવામાં યેસુની હાજરીની શક્તિ અને કૃપાનું પરિણામ મળે છે, પણ તે માત્ર આગળથી પરમેશ્વરે જેઓને સ્વર્ગમાં જવાનું ઠરાવ્યું છે તેમનેજ.

પ્રોટેસ્તંત મતમાં પ્રાયશ્ચિત્ત સાક્રામેન્ત નકામું છે. તોપણ લુટર તેનો ઇન્કાર કરતો નથી, કેમકે પાપનો સ્વીકાર રાખવાની તેની ઇચ્છા હતી. તે પાપોનો સ્વીકાર પાપોની ક્ષમા મેળવવા માટે જરૂરનો માને છે. તે સિવાય તેની પાસે પ્રાયશ્ચિત્ત સાક્રામેન્ત રાખવાનું બીજું કારણ નથી.

એવા "સુધારકો"ના મતો જે મતો કાથોલિક શ્રીસભાએ બધા સૈકામાં શીખવ્યા હતા, તેમની વિરૂદ્ધ છે. પોતાના મનના મૂળ

તરીકે તેમણે બૈબલ એકલું શ્રદ્ધાનું મૂળ ગણ્યું છે, જેની મારફતે માણસને અંતઃકરણના પરમેશ્વરે કરેલા શિક્ષણથી વિશ્વાસ મળે છે.

માણુસ ફોકટ વિશ્વાસથી ન્યાયી થાય, પરમેશ્વર પોતે માણુસને બૈબલની મારફતે શીખવે છે, એવા ખોટા મતો શ્રીસભાનો શીખવવાનો હોદ્દો, સંપ્રદાય, ખાસ યાજકપણું અને બહાર જે શ્રીસભા જોવામાં આવે છે, તેને કાઢે છે.

જો કે "સુધારકો"એ જેઓ સુવાર્ત્તાના મતો પ્રગટ કરવા અને સાક્રામેન્તો આપવામાં એકઠા થઇને મળે છે, તેઓને એક મંડળી કહી છે, તો પણ તે દ્રશ્ય મંડળી છે એમ શીખવવું પડયું છે, કેમકે તેઓએ મંડળીઓ સ્થાપી, તેઓને ઉપદેશકો આપ્યા અને નવી રીતિ મુજબ સાક્રામેન્તો આપ્યાં છે. તે જ વખતે જે કોઇ મંડળી અદ્રશ્ય છે એમ શીખવ્યાથી કેવી અસર લોકો ઉપર થાય, તે અનાબપ્તિસ્તોએ કરેલી ધૂળધાણી જોતાં "સુધારકો"ની નજરે પડયું; તેમની વિરૂદ્ધ "સુધારકો"ને હવે એક દ્રશ્ય મંડળીનો મત મૂકવો પડયો. તેમણે ખરો ઉપદેશ પ્રગટ કરવો અને ખરાં સાક્રામેન્તો આપવાં, એવી પોતાની મંડળીની નિશાનીઓ ઠરાવી. પણ સવાલ તો એ છે કે ખરો ઉપદેશ કયો અને ખરાં સાક્રામેન્તો કયાં ? કઇ નિશાનીઓ ઉપરથી તે માલૂમ પડે છે ?

મતમાં "સુધારકો"એ મંડળીની સત્તા કાઢી નાંખી છે. કૃત્યોમાં તેઓએ પોતાની સત્તા ઠરાવી અને ઉપદેશકોને ઉંચામાં ઉંચા ધર્માધ્યક્ષ તરીકેના સાંસારિક રાજાઓની મારફત ઉપદેશકપણું અપાવ્યું. લુટર ઘણી વાતોમાં ચંચળ મનનો હતો. પ્રોટેસ્તંતોમાં જે તેના શત્રુઓ હતા તેઓનું લુટરે "સાક્રામેન્તોવાળા" એવું નામ પાડયું. જ્યારે પોતાના મતનો જવાબ આપી ન શકયો, ત્યારે તેણે શ્રીસભાના સંપ્રદાય અને શ્રીસભાના બાપાઓની સંમતિ ઉપર અપીલ કરી છે.

મંડળીની વાતમાં કાલ્વીન લુટર કરતાં વધારે ચંચળ મનનો હતો. જે બગાડ જનીવામાં ફેલાયો હતો તે કાઢવા માટે તેણે એક દ્રશ્ય મંડળીનો મત સ્થાપીને ગુરુતત્ત્વની એક જાત ઠરાવી કે જે મંડળીના વકીલોની મારફતે થઇ.

૨૦. પ્રોટેસ્તંતોના નવા પંથો ઉત્પન્ન થાય છે.

જે સ્વતંત્ર તપાસનો નિયમ "સુધારકો"એ સ્થાપ્યો કે જે પ્રમાણે હરેક માણુસ પોતાનો ધર્મ બૈબલમાંથી કાઢી શકે, તેથી જરૂર

જેટલાં માથાં તેટલા પંથો ઉત્પન્ન થાય. તો પણ વિચાર વગરના સાધારણ લોકો તો એક ગુરુ કે આગેવાનને વળગી રહે છે. તે ગુરુઓ કે આગેવાનોએ લુટરના વખતમાં એક બીજા સાથે લડાઇ કરી, તેથી તેના વખતમાં જુદા જુદા પંથો ઉત્પન્ન થયા. પણ રાજાઓએ તેઓને સતાવવા માંડયા, કેમકે રાજાઓએ અમે મતોની વાતમાં ન્યાયાધીશો છીએ એમ કહ્યું, અને લુટરનો કે કાલ્વીનનો મત લેવાનો હુકમ આપ્યો. તેથી જર્મનીમાં ઘણા વખત સુધી લુટરનો અને કાલ્વીનીસ્તોની વચ્ચે સખ્ત તકરાર ચાલી.

કાલ્વીનીસ્તોમાં, જ્યારે અર્મીનીયુસ નામના એક ડચ શાસ્ત્રીએ પરમેશ્વરના સ્વર્ગ અને નરકમાં જવાના ઠરાવ વિષેનો મત વધારે નરમ બનાવ્યો, ત્યારે ફુટફાટ થઇ. તેનો શત્રુ ગોમાર નામનો એક બીજો ડચ શાસ્ત્રી હતો કે જે કાલ્વીનના તે વાતમાંના મતને સખ્ત રીતે વળગી રહ્યો. ઓરાનીયાના મોરીજે ગોમારના મતને અનુસરીને અર્મીનીયાનોને ક્રૂર રીતે સતાવ્યા. ઇ. સ. ૧૬૧૮ માં દોર્ડરેખતમાં એકઠી થએલી સભામાં ગોમારનો મત ફતેહમંદ નિવડયો. તેથી ઘણા અર્મીનીયાનો પરદેશ એટલે અમેરિકા અને દક્ષિણ આફ્રિકામાં નિકળી ગયા, તેઓના વંશજો બુરો છે કે જેઓએ આપણા જમાનામાં દક્ષિણ આફ્રિકામાં અંગ્રેજોની સાથે લડાઇ કરી છે.

અનાબપ્તિસ્તોની વાત આગળ કહી છે. તેઓ પછી બીજા રૂપમાં મેન્નોનીતો તરીકે દાખલ થયા. તે મતનો સ્થાપનાર મેન્નો સીમોનીસ હતો (ઈ. સ. ૧૫૬૧). તેઓએ બાળકોનું બપ્તિસ્મા, સોગન કરવાનું અને સિપાઇ થવાનું નાપસંદ કર્યું.

સ્વેંકફેલ્ડીયોનો એક નવો પંથ ઉઠયો, જેનો સ્થાપનાર સ્વેંકફેલ્ડ પહેલો લુટરનો એક આતુર અનુયાયી હતો. પણ તેને લુટરનો ન્યાયીકરણ વિષેનો મત ગમતો નહતો. તે સિવાય તેણે જાહેર થએલી ઉપદેશકોની વાતને નાપસંદ કરી. પ્રભુના ભોજન વિષે તેણે પોતાનો મત રચ્યો. ન્યાયીકરણ વિષે જે મત સ્થાપીને લુટરે માણસના ન્યાયીપણાને ખ્રીસ્તનું લાગુ પડેલું ન્યાયીપણું ઠરાવ્યું, તેની વિરૂદ્ધ સ્વેંકફેલ્ડે વર્તણુકની પવિત્રતાની જરૂર ઠરાવી. લુટરે તેને સખ્ત રીતે સતાવ્યો, જેને વાસ્તે સ્વેંકફેલ્ડને દેશ દેશમાં રખડવું પડયું.

પયેતિસ્તોનો પંથ ફિલીપ્પ યાકોબ સ્પેનેરે (ઈ. સ. ૧૭૦૫) સ્થાપ્યો હતો. તેઓ મતને નકામો ગણીને ભક્ત લાગણીના આધાર

ઉપર ધર્મ બાંધે છે. તેઓના જેવો હેરનહુતરોનો પંથ છે. તે કૌંટ વન જિંજનડૉર્ફે સ્થાપેલો છે. કેટલાક "જાગૃત થએલા" પ્રોટેસ્તંતોએ રખડતા મોરેવીયન ભાઇઓની સાથે સંપ કરીને, પ્રાર્થનામાં રાતો કાઢી. પ્રીતિનાં ભોજનો પ્રભુનાં ભોજન આગળ થયાં.

તેઓના જેવો પંથ **મેથોડીસ્તોનો** પંથ છે. મેથોડીસ્તોનું નામ મેથોડ ઉપરથી કાઢ્યું છે, જેનો અર્થ માર્ગ છે. એટલે નવો મુક્તિનો માર્ગ કે પ્રાર્થનામાં કરેલો નિયમ અથવા માર્ગ. તે પંથનો સ્થાપનાર જોન વેસ્લી છે, (ઈ. સ. ૧૭૯૧). શરૂઆતમાં તેના અને હૈ ચર્ચ (અંગ્રેજી ઉંચી "શ્રીસભા") ના મતમાં ફેરફાર નહતો, પણ વેસ્લીનો હેતુ ભક્તિનું જીવન વધારીને પોતાના જમાનામાં વધતા નાસ્તિકપણા અને કુચાલની વિરૂદ્ધ લડાઇ કરવાનો હતો. જોર્જ વ્હૈટફીલ્ડે મેથોડીસ્તોની સાથે સંપ કર્યો. થોડા વખત પછી તેઓએ હેરનહુતરોની ભક્તિની લાગણીઓની ઓળખાણ કરી. હવેથી તેઓએ હેરનહુતરોની સાથે એવો મત કાઢ્યો કે પવિત્ર આત્માની હાજરી અકસ્માત લાગુ પડે છે, જેની સાથે આકાશી શાંતિ જોડાયેલી છે. પવિત્ર આત્માની અકસ્માત હાજરી શરીરના કંપારાઓ ઉપરથી માલૂમ પડી. હૈ ચર્ચવાળાએ વેસ્લીવાળાઓને આવેશી ઝનુનીઓ તરીકે ગણીને તેઓનો દ્વેષ કર્યો, જેથી વેસ્લીએ "અંગ્રેજી શ્રીસભા" ને છોડી દઇ, ધર્માધ્યક્ષનો હોદ્દો પોતે લઈ ઉપદેશકો અને ધર્માધ્યક્ષોને નિમાવ્યા. મેથોડીસ્તો કૃપાનાં પરિણામ અને પુનર્જન્મના મતને વાસ્તે હેરનહુતરોથી જુદા થયા. પછી વેસ્લીવાળાઓની વચ્ચે ફાટફુટ થઇ. વ્હૈટફીલ્ડે પરમેશ્વરના સ્વર્ગ કે નરકમાં જવાના ઠરાવ વિષે કાલ્વીનનો અને વેસ્લીએ અર્મીનીયુસના મતનો અંગિકાર કર્યો. કેટલાક વેસ્લીવાળાએ એવો મત શીખવ્યો કે યેસુખ્રીસ્તે આચરણને લગતો નિયમ કાઢી નાંખ્યો છે. તેથી તેઓમાં કુચાલ ભયંકર રીતે વધી.

વેસ્લીવાળાઓમાં ઘણા પંથો છે, જેમનામાં કેટલાક ધર્માધ્યક્ષોનું રાજ્ય સ્વીકારે છે અને બીજા પ્રેસ્બીતરોના એટલે વડીલોના રાજ્યને વળગી રહે છે મેથોડીસ્તો ઘણું કરીને ઇંગ્લંડ અને અમેરિકામાં ફેલાયા. જેમ જેમ તેઓની સંખ્યા વધી, તેમ તેમ તેઓમાં ફાટફુટ વધી.

ખોટી પરમાર્થનિષ્ટા જેમને **ક્વેકરો** એટલે ધ્રુજનાર કહે છે, તેઓમાં મળે છે. અકસ્માત તેઓનું અંતઃકરણ પ્રકાશિત થાય છે,

તે વાત શરીરની કુમારીથી માલૂમ પડે છે. ધર્મની રીતિઓ અને સાક્રામેન્તોને તેઓ નકામાં ગણે છે. જેનું મન પ્રકાશિત છે તે ઉપદેશ કરે છે. તેને વાસ્તે પાદરી સાહેબો કે ઉપદેશકોની જરૂર નથી. ક્વેકરો સોગન ન ખાતા, કર ન ભરતા અને સિપાઇઓ ન થતા.

સ્વેદનબોર્ગીયોનો પંથ એમાનુયેલ સ્વેદનબોર્ગે (ઇ. સ.૧૬૬૮–૧૭૭૨) સ્થાપ્યો. તેણે એવું કહ્યું કે "મને પરમેશ્વરે અસલનું ખ્રીસ્તીપણું ફરીથી સ્થાપવા અને નવા યેરૂસાલેમની મંડળી ફરીથી બાંધવા માટે મોકલ્યો છે." પવિત્ર ત્રૈક્યના મતને તે કાઢે છે, કેમકે તે ત્રૈકયને ત્રણ જુદાં પરમેશ્વરનાં પ્રકટિકરણ તરીકે માને છે. તે સિવાય તે આપણાં પ્રથમ માબાપની પડતી તથા મૂળ પાપ અને પુનરૂત્થાનનો મત નાપસંદ કરે છે. તે તારણનો મત ગ્નોસ્તીકોની રીતિ પ્રમાણે શીખવે છે, તેમાં ઘણું કરીને યેસુખ્રીસ્તે આપણાં પાપનો બદલો પરમેશ્વરને ભરી આપ્યો છે, તે મતનો ઇન્કાર કરે છે. નવા કરારનાં પુસ્તકોમાંથી તેને ફક્ત ચાર સુવાર્ત્તા અને યોહાન્નનું પ્રકટિકરણ ગમે છે.

ઇંગ્લાંડમાં ઇ. સ. ૧૬૦૮ માં **બપ્તિસ્તો** ઉઠયા છે. તેઓએ ફક્ત મોટા લોકોને પાણીમાં તેમને બોળીને બપ્તિસ્મા આપ્યું અને કેટલાક કાલ્વીનના સ્વર્ગ કે નરકમાં જવાના ઠરાવના મતને વળગી રહીને રવિવારને બદલે શનિવાર (સબથ) પાળ્યો. તેઓએ પરમેશ્વરની આજ્ઞા પાળવાની જરૂર માની નથી. તેઓમાં ઘણી સ્વતંત્ર મંડળીઓ છે, અને એક બીજીની સાથે સંબંધ ન રાખે એવી મંડળીનું રાજ્ય છે. એકમત જાહેર સ્વીકારવાનું તેઓ નાપસંદ કરે છે.

જે પંથો ધર્માધ્યક્ષોની રાજનીતિને નાપસંદ કરે છે, તેઓમાં **પ્રેસ્બીતરો** કે **પુરીતાનોનો** પંથ પણ હતો. સ્કોટલંડમાં તેને ફેલાવનાર જોન કનોક્ષ અને ઇંગ્લંડમાં ઓલીવર ક્રોમવેલ્લ હતો, જેણે તે પંથને ઐરલંડમાં પણ દાખલ કર્યો. મતના કાંઇક ફેરફારથી આ પંથ ૧૮ માં સૈકામાં જાણે કે અલોપ થઇ ગયો. તે પંથના શાસ્ત્રીઓ રિચર્ડ બક્તર અને ડાનીયેલ વિલ્લીયમ્સે જે ખરાબ અસર કાલ્વીનના ન્યાયીકરણ વિષેના મતથી આચરણ ઉપર થાય છે તે એવી સાફ રીતે બતાવી કે ઘણી મંડળીઓએ અર્મીનીયુસના પરમેશ્વરના ઠરાવ વિષેના મતનો અંગિકાર કર્યો. તેથી મંડળીઓમાંથી સંપ ઉડી ગયો. કેટલીક મંડળીઓ અરીયાનોના મતને વળગી રહીને ધીમે ધીમે યુ-

નીતારી થઈ ગઈ, એટલે તેઓ યેસુખ્રીસ્ત માત્ર માણુસ જ છે એમ માને છે. પોલંડના યુનીતારો સોઝીનીયાનો કહેવાય છે. પોલંડથી દેશનિકાલ થયા પછી તેઓએ પ્રશીયા અને ત્રાંસસીલ્વેનીયામાં પ્રવેશ કર્યો.

એક નવો પંથ મુક્તિફોજનો છે, જે "જેનરલ" બુથે સ્થાપેલો છે. શ્રદ્ધા રાખ્યાથી, પરમેશ્વરની આજ્ઞાઓ પાળ્યાથી અને યેસુખ્રીસ્તે ઠરાવેલાં સાક્રામેન્તો લીધાથી સ્વર્ગ મેળવવાને બદલે મુક્તિફોજવાળાઓ અલ્લેલ્યુઇયા અને બીજી બુમો કર્યાથી બળાત્કારથી સ્વર્ગ લેવાના છે. તેઓ બપ્તિસ્મા ન દેતા, માટે તેઓ ખ્રીસ્તી પંથ કહેવાય નહિ.

પ્રોટેસ્તંતોમાં નવા નવા પંથો હમેશાં થાય છે. "જ્યારે બાપા પોતાનું ખેતર નિંદે છે, ત્યારે કડવાં છોડવાં પ્રોટેસ્તંતોના ખેતરમાં નાંખી દેછે" એ કહેવત પ્રમાણે કોઈ વખત કાથોલિકો ભ્રષ્ટ થાય છે તો પેલા નવા પંથોની સંખ્યા વધે છે.

સ્વતંત્ર તપાસના નિયમથી હજારો પંથો એક બીજાની સાથે લડાઇ કરે એવા ઉત્પન્ન થાય છે, માટે તે નિયમ ખોટો છે એમ માલૂમ થાય છે.

દેશ દેશોનો મોટો સંપ જે મધ્યકાળમાં હતો, તેનો નાશ પ્રોટેસ્તંત મતથી થયો છે. જે પ્રજાઓ આગળ એક જ શ્રદ્ધાના બંધનથી એકઠી હતી, તેઓમાં તેમજ રાજા પ્રજામાં ધર્મની લડાઇઓની ફાચર ઘુસી ગઇ છે. તેણે શ્રીસભાનું રાજ્ય કાઢીને આત્મા ઉપરની સત્તા રાજાઓને આપી અને તેમને સાંસારિક તથા આત્મિક વાતોમાં સ્વતંત્ર અમલદારો બનાવ્યા. જે શ્રીસભાની માલમત્તાથી ખ્રીસ્તી ધર્મનાં સારાં કામો અને ઉંચી તથા પ્રાથમિક કેળવણીનો વધારો થયો, તે જપ્ત કરીને ઘણા વખત સુધી કેળવણી અને પ્રજાના ભલાની ઢીલ કરી છે, જેમ લુટર અને મેલંખતોને પોતે સ્વીકાર્યું છે. જે લોહીઆળા યુધ્ધો અને બળવા પાછળ આવ્યા છે, તેથી હુનરકળા તથા વિદ્વતાનો વધારો અશક્ય થઇ પડયો.

જે પંથોની મોટી સંખ્યા એક બીજાની સાથે લડાઇ કરે છે, તેથી દુનિયામાં કુસંપ અને લડાઇના દાખલા નજરે પડયા કે જેથી ફક્ત ખ્રીસ્તીઓ શક અને અનિશ્ચયને ધર્મની વાતોમાં આધિન થયા, એટલું જ નહિ પણ મૂર્તિપૂજકો ઠોકર ખાઇને ખ્રીસ્તી થવાની ના કહે છે.

૨૧. ફ્રાંસ અને હોલ્લંડમાં જાનસેનીસ્તોનો પંથ.

પરમેશ્વરની કૃપા અને માણુસની સ્વતંત્ર ઇચ્છાની વચ્ચે કેવો સંબંધ હોય તે સવાલ ઉપર સોળમા સૈકાથી અઢારમા સૈકા સુધી સખ્ત વિવાદ ઉત્પન્ન થયો. બાપા પાંચમા પિયુસે બાયુસના મતો નાપસંદ કર્યાં હતા. બાયુસ બાપાનો ચુકાદો સ્વીકારીને પોતે શ્રીસભાને આધિન થયો. તે વિવાદ ઘણું કરીને જેસુયીતો અને દોમીનીકાનોની વચ્ચે ચાલ્યો કે જે બન્ને કાથોલિક મતની હદમાં રહ્યા. હોલ્લંડમાં કોર્નેલીયુસ જાનસેનીયુસ નામના એક ધર્માધ્યક્ષે (ઇ. સ. ૧૬૩૮) એક પુસ્તક રચ્યું હતું, જેનું નામ “ ઔગુસ્તીનુસ ” હતું અને જે તેના મરણુ પછી જાહેર થયું. તે પુસ્તકમાં જેમ જાનસેનીયુસે ધાર્યું તેમ ઔગુસ્તીનુસના મતોનો નહિ પણુ કાલ્વીનના ખોટા મતોનો સમાવેશ હતો. જાનસેનીયુસે માણુસની સ્વતંત્ર ઇચ્છાનો ઇન્કાર કરીને કહ્યું છે કે માણુસે જરૂર કૃપાને આધિન થવું જોઇએ. બાપાએ આ પુસ્તકનાં અનેક વાકયો નાપસંદ કર્યાં, પણુ કેટલાક ફ્રેંચોએ બહુ સખ્ત રીતે તેમનો બચાવ કરવાનો યત્ન કર્યો હતો. તેથી જાનસેનીસ્તોનો પંથ ઉભો થયો, જે મૂળ પાપ અને કૃપા વિષેની ભૂલો સિવાય બાપાની સત્તાની સામે થઇને પાખંડી ઠર્યો છે. ફ્રાંસમાં તે પંથવાળાઓને કાથોલિક શ્રીસભામાં રહેવાની ઇચ્છા હતી, તેથી ત્યાં કાથોલિકોમાં મોટો ગભરાટ થયો.

૨૨. કાથોલિકો અને પ્રોટેસ્તંતોને એકઠા કરવાના પ્રયત્નો. પ્રોટેસ્તંતો શ્રીકોને પોતાની તરફ ખેંચવા પ્રયત્ન કરે છે.

વેસ્તફેલીયાની સલાહ થયા પછી કાથોલિકો તથા પ્રોટેસ્તંતોની વચ્ચે વિવાદો બંધ ન થયા. પ્રોટેસ્તંતોની નિંદાઓનો કાથોલિકોએ સભ્ય જવાબ પણુ નથી આપ્યો, તોપણુ બન્નેને એકઠા કરવાના પ્રયત્નો થયા. તે કામને વાસ્તે કેટલાક પ્રેરિતો રૂપી માણુસોએ પોતાનો પ્રાણુ મૂકયો છે. સિગમારીંગનના પવિત્ર ફિડેલીસને સ્વીટ્ઝર્લેંડમાં, જ્યારે તેણે “ એકજ શ્રદ્ધા, એકજ બપ્તિસ્મા, એકજ પરમેશ્વર અને બધાનો બાપ ” એ શબ્દ વિષે ધર્મબોધ કર્યો હતો, ત્યારે જ્વીંગલીવાળાઓએ મારી નાંખ્યો. સાલેસના પવિત્ર ફ્રાંસીસે ૭૨ હજાર કાલ્વીનીસ્તોને કાથોલિક શ્રીસભામાં ફેરવ્યા. ઘણું કરીને ઉમરાવો અને

વિદ્વાનો કાથોલિક શ્રીસભામાં પાછા આવ્યા. ખ્રાસ્તીના કરીને સ્વીડનના રાજા ગુસ્તાવુસ અડોલ્ફુસની દિકરી કાથોલિક શ્રીસભામાં પાછી આવી, જેથી તે દિકરી ગાદીભ્રષ્ટ થઇ. જે પ્રયત્નો કાથોલિક પક્ષ તરફથી બોસ્સુએત નામના એક ધર્માધ્યક્ષ અને પ્રોટેસ્તંત પંથના લૈબનીત્ઝીયુસ નામના એક વિદ્વાને એકસંપ કરવાની વાતમાં કર્યો છે, તે પ્રખ્યાત છે. પણ લૈબનીત્ઝીયુસે કાથોલિક શ્રીસભાની સત્તા સ્વીકારી નથી, તેથી તે પ્રયત્નો નિષ્ફળ નિવડયા.

ઇ. સ. ૧૫૫૯ માં પ્રોટેસ્તંતોએ રોમથી જુદા થએલા કોંસ્તંતીનોપલના પાત્રીયાર્ખને પોતા તરફ ખેંચવા પ્રયત્ન કર્યો પણ તેણે પ્રોટેસ્તંતોને “ તમારી ભુલો મુકી દો અને મને ફરીથી તસ્દી ન દો ” એવી ચેતવણી આપી.

પણ કાલ્વીનીસ્તોએ સીરીલ્લુસ લુકારીસ નામના કોંસ્તંતીનોપલના પાત્રીયઆર્ખને (ઇ. સ. ૧૬૩૮) પોતા તરફ ખેંચ્યો. તેણે પૂર્વમાં કાલ્વીનનો મત ફેલાવવા પ્રયત્ન કર્યો. પણ તેથી ગ્રીકોએ ગુસ્સે થઇને અનેક સભાઓ એકઠી કરી કે જેમાં તેઓએ ત્રાંસસુબસ્તંતીયાત્ઝીયોનો મત જારી રાખ્યો અને કાલ્વીનના પરમેશ્વરના ઠરાવ વિષેના મતને નિંદક અને પાખંડી ગણીને નાપસંદ કર્યો.

કમનસિબે જે બાપાએ ગ્રીકોને રોમની સાથે એકઠા કરવા પ્રયત્નો કર્યા, તેમની સામે ગ્રીકો રોમથી જુદા રહ્યા. રૂશીયનો કે જેમને ખ્રીસ્તી ધર્મ કોંસ્તંતીનોપલથા મળ્યો, અને જેઓ ગ્રીકોની સાથે રોમથી જુદા થયા હતા તેઓએ સોળમા સૈકામાં કોંસ્તંતીનોપલથી જુદા થવા પ્રયત્ન કર્યો. ઈ. સ. ૧૫૮૯ માં મોસ્કોનો પાત્રીયાર્ખ ગ્રીક શ્રીસભાથી જુદો થયો. રૂશીયાના બાદશાહ મોટા પિતરે રૂશીયન સરકારી શ્રીસભા સ્થાપી, જેને તેણે ઓર્થોદાક્ષ એટલે ખરી શ્રદ્ધા રાખનાર એવું નામ આપ્યું. તેણે પાત્રીયાર્ખપણું કાઢીને, પવિત્ર સીનોડ એટલે સભા સ્થાપી અને પોતાને રૂશીયન શ્રીસભાનો મુખ્ય ઠરાવ્યો. પૂર્વના કેટલાક પંથો રોમની સાથે એકઠા થયા, જેમ કે નસ્તોરીયાનોનો એક ભાગ. સોળમા સૈકામાં લીબનોન પર્વતમાં વસેલાઓ મોનોથોલેતી મારોનીતો રોમની સાથે જોડાયા.

૨૩. ફ્રાંસના જ્ઞાન બુદ્ધિસ્તો, ફ્રીમેસન્સ તથા વિદ્વાનો.

જે સ્વતંત્ર તપાસના હકનો દાવો “ સુધારકો ” એ કર્યો, તે તેમના અનુયાયીઓએ પોતાને વાસ્તે પણ કર્યો. એમ કરીને કેટલાક

ખ્રાસ્તીપણું નાબુદ કરવાનો પ્રયત્ન કર્યો. તેઓએ પરમેશ્વરના પ્રકટિકરણનો ઈન્કાર કરીને કુદરતી ધર્મ સ્વીકાર્યો. કદાચ પરમેશ્વરનું અસ્તિત્વ અને આત્માની અમરતા માન્યાં, કોઇ વખતે નહિ પણ માન્યાં. ઇંગ્લાંડમાં પહેલાં એવાં પુસ્તકો રચ્યાં કે જેમાં માણસની અક્કલને એકલીને નિસંશયપણાનું મૂળ ઠરાવ્યું અને ઘણી વાર ખ્રીસ્તી ધર્મની મશ્કરી થઇ.

આ વખતમાં ઇંગ્લંડના એવા સ્વતંત્ર વિચારના માણસોને સરકારની મહેરબાની ન મળી, તેને વાસ્તે તેઓ ગુપ્ત મંડળીઓમાં, તેમાં ઘણું કરીને **ફ્રીમેસન્સ**ની મંડળીઓમાં એકઠા થયા. ઇ. સ. ૧૭૧૭ માં લંડનમાં પહેલું "**ભૂતખાનું**" જે નામ આ દેશના લોક ફ્રીમેસન્સનાં ઘરોને આપે છે તે સ્થાપ્યું છે. ત્યાંથી એવાં ભૂતખાનાં બધાં દેશોમાં ફેલાયાં, જ્યાં ફ્રીમેસન્સ ખ્રીસ્તી મત, તેમાં વિશેષે કરીને કાથોલિક શ્રીસભાની વિરૂદ્ધ લડાઇ કરે છે. ફ્રીમેસન્સ ગુપ્ત સોગન ખાય છે અને ખ્રીસ્તી ધર્મની વિરૂદ્ધ લડે છે, તેને વાસ્તે બાપાએ ફ્રીમેસન્સની મંડળીઓ તથા અવયવોની અને દાખલ થવાની મના કરી છે. જે કાથોલિક એવી મંડળીનો અવયવ થાય તેને કાથોલિક શ્રીસભામાંથી કાઢી મૂકે છે.

અંગ્રેજી સ્વતંત્ર વિચારના માણસોનાં પુસ્તકો ફ્રાંસમાં રસાળ જમીન ઉપર પડયાં, કે જે જમીન ચૌદમા લુઇસના વખતમાં ઉંચા વર્ગના નાસ્તિકપણા અને કુચાલે એવા કડવા છોડવાને વાસ્તે તૈયાર કરેલી હતી. સત્તરમા સૈકાના મધ્ય ભાગમાં ફ્રેંચ વિદ્વાનોએ ખ્રીસ્તીપણાની વિરૂદ્ધ યથાક્રમરૂપી લડાઇ શરૂ કરી. તેઓનો આગેવાન વોલ્તેર નામનો એક વિદ્વાન હતો. તેનું વાક્ય એ હતું કે "એક્રાસે લિનંફામ" એટલે જે કાથોલિક શ્રીસભાને તેણે ફજેત થએલી ગણી તેને છુંદી નાંખો. કશું પણ પવિત્ર બાકી રહ્યું નહોતું કે જેની વોલ્તેરે મશ્કરી કરી ન હોય. તે પોતાનો હેતુ પૂરો કરવા માટે હરેક ખરાબ ઉપાય, જૂઠી વાત, નિંદા અને ખોટું તહોમત ઉપયોગમાં લાવ્યો. તેણે પોતાના અનુયાયીઓને એવી સલાહ આપી કે "તમારે કાથોલિક શ્રીસભાની વિરૂદ્ધ ભૂતોના જેવી જૂઠી વાતો બોલવી જોઇએ." બીજાં કારણો સિવાય એવાં શિક્ષણથી અરાઢમા સૈકામાં ભયંકર ફ્રેંચ બળવો ઉત્પન્ન થયો કે જેમાં કાથોલિકોના લાખો માણસોએ પરમેશ્વર, રાજા અને સ્વદેશને વાસ્તે પોતાના પ્રાણ આપ્યા છે. જે

ખરાબ હાલતમાં ફ્રાંસમાં કાથોલિક શ્રીસભા આજ દિન સુધી છે, તે તે ખરાબ પુસ્તકો અને ભયંકર બળવાનું પરિણામ છે.

કાથોલિક શ્રીસભાનો એ લડાઇમાં મજબૂત કોટ જેસુયીતોનું મંડળ હતું. કાથોલિક શ્રીસભાની વિરૂદ્ધની લડાઇમાં તે કોટ કાઢવા માટે સ્પેન, પોર્તુગાલ અને ફ્રાંસના સ્વતંત્ર વિચારના આદમીઓ એકઠા થયા. વોલ્તરે એમ કહ્યું કે "જો અમે જેસુયીતોના મંડળનો નાશ કરીશું, તો ખ્રીસ્તીપણાનો નાશ કરવાનું કામ હલકું થશે." કમનસિબે સ્પેન, ફ્રાંસ અને નેપલ્સના રાજાઓએ સ્વતંત્ર વિચારના માણસોની સાથે સંપ કરીને બાપા ચૌદમા કલેમેન્સ ઉપર એવી અરજ મોકલી કે "આપ સાહેબ જેસુયીતોનું મંડળ નાબુદ કરો." બાપાએ બિકણ થઇને તેથી શ્રીસભા જોખમથી દૂર થશે એમ વિચારીને ઇ. સ. ૧૭૭૩ માં એક ફરમાશ જાહેર કરી કે જે પ્રમાણે તેણે જેસુયીનોનું મંડળ નાબુદ કર્યું. જે ખોટાં તહોમતો તેનાં અવયવો ઉપર મૂકયાં હતાં, તે તપાસ્યા વગર રાજાઓને પ્રસન્ન કરવા માટે બાપાએ એમ કર્યું. તે કામને વાસ્તે બાપાને મરણ સુધી પ્રેરકબુદ્ધિની ભારે પીડા લાગી. જ્યારે ઇ. સ. ૧૭૭૪ માં બાપા ચૌદમો કલેમેન્સ મરી ગયો, ત્યારે એવી ચર્ચા ચાલી કે જેસુયીતોએ તેને ઝેર આપ્યું છે, પણ તે ખોટું છે. જેસુયીતો બાપાના હુકમના તાબામાં રહ્યા. તેમના ઉપરિને બાપાના કોટમાં કેદી તરીકે અનેક વરસ સુધી રાખ્યો. પણ "હું અને મારૂં મંડળ નિર્દોષ છીએ" એમ કહેતાં તે કેદખાનામાં મરી ગયો.

રૂશીયામાં બાપાનું હુકમનામું પ્રગટ ન થયું તેથી ત્યાં જેસુયીતોનું મંડળ કાયમ રહ્યું. રૂશીયાનાં મહારાણી બીજાં કાતારીના અને પ્રશીયાના રાજા મોટા ફ્રેદ્રિકે જેસુયીતોનું રક્ષણ કર્યું. ઇ. સ. ૧૭૮૨ માં બાપા છઠ્ઠા પિયુસે રૂશીયામાં વસતા જેસુયીતોને એક નવા ઉપરિને રૂશીયાને વાસ્તે ચુંટી કાઢવાની પરવાનગી આપી. ઇ. સ. ૧૮૧૪ માં બાપા સાતમા પિયુસે જેસુયીતોનું મંડળ ફરીથી સ્થાપ્યું કે જે થોડા વખતમાં ફરીથી ખીલવા લાગ્યું.

૨૪. છઠ્ઠા પિયુસ બાપા, ઇ. સ. ૧૭૭૫–૧૭૯૯.

જર્મનીમાં પ્રોટેસ્તંતોની વચ્ચમાં જ્ઞાનબુદ્ધિ આગળ વધી. તેમનાં અને ફ્રેંચ વિદ્વાનોનાં પુસ્તકો વાંચવાથી જ્ઞાનબુદ્ધિનો ચેપ કેટલાક કાથોલિક ધર્માધ્યક્ષો અને યાજકોને લાગ્યો. તેઓએ બાપાની સ-

ત્તાનો ઇન્કાર કરવા માંડયો, ખ્રીસ્તીપણાના અનેક મતો નાપસંદ કરવા માંડયા અને બહુ કડવી રીતે ભક્ત કાથોલિકોની વિરૂદ્ધ લડાઇ કરવા માંડી છે. પોતાને પ્રકાશિત કહીને કમનસિબે અનેક કાથોલિક રાજાઓ, તેમાં ઓસ્ત્રીયાના બાદશાહ બીજા યોસેફને પોતાના પક્ષમાં ખેંચ્યો. તે બાદશાહે પોતાને ધર્મની વાતોમાં પણ ઉપરિ તરીકે ધારીને મઠવાસોની એક મોટી સંખ્યા કાઢી નાંખી, અને પ્રજાનું ભલું કરવાને બ્હાને તેમની માલમત્તા જપ્ત કરી. જે યાજકો થવાના હતા તેઓને પાઠશાળાઓમાં સ્વતંત્ર વિચારો મુજબ ઉછરાવ્યા. બાદશાહને એવા ખરાબ માર્ગો ઉપરથી સારા રસ્તાપર લાવવા માટે ઇ. સ. ૧૭૮૨ માં બાપા છઠ્ઠા પિયુસે પોતે વૈયેન્ના તરફ મુસાફરી કરી. ત્યાં આવી પહોંચ્યા પછી બાદશાહે તેનો સારો અંગિકાર કર્યો નથી, તેથી વધારે સારો તેનો અંગિકાર કાથોલિક પ્રજાએ કર્યો; તે એવી રીતે કે બાપાએ જર્મની થઇને કરેલી મુસાફરી બહુ શોભિતી વરઘોડા જેવી થઇ.

તે બાપાને ફ્રેંચ બળવાના કંટાળા જોવા પડયા. તે બળવો ઇ. સ. ૧૭૮૯ માં ઉઠવા લાગ્યો. જે ધર્માધ્યક્ષો અને યાજકો કાથોલિક શ્રીસભાને વળગી રહ્યા, તેઓની વિરૂદ્ધ લડાઇ બહુ સખ્ત રીતે ચાલી. તેઓમાંના જેઓએ સરકારના હુકમનામાને તાબે થવાના સોગન ન ખાધા તેઓને હોદ્દા ઉપરથી કાઢી નાંખીને ઘણાને મારી નાંખ્યા. ફોકટ ત્રણ ધર્માધ્યક્ષો અને યાજકોની નાની સરખી સંખ્યાએ એ સોગન ખાધા કે જે પ્રમાણે તેઓએ સરકારને શ્રીસભાની ઉપરિ તરીકે સ્વીકારી.

ફ્રાંસમાં તે બળવો સોળમા લુયીસ રાજાને મારી નાંખવથી ઉંચામાં ઉંચા પદ ઉપર ચડયો, ઇ. સ. ૧૭૯૨. ખ્રીસ્તીપણું નાબુદ થયું, યાજકોને મારી નાંખ્યા, દેવળોને અભડાવ્યાં અને જ્ઞાનબુદ્ધિનાં મંદિરો ઠરાવ્યાં. એવાં કુકર્મો વિરૂદ્ધ બાપાએ પોતાની વાણી સંભળાવી. તેનો દ્વેષ કરવા માટે એક ફ્રેંચ લશ્કરે રોમ શહેર લીધા પછી બાપાના સંસ્થાનને પરમેશ્વર વગરનું પ્રજાસત્તાક બનાવીને પિયુસને કેદી કર્યો. તે કેદી તરીકે ઇ. સ. ૧૭૯૯ માં મરી ગયો.

જે ધર્માધ્યક્ષો શ્રીસભાની વિરૂદ્ધ હતા તેઓએ ઇટાલીના પીસ્તોયામાં એકઠા થઇને જાનસેનીસ્તોનાં પુસ્તકોની ભલામણ કરી, કાથોલિક મંડળોની વિરૂદ્ધ લડાઇ કરી, ધર્માધ્યક્ષોના બાપા સાથેના

સંબંધ તથા કાંઇ શ્રીસભાની :રીતિઓ અને રિવાજો વિષે ખોટા મતો જાહેર કર્યા. ઘણું કરીને યેસુની પવિત્ર અંતઃકરણની ભક્તિનો દ્વેષ કર્યો અને શ્રીસભાને સરકારને સ્વાધિન ઠરાવી. એવા સઘળા ચૂકાદા બાપાએ નાપસંદ કર્યા.

૨૫. ઓગણીસ અને વીસમા સૈકાના બાપાઓ.

૧. સાતમો પિયુસ, ઈ. સ. ૧૮૦૦–૧૮૨૩. છઠ્ઠા પિયુસના મરણ પછી શ્રીસભાના શત્રુઓએ હર્ષ સાથે વિચાર્યું કે હવે બાપાપણાનો અંત આવ્યો છે. તોપણ તેમના હર્ષનો અંત જલ્દી આવ્યો, કેમકે સાતમા પિયુસને બાપાના રાજ્યાસન ઉપર બેસાર્યો છે.

ફ્રાંસમાં બળવાની સ્થિતિએ એક વધારે શાંત સ્થિતિને જગા દીધી હતી, તેને વાસ્તે બાપા ફ્રાંસના કોંસુલ નેપોલેઓન બોનાપાર્તેની સાથે કોલકરાર કરીને ધર્માધ્યક્ષોને ઠરાવી શક્યો. પણ થોડા વખત પછી નેપોલેઓને તે કોલકરાર તોડીને એવી માગણી કરી કે બાપા ફ્રાંસના શત્રુઓને પોતાના શત્રુ ગણે. બાપાએ ના કહી, તેથી નેપોલેઓને બાપાના હાથમાંથી બાપાનું સંસ્થાન છીનવી લીધું. જ્યારે બાપાએ નેપોલેઓનને શ્રીસભામાંથી કાઢી મૂક્યો ત્યારે નેપોલેઓને મશ્કરી કરીને કહ્યું કે "તેથી મારા સિપાઇઓના હાથમાંથી બંદૂકો પડશે નહિ." પણ જૂવો પરમેશ્વરનો ન્યાય! શબ્દે શબ્દ નેપોલેઓનના સિપાઇઓના હાથમાંથી, જ્યારે તે ભયંકર લશ્કર લઇને રૂશીયાને જીતી લેવા માટે ત્યાં દાખલ થયો ત્યારે બંદૂકો પડી ગઈ. દશ લાખ સિપાઇઓમાંના આશરે પચાશ હજાર સ્વદેશમાં પાછા આવ્યા.

નેપોલેઓનને શ્રીસભામાંથી કાઢી મૂક્યો, તેથી તે બાપાનો દ્વેષ કરીને તેને કેદી તરીકે પોતાની સાથે ફ્રાંસમાં લઈ ગયો. બાપા એટલો માંદો થઈ ગયો કે માર્ગમાં તેને મરતી વખતનાં સાક્રામેન્તો આપ્યાં. તે છતાં નેપોલેઓનની ઇચ્છા પ્રમાણે કરવાની તેણે ના પાડી છે. એટલામા નેપોલેઓને પોતાને ફ્રાંસના બાદશાહ તરીકે પ્રગટ કરાવ્યો. નેપાલેઓને લૈપજીગ પાસે હારીને બાપાને રોમ પાછા જવાની રજા આપી. થોડા વખત પછી નાપોલેઓનને ગાદી ઉપરથી ઉતાર્યો. તે ઈ. સ. ૧૮૨૧ માં કેદી તરીકે સેંટ હેલેના બેટમાં મરી ગયો.

સાતમા પિયુસના રાજ્યમાં જર્મન શ્રીસભામાં બહુ મોટા ફેરફારો થયા, એટલે જે રાજ્યો ધર્માધ્યક્ષોના હાથમાં હતાં, તેઓના હાથમાંથી લેઇને સાંસારિક રાજાઓના હાથમાં સોંપી દીધા છે. સાં-

સારિક રાજાઓએ મઠોનો નાશ કરીને તેમની માલમત્તા જપ્ત કરી લીધી છે. નવાં સંસ્થાનો સ્થાપ્યાં અને રોમી જર્મન પ્રજાની બાદશાહત નાબુદ કરી, ઈ. સ. ૧૮૦૬. નવા રાજાઓની સાથે પિયુસે કોલકરાર કરીને શ્રીસભાના કામકાજની બાબતમાં બંદોબસ્ત કરીને નવા ધર્માધ્યક્ષોના પ્રાંતો ઠરાવ્યા.

તે સૈકાના બાપાઓમાં અઠમા પિયુસ અને બારમા લેઓ સિવાય સોળમો ગ્રેગોરીયુસ એક મોટો બાપા હતો (ઈ. સ. ૧૮૩૧–૧૮૪૬). તે કરતાં વધારે મોટો (૨) **નવમો પિયુસ** હતો, (ઈ. સ. ૧૮૪૬-૧૮૭૮). તે ગાદી ઉપર બેઠા પછી થોડા વખતે બાપાના સંસ્થાનમાં બળવો ઉઠયો, જેનો હેતુ ઇટાલીમાં પ્રજાસત્તા ઠરાવવાનો હતો. પિયુસને રોમમાંથી ન્હાસી જવું પડયું (ઈ. સ. ૧૮૪૮). તે બે વરસ નેપલ્સના ગાયેટા કોટમાં રહીને ફ્રેંચોને રક્ષણે રોમમાં પાછો આવ્યો, (ઈ. સ. ૧૮૫૦). તેણે ઇંગ્લંડ અને હોલ્લંડમાં ધર્માધ્યક્ષોનાં આસનો સ્થાપ્યાં, જેથી અંગ્રેજી પ્રોટેસ્તંતોનો બાપા ઉપરનો દ્વેષ ફરીથી જાહેર થયો અને ઘણી જગાઓમાં "નો પોપરી, નો પોપરી" એટલે બાપાપણું નહિ, એવો જૂનો પોકાર સાંભળવામાં આવ્યો છે.

ઈ. સ. ૧૮૫૪ ના ડિસેમ્બરની ૮ મી તારીખે બાપા પિયુસે પવિત્ર મારિયા મૂળ પાપ વગર ફરજન થએલી છે તે મત પ્રગટ કર્યો, એટલે પવિત્ર મારિયા ફરજન થઇ તે ઘડીએ યેસુ ખ્રીસ્તના પુણ્ય વડે મૂળ પાપના સર્વ ડાઘથી બચેલી છે, તે પરમેશ્વરથી પ્રગટ થએલું સત્ય છે કે જેને બધા કાથોલિકોએ કાથોલિક ધર્મના મત તરીકે માની લેવું જોઇએ.

બાપાએ "એંસીકલીકા" નામના જાહેર લેખોમાં અને ઘણું કરીને ઈ. સ. ૧૮૬૪ માં જાહેર કરેલા "સિલ્લાબુસ" નામના લેખમાં શ્રીસભાની મંત્રીસભાઓ બાપાથી ચડતી છે એવો ગાલ્લીકાનો અને જાનસેનીસ્તોનો ખોટો મત અને સ્વતંત્ર વિચારો જે લિબેરાલીસ્મ કહેવાય છે તે નાપસંદ કર્યા.

ઈ. સ. ૧૮૬૯–૭૦ વીશમી શ્રીસભાની સામાન્ય મંત્રીસભા કે જે વાટીકાનની પણ કહેવાય છે તે એકઠી કરી હતી. તેમાં આ જમાનાની ઘણી ભૂલો, જેમ કે જાનસેનીસ્તો અને માતેરીયાલીસ્તો જેઓ અદ્રશ્ય પદાર્થ કે તત્ત્વ ન માનતા તેમની ભૂલો નાપસંદ કરી છે. તે સિવાય બાપાની અચૂકતાનો મત જાહેર કર્યો છે, એટલે

જ્યારે બાપા આખી શ્રીસભાના શિક્ષક તરીકે, જાણે કે બાપાના રાજ્યાસન ઉપરથી કાંઇ શ્રદ્ધા કે આચરણને લગતો મત બધાએ માનવો એમ જાહેર કરે છે ત્યારે પવિત્ર આત્માની મદદથી તે કાંઇ ભૂલ કરી ન શકે, એ મત. યુરોપની ઘણી સરકારોએ બાપાનો દ્વેષ કરીને કેટલાક વિદ્વાનોને આશરો આપ્યો છે, જેઓએ અમે અચૂક છીએ એમ વિચારીને બાપાની ઉપર કહેલી અચૂકતા માની લીધી નથી. વિદ્વાનોએ જૂના કાથોલિકોનો પંથ સ્થાપ્યો છે કે જેનું ખરૂં નામ નવા પ્રોટેસ્તંતોનો પંથ છે. સરકારોએ આ પાખંડી લોકોની મદદે એક સરકારી શ્રીસભા સ્થાપીને કાથોલિકો અને પ્રોટેસ્તંતોને એક ધર્મમાં દાખલ કરવા ચાહ્યું, પણ તે કામ ફાવ્યું નથી.

પ્રશીયામાં કાથોલિકોને બહુ સખ્ત રીતે સતાવવામાં અને ધર્માધ્યક્ષો તથા યાજકોને કેદખાનામાં ઘાલવામાં આવ્યા. અનેક જગાઓમાં કાથોલિકોનાં દેવળો “ જૂના કાથોલિકો ” ને સોંપી દીધાં, કાથોલિકોની નિશાળો તથા પાઠશાળાઓનો નાશ થયો અને શ્રીસભાનાં મંડળોનાં અવયવોને દેશનિકાલ કર્યાં પણ કાથોલિક પ્રજાએ સખ્ત રીતે એવા રાજાઓના કાથોલિક શ્રીસભાના નાશ કરવાના પ્રયત્નોની સામે થઇ, જે યાજકોને સરકારે ઠરાવ્યા, તેઓના હાથમાંથી સાક્રામેન્તો લેવા ના કહી છે. છેવટે સરકારને તે હુકમનામાં રદ કરવાં પડયાં.

ઈ. સ. ૧૮૭૦ માં ઇટાલીની સરકારે બાપાના હાથમાંથી રોમ શહેર અને વાટીકાનના મહેલ સિવાયનાં તેનાં સંસ્થાનો છીનવી લીધાં. જે નાણું, આગળ શ્રીસભાનું રાજ્ય ચલાવવા તથા શ્રીસભાનાં મંડળો, ઇસ્પીતાલો ઇત્યાદિ કાયમ રાખવા માટે જરૂરનાં હતાં, તે બાપાનાં સંસ્થાનના કરોથી પેદા થતાં હવેથી ન મળે, તેને વાસ્તે કાથોલિક પ્રજા ખુશીથી બાપાને વાસ્તે રકમ એકઠી કરતી કે જેનું નામ અંગ્રેજીમાં પિતર્સ પેન્સ એટલે પવિત્ર પેત્રુસના પૈસા છે.

૩. તેરમા લેઓનું રાજ્ય (ઇ. સ. ૧૮૭૮–૧૯૦૩) બહુ વૈભવવાળું હતું. તેણે અનેક સરકારની સાથે, તેમાં વિશેષે કરીને પ્રશીયાની સરકારની સાથે સલાહ કરી. જ્યારે સ્પેન અને જર્મની વચ્ચે પાસિફિક સમુદ્રમાં રહેલા કારોલીનો, નામના બેટોને વાસ્તે તકરાર ચાલી ત્યારે બાપાને લવાદ તરીકે ઠરાવીને મોટું માન જર્મનીના પ્રધાન બીસ્માર્કે આપ્યું. જે સારા, લેઓ, તેરમા લેઓએ ખ્રી-

સ્તીપણાને લગતા બહુ અગત્યના સવાલો જેમકે લગ્ન, રાજનીતિ, મહેનત ઇત્યાદિ વિષે ખ્રીસ્તી પ્રજાને જાહેર કર્યા, તેથી તે બાપા બહુ પ્રખ્યાત થયો છે. ઇંગ્લંડને તેણે કાથોલિક શ્રીસભામાં પાછા આવવાનું આમંત્રણ કરીને "અંગ્રેજી શ્રીસભા" ના પાદરીઓને યાજકપણું બિલકૂલ નથી એમ જાહેર કર્યું. તેની વિદ્વત્તા અને ડહાપણથી શ્રીસભાના શત્રુઓ ઉપર તેણે બહુ સારી અસર કરી, એવી રીતે કે અનેક પ્રોટેસ્તંત રાજાઓએ તેની સાથે સખ્ત મિત્રાચારી રાખી; જેમકે જર્મનના બાદશાહ બીજા વિલિયમ, ઇંગ્લંડના રાજા સાતમા એડવર્ડ કે જેણે બાપાને તેના મોતના થોડા મહીના આગળ રોમમાં જોવા માટે તસ્દી લીધી. તે બાપાએ ખ્રીસ્તી વિદ્વત્તા સજીવન કરવા માટે વિદ્વાનોને બહુ ઉત્તેજન આપ્યું. કવિ તરીકે તે બાપા હમેશાં સુધી નામાંકિત રહેશે.

૪. **દશમો પિયુસ** (ઇ. સ. ૧૯૦૩) ગરીબ કુટુંબનો તેની પાછળ આવનાર થયો. મજબુત હાથવડે તે શ્રીસભાનું રાજ્ય ચલાવે છે, અને જે કાંઇ ખરાબી શ્રીસભામાં દાખલ થઇ છે, તેને સુધારવાનો તે પ્રયત્ન કરે છે, જેમકે જ્યાં દેવળોમાં ગાવાની રીત સાંસારિક ગીતના જેવી થાય છે, ત્યાં સુધારો કરવાનો તેણે હુકમ આપ્યો છે. જે કાથોલીક લોકો ધર્મની બાબતમાં પરમેશ્વરનાં સ્વભાવોપરીનાં કૃત્યોનો ઇન્કાર કરે છે અને જેમનું નામ મોડર્નીસ્તો પડયું છે, તેમની વિરૂદ્ધ શુરવીરની રીતે લડાઇ કરે છે. ફ્રાંસ દેશના ફ્રીમેસન્સોએ કાથોલીક ધર્મની સતાવણી કરતાં ધર્મના મંડલોનાં અવયવોને દેશનીકાલ કર્યા, શ્રીસભાની માલમતા જપ્ત કીધી, નિશાળો અને જાહેર કામોમાં પરમેશ્વરનું નામ લેવાની મના કરી ઇત્યાદિ કુકર્મો કર્યા છતાં બાપા દસમો પિયુસ નિર્ભય રીતે શ્રીસભાનું વહાણ જગતના સમુદ્રનાં છોળો થઇને સ્વર્ગના કીનાર તરફ ચલાવે છે.

૨૬. કાથોલિક શ્રીસભાનો દુનિયાના બધા દેશોમાંનો ફેલાવ.

કાથોલિક શ્રીસભાનો ઇતિહાસ તેના જુદા જુદા દેશોમાંના ફેલાવનો ઇતિહાસ છે. કેટલાક દેશોએ તેના મતનો સારો અંગિકાર કરીને તેને જારી રાખીને પોતાને સુખી બનાવ્યા. બીજા દેશોમાં એક વખત ખ્રીસ્તીપણું ખીલતું હતું, પણ આજ તેઓ સાંસારિક અને આત્મિક વાતમાં ઉજ્જડ જમીન જેવા છેં. તે દેશના લોકે ખ્રીસ્તીધર્મ કાઢીને મુસલમાની ધર્મનો અંગિકાર કર્યો. વિષનું જીવન ત્યાં

આત્મિક જીવનને દાબી નાંખે છે. સાંસારિક અને આત્મિક આળસે મુસલમાનોના દેશોમાં પ્રવેશ કર્યો. બીજા કેટલાક દેશોમાં સાંસારિક આળસ ચાલતું નથી ખરૂં, પણ આત્મિક વાતમાં ચાલે છે, સંસારનાં કામોને લીધે સર્વકાલિક જીંદગીની ફિકર ઉડી ગઈ અને નાસ્તિક-પણું કે પાખંડી મત ચાલે છે. આજદિન સુધી દુનિયાના કરોડો લોકો હલકી રીતે કે સુધરેલી રીતે મૂર્તિપૂજા કરે છે. તેમનામાં ખ્રીસ્તી સુવાર્ત્તા પ્રગટ કરવા માટે હજારો મીશનરીઓ દાખલ થાય છે, પણ એ કામને વાસ્તે યેસુખ્રીસ્તે માત્ર કાથોલિક શ્રીસભાને સ્થાપી છે.

એ કારણને લીધે ફકત કાથોલિક શ્રીસભાએ મોકલેલા તથા તેની સાથે સંબંધ રાખનાર એલચીઓને દુનિયાની પ્રજામાં સુવાર્ત્તા પ્રગટ કરવા બોલાવેલા છે. ફકત પવિત્ર પેત્રુસ અને તેની સાથે સં-બંધ રાખનારા પ્રેરિતોને યેસુખ્રીસ્તે એવો હુકમ આપ્યો છે કે "તમે બધા દેશોમાં જઇને બધા દેશોના લોકોને શીખવો તથા બાપ અને પુત્ર અને પવિત્ર આત્માના નામમાં તેમને બપ્તિસ્મા આપો...અને જૂઓ, જગતના અંત સુધી હું તમારી સાથે છું."
મત્થી ૨૮, ૧૯—૨૦.

યેસુખ્રીસ્ત ફક્ત કાથોલિક શ્રીસભામાં અને તેની સાથે રહે છે, બીજી મંડળીઓમાં કે તેમની સાથે નહિ. ખરી વાત એ છે કે બીજી ખ્રીસ્તી, મુસલમાન કે હિન્દુ ઇત્યાદીની મંડળીના ખાસ શખ્-સની સાથે, જો તેઓ જ્ઞાનબુદ્ધિના ખાસ અજવાળા પ્રમાણે ખરા પરમેશ્વરને જાણીને કુદરતી નિયમ રાખે, તથા જે કૃપા પરમેશ્વર બધા લોકોને આપે છે, તે વડે સ્વભાવોપરિ કરણીઓ કરે તો કદાચ તે-મની સાથે ખ્રીસ્ત છે. ખ્રીસ્તની તથા તેણે સ્થાપેલી શ્રીસભાની વાતોમાં પાપ વગરની ભૂલમાં છતાં સત્ય તથા તેની સર્વ ફરજોનો અંગિકાર કરવા, જો તે તેઓના જાણવામાં આવે છે, તો તૈયાર છે, તો તેઓ તારણ પામશે.

ફરીથી કહીએ છીએ કે બધી ખ્રીસ્તી મંડળીઓમાં ફક્ત કા-થોલિક શ્રીસભા યેસુખ્રીસ્તની મંડળી છે. જો કોઇ બીજી મંડળી યેસુ ખ્રીસ્તનું કામ ચલાવવા વિચારે છે, તો તેણે આ યેસુ ખ્રીસ્તના શબ્દો ધ્યાનમાં રાખવા જોઇએ કે "જે કોઈ મારી સાથે નથી, તે મારી વિરૂદ્ધ છે; જે કોઇ મારી સાથે એકઠું કરતું નથી, તે વિખેરી નાંખે છે." કાથોલિક શ્રીસભા સિવાય બીજી કોઇ મંડળી કે ફોજ

ન જોઇએ. યેસુ ખ્રીસ્તે પોતાની શ્રીસભાને મુક્તિના સઘળા અધિકારો તથા ઉપાયો આપ્યા છે. ૧૯ મા સૈકાથી, એટલે પેંતેકોસ્તમાં જ્યારે પવિત્ર આત્મા પ્રેરિતો તથા તેથી કાથોલિક શ્રીસભા ઉપર આવ્યો છે, તે વખતથી આજ દિન સુધી યેસુખ્રીસ્તનો હુકમ બરાબર પૂરો કરવા તેણી મૂર્તિપૂજક પ્રજાને સુવાર્ત્તા પ્રગટ કરવા કદિ ચૂકી ગઇ નથી.

આ દેશમાં આરંભથી પ્રેરિતોએ પ્રવેશ કર્યો. ટીબેત ચૈન દેશમાં મધ્યકાળમાં કાથોલિક મિશનરો દાખલ થયા. નવા દેશોને યેસુ ખ્રીસ્તને વાસ્તે જીતી લેવાને ખ્રીસ્તોફર કોલોંબુસ નિકળી ગયો અને અમેરિકા દેશ તેને જડયો. એના જેવા સર્વ કાથોલિક મધ્યકાળના શોધ કરનારાઓ સમુદ્રપર થઇને ચાલ્યા, તેમની સાથે હમેશાં કાથોલિક મિશનરો હતા. જે કોઇ નવો દેશ તેમને જડયો, તેમાં તેઓ ખ્રુસ ઉભું કરીને તે દેશ યેસુ ખ્રીસ્તને વાસ્તે પ્રાપ્ત કરવા લાગ્યા. તે કાથોલિક મિશનરોએ એવા દેશોમાં જંગલી પ્રજાના રંગની કાંઇ ફિકર નહિ કરતાં બહુ પ્રીતિ બતાવીને તેમને ખ્રીસ્તી કેળવણી આપી. તેના દાખલા તરીકે જે દક્ષિણ અમેરિકાનાં સંસ્થાનો આગળ સ્પેન કે પોર્તુગાલને તાબે હતાં, તે તથા મેક્ષિકો અને મધ્ય અમેરિકાનાં સંસ્થાનો છે. પોટેસ્તંત અમેરિકનો કે અંગ્રેજોએ બળાત્કાર કે દગલબાજી કરીને અમેરિકાના જંગલી ઇન્ડીયનોને તેમની જમીનથી ખસેડીને ધીમે ધીમે તેમનો નાશ કર્યો છે.

પ્રોટેસ્તંત પંથોમાં મૂર્તિપૂજકોમાં સુવાર્ત્તા પ્રગટ કરવાની આતુરતા મોડી જાગી. તેમના કુટુંબવાળા ઉપદેશકો આ મુશ્કેલ કામે લાગવાને થોડા લાયક હતા અને પૈસાના ખરચના પ્રમાણમાં પરિણામ ન હતું. પહેલી પ્રોટેસ્તંત મીશન મંડળી એક અંગ્રેજી ઈ. સ. ૧૬૪૯ માં ખ્રીસ્તીપણું ફેલાવવાને માટે સ્થાપેલી મંડળી હતી, જેની પાછળ એક વધારે મોટી મંડળી ઇ. સ. ૧૭૯૪ માં લંડન આવી. અંગ્રેજી કરતાં અંતઃકરણના વલણથી હેરનહુતરો અને મેથોડીસ્તોએ વધારે કર્યું. ડેનમાર્કના રાજા ચોથા ફ્રેદ્રિકે (ઇ. સ. ૧૬૯૯--૧૭૩૦) ત્રંકેબાર શહેર અને પ્રાંત જે ઇ. સ. ૧૬૨૦ માં ડેનીશ ઇસ્તકોંપની નામની વેપારી મંડળીના તાબામાં આવ્યાં, તેને વાસ્તે એક મિશન સ્થાપ્યું છે. ડેનમાર્કમાં તે કામને વાસ્તે મીશનરો ન મળ્યા, તેથી રાજાએ જર્મનીમાંની હાલ્લે પાઠશાળાની મદદ માગી, જ્યાંથી બે

શાસ્ત્રીઓને મોકલ્યા, જેમાંનો એક બાર્તોલ્માઇ જીગનબાલ્ગ (બકરીની ચામડી) હતો. તે બે શખસો ઇ. સ. ૧૭૦૬ માં ત્રંકવેબાર આવી પહોંચીને પોર્તુગીસ અને તામીલ ભાષા શીખી ગયા. તેઓએ ૩૫ મૂર્તિપૂજકોને બપ્તિસ્મા આપ્યું. જીગનબાલ્ગે જે બૈબલનો તરજુમો જેસુયીતોએ તામીલ ભાષામાં કર્યો હતો, તે વાપરીને નવા કરારનું તામીલ ભાષામાં ભાષાંતર કર્યું.

૧૯ મા સૈકામાં પ્રોટેસ્તંતોએ મૂર્તિપૂજકોને સુવાર્ત્તા પ્રગટ કરવા માટે બૈબલ મંડળીઓ સ્થાપી, જેઓમાં લંડન બૈબલની મંડળી મોટામાં મોટી છે. કરોડો પ્રોટેસ્તંત બૈબલ છપાવીને અવિચારી રીતે મૂર્તિપૂજકોની વચ્ચે વહેંચી આપ્યાં કે જેઓએ વારંવાર તેમનો ખરાબ ઉપયોગ કરીને ખ્રીસ્તીપણાની મશ્કરી કરવા માટે તેમને વાપર્યાં.

પ્રોટેસ્તંતો કાથોલિકોને મૂર્તિપૂજકો ગણીને તેઓને તે ખોટાં પાડેલાં બૈબલો વહેંચી આપવા લાગ્યા. તેથી શ્રીસભાના સત્તાવાળાઓએ એવાં બૈબલો વેચાતાં લેવા તથા વાંચવાની મના કરી છે. કાથોલિક શ્રીસભા કાથોલિકોથી પરમેશ્વરની વાત ગુપ્ત રાખે છે, તે પ્રોટેસ્તંતોએ કાથોલિક શ્રીસભા ઉપર મૂકેલું તહોમત બિલકૂલ ખોટું છે. પણ ખોટાં બૈબલો વડે પરમેશ્વરની વાતનો ગેરઉપયોગ થાય, તે કાઢી નાંખવા કાથોલિક શ્રીસભા ચાહે છે, કેમકે કાથોલિક શ્રીસભા સિવાય કોઇને બૈબલનું ભાષાંતર, તેનો ખુલાસો તથા ફેલાવો કરવાનો હક નથી. કાથોલિક શ્રીસભાની એવી વર્તણુક કેટલી વાજબી છે, તે અવિચારી રીતે બૈબલ વાંચવાથી હજારો જુદા પંથો એક બીજાની સાથે લડાઇ કરે છે એવા ઉત્પન્ન થાય છે, તે ઉપરથી માલૂમ પડે છે. પવિત્ર આત્મા, પ્રોટેસ્તંતો કહે છે, બૈબલ વાંચવામાં ખુલાસો આપે છે. જો એમ હોત તો જુદા પંથો બૈબલ વાંચવાથી ઉત્પન્ન ન થાત, કેમકે પવિત્ર આત્મા સત્યનો આત્મા, એક જ અને એકપણા તથા સંપનું મૂળ છે. એવું એકપણું તથા સંપ, કાથોલિક શ્રીસભા કે જેને પરમેશ્વરે બૈબલનો અચૂક ખુલાસો કરનાર ઠરાવી છે, તેના સિવાય બીજે ક્યાં મળે છે? તે વિષે આ પુસ્તકમાં આગળ બહુ વાતો થઇ છે.

આખી દુનિયામાં કાથોલિકોની કેટલી સંખ્યા છે, તેની ખાત્રી હિન્દુસ્તાનના લોકોને બરાબર પાડવી જોઇએ. આખી દુનિયામાં એવી મોટી એકતા તથા સંપ દર્શાવનાર ધર્મની મંડળી મળતી નથી કે જે એક ધર્મોપરિ નીચે એક જ શ્રદ્ધા, એકજ બળિદાન તથા સાક્રા-

મેન્તોના સ્વીકારથી એકઠી થાય છે; જો કે તેનાં અવયવો દેશ, રંગ, રૂઢી અને રિવાજોની વાતોમાં જુદાં છે. જો કોઇ બુદ્ધ ધર્મ કે બ્રાહ્મણોના કે મુસલમાન ધર્મ તરફ ધ્યાન ખેંચે તો તેણે જાણવું જોઇએ કે હિન્દુસ્તાન, સીલોન, ચૈન અને જાપાનના બુદ્ધિસ્તો વચ્ચે કાંઇ સંબંધ નથી. હિન્દુસ્તાનના બ્રાહ્મણોનો ધર્મ હજારો હજાર પંથમાં ફાટેલો છે. મુસલમાનોના પણ આશરે ૭૦ જુદા જુદા પંથો છે. તે બધા ધર્મોથી કાથોલિક ધર્મ કે જેને રોમમાં વસતા બાપાને લીધે રોમન કાથોલિક પણ કહે છે, તે સંખ્યાની વાતમાં ચડતો છે. જે મતો ખ્રીસ્તી ધર્મ સ્વીકારે છે તે બધાથી પણ કાથોલિક શ્રીસભાનાં અવયવોની સંખ્યા, તેઓને એકઠાં મળીને ગણીએ કે એક પંથના અવયવોની સંખ્યા લઇએ તો પણ ચડતી છે. આખી દુનિયામાં વસતા કાથોલિકોની સંખ્યા આશરે ૩૦ કરોડ છે, પણ બધા ખ્રીસ્તી કાથોલિક શ્રીસભા સાથે એકઠા ન થએલા પંથો સોળ કરોડ ગણે છે, જેમાં ગ્રીક રૂશીયન "શ્રીસભા" દશ કરોડની સમાવેલી છે. ઇંગ્લંડ અમેરિકાના જુદા જુદા પ્રોટિસ્તંત ૯૦૦ પંથોમાં હરેકનાં અવયવોની સંખ્યાનો કાથોલિક સંખ્યા સાથે મુકાબલો કરીએ તો તેઓ નાની છે. કોઇ પંથોં બપ્તિસ્માની જરૂરનો ઇન્કાર કરીને તેને નાબુદ કરે છે. બીજા પંથો જેમકે "અંગ્રેજી શ્રીસભા" તેનો અવયવ થવા માટે બપ્તિસ્મા જરૂરનું છે એમ ન સ્વીકારે, તેથી પ્રોટિસ્તંતોનું નાવ નાસ્તિકપણાના સમુદ્ર તરફ ચાલે છે, એમ માલૂમ થાય છે. એવા જોખમથી બચવા માટે ઘણા સુધરેલા પ્રોટિસ્તંતો, જેમનામાં પ્રોટિસ્તંત ઉપદેશકો પણ છે, તેઓ માત્ર કાથોલિક શ્રીસભા સત્યનો થાંભલો અને પાયો છે, એમ પરમેશ્વરની કૃપાથી પ્રકાશિત થએલા જાણી કોઇ વખત બહુ દુઃખ સહન કરતાં કાથોલિક શ્રીસભામાં દાખલ થયા છે. તે બધા લોકોના તારણને વાસ્તે યેસુ, જગતના તારનારે સ્થાપેલી છે.

જગતના અંત સુધી જુદા જુદા પંથો ઉઠશે અને અલોપ થશે, તથા નવાને જગા આપશે, પણ કાથોલિક શ્રીસભા હમેશાં રહેશે, યેસુ ખ્રીસ્તના એવા વચન પ્રમાણે કેઃ "તું પેત્રુસ એટલે પત્થર છે અને આ પત્થર ઉપર હું મારી સભા બાંધીશ......અને નરકના દરબારનું જોર તેની વિરૂદ્ધ ચાલશે નહિ." અને બીજા એવા શબ્દો પ્રમાણે કેઃ—"જૂઓ, હમેશાં જગતના અંત સુધી હું તમારી સાથે છું."

